# સેણ્ડફોર્ડ અને મર્ટન્

નામની એક અંગ્રેજી

# વાર્ત્તા.

તેનું

ગૂજરાતી ભાષાન્તર,

રા. રા. મોતીલાલ લાલભાઇનાં
સ્વર્ગવાસિની પત્ની

## અખંડ સૌ૦ કંકુબાઈએ

રચેલું, તે, તેમના પતિએ,

મુંબાઇમધ્યે
"નિર્ણયસાગર" મુદ્રાયંત્રમાં મુદ્રાંકિત કરાવ્યું.

સંવત્ ૧૯૪૫ સન ૧૮૮૯.

મુલ્ય બાર આના.

# उपोद्घात.

"સૅણ્ડફોર્ડ ઍન્ડ મર્ટન" નામના એક ઉપયોગી બાલબોધક ગ્રંથનું આ ભાષાન્તરકર્ત્રી એક સુશીલા સ્ત્રી હતી, એમ મુખપત્રથી જાણતાં, તેસંબંધમાં કંઈક વિશેષ જાણવા સ્વાભાવિકી જિજ્ઞાસા થવા સંભવ છે. તેથી અત્ર તેનો સંક્ષિપ્ત વૃત્તાન્ત આપવો ઉચિત લાગેછે.

અખંડ સૌભાગ્યવતી સદ્ગતા કુંકુમબાઇ (કંકુબાઈ) નો જન્મ, સાઠોદરા નાગર જ્ઞાતિવિષે, વિક્રમ સંવત્ ૧૯૧૨ ના ફાલ્ગુન વદિ. ૧ ને દિવસે, નર્મદા તીરે ઝગડિયા નામે ગામમાં જ્યાં તેમના પિતા નોકરી કરતા ત્યાં થયો હતો. એમના પિતા રા. બાપુભાઇ નાનાલાલ તે, એજ જ્ઞાતિના પ્રખ્યાત યોગનિષ્ઠ કવિ અલખ બુલાખીરામના શિષ્ય હતા. રા. બાપુભાઇને ગુરુકૃપાથી ધર્મસંસ્કારની સાથે કવિત્વશક્તિ પણ પ્રસાદમાં મલી હતી. તેઓ એ કેટલીક કવિતા રચી છે. સૌ૦ કુંકુમબાઈના કોમલ વયમાં એમના પિતા 'નિજધામમાં પધાર્યા;' તેથી એમનાં માતૃશ્રી આધારબાઇ એકલાં ઉપરજ એમના પાલનપોષણનો આધાર હતો. તેઓ પણ સમજુ હોવાથી પોતાની પુત્રીને ગુણવતી કરવા તેમણે સારો પ્રયત્ન કર્યો જણાય છે. રાયપુરકન્યાશાલામાં પુત્રીને સારો વિદ્યાભ્યાસ પણ તેમણે કરાવ્યો હતો. રા. રા. મોતીલાલ લાલભાઇ-જે અહુણા કચ્છરાજ્યના પ્રધાન છે-તેમની સાથે સૌ. કુંકુમબાઇનો વિવાહ સંવત્ ૧૯૨૨ માં થયો. શ્વશુરગૃહમાં ગયા પછી પણ વિદ્યાનું જ વ્યસન વૃદ્ધિ પામ્યું. સારા સારા ગદ્યપદ્યાત્મક ગ્રંથોને ઉત્સાહથી વાંચવા, સ્વભાષાનું અધિક જ્ઞાન મેળવવું, તેમાં સંવાદ કરવો એ તેમને રુચિકર હતું. રા. રા. મોતીલાલ તે વેળા પણ સારા અધિકારઉપર હોવાથી અને તેમની પ્રીતિ પણ વિદ્યાઉપર બહુ હોવાથી અધિક અનુકૂલતા થઇ. સૌ. કુંકુમબાઇએ પછી સંસ્કૃત તથા ઈંગ્રેજી ભાષાઓનો અભ્યાસ પણ આદર્યો. તેનું પરિણામ,-વિચાર, વાણી અને આચાર સંસ્કારી થાય-એ સ્વાભાવિક છે. આપણાં શાસ્ત્રોમાં સન્નારીનાં કર્તવ્યો લખેછે તેમાં, પુરાણમાંનાં આખ્યાનોની કથા સંભળાવી સ્વામીનું મનરંજન કરવું, એ એક કર્તવ્ય ગણ્યુંછે. દેવીભાગવત્માં સત્યવાદી

હરિશ્ચંદ્ર રાજા પોતાની સતી સ્ત્રીને અતિ દુઃખપ્રદ વિયોગ કાલે કહેછે કેઃ—

को मामुद्धरेद्देवि पौराणाख्यानविस्तरैः

હે દેવિ ! પ્રાચીન ઇતિહાસોના વિસ્તાર વડે ( તે કહી ) મને ( દુઃખમાંથી ) કોણ ઉદ્ધારશે?

કંઇક એવાજ પ્રકારનું અ. સૌ. કુંકુમબાઇએ કરવા માંડયું હતું. પોતે પુરાણાદિક સાંભળતાં અને તેમાંનાં આખ્યાનો સ્મરણમાં રાખી પોતાના પતિને નિવેદન કરતાં. "સરસ્વતી માહાત્મ્ય" નામે એક સંસ્કૃત ગ્રંથની કથાનું શ્રવણ ચાલતું તે પોતે સ્મરણમાં રાખી લખી રાખતાં. તેનું એક પુસ્તક જેવું થયું હતું તે તેમના સ્વામીએ મુદ્રાંકિત કરાવી પ્રસિદ્ધ કરયુંછે, તે પરથી સૌ. કંકુમબાઈની શક્તિનું કંઈક અનુમાન થઇ શકે એમ છે.

તેમણે ઇંગ્લિશ ભાષાનો અભ્યાસ આરંભ્યો હતો. ભાષાસંપાદન કરવામાં ભાષાન્તર કરવાં એ એક સારૂં સાધન ગણાય છે. તદનુસાર તેમના પ્રથમ પ્રયત્નનું પરિણામ તે આ પ્રસ્તુત ગ્રંથનું ભાષાન્તર છે. આ ભાષાન્તર તેમજ પૂર્વોક્ત 'સરસ્વતી માહાત્મ્ય' લખાયાં ત્યારે તે પ્રસિદ્ધ થશે એવો સંકલ્પ પણ ન હોવાથી, તેમના હસ્તે તેનું પુનઃશોધન થયેલું નથી. અર્થાત્ તેમાં દોષ હશે. પણ સારગ્રાહી બુદ્ધિમન્ત લોકોએ, ચંડકૌશિક નામે નાટકમાં કરેલી યાચનાને માન્ય કરેલી જણાયછે, તેથી તેમના સ્વભાવ તથા વિચાર એવા પ્રસંગમાં બહુ સન્તોષપ્રદ હોયછેઃ—

दृष्टं किमपि लोकेऽस्मिन्न निर्दोषं न निर्गुणम्
आवृणुध्वमतो दोषान् विवृणुध्वं गुणान् बुधाः

चण्डकौशिकम्.

## રુચિરા.

દીઠું કાંઇ પણ આ લોકે ન નિર્દોષ નહિ નિર્ગુણ રે?
બુધો ! માટે દોષ આવરો ગુણોને પ્રકટોજ ખરે.

એ પ્રાર્થનાનુસાર સમજુઓની વૃત્તિ માની, સૌ. કંકુમબાઈના લેખ પ્રસિદ્ધ કરવામાં તેના સંબંધીઓએ શંકા કે સંકોચ આણ્યાં નથી.

અ. સૌ. કુંકુમબાઇ ગૃહકાર્યથી મુક્ત થતાં ત્યારે અવકાશના અવસરમાં ભરત ભરવા આદિ કેટલીક કલાઓનાં કર્મ પણ કરતાં અને તેમાં સારી કુશલતા મેલવી હતી. પાકશાસ્ત્રમાં તેમજ પાક-ક્રિયામાં પણ તેઓ પ્રવીણ હતાં. સ્નેહીસંબંધીઉપર મમતા ભાવ રાખી ઉપયોગી થવાની વૃત્તિ તેઓ રાખતાં. સર્વ સાથે હલીમલી રહેવાની અને સત્સમાગમ રાખવાની તેમનામાં તીવ્રા ઇચ્છા હતી. રા. રા. મોતીલાલને પોતાના અધિકારનું કાર્ય કરવા પરદેશ ભમવું પડતું. તેથી તેમના સહવાસમાં બહુ કરી અ. સૌ. કુંકુમબાઇવિના બીજાં થોડાંનુંજ વસવું થતું હતું. નિત્ય પ્રવાસીને સુખનો અભાવ ગણાયછે. પરન્તુ સૌ. કુંકુમબાઈની યોગ્યતાનેલીધે રા. મોતીલાલને તેમ ન હતું. મહાભારતમાં વ્યાસનારાયણ વદેછે કે:—

अर्द्धं भार्या मनुष्यस्य भार्या श्रेष्ठतमः सखा ।
भार्या मूलं त्रिवर्गस्य भार्या मूलं तरिष्यतः ॥

ભાર્યા એ મનુષ્યનું અર્ધ (અંગ) છે, ભાર્યા એ શ્રેષ્ઠતમ સખા છે, ભાર્યા એ (ધર્મ, અર્થ, તથા કામ એ) ત્રિવર્ગનું મૂલ છે, તથા ભાર્યા એજ (સંસાર) તરનારનું પણ મૂલ છે.

જેરેમી ટેલર નામે એક ઇંગ્રેજી ધર્માત્મા પુરુષ પણ તેમની રીતિએ કહેછે કે:—

"A good wife is Heaven's last best gift to man...............his gem of many virtues." *Jeremy Tayler.*

'મનુષ્યને ઈશ્વરનું ઉત્તમ દાન અને મનુષ્યનું બહુ ગુણનું રત્ન એ સારી સ્ત્રી છે.'

સદ્ગુણા સ્ત્રી, એ, દુ:ખમાં ઔષધ તુલ્ય છે, સુખમાં આનન્દ વર્ધકા છે, અને ધર્માદિ સંપાદન કરવાનું સાધન છે. અને સર્વથી અધિક તો સુજનજનની થયે સારી પ્રજા ઉત્પન્ન કર્યાથી તે બહુજનના કલ્યાણનું સર્વોપરી કારણ થાયછે.

અ. સૌ. કુંકુમબાઇમાં સારી સ્ત્રીના અંશો હતા તેના પ્રમાણમાં તે બહુ જનની અનુકૂલતાનું સાધન હતાં. રા. રા. મોતીલાલ તેને પામી ભાગ્યશાલી ગણાતા હતા.

મર્યાદા, લાવણ્ય, સહનશીલતા, મૃદુતા, દયાલુતા, મધુરતા, લલિતતા, સુશીલતા, રસિકતા, આર્દ્રતા, વિનીતતા આદિ જે કોમલ મનોહર ગુણો છે તે નારીવર્ગમાંથી અધિક નિ:સરેછે, અને તેમનાં આકર્ષક મુખારવિંદથી બલવત્તર થઇ નરવર્ગમાંના તે જ ગુણોને સિંચી ઉત્તેજી પ્રકટ કરેછે; કઠિન કઠોર હૃદયને તે કોમલ કરેછે. વલી સાહસ અને મહત્ કર્મ કરવા કરાવવામાં સ્ત્રી એક પ્રબલ સાધક હોવાથી તેનું અબલા નામ છતાં તે સબલા ગણાય છે. જે દેશમાં કુલસ્ત્રીઓ સુપ્રજાને ઉત્પન્ન કરેછે ત્યાં સનાતન કુલધર્મ વધી તે દેશ સુખી તથા સર્વોપરી થાયછે. આ દેશના જીર્ણોદ્ધારમાં કુલસ્ત્રીઓ પૂર્ણ અપેક્ષણીયા છે.

અખંડસૌભાગ્યવતી કુંકુમબાઇ, પોતાની પ્રજામાં એક શિશુવયની શાન્તા નામે બાલિકા, અને એક નવીનજન્મા બાલકને મૂકી પૂર્ણ યુવાવસ્થામાં સંવત્ ૧૯૪૨ માં આ ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરી ગયાં.

અ. સૌ. કુંકુમબાઇના સારા સ્વભાવ તથા ગુણને લીધે તેમની સદ્ગતિ થયે સ્નેહી મંડલમાં શોક થાય એ સ્વાભાવિક છે. એ અચિન્તિતા શોચનીયા ઘટનાથી ખિન્ન થયેલા મંડલમાંથી, (રા. રા. છોટાલાલ સેવકરામનાં પત્નીની સહજ સૂચનાવડે) અ. સૌ. કુંકુમબાઈ નિમિત્ત એક "સ્મારક સંગ્રહ" થયો. બહુ સમીપનાં માત્ર દશબાર કુટુંબમાંથીજ રૂ. ૩૦૦૦) થઈ ગયા. તેમાં રા. રા. મોતીલાલે રૂ. ૨૦૦૦) ઉમેરતાં રૂ. ૫૦૦૦) થયાછે. તેના વાજમાંથી સાંસારિક, માનસિક તથા આધ્યાત્મિક વિષયોપર પુસ્તક રચાવી, અ. સૌ. કુંકુમબાઈના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરવાનું કાર્ય આદિ અમદાવાદની 'ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી' ને સ્વાધીન કર્યું છે.

યથાર્થ પુરુષાર્થસાધક મનુષ્યોની વૃદ્ધિકર્ત્રી બહુ સ્ત્રીઓ ભારતવર્ષમાં આપો, એવી ઈશ્વરને પ્રાર્થનાપૂર્વક આ સમાપ્ત થાયછે.

મ૦ સૂ૦ ત્રિ૦

# અનુક્રમણિકા.

# સેન્ડફર્ડ અને મર્ટનની વાર્ત્તા.

ઇંગ્લન્ડની પશ્ચિમમાં મિસ્ટર મર્ટન નામનો ઘણો પૈસાવાળો ગૃહસ્થ રેહેતો હતો, તે જમેકામાં મ્હોટા શેરડીના ખેતરનો માલિક હતો, અને તેની પાસે ઘણા નોકર ચાકરો હતા. તેની જીંદગા-નીનો ઘણો ભાગ પરદેશમાં ગાળ્યા પછી, તેનો પોતાનો એક છોક-રો હતો, કે જે તેને અતિશય વાહાલો હતો, તેને કેળવણી આપ-વાને માટે ઇંગ્લન્ડમાં આવ્યો.

જે વખતે ટૉમી મર્ટન જમેકાથી આવ્યો, તે વખતે તેની ઉંમર માત્ર છ વર્ષની હતી. અને સ્વાભાવિક રીતે એનો સ્વભાવ ઘણો સારો હતો, પણ વધારે રેહેમ નજરથી બગડી ગએલો હતો. જ્યારે તે જમેકામાં રેહેતો હતો ત્યારે તેની પાસે કેટલાક હબશી નોકરો રાખેલા હતા, જેમને તેની સામું બોલવાની મના કરેલી હતી. જ્યારે તે બાહાર ફરવા નીકળતો ત્યારે તેની સાથે હમેશાં બે સીધી નોકરો રેહેતા હતા. તેમાંનો એક તેને સૂર્યના તાપથી બચાવવાને માટે મ્હોટી છત્રી ધરતો હતો, અને બીજો જ્યારે તે થાકી જતો ત્યારે તેને પોતાના હાથ ઉપર ઉચકી લેતો હતો. આ સિવાય તેને એક રશેલી સુંદર ગાડી હતી, જેમાં બેશીને તે પોતાના સાથિયોની મુલાકાત કરતો હતો. તેના ઉપર તેની માનો પ્યાર એવો હતો કે, જે જે વસ્તુ માટે તે રોતો હતો એટલે આડાઈ કરતો હતો તે તે વસ્તુ તેને આપતી હતી, અને તેને વાંચવાને શીખવા દેતી નોહોતી, કારણ કે વાંચવાથી મારૂં માથું દુખેછે એવી તે ફરિયાદ કરતો હતો.

આવા પ્રકારની કેળવણીનો પરિણામ એવો થયો કે, અગર જો માસ્ટર મર્ટનને જે જોઇયે તે મળતું હતું, તો પણ તે દુઃખી રેહેતો હતો. કેટલીએક વખતે તે માંદો પડે ત્યાં સુધી મીઠાઇ ખાતો, અને પછી પોતે સાજો થવાને દવા લેવા કરતાં ઘણું દુઃખ સહન કરતો હતો. કેટલીએક વખત ના મળી શકે એવી વસ્તુઓ લેવાને માટે તે રોતો હતો, અને તેની સામે કોઈ બોલેલું નહિ, તેથી તેને છાંનો રાખતાં કલાકના કલાક થઈ જતા. જ્યારે કોઇ મંડળી જમવાને આવે ત્યારે, પેહેલું પોતાને પીરસાવવાનો આગ્રહ

કરતો, અને માંસના ખોરાકનો ઘણોજ વધારે કુમળો ભાગ પોતાનેજ મૂકાવવાનો આગ્રહ કરતો, નહિતો બધાને હરકત કરતો હતો. જ્યારે તેનાં મા, અને બાપ તેમના મિત્રો સાથે ચાહા પીવાને બેસતાં હતાં, ત્યારે તેઓને તેના ઉપર લક્ષ આપવાની ફુરસદ મળતા સુધી થોભવાને બદલે, તેમના મેજ ઉપર લાગલોજ ચઢી જઇને રોટી લઇ લેતો, અને ચાહાના પ્યાલા ઊંધા વાળતો હતો. આવી રીતની કટેવથી તે દરેક જણને અણગમતો થતો હતો, અને વારંવાર ઘણી ભયંકર આફતમાં આવતો હતો. ઘણી વખત એને છરિયો વાગતી, ને કોઈ વખત ઘણી ભારે વસ્તુઓ પોતાના માથા ઊપર પાડતો. અને એક વખતે ઉકળતા પાણીની કીટલીથી બળી મરત, પણ ઘણી મુશ્કેલીથી બચી ગયો હતો. વળી તેને એવી મુલાયમ રીતે ઊછેરવામાં આવ્યો હતો કે, થોડામાં થોડા વર્ષાદ તથા પવનથી, શરદી લાગી જતી, અને થોડોક તડકો લાગવાથી તાવ આવતો હતો. બીજાં છોકરાંની પેઠે, કૂદવા દોડવાને, ને રમવાને બદલે, તેનાં લુગડાં કાદવવાળાં થશે, એવો ડર બતાવીને સ્થિર બેશી રેહેવાનું શીખવ્યું હતું, અને તેનો ચેહેરો બગડવાના ડરથી, તેને ઘરમાં બેસારી મૂકવામાં આવ્યો હતો. એકંદર જોતાં એ કાંઇ આશ્ચર્ય પામવા જેવું નોહોતું, કેમકે, માસ્ટર મર્ટન જ્યારે ઇંગ્લન્ડમાં આવ્યો, ત્યારે તેને વાંચતાં લખતાં બીલકુલ આવડતું નોહોતું; સેહેલાઈથી તેના અવયવનો કાંઈ પણ ઉપયોગ કરી શકતો નોહોતો, તેમજ થોડો પણ થાક એનાથી સહન થતો નહિ; પણ ઉલટો તે અજ્ઞાની, મગરૂર, ને ચીડવાઈ જાય એવા સ્વભાવનો થઈ ગયો હતો.

માસ્ટર મર્ટનના, ઘરની પાસે એક સાદો ને પ્રમાણીક સેન્ડફર્ડ નામનો, ખેડુત રેહેતો હતો. તે માણસને, મિ. મર્ટનની પેઠે, એકજ છોકરો હતો, જેનું નામ હરી હતું. હરી પણ માસ્ટર મર્ટનના જેટલીજ ઉંમરનો હતો, અને તેને હમેશ ખેતરમાં આમ તેમ દોડવા તથા ખેતરમાં મજુરો જે વખતે ખેડતા હોય તે વખતે, તેમની પાછળ જવાની તથા, ઘેટાંને હાંકી જઇને ચરાવવાની ટેવ પડી હતી, તેથી તે ચંચળ, કઠણ ને ખીલેલો હતો. તે, માસ્ટર મર્ટનના જેવો, નાજુક, સુઆળો નોહોતો, તેમજ એવો સુંદર પણ નોહોતો, પણ તેનો પ્રમાણીક અને સારા સ્વભાવનો

ચેહેરો હતો, જેથી તેને દરેક માણુસ ચાહાતા હતા. તે મીજાજ ખોતો નહિ, અને દરેક માણુસને ઉપકાર કરવામાં તે અતિશય ખુશી થતો હતો. ન્હાનો હરી જ્યારે કોઈ ગરીબ માણુસને દેખતો ત્યારે તેને અચૂક પોતાના ખાણામાંથી અર્ધો ખોરાક આપતો હતો, અને કોઇ વાર તો બધોય આપી દેતો, એટલુંજ નહિ પણ, સર્વ ઉપર એવી સારી મમતા રાખતો કે, તે ગરીબ પક્ષિયોનાં ઇંડાં, અથવા તેમનાં બચ્ચાં લેતો નહિ, અગર ગરીબ જાનવરને દુઃખ થાય, એવી રમત રમતો નહિ. કેમકે, તે જાણુતો હતો કે, તેઓને પોતાનું દુઃખ કહી બતાવવાને વાચા નથી, તોપણ આપણુને જેવું લાગેછે તેવું, લાગવાપણું તેમને છે. જ્યારે ઘોડા કામ કરીને આવતા, ત્યારે તે તેમને, થાબડતો હતો, અને કુક્કરને માટે ઓક ઝાડનાં ફળ પોતાના ગજવામાં ભરી રાખતો; જો તે ખેતરમાં જતો તો, ખચીત ઘેટાંને માટે લીલી ડાળિયો એકઠી કરતો, તેથી તે ઘેટાંનો પ્યાર એના ઉપર એટલો થયો કે, તે જ્યાં જાય ત્યાં તેની પાછળ, તેઓ જતાં. શિયાળામાં જ્યારે જમીન બરફથી ઢંકાઈ જતી, ત્યારે બીચારાં ન્હાનાં પક્ષિયોને ખોરાક ન મળી શકે તેથી, તે પક્ષિયોને ભૂખ્યાં રાખવા કરતાં, પોતે ભૂખ્યો સૂઇ જાય, પણુ તેમને ભૂખ્યાં રાખતો નહિ. પથ્થરમાં રેહેનારાં દેડકાં, અને પાણીમાં રેહેનારાં દેડકાં, અને કરોળિયા, જેને ઘણા લોકો જ્યારે નજરે પડે ત્યારે મારીનાંખે, તેને હરી સંપૂર્ણુ રીતે ક્ષેમકુશળ રાખતો હતો. તે કેહેતો હતો કે, જેવો આપણો જીવ છે, તેવો તેઓનો પણુ છે, અને જે પ્રાણિયો આપણુને અણુગમતા છે, તેટલા માટે તેમને મારી નાંખવા એ ઘાતકી કામ છે.

આવા વિચારથી હરી લોકોને ઘણોજ ગમતો થયો; તે અવશ્ય કરીને પારીશના પાદરીને ગમતો થયો, તેની ચાહના એના ઉપર એટલી થઈ કે, તેણે એને વાંચતાં, તથા લખતાં શીખવ્યું, અને ઘણું કરીને હમેશ એને પોતાની સાથે રાખતો. મિસ્ટર બારલો તેના ઉપર ખરેખરૂં હેત બતાવતો, એમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું હતું નહિ; કેમકે જે કાંઈ એને શીખવવામાં આવતું, તે ઘણીજ તત્પરતાથી શીખતો, એટલુંજ નહિ પણુ ન્હાનો હરી દુનિયાંમાં ઘણોજ પરોપકારી પ્રાણી હતો. ને કદિ અસંતોષી થતો નહિ. હરી જે કેહે તે તમે સાચું

માનો એમ હતું; કેમકે જો તે જૂઠું બોલવાથી ગળી રોટલી મેળવી શકે એમ હોય, ને સાચું બોલવાથી ખચીત ચાબકાનો માર પડશે એમ તે જાણતો હોય, તોપણ તે કદિ સાચું કેહેવામાં આનાકાની કરતો નહિ.

આ છોકરા સાથે માસ્ટર મર્ટનને નીચે પ્રમાણે ઓળખાણ થયું: ઉનાળાના દિવસની એક નિર્મળ સવારે, તે અને તેની દાસી, એક ખેતરમાં ચાલતાં હતાં, જંગલી ફૂલ એકઠાં કરતાં હતાં, અને પતંગિયાંની પાછળ દોડતાં હતાં, એટલામાં કેટલીએક લાંબી લાંબી ઘાસમાંથી એક મ્હોટો સાપ એકદમ નીકળ્યો, અને ન્હાના ટૉમીને પગે વીંટાઇ વળ્યો. તમે કલ્પના કરી શકશો કે, તે વખત તે બંને જણને કેવો ભયંકર ગભરાટ થયો હશે: દાસી મદદને માટે ચીસો પાડતી દોડી, અને તે છોકરાની આવા ભય ભરેલા દુઃખને લીધે એ જગોએથી ખસવાની હિંમત ચાલી નહિ, તે વખત એવો જોગ બન્યો કે હરી નજીકમાંજ ફરતો હતો, તે દોડતો આવ્યો, ને પૂછ્યું કે શું છે? ટૉમી દયા આવે એવી રીતે ડચકાં ખાતો હતો, તેનાથી કાંઈ કહી શકાયું નહિ, પણ તેનો પગ બતાવ્યો, અને જે બનાવ બનેલો તેથી હરીને વાકેફ કર્યો. હરી છોકરો ઘણોજ હિંમતવાન હતો, તેણે તેને કહ્યું કે તું બીહીશ નહિ, પછી ઘણીજ ચાલાકીથી અને દૃઢતાથી, સાપને ગરદનથી પકડી ટૉમીને પગેથી ખેંચી કાઢ્યો, અને ઘણે છેટે ફેંકી દીધો.

તેજ વખતે, ત્યાં આગળ મર્ટનની મા અને તેના કુટુંબિયો એકે સાસે દોડતાં આવ્યાં, તે વખત ટૉમીને ભાન આવ્યાથી, પોતાને છોડાવનાર ન્હાના બહાદૂરનો ઉપકાર માનવા જતો હતો. એટલામાં મિસિસ મર્ટને તુરત આવીને તેને પોતાના હાથમાં લઈ લીધો, અને ઘણીજ બચિયો કરીને તેને પૂછ્યું કે તને કાંઇ પીડા થઈ છે?

"તેણે કહ્યું કે, ના, મા મને કાંઇ પીડા થઇ નથી; પણ જો આ ન્હાના છોકરાએ આવીને સાપને ખેંચી કાઢ્યો ના હોત તો, એ નઠારૂં જાનવર મને કરડત."

"મારા પ્યારા તેં અમારા ઉપર આટલો બધો ઉપકાર કર્યો, તે તું કોણ?" એમ તેણિયે પૂછ્યું

હરી–"સેન્ડફર્ડ, મડમ" તેણે ઉત્તર આપ્યો.

"વારૂ, મારા છોકરા, તું વાહાલો બહાદૂર ન્હાનો છોકરો છે, તું અમારી સાથે અમારે ઘેર જમવાને ચાલ."

"નાજી, તમારો ઉપકાર માનું છું, મારો બાપ મને ખોળશે."

"મારા મીઠા છોકરા તારો બાપ કોણ?"

"સેન્ડફર્ડ ખેડુત, મડમ, તે આ ટેકરીની નીચેજ રેહેછે."

"વારૂ મારા વાહાલા છોકરા, હવે પછી એટલે આજથી તું મારો છોકરો થા."

"શેઠાણી, જેમ આપની મરજી પણ મારાં માબાપ મારાં રેહે તો."

મિસિસ મર્ટને તાબડતોબ ખેડુતને ઘેર એક ચાકર મોકલ્યો, અને ન્હાના હરીને પોતાની આંગળિયે વળગાડીને પોતાને ઘેર લીધો, ત્યાં મિસ્ટર મર્ટન મળ્યા, તેમને હરીની બહાદૂરી ને ટૉમીનો ભય, એ વિષેની વાત લંબાણુથી કહી સંભળાવીને ગમત કરાવી.

આ ઠેકાણે હરી નવી રીતભાતના પ્રસંગમાં આવ્યો. તેને એક ભભકાદાર ઓરડાની અંદર લેઇ ગયા, જ્યાં રશેલાં ચોકઠાંમાં મ્હોટા તકતાઓ, કોતરેલાં ટેબલો, અને ખુરશિયો, સારામાં સારા રેશમના બનાવેલા ચક, અને રૂપાની રકાબિયો, રૂપાની છરિયો, રૂપાના કાંટા એ સઘળું તેણે દીઠું. મિસિસ મર્ટનની પાસે તે જમવાને બેઠો, તેને સારામાં સારા જમણુના પદાર્થ પૂરા પાડવાની સંભાળ લેતી હતી, અને તેને હેત ભરેલા ભાવથી ખાવાને આગ્રહ કરતી હતી; પણ દરેક જણને અચંબો લાગતો હતો કે, તે જે કાંઇ જોતો તેથી ખુશી થતો હોય, અથવા આશ્ચર્ય પામતો હોય એમ જણાતું નોહોતું. મિસિસ મર્ટન પોતાની આશા ભંગ થએલી છૂપાવી શકતી નોહોતી; કેમકે તેણીને હમેશ શોભીતી ભભકાવાળી દરેક વસ્તુ ગમતી હતી, તેથી તે ધારતી હતી કે પોતાના જેવોજ બીજા લોકોના ઉપર અસર થતો હશે. છેલ્લે તે એક રૂપાના ન્હાના પ્યાલા ઉપર ઘણું ધ્યાન આપીને જોતો હતો, તે દેખીને તેણિયે તેને પૂછ્યું કે, આવી સુંદર વસ્તુથી પીવાને તને મન થાયછે કે નહિ? અને વળી કહ્યું કે, ટૉમીનો

એ પ્યાલો છે, તોપણ મારી ખાતરી છે કે, તે ઘણી ખુશીથી પોતાના ન્હાના મિત્રને આપશે.

તેણે કહ્યુંકે, "હા હું તેમ કરીશ; કેમકે મા તમે જાણોછો કે મારે એ કરતાં વધારે સુંદર એક સોનાનો પ્યાલો છે, તે સિવાય બે મોટા રૂપાના પ્યાલા છે."

હરીએ કહ્યુંકે, "હું મારા અંતઃકરણથી તમારો ઉપકાર માનુંછું, પણ હું તમારી પાસેથી તે લેવાનો નથી, કેમકે મારે ઘેર એ કરતાં પણ ઘણો સારો છે."

મિસિસ મર્ટને પૂછ્યું કે, "કેમ તારો બાપ રૂપાનાં વાસણ ખાવા પીવામાં વાપરે છે?

"તમે એને શું કહોછો તે હું જાણતો નથી, પણ જેવાં ગાયોના માથા ઉપરનાં શીંગડાં હોયછે, તેવાં શીંગડાંની બનાવેલી લાંબી લાંબી વસ્તુઓથી મારે ઘેર અમે પાણી પિયે છિયે."

મિસિસ મર્ટન કેહેછે કે, "આ છોકરો અણુસમજુ છે" રૂપાના પ્યાલા કરતાં તે વધારે સારો હતો હશે?"

હરી કેહેકે, "હું એટલા ઉપરથી કહુંછું કે મારે એ પ્યાલા માટે જરા પણ ઉંચો જીવ રાખવો પડતો નથી."

મિસિસ મર્ટને કહ્યું કે, "ઉંચો જીવ રાખવો પડતો નથી, એ શું?"

"કેમકે, શેઠાણી જ્યારે પેલા માણસે તે ભારે વસ્તુ જે આના જેવી જણાય છે તે, નીચે નાંખી દીધી ત્યારે તમે દીલગીર થયાં એમ મને જણાતું હતું. હવે અમારે ઘેર જે વસ્તુઓ છે, તે આખા કુટુંબનાં આમ તેમ ફેંકેછે, ને કોઈ કાંઈ કાળજી રાખતું નથી."

મિસિસ મર્ટને પોતાના ધણીને કહ્યું કે, "આ છોકરાનું શું કેહેવું છે તેની મને સમજ પડતી નથી, તે તરેહવાર વિચાર બતાવેછે."

એવી વાત બની કે બધાં જમતાં હતાં તેવામાં, એક ચાકરના હાથમાંથી એક મ્હોટી રકાબી નીચે પડી ગઈ, તે ઘણી કિમતી હતી, તેથી મિસિસ મર્ટનને ઘણી બેચેની થઈ, એટલુંજ નહિ, પણ તે ચાકરને તેના અનાડીપણાને માટે તેણિયે ઘણો ઠપકો આપ્યો. જમી રહ્યા પછી મિસિસ મર્ટને એક મ્હોટો વા-

ઈનનો ગ્લાસ ભરીને, હરીને આપ્યો ને કહ્યું કે આ પી જા; પણ તેણે તેણીનો ઉપકાર માન્યો ને કહ્યું કે, હું તરસ્યો નથી.

પણ તેણિયે કહ્યું કે, "મારા પ્યારા, આ ઘણો મીઠો, અને ખુશકારક છે, અને તું સારો છોકરો છે માટે તું પી."

"પણ અરે શેઠાણી," મિસ્ટર બારલો કેહેછે કે, "જ્યારે આપણને ભૂખ લાગે ત્યારેજ ખાવું, અને તરશ લાગે ત્યારેજ પીવું; અને જે ચીજો આપણને સેહેલાઈથી મળી શકે, તેજ ફક્ત ખાવી ને પીવી, નહિ તો જ્યારે તે આપણને ના મળે ત્યારે આપણો મીજાજ ઠેકાણે રેહે નહિ અને ખીજવાઇયે."

મિસ્ટર મર્ટને કહ્યું કે, "મારા સમ આ ન્હાનો માણસ તત્વજ્ઞાની છે, જો મિસ્ટર બારલો આપણા ટૉમીને, પોતાની સંભાળ નીચે લે તો, આપણે તેનાં ઘણાં ઉપકારી થઇયે, કેમકે એ છોકરો હવે મ્હોટો થયો છે, અને તેણે કાંઈ પણ શીખવું જોઇયે, એવી વખત થઇ છે. કેમ ટૉમી તારે તત્વજ્ઞાની થવું છે?"

"ખરેખર બાપા તત્વજ્ઞાની તે શું, તે હું જાણતો નથી, પણ મને રાજા થવું ગમેછે, કારણ કે તે, બીજાં માણસો કરતાં વધારે તાલેવર છે, અને વધારે ભભકાવાળો હોય છે, અને તેને કાંઈ કરવું પડતું નથી, અને હરેક માણસ તેનાથી ડરેછે."

મિસિસ મર્ટને ઊભી થઇને બચી કરતાં કહ્યું કે, "ઠીક કહ્યું મારા વાહાલા; અને આવો તારો જુસ્સો છે, તો તું રાજા થવાને લાયક છે. આવો સારો જવાબ આપ્યો, તેને માટે વાઈનનો ગ્લાસ આ લે, અને ન્હાના હરી, તું રાજા થવાને ચાહાતો નથી?"

"ખરેખર ના શેઠાણી, પણ હું એવી આશા રાખુછું કે, હું જલદીથી હળ ફેરવવા જવા જેટલો મ્હોટો થઉં, અને મારૂં ગુજરાન મેળવું, અને પછી મારે કોઇને પાસે રાખવાની જરૂર પડશે નહિ.

મિસિસ મર્ટને હરીના ઉપર જરા ધિક્કારથી જોઇને, પોતાના ધણીના કાનમાં કહ્યું કે, "ગૃહસ્થોનાં અને ખેડુતોનાં છોકરાં વચ્ચે કેટલો બધો તફાવત છે?"

મિસ્ટર મર્ટને કહ્યુંકે, "મારી ખાતરી થતી નથી કે આ વખત આપણા છોકરાના તરફમાં ફાયદો છે. પણ તેણે હરીને કહ્યું કે, મારા વાહાલા તું તાલેવર થવાને ચાહાતો નથી?"

"ખરેખર ના સાહેબ."

મિસિસ મર્ટને કહ્યુંકે "બેવકુફ છોકરા ના શા માટે?"

"કારણ કે મેં ફક્ત એકજ તાલેવર માણસ સ્કવાઅરચેઝને જોયોછે, અને તે લોકોના અનાજમાં ઘોડે બેશીને જાયછે, તેમની વાડયો ભાંગી નાંખેછે, તેમનાં કૂકડાં વગેરે ખાવાનાં પક્ષીને ગોળિયો મારેછે, અને તેમનાં કૂતરાંને મારી નાંખેછે, અને તેમનાં ઢોરને લંગડાં કરેછે; અને લોકો કેહેછે કે તે, તાલેવર છે માટે આવું કરેછે, અગર જો તેને મ્હોડે એવું કોઈ કહી શકતું નથી, તોપણ કોઈ તેને ચાહાતું નથી."

"પણ તને જવા આવવાને ગાડી નથી ગમતી, ને નોકરી કરવાને ચાકરો સાથે રાખવા નથી ગમતા?"

"શેઠાણી, એ વિષે મારે કેહેવાનું કે, ઘોડે બેસવાને હું ચાહાતો નથી, કેમકે મારે જ્યાં જવાની ખુશી હોય ત્યાં પગે ચાલીને જઇ શકુંછું; અને ચાકરની બાબતમાં કેહેવાનું કે, સો ચાકર હોય તોપણ મારી પાસે એમને વાસ્તે કાંઈ કામ નથી."

મિસિસ મર્ટન ધિક્કાર ભરેલા અચંબાથી તેના સામું જોઈ રહી, પણ કાંઇ વધારે સવાલો તેને પૂછ્યા નહિ.

સાંજે ન્હાના હરીને તેને ઘેર મોકલ્યો, અને તેના બાપે તેને પૂછ્યું કે, તેં મોટા ઘરમાં શું જોયું, અને ત્યાં તને રેહેવું કેવું લાગ્યું. હરિયે કહ્યું કે, "શા વાસ્તે, તેઓ સઘળાં મને ઘણું હેત બતાવતાં હતાં, તેને માટે હું તેમનો ઘણો ઉપકારી છું, પણ હું ઘેર રહ્યો હોત તો સારૂં થાત, કેમકે મારૂં ખાવાનું મળતાં, મને મારી જીંદગાનીમાં એટલી બધી તસ્દી પડી નથી. એક માણસ મારી રકાબી લઈ જવાને હતો, અને બીજો મને પીવાને આપતો હતો. અને ત્રીજો મારી ખુરશીની પાછળ ઉભો રેહેતો હતો, જાણે હું લંગડો અથવા આંધળો હોઉં, ને મારે હાથે કાંઇ કરી શકું નહિ તે માફક; અને વળી એક ચીજ ત્યાં મૂકવી, અને બીજી લેઇ લેવી, એવી ગડમથલ એટલી બધી હતી કે, મારા મનમાં આવ્યું કે, આ કદિ પૂરૂં થવાનું નથી. જમી રહ્યા પછી શેઠાણી મારી સાથે વાત કરતી હતી, ને કેહેતી હતી કે સારાં લુગડાંની ચાહના રાખવી, અને રાજા થવું, અને તા-

લેવર થવું, તે વખતે મારે બે આખા કલાક હાલ્યા ચાલ્યા વગર બેશી રેહેવું પડયું હતું.

તે વખતે મિસ્ટર મર્ટનને ઘેર, ઘણી ખરી વાત ન્હાના હરી બાબત થતી હતી. મિસિસ મર્ટને તેની બહાદુરી અને ખુલ્લો સ્વભાવ કબુલ કર્યો: તેની એકંદર સારી ચાલ ચલગતથી પણ તે આશ્ચર્ય પામી હતી; પણ તેણિયે તકરાર લીધી કે તેના વિચારમાં કેટલુંક હલકાપણું, અને ગામડિયાપણું છે, જેથી નીચા વર્ગના લોકોનાં છોકરાં ઉંચી પંક્તિના લોકોનાં છોકરાંથી નોંખાં પડેછે. મિસ્ટર મર્ટને તેથી ઉલટું કહ્યું કે, મેં આગળ કદિ આવું છોકરૂં જોયું નથી, કે જેના વિચાર ઘણી મ્હોટી જગાએ પોહોંચેલા લોકોને પણ ઘણી આબરૂ આપી શકે એવા છે. વળી તેણે કહ્યુંકે ઉપરીપણાને બેસવાની જગો મનમાં છે, એટલે ઉપરીપણાનો આધાર મન ઉપર છે. પ્રૌઢ વિચારો, ઉંચા પ્રકારની હિંમત, અને સર્વત્ર વિવેક, એટલું હોય ત્યારે ખરો ગૃહસ્થ બનેછે. અને જ્યારે એ સઘળાંની ખામી હોય, ત્યારે તેમનું ઠેકાણું ઢોંગી અવાજથી બોલવાથી, અથવા ઉડાઉપણાની રીતે પોશાક પેહેરવાથી પૂરૂં પડે એવું ધારવું ખોટું છે. તેણે ગંભીરાઇથી કહ્યું કે એટલામાટે મારાથી કહ્યાવિના ચાલતું નથી કે, આ ન્હાના ગામડિયામાં ખરેખરી ગૃહસ્થાઇનાં બીજ છે, અને અગર જો મારી એવી મરજી છે કે, આપણા છોકરામાં તેની પદવિનાં માણસોમાં જે લક્ષણ હોય છે, તે સઘળાં આવે તોપણ, ખેડુત સેન્ડફર્ડના છોકરાના કરતાં તે, કોઈ પણ બાબતમાં ઉતરતો નથી, એવું જાણવાથી મને જેટલી ખુશી થવાની, તેથી વધારે ખુશી બીજા કશાથી થશે નહિ.

આ વાત દ્રઢતાથી મિસ્ટર મર્ટને કહી, અને તેજ વખત દરખાસ્ત કરી કે, માસ્ટર ટૉમીને, મિસ્ટર બારલોને ત્યાં મોકલવો, તેથી મિસિસ મર્ટને કાંઇ હરકત લીધી નહિ, પણ પોતાના છોકરાથી જૂદાં પડવાને ઘણી નાખુશીથી કબુલ કર્યું. તે ઉપરથી મિસ્ટર બારલોને આવતે રવિવારે જમવાનું નોંતરૂં દીધું, અને મિસ્ટર મર્ટને તે દરખાસ્ત કરવાનો લાગ સાધ્યો, ને તે વખતે તેને ખાતરી કરી આપી કે, મારા પૈસાની શક્તિથી જે બદલો આપી શકાય તે હું ખુશીથી ના આપું એવું નથી, તોપણ મારા

છોકરાની કેલવણી અને સુધારો એ બંને બાબત મને એટલી જરૂરની છે કે મારા ઉપર ઉપકાર થયો એમ હું હમેશ માનું.

મિસ્ટર બારલોએ કહ્યું કે, "હું વચમાં બોલું તો તમે મને માફ કરજો. તમારા છોકરાને મારી સંભાળ નીચે થોડા મહિના રાખવાને અને તેને સુધારવાની મેહેનત કરવાને હું ખુશી છું; પણ એક વાત અવશ્યની છે કે, તમારા મિત્ર તરીકે મને તમારી નોકરી કરવાની ખુશી થવા દો. જો મારા વિચાર અને વર્ત્તણૂક પસંદ પડે તો તમારી ઇચ્છા હશે ત્યાંસુધી હું તેને રાખીશ. તે દરમિયાનમાં એની ચાલ ચલગતની કેટલીક ન્હાની બાબતો જે અતિશય રેહેમ નજરથી વધી પડેલી છે, તે મને લાગે છે કે ફેરવવી પડશે; માટે હાલમાં તેની તથા તમારા આખા કુટુંબની નજરમાં હું સ્કુલમાસ્તરને બદલે મિત્ર તરીકે ગણાઉં તો મારા હાથમાં જોઇતો અખ્તિયાર રેહેશે."

મિસ્ટર મર્ટનના ઉદારપણાની વિરૂદ્ધ આ દરખાસ્ત હતી, તોપણ તેને કબુલ કરવી પડી; અને ન્હાના ટૉમીને ઠરાવ પ્રમાણે બીજે દિવસે પાદરીને રેહેવાની જગોએ મોકલ્યો, જે જગો તેના બાપના ઘરથી આશરે બે મૈલ વેગળી હતી.

ટૉમી અને હરી, મિસ્ટર બારલોને ત્યાં આવ્યા, તેને બીજે દિવસે તે ગૃહસ્થ તેમને નાસ્તો કરી રહ્યા પછી લાગલો વાડીમાં લેઈ ગયો, અને ત્યાં હરીના હાથમાં કોદાળી આપી, ને પોતાના હાથમાં પાવડો લીધો, અને આતુરતાથી કામ કરવા મંડયા.

મિસ્ટર બારલોએ કહ્યું કે, "દરેક ખાનાર માણસે, ખોરાક મેળવવાને મદદ કરવી જોઇયે; અને તેટલા માટે હરી અને હું અમારૂં દરરોજનું કામ શરૂ કરિયે છિયે. આ મારો જમીનનો ટુકડો છે, અને પેલો તેનો છે. તે ઉપર અમે દરરોજ કામ કરિયે છિયે: અને જે વધારે ઉત્પન્ન કરે, તેને વધારે ફાયદો મળવાનો. કેમ ટૉમી જો અમારી જોડે સામેલ થવાની તમારી ખુશી હોય તો, હું તમને જમીનનો કટકો કાઢી આપું, તે તમારે હસ્તક રેહેશે, અને તેની સર્વે પેદાશ તમારી પોતાની થશે."

ટૉમિયે, ઘણા મોં ચઢેલા મીજાજથી કહ્યું કે, "ખરેખર ના; હું ગૃહસ્થ છું, અને ખેતી કરનાર છોકરાની માફક કામ કરવાને હું ચાહતો નથી."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "મિસ્ટર ગૃહસ્થ, જેવી તમારી મરજી, પણ હરિયે અને મારેતો કામ કરવું જોઇયે માટે અમે તો અમારૂં કામ સંભાળીશું."

બે કલાક થયા એટલે મિસ્ટર બારલોએ કહ્યું કે, "કામ બંધ કરવા વખત થઈ," અને હરીને પોતાની આંગળિયે વળગાડીને, ઉનાળામાં રેહેવાનું મઝાનું ઘર હતું તેમાં લેઈ ગયો, ને ત્યાં તેઓ બેઠા, અને મિસ્ટર બારલો સુંદર પાકાં ફળની રકાબી લાવ્યો, તે ફળ હરિયે અને પોતે વેહેંચી લીધાં. ટૉમી તેમની પાછળ ગયેલો હતો, અને પોતાના ભાગની આશા રાખતો હતો, તે પોતાની મનોવૃત્તિ વધારે વાર દાબમાં રાખી શકયો નહિ, પણ જુસ્સાથી એકદમ ડસકાં ભરવા મંડ્યો.

તેને ઘણીજ બેદરકારીથી મિસ્ટર બારલોએ કહ્યું કે, "શું છે?"

ટૉમિયે તેનાઉપર મોં ચઢેલા મીજાજથી જોયું, પણ જવાબ દીધો નહિ.

"અરે સાહેબ, તમે જવાબ દેવાનું પસંદ કરતા ન હો તો, છાના રેહો; અહિંયાં બોલવાની કોઇને જરૂર નથી." આથી ટૉમી વધારે ગુસ્સે થયો, અને પોતાના ગુસ્સાને છૂપાવવાને, અશક્ત હતો તેથી, ઉનાળામાં રેહેવાના ઘરની બાહાર દોડી ગયો, ને નાઉમેદીથી વાડીમાં ફરતો ફર્યો, અને તેને માલમ પડ્યું કે, પોતે એવી જગોએ છે કે, જ્યાં પોતે ખુશી છે કે નહિ, તેનો દરકાર કરનાર કોઈ નથી, તેથી જેવી રીતે તેને આશ્ચર્ય લાગ્યું, તેવોજ તે ખીજવાયો. જ્યારે સઘળાં ફળ ખાઈ રહ્યો, ત્યારે ન્હાના હરિયે કહ્યું કે, "જ્યારે વાડીમાં કામ કરી રહીશું ત્યારે, હું વાંચું તે સાંભળવાની મેહેરબાની કરવાનું તમે મને વચન આપ્યું હતું; માટે જો તમને ગમે તો, હું માખિયો અને કીડિયોની વાર્ત્તા વાંચું."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "હા ઘણી ખુશીની સાથે સાંભળીશ; શબ્દના ખોટા ઉચ્ચાર કર્યા વિના, અને અટકયા વગર, ધીમે ધીમે; અને સાફ રીતે વાંચવાને યાદ રાખવું: ખસુસ એવી રીતે વાંચવું કે તમે સમજો છો એમ માલમ પડે."

પછી હરિયે ચોપડી પકડીને નીચે પ્રમાણે વાંચ્યું.

## કીડિયો અને માખિયો.

એક ખેડુતના બાગના ખુણામાં એક વખત કીડિયોનું દર હતું, જે આખા ઉનાળામાં, ઝીણાં બિયાં, અને અનાજના દાણા, પોતાના દરમાં ખેંચી જવાને કામે લાગેલી હતિયો. તેમની નજીક એક ફૂલનો ક્યારો હતો, જેના ઉપર ઘણી માખિયો હમેશ બણુબણુ કરતી રમત ગમત કરતી હતી, તે ખેડુતનો છોકરો વારંવાર આ જંતુઓનું અવલોકન કરતો હતો; અને તે ઘણો ન્હાનો અને અજ્ઞાની હતો, તેથી એક દાહાડો તેણે આ પ્રમાણે પોતાનો વિચાર બતાવ્યોઃ—"આ કીડિયોના જેવું કોઈપણ પ્રાણી મૂર્ખ હશે? આ માખિયો જે દુનિયામાં ઘણીજ સુખી પ્રાણી છે, તેમની પેઠે સારી હવાનો ઉપભોગ કરવાને તથા ગમત કરવાને બદલે તેઓ આખો દાહાડો કામ કરેછે, ને મેહેનત કરેછે." આ પ્રમાણે વિચાર બાંધ્યા પછી કેટલીક મુદતે ટાઢ અતિશય પડવા લાગી, સૂર્યનો પ્રકાશ ભાગ્યેજ દેખાવા લાગ્યો, અને હીમવાળી ઝાકળ વરસે તથા ઠરી જવાય એવી રાત થવા લાગી. એવામાં પેલો ન્હાનો છોકરો પોતાના બાપની સાથે બાગમાં ફરતો હતો, ત્યાં એકે કીડી દીઠી નહિ, પણ બધી માખિયો જમીન ઉપર મરેલી અથવા મરવા પડેલી દીઠી. તે સારા સ્વભાવનો હતો, તેથી હિણભાગ્ય પ્રાણી ઉપર તેને દયા આવ્યા વિના રહી નહિ, અને તેજ વખત પૂછ્યું કે, "આ જગોએ કીડિયો જોવામાં આવી હતી તેનું શું થયું હશે?" તેના બાપે કહ્યું કે, "સઘળી માખિયો મરી ગઈ, તેનું કારણ એ કે તેઓ કાળજી વિનાનાં પ્રાણી હતાં, ખોરાક સંગરી રાખવાને મેહેનત લેતાં નહિ, અને કામ કરવામાં ઘણાં આળસુ હતાં; પણ કીડિયો જે આખા ઉનાળામાં, શિયાળાને વાસ્તે ભેગું કરી રાખવાને મંડી હતી, તે બધી જીવતી અને સુખી છે; અને જ્યારે ગરમીની ઋતુ પાછી આવશે ત્યારે તમે તેને પાછી જોશો."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "ઘણું સારૂં હરી; હવે આપણે ફરવા જઇયે."

એ પ્રમાણે તેઓ ખેતરોમાં ભટક્યા, ત્યાં મિસ્ટર બારલોએ, કેટલીક જાતના છોડવા લઇને હરીને બતાવ્યા, અને તેમના ગુણ

અને નામ તેને કહ્યાં. છેલ્લે હરિયે, વાડચોમાં ઉગેલા જાંબુડી રંગના ફૂલવાળા સુંદર છોડવા ઉપર જાંબુડી રંગનાં ફૂલ, અને સુંદર જાંબુડી રંગનાં ફળ જોયાં, તે મિસ્ટર બારલો પાસે આણ્યાં, અને પૂછ્યું કે આ ખવાય?

મિસ્ટર બારલોએ કહ્યું કે, "તેં તારા મોંમાં મૂકતા પેહેલાં આ સવાલ પૂછ્યો તે ઘણું સારૂ કરચું: કેમકે તેં તે ચાખ્યાં હોત તો, તારા પેટમાં અને તારા માથામાં ભારે દરદ થાત, અને કદાચ તું મરી પણ જાત, કેમકે તે, નાઇટ શેડ નામના ઝેરી છોડવા ઉપર થાયછે, તેને વિષ વનસ્પતિ કેહેછે, અને ઘણાં માણસો તેનાથી મરણ પામ્યાંછે."

હરિયે કહ્યુંકે સાહેબ, "કોઈ પણ વસ્તુ હું કદિ તેનો ગુણ જાણ્યા વિના ખાતો નથી; અને હું આશા રાખું છું કે, જો તમે મેહેરબાની કરીને મને શીખવશો તો, દરેક ઉગેલા છોડવાના ગુણ અને નામ મને ઘણી જલદીથી આવડશે."

તેઓ પાછા ઘર તરફ જતા હતા, તે વખત હરિયે એક મ્હોટું પક્ષી, જેને સમળી કેહેછે તે, જમીન ઉપર બેઠેલું દીઠું, તેના પગમાં કાંઇક હતું, જેના તે ફાડીને કડકા કરતું હતું, એમ જણાયું. હરી જાણતો હતો કે તે બીજાનો શિકાર કરેછે, એવું ઘાતકી પ્રાણી છે, તેથી તાણીને બૂમ પાડતો તેના ભણી દોડી ગયો; તે પક્ષી બીહીને ન્હાનું મરઘીનું બચ્ચું પડતું મૂકીને ઉડી ગયું, તે જીવતું હતું પણ તેને ઘણું વાગેલું હતું.

હરિયે કહ્યું કે, "જુઓ સાહેબ, તે ઘાતકી પ્રાણિયે આ ગરીબ મરઘીના બચ્ચાને મરણ તુલ્ય કરચું છે! જુઓ કેવું તેનું માથું લટકે છે અને લોહી નીકળે છે! હું તેને ઘેર લેઇ જઇશ, અને પોતાની મેળે પોતાનો ખોરાક મેળવવાને શક્તિવાન થશે, ત્યાંસુધી, હું તેને નિત્ય મારા ખાણામાંથી ખાવાને આપીશ."

તેઓ ઘેર આવ્યા એટલે તરત, હરિયે પેહેલવેહેલું, ઘાયલ મુરઘીના બચ્ચાને, એક ટોપલીમાં કેટલુંએક તાજું પરાળ, પાણી અને રોટલો, મૂકીને, પછીથી તે અને મિસ્ટર બારલો જમવાને ગયા. તે વખતે ટૉમી જે આખો દાહાડો ઉદાશીમાં ફરચા કરતો હતો, તે આવ્યો, અને ઘણી ભૂખ લાગી હતી, તેથી બીજાની સાથે જમવા બેસવા જતો હતો; પણ મિસ્ટર બારલોએ અટકાવ્યો,

અને કહ્યું કે, "ના સાહેબ, તમે એવા સારા ગૃહસ્થ છો કે તમારાથી કાંઇ કામ થઇ શકે નહિ તો અમે જે એવા નથી તે આળસુને માટે કામ કરવાને પસંદ કરતા નથી."

આ ઉપરથી ટૉમી હૈયું ફાટી જાય એવી રીતે રડતો રડતો એક ખુણામાં પાછો ગયો, તે રડતું મનના ઉભરાને લીધે નહિ, પણ એના ખોટા મીજાજની કોઈ દરકાર રાખતું નથી, એવું તેને માલમ પડવા લાગ્યું તેથી દિલગીરિ થવાને લીધે આવ્યું હતું. પછી ન્હાના હરીથી પોતાના ભાઇબંધને દુઃખી થતો જોઈ શકાયો નહિ, તેથી અર્ધો રડવા જેવો થઈ તેણે મિસ્ટર બારલોના મોંસામું જોઇને કહ્યું કે "સાહેબ હું અરજ કરૂંછું કે, મારા ખાણામાંથી હું મારી ખુશી હોય તેમ કરૂં ?"

"હા છોકરા બેશક કરય."

તેણે કહ્યું કે, "મારા કરતાં ગરીબ ટૉમીને, ખાણાની વધારે જરૂર છે, માટે હું એને આપીશ." આવું કહીને તે ખુણામાં બેઠો હતો, ત્યાં તેને આપ્યું. ટૉમિયે પોતાની આંખો જમીનથી ઉંચી કર્યા વિના તેનો ઉપકાર માનીને લીધું.

મિસ્ટર બારલોએ કહ્યું કે, "અમને એમ સમજાયછે કે જે પોતે પોતાના ખપમાં આવવાને નીચું ગણેછે, પણ તેઓ બીજા લોકોની ખરી મેહેનતનો રોટલો લેવાને નીચું ગણતા નથી."

આવું સાંભળીને ટૉમી બહુ રડ્યો.

બીજે દિવસે મિસ્ટર બારલો અને હરી આગળ પ્રમાણે કામ કરવાને ગયા; પણ તેઓએ શિરૂ કર્યું નહિ એટલામાં ટૉમી આવ્યો, અને અરજ કરી કે મને પણ કોદાળી આપો, જે મિસ્ટર બારલોએ તેને આપી: પણ તેણે પેહેલાં કોઈ દાહાડો ઝાલેલી નહિ, તેથી તરેહવાર રીતે તે તેનો ઉપયોગ કરતો હતો, અને કેટલીએક વખતે તો તેના પગમાં પણ વાગતી હતી. પછી મિસ્ટર બારલોએ તેને કેવી રીતે વાપરવી તે શીખવ્યું; જેથી તે, થોડા વખતમાં ઘણો હોંશિયાર થયો, અને ઘણી ખુશીથી કામ કરવા માંડ્યું. જ્યારે તેમનું કામ પૂરૂં થયું ત્યારે, ઉનાળામાં રેહેવાના ઘરમાં ગયા. પેહેલાંની માફક ફળ આણ્યાં, ને તે કોઈ દાહાડો ચાખ્યાં ન હોય, એવાં સ્વાદિષ્ટ લાગ્યાં, પણ તેનું કારણ એ હતું કે, કસરત અને હવાથી તેને સારી ભૂખ લાગી હતી.

તેઓ ખાઈ રહ્યા એટલે મિસ્ટર બારલોએ ચોપડી લીધી, અને ટૉમીને પૂછ્યું કે તું વાર્ત્તા વાંચીશ? પણ તે જરા શરમાયો, અને કહ્યું કે હું, વાંચતાં કદિ શીખ્યો નથી. મિસ્ટર બારલોએ કહ્યું કે હું તે વાસ્તે દિલગીર છું, કારણ કે તેથી તમે ઘણો આનંદ ખુવોછો: પણ હરી તમને વાંચી બતાવશે. તે ઉપરથી હરિયે ચોપડી પકડી અને નીચેની વાત વાંચી:—

## ગૃહસ્થ અને ટોપલી બનાવનાર.

એક સમયે એક તાલેવર માણુસ, દુનિયાના એક દૂરના ભાગમાં રેહેતો હતો, જે પોતાનો સઘળો વખત, ખાવા, પીવામાં, ઉંઘવામાં અને ગમ્મત કરવામાં ગાળતો હતો. તેનીપાસે ઘણા ચાકરો રેહેતા હતા, અને તે સત્ય એ શું છે તે કદિ શીખ્યો નહતો, અથવા તેવું સાંભળવાની ટેવ પણ પડી હતી નહિ, તેથી તે ઘણો મગરૂર, અપમાન કર્ત્તા, અને તુરંગી થઈ ગયો: તે એમ ધારતો કે, આખી દુનિયાં ઉપર રાજ્ય કરવાનો મારો હક છે, અને ગરીબ માણુસો ફકત મારો હુકમ માનવાનેજ જન્મેલા છે. આ તાલેવર માણુસના ઘરની નજીક, એક પ્રમાણિક અને ઉદ્યોગી માણુસ રેહેતો, હતો અને તે જે પોતાના ઝુંપડાનીપાસે ઘાસ ઉગતું, તેની ન્હાની ન્હાની ટોપલિયો બનાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેને સવારથી તે રાતસુધી કામ કરવાની જરૂર પડતી હતી, અને તેને ચોખા, અથવા સૂકા રોટલા સિવાય ભાગ્યેજ વધારે સારૂં ખાવાનું મળતું, અને જે ઘાસની એ ટોપલિયો બનાવતો, તેમાંથી વધેલા ઘાસના બીછાના વિના તેને બીજું બીછાનું મળતું નહિ, તોપણ તે નિત્ય આનંદમાં અને સંતોષમાં રેહેતો હતો; કારણ કે તેની મેહેનતથી તેને એવી સારી ભૂખ લાગતી કે, તેને લુખામાં લુખો જાડો રોટલો પણ સ્વાદિષ્ટ લાગતો; અને તે સૂવાની વખતે એટલો થાકી જતો કે, જમીન ઉપર સૂવે તોપણ તેને સારી ઉંઘ આવી જાય. વળી તે સારો અને સદ્‌ગુણી માણુસ હતો, અને વ્યવહારમાં પ્રમાણિક હતો, તેને સાચું બોલવાની ટેવ પડેલી હતી, અને તેના પડોશિયો તેને ચાહાતા હતા, અને માન આપતા.

પેલો તાલેવર માણુસ ઉલટો સુંઆળામાં સુંઆળા બીછાના

ઉપર સૂતો, તોપણ તેને ઉંઘ આવતી નહિ, કારણ કે તે આખો દિવસ આળસમાં ગાળતો; અને તેને સારામાં સારૂં ખાવાનું મળતું, તોપણ કાંઈ ખુશીથી ખાતો નહિ, કેમ કે તે કસરત કરતો નહિ, તેમજ ખુલ્લી હવામાં ફરવા પણ જતો નહિ. વિશેષમાં વળી તે ઘણોજ સુસ્ત, અને અકરાંતિયો હતો, તેથી ઘણું કરીને તે સદા માંદો રેહેતો અને તે કોઈનું ભલું કરતો નહિ, તેથી તેને કોઇ ભાઇબંધ પણ નોહોતો. અને એની પછાડી એના ચાકરો, પણ એનું ભૂંડું બોલતા, અને એનાં સઘળાં પડોશી એને ધિક્કારતાં. આ કારણોથી, તે ઉદાસી, દુઃખી અને ચીડાયલો રેહેતો, અને પોતાના કરતાં વધારે આનંદી જેને જોતો તેના ઉપર નાખુશ થતો. તે બાહાર ગાડીમાં બેશીને ફરવા જતો, ત્યારે તે વારંવાર પેલા ગરીબ ટોપલી બનાવનારના ઝુંપડાપાસે થઇને જતો, તે માણુસ હમેશ પોતાના બારણા આગળ બેઠેલો હોય, અને ટોપલી ગુંથતાં ગુંથતાં ગાતો હોય. આ જોઇને તાલેવર માણુસને અદેખાઇ આવ્યાવગર રેહેતી નહિ. તેણે કહ્યું કે, કંગાળ ગામડિયો, નીચા કુળનો માણુસ જે ઘાસની ટોપલિયો ગુંથેછે, તે હમેશ સુખી રેહે, અને હું પૈસા અને સત્તાવાળો ગૃહસ્થ, હમેશ ઉદાસ, અને અસંતોષી રહુંછું, એ શું! આ વિચાર તેના મનમાં એટલી બધી વાર આવતો કે છેલ્લે તેને એ ગરીબ માણુસ તરફ, ઘણો ધિક્કાર લાગવા માંડ્યો. તેને પોતાના મનોવિકાર ગમે તેવા ગેરવાજબી હોય તોપણ તેમને જીતવાની ટેવ કદિ પડેલી ન હતી, તેથી છેલ્લે તેણે પોતાના કરતાં વધારે સુખી હોવાને વાસ્તે, એ ટોપલી બનાવનારને, સજા કરવાનો નિશ્ચય કર્યો.

તેણે આ દુષ્ટ ઈરાદાથી એક રાત્રિયે પોતાના ચાકરો જેમનામાં પોતાના શેઠના હુકમનું અપમાન કરવાની હિંમત ન હતી તેમને હુકમ આપ્યો કે, એ ગરીબ માણુસના ઘરની આસપાસ, ઉગેલા ઘાસને બાળી મૂકવું. ઉંનાળો હતો તેથી બધી ઘાસ વાળી જગામાં, આગ જલદીથી પ્રસરી, અને સઘળું ઘાસ બળી ગયું એટલુંજ નહિ, પણ જલદીથી તેના ઝુંપડામાં પણ આગ ફેલાઈ, અને તે ગરીબ ટોપલી બનાવનારને, પોતાની જીંદગાની બચાવવા સારૂ ઉઘાડે દીલે દોડી જવાની જરૂર પડી.

પોતાના તાલેવર પાડોશીને જેણે કદિ ગુસ્સાનું કારણ આ-

પેલું નહિ, તેવાને પોતાના ગુજરાનના સાધનરહિત કરી મૂક્યો, તે જોઇ તેને કેટલો શોક થયો હશે! તેની કલ્પના કરો. આ ગેરઇનસાફ માટે તેને સજા કરવાને તે અશક્ત હતો, તેથી તે દેશના મુખ્ય મૅજીસ્ટ્રેટ એટલે ફોજદારી ગુન્હાની તજવીજ કરનાર મુખ્ય અમલદારની પાસે ગયો, તેણે આંખમાં ઘણાં આંસુ આણીને તેને પોતાની દયા ઉપજે એવી હકીકત કહી. આ મૅજીસ્ટ્રેટ ભલો અને ઇનસાફી માણસ હતો, તેણે તે તાલેવર માણસને એકદમ પોતાની રૂબરૂ રજુ કરવાને હુકમ કર્યો. અને જ્યારે તેને માલમ પડ્યું કે, જે ઘાતકીપણાનું તેને માથે તોહમત છે, તેમાં તેનાથી નામુકર જવાય તેવું નથી, એટલે તેણે ટોપલી બનાવનારને નીચે પ્રમાણે કહ્યું:—

"આ ઘાતકી અને મગરૂર માણસ પોતાની મ્હોટાઈના અભિમાનથી ફૂલાઈ ગયેલો છે, અને તેણે ગરીબઉપર ધિક્કારથી ઘણું ખુલ્લું ગેરવાજબીપણું કર્યું છે, ને તે બીજા લોકોને કેટલી ઓછી અગત્યનો છે, અને ખરેખરો તે કેવો ખરાબ અને ધિક્કારવા લાયક પ્રાણી છે, તે તેને શીખવવાની મારી મરજી છે; પણ તેમ કરવાને મેં જે ગોઠવણ ધારી છે, તે તારે કબુલ રાખવી જોઇયે, અને હું એને જ્યાં મોકલું ત્યાં તેની સાથે તારે જવું."

ટોપલી બનાવનારે જવાબ દીધો કે, "મારીપાસે કાંઈ ઘણું હતું નહિ, પણ હાલ મારૂં પૂરેપૂરૂં નુકશાન થયુંછે; હવે અત્યાર પછી મને ભૂખ લાગશે ત્યારે મને મારો રોટલાનો ટુકડો મેળવવાને દુનિયામાં કાંઈ સાધન રહ્યું નથી; તેટલા માટે જ્યાં તમારી ખુશી હોય ત્યાં મોકલો તો હું જવાને તૈયારછું; અને આ માણસ મારા પ્રત્યે જેવો ચાલ્યો, તેવીરીતે તેના પ્રત્યે વર્ત્તણૂક ચલાવવાને હું ખુશી નથી, તોપણ, હજી હું તેને મનુષ્ય પ્રાણીઉપર દયા કરવાનું શીખવવાને માટે ખુશી છું, કે જેથી બીજી વખત ગરીબને આવી રીતે નુકશાન કરવાને તે અટકે."

ત્યારપછી તે બંનેને મૅજીસ્ટ્રેટે દૂર દેશ મોકલવાનો હુકમ કર્યો, અને ત્યાં જંગલી અને ઘાતકી માણસો હતા, તે ઝુંપડામાં રેહેતા, અને માછલાં મારીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓ કીનારા ઉપર ઉતર્યા એટલે તરતજ તે દેશના ઘણાક રેહેવાસી, તેમની આસપાસ જલદીથી એકઠા થઈ ગયા. તે તા-

લેવર માણુસ જંગલી લોકોની ભાષા પોતે સમજતો નોહોતો, તેમની વચમાં પોતાને જોઇને રડવા મંડ્યો, અને દયા ઉપજે એવી રીતે પોતાના પોંહોંચા કરડવા મંડ્યો; પણ તે ગરીબ માણુસને હમેશ પોતાના બચપણથીજ સંકટ વેઠવાની ટેવ પડેલી હતી, તેણે તે જંગલી લોકોને ઇશારતથી બતાવ્યું કે, હું તમારો દોસ્ત છું ને તમારેવાસ્તે મેહેનત કરવાને અને તમારો નોકર થવાને ખુશી છું. આ ઉપરથી પેલા દેશિયોએ નીશાનીથી બતાવ્યું કે અમે તમને કાંઈ ઈજા નહિ કરિયે, પણ માછલાં મારવામાં અને લાકડાં લાવવામાં તમને કામે લગાડીશું.

તે પ્રમાણે તેઓ બંનેને કેટલેક છેટે જંગલમાં લઈ ગયા, અને તેમને કેટલાક લાકડાંના કટકા બતાવી વાહાણની કોટડિયોમાં લેઈ જવાનો હુકમ કર્યો. તેઓ બંને તરતજ કામ કરવા મંડ્યા, અને તે ગરીબ માણુસ મજબૂત અને ચંચળ હતો, તેથી ઘણીજ ઝડપથી પોતાના ભાગનું કામ પૂરૂ કર્યું; પણ પેલા તાલેવર માણુસના અવયવો કોમળ અને નાજુક હતા તેનાથી એના કરતાં પાભાગનું પણ થયું નાહ. તે જંગલી લોકો આ જોતા હતા, તેમણે વિચાર કર્યો કે, આ ટોપલી બનાવનાર આપણુને ઘણોજ ઉપયોગમાં આવશે, માટે તેને ઘણાં માછલાં આપ્યાં, અને કેટલીક સારામાં સારી શાક ભાજી આપી; અને પેલા તાલેવર માણુસને તેનો નિભાવ ભાગ્યેજ પૂરો થાય તેટલું આપ્યું. કારણ કે, તેમને માલમ પડ્યું કે તે ઘણાજ થોડા કામમાં આવે એવો છે. પરંતુ કેટલાક કલાકથી તે ખાધાવિના રહ્યો હતો, તેથી તેમણે જે આપ્યું તે તેણે પોતાને ઘેર જે રૂચી લાગતી તેના કરતાં સારી રૂચીથી ખાધું.

બીજે દિવસે તેઓને ફરી કામે વળગાડ્યા, અને ટોપલી બનાવનાર એજ માફક તેના સોબતી કરતાં વધારે ઉપયોગી થયો તેથી તે દેશિયોએ તેની બરદાસ્ત ઠીક કરી; પણ પેલા માણુસને તો નાજુકાઈની અને મોજ શોખની ટેવ પડેલી હોવાથી તે કામ કરવાને માટે નાલાયક હતો, તેથી તેના તરફ હરેક રીતે ધિક્કાર બતાવતા હતા.

હવે તે તાલેવર માણુસને માલમ પડ્યું કે, હું કેટલી ઓછી બુદ્ધિથી મારી કિમ્મત ગણતો, અને મારા જાતભાઇને હું ધિ-

ક્કારતો તે કેવું ખોટું હતું; અને તેવામાં એક અકસ્માત બનાવ બન્યો, તેથી તેને પશ્ચાત્તાપ પૂરેપૂરો થયો. તે બનાવ એ હતો કે, જંગલી લોકોમાંના એક જણને કાંઈ હાર જેવું જડયું. તેનાથી તેણે પોતાનું કપાળ શણગાર્યું હતું, અને એમ ધારતો હતો કે હું ઘણોજ સુંદર દેખાઉંછું; ટોપલી બનાવનારના સમજવામાં આ અભિમાન હતું, તેણે થોડાક બરૂ ખેંચીલાવી થોડી વખતમાં ઘણોજ સુશોભિત હાર બનાવ્યો, અને તે હાર તેણે પેહેલ વેહેલો ત્યાંનો રેહેવાસી જે તેને મળી આવ્યો તેને માથે મૂકયો. આ માણુસ એ મળવાથી એટલો બધો ખુશી થયો કે, તે આનંદથી કૂદ્યો અને નાચ્યો, અને બીજાઓને બોલાવવાને દોડયો. તે બધા આ નવી અને સુશોભિત કારીગરીની વસ્તુ જોઈને આશ્ચર્ય પામ્યા. તે વાતને ઘણી વાર ન થઇ એટલામાં, ટોપલી બનાવનારની પાસે એક બીજો માણુસ આવ્યો, અને પોતાના સોબતીના જેવું શણગરાવું છે એવું નીશાન કરી બતાવ્યું; અને એ હાર સઘળા દેશિયોએ એટલા બધા વખાણ્યા કે, તે વખતથી તેમણે તે ટોપલી બનાવનારને, આગળની તેની ગુલામગીરીની મેહેનતથી છોડયો, અને તેને તે હાર ગુંથવા જાથુ કામે લગાડયો. તેની નોકરીના બદલામાં, આભારી જંગલી લોકોએ તેમના દેશમાં મળી આવે એવો એવો દરેક જાતનો ખોરાક આણી આપ્યો, ને તેને ઝુંપડું બાંધી આપ્યું, અને ઘણી રીતે તેઓ પ્રીતિ દર્શાવવા લાગ્યા. પણ પેલો તાલેવર માણુસ, જેનામાં કોઇને ખુશી કરવા જેટલી અક્કલ નોહોતી, ને કામ કરવાને જોર પણ નોહોતું, તેને ટોપલી બનાવનારનો ચાકર બનાવ્યો, અને હમેશ જોઇયે તેટલા હાર પૂરા પાડવાને માટે જોઇતા બરૂ કાપવાને કામે લગાડયો.

આવી રીતે કેટલાએક મહિના વિત્યા પછી, તેમને મૅજીસ્ટ્રેટના હુકમથી પાછા પોતાના દેશમાં લેઈ ગયા, અને તેમને મૅજીસ્ટ્રેટની રૂબરૂ રજુ કર્યા. તે વખત મૅજીસ્ટ્રેટે તાલેવર માણુસ તરફ આંખ કાહાડીને કહ્યું કે:-"તમે કેવા નબળા, અને ધિક્કારવા લાયક પ્રાણી છો, તેમજ જે માણુસનું તમે અપમાન કર્યું હતું, તેનાથી તમે કેટલા ઉતરતા છો એ વાત તમને શીખવવામાં આવી, માટે હવે જે નુકશાન તમે એને કર્યુંછે, તેનો બ-

દલો હું તેને અપાવીશ. તમે જેને પાત્ર છો એવું મેં કરયું હોત તો તમારીપાસે જેટલી દોલત છે તેટલી બધી હું તમારીપાસેથી લેઈ લેત, પણ આગળ ઉપર તમે મનુષ્ય પ્રાણીઉપર વધારે દયા કરનાર થશો, એવી ઉમેદથી હું સજા કરૂંછું કે તમારે આ માણુસ જેને પાયમાલ કરવાની તમે મેહેનત કરી તેને તમારી દોલતમાંથી અર્દ્ધ આપવી."

આ ઉપરથી ટોપલી બનાવનારે, મૅજીસ્ટ્રૅટની ભલાઇને વાસ્તે તેનો ઉપકાર માનીને કહ્યું કેઃ-"હું ગરીબ અવસ્થામાં મ્હોટો થયેલોછું ને મેહેનત કરવાની ટેવ પડેલી છે, તેથી મને પૈસાની ઈચ્છા નથી, કેમકે તે પૈસાનું શું કરવું તે હું જાણતો નથી; માટે આ માણુસપાસેથી મારે એટલુંજ જોઇયે છિયે કે તે મને મારી આગળની સ્થિતિમાં લાવી આપે, અને તે મનુષ્યજાતઉપર વધારે દયા રાખે."

પેલા તાલેવર માણુસને આ ઉદારપણાથી આશ્ચર્ય લાગ્યાવગર રહ્યું નહિ, અને પોતાને સંકટ પડવાથી અક્કલ આવી તેથી પોતાની બાકીની જીંદગાનીમાં તે ટોપલી બનાવનારને પોતાના દોસ્ત તરીકે ગણુતો, એટલુંજ નહિ પણ પોતાના પૈસા ગરીબોને મુક્ત કરવામાં અને મનુષ્ય પ્રાણીને ફાયદો કરવામાં કામે લગાડતો.

આ વાર્ત્તા પૂરી થઇ, એટલે ટૉમિયે કહ્યું કે, આ ઘણી સારી વાર્ત્તા છે; પણ જો ટોપલી બનાવનાર હું હોત તો તે અનાડી તાલેવર માણુસનો પૈસો હું લેઈ લેત ને રાખત. હરિયે કહ્યું કે, "હું કદિ એમ કરત નહિ, કેમકે મને ડર લાગેછે કે એમ કર્યાથી પેલા તાલેવરના જેવોજ મગરૂર અને ઘાતકી મારાથી થઇ જવાય."

આ પ્રસંગ પછી દરરોજ સવારે મિસ્ટર બારલો અને તેમના બે શિષ્યો તેમની વાડીમાં કામ કરતા, અને જ્યારે તેઓ થાકી જતા ત્યારે, ઉનાળામાં રેહેવાના હવાવાળા ઘરમાં પાછા જતા, ત્યાં ન્હાનો હરી જે દરરોજ વંચકમાં સુધરતો જતો હતો, તે કાંઈ કાંઈ સારી વાર્ત્તા વાંચીને તેમને ગમત કરાવતો, અને તે ટૉમી ઘણી ખુશીથી સાંભળતો. પણ એટલામાં, હરી એક અઠવાડિયાની રજાઉપર ઘેર ગયો, અને ટૉમી અને મિસ્ટર બારલો એકલા રહ્યા.

તેને બીજે દિવસે, હમેશ પ્રમાણે કામ કરી રહ્યા પછી, પાછા ઉનાળામાં રેહેવાના હવાવાળા ઘરમાં ગયા, ત્યારે ટૉમિયે આશા રાખી હતી કે, મિસ્ટર બારલો મને કાંઈ વાંચી સંભળાવશે, પણ તેને માલમ પડ્યું કે તે કામમાં છે તેથી તે વાંચી સંભળાવશે નહિ, ત્યારે તે ઘણો નિરાશ થયો. આ પ્રમાણે ત્રણ દિવસ સુધી થયાં કર્યું, છેવટ ટૉમીને વધારે વાર ધીરજ રહી નહિ, અને પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, "જો હાલ મને હરી સૅન્ડફર્ડના જેવું વાંચતાં આવડતું હોય તો, મારે કોઈ માણસને મારે માટે વાંચવાનું કેહેવું પડે નહિ, અને હું મારી મેળે ગમત કરૂં:" તેણે વિચાર્યું કે, "બીજાએ કર્યું છે, તે મારાથી કેમ ન થઇ શકે? ખચીત ન્હાનો હરી ઘણો હોંશિયાર છે, પણ તેને જો શીખવ્યું નાહોત તો તે વાંચી શકત નહિ, અને જો મને શીખવવામાં આવે તો હું એની પેઠેજ વાંચી શકું. ઠીક છે, તે ઘેર આવે કે તરત હું તે બાબત તેને નક્કી પૂછી જોઈશ."

તેને બીજે દિવસે હરી પાછો આવ્યો, અને ટૉમી એની સાથે એકલો પડ્યો એટલે તરત તેણે કહ્યું કે, "ભાઇ હરી, તું વાંચતાં શી રીતે શીખ્યો?" "મિસ્ટર બારલોએ પેહેલાં મને અક્ષર શીખવ્યા, અને પછી શબ્દની જોડણી કરવાથી હું વાંચતાં શીખ્યો."

ટૉમી–અને મને અક્ષર ના શીખવો?

હરી–હા ઘણી ખુશીથી.

હરિયે તે વખત ચોપડી લીધી, અને ટૉમી એવો આતુર હતો, અને એવું ધ્યાન રાખ્યું કે પેહેલેજ પાઠે તે સઘળા મૂળાક્ષર શીખ્યો. આ પેહેલીજ અજમાશથી તે ઘણોજ ખુશી થયો અને પોતે આટલું સુધર્યો તે મિસ્ટર બારલોને જણાવવાને સારૂ દોડીને તેનીપાસે ગયાવિના રેહેત નહિ; પણ તેના સમજવામાં આવ્યું કે હું આખી વાર્તા વાંચવાને શક્તિવાન થાઉં, ત્યાંસુધી હું કાંઇ કહું નહિ તો તેને વધારે આશ્ચર્ય લાગશે. તેથી તે એવા ઉદ્યોગથી મંડ્યો ને હરી એવો સારો શીખવનારો હતો કે બે મહિનામાં મિસ્ટર બારલોને પોતાની અક્કલ બતાવીને અચંબો પમાડવાનો તેણે નિશ્ચય કર્યો. એક દિવસે ઉનાળામાં રેહેવાના હવાવાળા ઘરમાં તેઓ સઘળા બેઠા હતા, અને હરીને ચોપડી આપી ત્યારે ટૉમિયે ઉભા થઇને મિસ્ટર બારલોને કહ્યું કે, "જો

તમારી ખુશી હોય તો હું વાંચવાનો પ્રયત્ન કરૂં." મિસ્ટર બા-રલોએ કહ્યું કે, "હા ઘણી ખુશીથી, પણ તું ઉડી શકે એવી મારાથી આશા રખાય તોજ તું વાંચી શકે એવી આશા રાખી શકું." ટૉમિયે પોતે હુન્નર સંપાદન કર્યો હતો તે જાણીને હસ્યો, અને ચોપડી લેઇને કડકડાટ નીચેની વાત વાંચી:—

## બે કૂતરાંની વાર્ત્તા.

દુનિયાના એક ભાગમાં જ્યાં જંગલી જાનવર ઘણાં રેહેછે, ત્યાં એક ગરીબ માણસે, જે જાતનાં કૂતરાં હિંમત અને કદને માટે ઘણાં કિમતી ગણાય છે તે જાતનાં બે ભોટિલાં ઉછેર્યાં હતાં. તેમનામાં અસાધારણ જોર અને ચપળતા જોવામાં આવી, તેથી તેનો વિચાર થયો કે મારી જમીનનો માલેક તાલેવર છે, અને મ્હોટા શેહેરમાં રેહેછે, તેને એક જાઉલર નામનું ભોટિલું નજરાણા દાખલ આપું તો તે ખુશી થશે, એમ વિચારી તેને આપ્યું અને બીજું કીપર નામનું પોતે પોતાના ઘેટાંનાં ટોળાંને સાચવવાને રાખ્યું. આ વખતથી બે કૂતરાંને જૂદા જૂદા પ્રકારે ખાવાનું મળવા લાગ્યું. જાઉલરને પુષ્કળ ખાવાનું મળે એવા રસોડામાં મૂક્યું, ત્યાં તે સઘળા ચાકરોને વાહાલું થયું, તે ચાકરોને તેનાં ન્હાંનાં ગતકડાંથી અને મરજીમાં આવે એવા કૂદકારાથી ગમત થતી હતી, અને તેના બદલામાં ખોરાકના પુષ્કળ ટુકડા તેને આપતા. આથી કરીને તે સવારથી તે રાતસુધી ખાતું હતું, તે કદમાં બહુ મ્હોટું થયું, અને સુંઆળું અને નાજુક થયું. ખરેખર તે ઉપડે નહિ એવું ભારે થયું, અને એવું ડરકુ થયું કે, એનાથી અર્ધી ઉમ્મરના કૂતરાને દેખીને પણ નાશી જાય. તેને ઘણું અકરાંતિયું થવાની ટેવ પડી, અને રસોડામાં ચોરિયો કરતું, તે માટે તે વારંવાર માર ખાતું; પણ તે નોકરો ઉપર પ્યાર કરવાને શીખેલું હતું, અને પાછલા પગઉપર ઉભું રહીને માગતું હતું, અને આ સિવાય તે ચીજ લઇ જવા લાવવાના કામમાં આવતું, તેથી તેને સઘળા પાડોશિયો માફ કરતા, અને એના ઉપર રેહેમ નજર રાખતા.

તે દરમિયાન કીપર જે ગામડામાં એક ઝુંપડી આગળ

રેહેતું હતું, તેને એવું સારીરીતે ખાવાપીવાનું મળેલું નહિ, તેમ તેવું પુષ્ટ પણ જણાતું નોહોતું, ને તેને આવાં સુંદર ન્હાનાં ન્હાનાં ગતકડાં આવડતાં નહિ, કે જેથી તે પસંદ પડે. પણ તેનો શેઠ ઉપયોગ સિવાયની કોઇપણ વસ્તુ રાખી શકવાને ઘણો ગરીબ હતો, અને એને જાથુ ખુલ્લી હવામાં રેહેવાની જરૂર પડતી હતી, અને ગુજરાન મેળવવામાં હરેક પ્રકારના હવાના ફેરફારમાં રેહેવું પડતું હતું, તેથી કીપંર સખ્ત, ચંચળ, અને ઉદ્યોગી થયું હતુંઃ વળી તેને દીપડાં તરફથી જાથુ ભયમાં રેહેવું પડતું હતું, અને ઘેટાંનાં ટોળાંને સાચવતાં તેને ઘણી વખત દીપડાં કરડી ગયેલાં પણ ખરાં. આ જાથુ લડાઈથી તેને એટલી બધી હિંમત આવી હતી કે કોઈ દુશ્મનથી તે નાશી જતું નહિ. તેની સંભાળ અને ઉદ્યોગથી પોતાના શેઠનાં ઘેટાં એટલાં સારાં સચવાતાં હતાં કે, તેની સંભાળ નીચે તે આવ્યાં ત્યારથી તેમાંનું એકે ખોવાયું નોહોતું. એનું પ્રમાણિકપણું એટલું ભારે હતું કે, રસોડામાં જે વખતે માંસ શેકાતું હોય તે વખતે તે એકલું હોય તોપણ, તે કદિ તે ચાખવાને પ્રયત્ન કરતું નહિ, પણ તેનો શેઠ ખુશી થઇને જે આપે તે ઉપકાર સાથે લેતું. જાથુ ખુલ્લી હવામાં રેહેવાથી, તે એવું સખ્ત થયું હતું કે, ગમે તેવું તોફાન થાય તોપણ ઘેટાં સાચવવાનાં હોય તો તે હારીને ઢાંકેલી જગો નીચે જતું નહિઃ અને પોતાના શેઠના થોડામાં થોડા અણસારા ઉપરથી, ઘણીજ થંડીની વખતમાં જુસ્સાથી વેહેતી નદીમાં તે પડતું.

આ અરસામાં એ ગરીબ માણસની જમીનનો માલેક પોતાની જાગીર જોવાને તે તરફ ગયો, અને સાથે જાઉલરને પણ તેની જન્મભૂમિમાં લઈ આવ્યો. ત્યાં આવી પોહોંચ્યો, ત્યારે કીપરના ગામડિયા અને કંગાલ દેખાવ અને જે ડોળ ઉપરથી તે જાઉલરનાં વખાણ કરતો હતો તેવું કાંઈપણ માલમ પડે નહિ એવા તેના-ચેહેરા ઉપર તે શેઠને ધિક્કાર આવ્યાવગર રહ્યો નહિ, પરંતુ આ અભિપ્રાય નીચે લખેલી બીનાથી ફરી ગયોઃ-તે ખૂબ ઝાડીમાં ફરતો હતો, અને તેની સાથે એ બે કુતરાં સિવાય બીજું કોઈ સોબતી હતું નહિ, એવામાં એક જંગલી દીપડું જેની આંખો દેવતાના જેવી ચળકતી, સીસોળિયાના જેવા વાળ, અને

જેની ભયંકર ગર્જનાથી એ ગૃહસ્થને ધ્રુજારો છૂટ્યો, તે એક પાસેની ઝાડીમાંથી બાહાર નીકળી આવ્યું અને એને ખાઈ જવાને તૈયાર જણાયું. તે કમનશીબ માણુસે જીવવાની આશા છોડી અને તેમ થવાનું વધારે કારણુ એ બન્યું કે જાઉલર તેની મદદે આવવાને બદલે બીકથી બૂમો પાડતો પોતાના બે પગની વચ્ચે પૂછડી રાખીને છૂપાતો નાશી ગયો. પણુ આ નિરાશની વખતે બહાદુર કીપર જે ગરીબાઇથી અને કોઇએ દીઠાવિના તેની પાછળ ગયો હતો તે તેની મદદે કૂદી પડ્યો, અને એટલી બધી ચતુરાઈ અને હિંમતથી તેણે દીપડાના ઉપર હુમલો કર્યો કે, તેને પોતાના બચાવ સારૂ પોતાનું બધું જોર વાપરવું પડ્યું. તે લડાઈ ઘણીવાર સુધી લોહીલોવાણુ ચાલી, પણુ છેવટે કીપરે પોતાના પગ આગળ તે દીપડાને મારી પાડ્યું, પરંતુ પોતાને કેટલાક સખ્ત જખમ લાગ્યા હતા અને તેનો શેઠ તે વખત આવી ચઢ્યો તેની નજરે ઘણી દયા આવે એવો દેખાવ માલમ પડ્યો. પોતાનો બચાવ થવાથી તે ગૃહસ્થને ઘણી ખુશી થઈ અને પોતાના બાહાદુર છોડવનાર ઉપર આભારપૂર્વક પ્રીતિભાવ આવ્યો: અને તે પોતાની જાતના અનુભવથી શીખ્યો કે, હમેશ બાહારના દેખાવ ઉપર ભરોંસો રાખવો નહિ. અને કેટલી એક વખત મ્હોટા સદ્‌ગુણુ ઝુંપડામાં રેહેનાર માણુસોમાં હોય છે, અને મ્હોટા માણુસમાં બીલકુલ હોતા નથી.

મિસ્ટર બારલોએ કહ્યું કે, "વાહ ઘણું સારૂં," હું જાણુંછું કે જ્યારે જુવાન ગૃહસ્થો મેહેનત લે તો તેઓ બીજાઓના જેવું સારૂં કામ કરી શકેછે, પણુ ટૉમી તેં જે વાત વાંચી તેવિષે તારો અભિપ્રાય શો છે? જે સુંદર કૂતરો પોતાના શેઠને મરાતો મૂકી જતો રહ્યો તે તારીપાસે હોત તો ઠીક કે, ગરીબ જંગલી, ચીંથરેહાલ જેવો, ભૂખે મરેલો, સંભાળ લેવાયા વગરનો કૂતરો જેણે તેના શેઠના બચાવને સારૂ પોતાની જીંદગાની જોખમમાં નાંખી તે હોત તો ઠીક?

ટૉમિયે કહ્યું, "ખરેખર સાહેબ હું કીપરને પસંદ કરૂંછું: પણુ હું તો તેને ખવરાવત, નવરાવત અને સાફ રાખત; એવો કે તે જાઉલર જેવોજ સારો દેખાત."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "પણુ પછી કદાચ તે તેના જેવું

જાડું ને નામરદું થાત તોઃ પણ અહિંયાં એ વિષે કાંઈ વધારે લખેલું છે, આપણે એ વાર્ત્તા પૂરેપૂરી વાંચિયે." ટૉમિયે વાંચવાનું જારી કરચું:—

તે ગૃહસ્થ કીપરની ઉમદી વર્ત્તણૂક જોઇને એટલો ખુશી થયો કે, તેણે તે ગરીબ માણુસને કહ્યું કે તું મને એ કૂતરો બખશીસ આપ. તેણે નાખુશીથી એ વાત કબુલ કરી; તેથી કીપરને શેહેરમાં લેઈ ગયા. ત્યાં તેને ખવરાવતા અને લાડ લડાવતા. પેલા ફજેત થયેલા જાઉલરને ઝુંપડામાં મૂકયો અને સક્ત હુકમ આપ્યો કે એ નકામા માલવગરના કૂતરાને ફાંસી દેવી.

જેવો તે ગૃહસ્થ ગયો, કે તરતજ તે ગરીબ માણુસ તેને મળેલા હુકમ પ્રમાણે કરવા જતો હતો; પણ એ કૂતરાના ઉમદા કદ, અને ખુબસુરત દેખાવનો વિચાર આવ્યાથી અને વિશેષે કરીને તે ગરીબ જાનવરની ગર્દને ફાંસો નાંખવા જતો હતો એટલે તેણે પોતાની પૂંછડી હલાવી અને પોતાના નવા શેઠના પગ ચાટયા તેથી, તેને દયા આવી, માટે તેની જીંદગાની બચાવવાનું તથા જૂદી રીતની બરદાસ્તથી જૂદી પ્રકારની ટેવ પડેછે કે નહિ તેની અજમાશ કરવાનું નક્કી કર્યું. આ દિવસથી જાઉલરની બરદાસ્ત આગળ જેમ તેના ભાઇ કીપરની થતી હતી તેમ થવા માંડી. તેને ખાવાનું થોડું મળતું, તેથી જલદીથી ચંચળ થવા લાગ્યો અને કસરત પસંદ કરતો થયો. વર્ષાદના પેહેલાજ ઝાપટામાંથી એને ટેવ હતી તે પ્રમાણે તે દોડી ગયો, અને દેવતા આગળ જઇ સંતાઇ પેઠો; પણ તેને ખેડુતની વહૂએ બારણાબાહાર હાંકી કાહાડયો, અને તેને કરડી હવા વેઠવાની જરૂર પાડી. આનો પરિણામ એવો થયો કે, દિવસે દિવસે તે વધારે જુસ્સાવાળો અને સખ્ત થતો ગયો, અને ગામડામાં ઉછર્યો હોય ને ટાઢ અને વર્ષાદને ગણુગારે નહિ, તેજ પ્રમાણે થોડા મહિનામાં ટાઢ અને વર્ષાદને ન ગણુગારતો થયો. તે બદલાઇને હોંશિયાર થયો હતો, પણ તેને હજી જંગલી જાનવરનો બીક મટી શકે નહિ એવો ડર હતો. છેવટ એક દિવસે તે ઝાડીવાળા જંગલમાં એકલો અથડાતો હતો, તે વખત એક ક્રૂર જુસ્સાવાળું અને મ્હોટું વરૂ એક ઝાડીમાંથી કૂદકારો મારી આવ્યું અને તેના ઉપર હુમલો કરી તેને ગરદનથી પકડયો. જાઉલર દોડી

જાત પણ તેનો દુશ્મન એટલો જલદ અને જુસ્સાવાળો હતો કે તેનાથી નાશી જવાયું નહિ. બારીક સમયમાં બીકણને પણ શૂર આવી જાયછે. આ પ્રમાણે જાઉલર નાશી જતાં રોકાયો, તેથી તે પોતાના દુશ્મનઉપર ધસ્યો, અને તેને ગળેથી પકડી એક ક્ષણમાં ગુંગળાવીને મારી નાખ્યો. તે વખતે તેનો શેઠ તેનીપાસે આવ્યો, અને એતું પરાક્રમ નજરે જોવામાં આવ્યું તેથી તેણે તેનાં વખાણ કર્યાં અને આગળ કદિ કરેલું નહિ એવા હેતથી તેને થાબડ્યો. આ ફતેહથી તથા પોતાનો શેઠ રાજી થવાથી જાઉલર ને ઉલટ છૂટી, તેથી તે વખતથી, તે આગળ જેવો બીકણ હતો તેવોજ બહાદુર થયો, અને થોડી મુદ્દતમાં તે શિકારી જાનવરોનો એટલો કાળ થઈ પડ્યો કે દેશમાં એના જેવો બીજો એકે કૂતરો ન હતો.

તે દરમિયાન કીપર જંગલી જાનવરોનો શિકાર કરવાને, કે ઘેટાં સાચવવાને બદલે, કાંઈ કરતો નહિ, પણ ખાતો, અને ઉંઘતો, કેમકે પેહેલાં તેણે નોકરી બજાવેલી તેની યાદગીરીથી તેને એપ્રમાણે કરવા દેતા. શરીર અને મન બંનેના સઘળા ગુણ, કસરતવગર જતા રેહેછે, તેથી પેહેલાં તે જાનવર કડણ, હિંમતવાન અને પરાક્રમી હતું તે થોડી મુદ્દતમાં ન હતું થઈ ગયું; અને અકરાંતિયાપણા તથા સુસ્તીના તમામ દુર્ગુણ તેનામાં આવ્યા. આ અરસામાં તે ગૃહસ્થ ફરીને તે ગામડામાં ગયો, અને પોતાના કૂતરાને સાથે લીધો, ને તેની એવી ખુશી હતીકે ફરીથી એક વખત તે કૂતરો તેના જૂના દુશ્મનો જે વરૂ તેનીસામે તેની બહાદુરી બતાવે તો ઠીક. પાસેના જંગલમાં, ગાંમડાના લોકોએ જલદીથી એક વરૂ ખોળી કાહાડ્યું, ને તે ગૃહસ્થ કીપરને સાથે લેઇને ત્યાં ગયો, તે એવી ઉમેદથી કે પેહેલે વર્ષે તેણે જેવું કર્યું હતું, તેવુંજ તે ફરીથી કરે, પણ પેહેલાજ હુમલાની અંદર તેનો પ્યારો કૂતરો હરેક જાતની નામરદીનાં લક્ષણ જણાવી નાશી જતો તેના જોવામાં આવ્યો ત્યારે તેને કેટલો બધો અચંબો લાગ્યો! આ વક્તે બીજો કૂતરો કૂદકારો મારી આગળ આવ્યો ને ઘણીજ બહાદુરીથી તે વરૂ પકડ્યું, અને લોહીલવાણ લડાઇ થઇ, ને તેને મારીને જમીન ઉપર નાંખ્યો. તે વેળાએ તે ગૃહસ્થના મનમાં પોતાના

વાહાલા કૂતરાના નાહિંમતપણાનો પસ્તાવો અને બીજા કૂતરાના ઉમદા જુસ્સાની પ્રસંશા થયાવિના રહી નહિ. અને જ્યારે તેને માલુમ પડ્યું કે એ તો જે જાઉલરને ગયે વર્ષે પોતે કાહાડી મૂક્યો હતો તેજ જાઉલર છે, ત્યારે તે ઘણું આશ્ચર્ય પામ્યો.

ખેડુતે કહ્યું કે, "હવે મારા સમજવામાં આવ્યું કે જેઓની જીંદગી સુસ્તીમાં જાયછે, તેઓમાં હિંમતની આશા રાખવી એ ફોકટ છે; અને જાથુ કસરત અને બરોબર કેળવણીથી ઘણી વખત ધિક્કારવા લાયક આદમી હોયછે તે પણ સારાં થાયછે."

જ્યારે તે વાર્ત્તા પૂરી થઇ ત્યારે મિસ્ટર બારલોએ કહ્યું કે "ટૉમી વાંચતાં શીખ્યો જાણીને ખરેખર હું ખરા અંતઃકરણથી ખુશી થયોછું, હવે જ્યારે એની ખુશી હશે ત્યારે તે પોતાની મેળે વાંચીને ગમ્મત કરશે. આ વખતથી તે પોતાની ભાષામાં લખેલું સઘળું પોતાની શક્તિથી વાંચી શકશે; આજ આપણે સાંભળી એવી ન્હાની ન્હાની ગમત પડે તેવી વાર્ત્તાઓ વાંચવાની, અથવા ઇતિહાસમાં આવી ગએલાં મ્હોટાં અને સારાં માણસોનાં કૃત્યો વાંચવાની મરજી હશે તો તે વાંચી શકશે, અથવા બીજા દેશોમાં જોવામાં આવેછે અને ચોપડિયોમાં જેનું વર્ણન હોયછે તેવાં જંગલી જનાવર તથા પક્ષિયોના પ્રકાર જાણવાની તેની મરજી હશે તે જાણી શકશેઃ ટુંકામાં, હું જાણુંછું કે આ વક્તથી એવી કાંઈ ચીજ નથી કે જે તે વાંચી નહિ શકે. અને કોઈ દાહાડો એ ઘણો સમજુ અને બીજાઓને ભણાવવા તથા શીખામણ આપવા લાયક થએલો જોવામાં આવશે, એમાં કાંઈ મને અંદેશો રેહેતો નથી."

આ બધાં વખાણથી ટૉમી ખુશી થયો, અને કહ્યું કે, "હા, હવે મેં નક્કી કરયું છે કે કોઈ પણ ઘણામાં ઘણો હોશિયાર માણસ હોય તેના જેવું મારે થવું; અને અગર જો હું આટલો ન્હાનો છું, તોપણ હું ઘણા મ્હોટી ઉમ્મરના કરતાં હાલમાંજ વધારે જાણુંછું એમાં મને અંદેશો નથી. હું નક્કી કહુંછું કે, અમારે ઘેર છ અજ્ઞાની આદમી છે તેમાંનો એકે મારી પેઠે વાત વાંચી શકતો નથી." આ એકાએક મગરૂરી બતાવવામાં આવી તેથી મિસ્ટર બારલોએ જરા ગંભીર મ્હોડું કરીને થોડીક બેફિ-

કરાઇથી કહ્યું કે, "મેહેરબાની કરી કોહો કે એ લોકોને કાંઈ પણ શીખવવાનું કોઇયે પ્રયત્ન કર્યું છે?"

ટૉમિયે કહ્યું કે, "હું ધારૂંછું કે કોઇયે નહિ."

મિસ્ટર બારલોએ જવાબ દીધો કે, "ત્યારે તેઓ અજ્ઞાની હોય એમાં શું મ્હોટું આશ્ચર્ય? તને મદદ કરવામાં આવી ન હોત તો તું કાંઈ પણ ભણુત નહિ; અને હાલ પણ તું ઘણું થોડું જાણે છે."

આ રીતે મિસ્ટર બારલોએ ટૉમી મર્ટનને કેલવણી આપવા માંડી, અને તેનામાં ખરાબ ટેવો હતી તેમ છતાં પણ તેનું અંતઃકરણ ઉત્તમ પ્રકારનું હતું અને હોશિયારી સારી હતી. પરંતુ, તે ઘણો મિઝાજી હતો, અને જેના અંગઉપર પોતાના જેવો સુંદર પોશાક ના હોય તેવા હરેક માણસ ઉપર હુકમ કરવાનો પોતાનો હક્ક છે એમ તે ધારતો હતો. આ અભિપ્રાયથી તે વારે ઘડિયે સંકટમાં આવી પડતો, અને એક વક્તે તો તેને એ કારણથી ઘણો દુઃખી થવાનો પ્રસંગ બન્યો. આ આફ્ત નીચે પ્રમાણે બની હતીઃ—એક દિવસે ટૉમી ચાપટિયાથી દડો ઉછાળતો હતો, તેવામાં તે દડો એક વાડ ઉપર થઇને પાસેના એક ખેતરમાં પડ્યો, અને તે બાજુ તરફ એક ચીંથરેહાલ જેવો છોકરો ચાલતો જોઇને, તેને ઘણી કઠોર રીતે તે લાવવાનો હુકમ કર્યો. તે ન્હાનો છોકરો, આ બોલવું કાંઈ ગણગાર્યાવિના દડો મૂકીને આગળ ચાલ્યો ગયો; તે ઉપરથી ટૉમિયે પેહેલાં કરતાં વધારે તાણીને હાક મારી અને પૂછ્યું કે, "મેં કહ્યું તે તેં સાંભળ્યું કે નહિ?"

છોકરાએ કહ્યું કે, "હા, હું કાંઈ બેહેરો નથી."

ટૉમિયે કહ્યું કે, "અરે! તું બેહેરો નથી? ત્યારે મને તરતજ મારો દડો લાવી આપ."

તે છોકરાએ કહ્યું કે, "હું તે નથી લાવતો."

ટૉમિયે કહ્યું કે, "લુચ્ચા, જો હું તારીપાસે આવું તો, તારીજપાસે લેવરાવ્યાવિના રહું નહિ."

તે છોકરાએ કહ્યું કે, "કદાપિ એમ નહિ બની શકે તો મારા સુંદર ન્હાના શેઠ."

ટૉમીને હવે ઘણો ગુસ્સો ચઢવા લાગ્યો, તેણે કહ્યું કે, "હું

વાડ ઓળંગીને આવું તો, તારો દમ નીકળી જાય એવું થાય ત્યાં સુધી તને મારૂં."

તે છોકરો આના જવાબમાં તાણીને હસ્યો, જેથી ટૉમી એવો ખીજવાયો કે ખેતરમાં કૂદી પડવાનો ઇરાદો રાખી પેલી વાડ ઉપર ચઢીને નીચે કૂદકારો માર્યો, પણ કમનસીબથી તેનો પગ લપશી ગયો, અને કચરા અને પાણીથી ભરેલી ખાઇમાં ગબડી પડ્યો, ત્યાં બીચારા ટૉમિયે બાહાર નીકળવાને મેહેનત કરી, કેટલી વાર સુધી ઘણાં ફાંફાં મારયાં પણ કાંઈ વળ્યું નહિ, કેમકે તેના પગ કચરામાં ચોટી જતા હતા, અને કિનારેથી લપશી જતા હતા. તેનો સુંદર કમર સુધીનો ડગલો કચરાવાળો થયો, તેનાં ધોળાં મોજાં કચરાથી ભરાઈ ગયાં, અને તેનો સુરવાળ કાદવવાળા પાણીથી લદબદ થઈ ગયો, અને વળી વધારે દુઃખ એ થયુંકે પેહેલો તેનો એક જોડો ખોવાયો અને પછી બીજો: તેને માથેથી તેની ટોપી અથડાઇને પડી ગઈ, અને તમામ ખરાબ થઈ. પેલા ન્હાના ચીંથરેહાલ છોકરાએ તેના ઉપર દયા લાવી તેને બાહાર કાહાડ્યો ન હોત તો તેને આ દુઃખમાં ઘણી વક્ત રેહેવું પડત. ટૉમી એવો ખીજવાયો અને શરમાયો કે તે એક શબ્દ પણ બોલી શકયો નહિ, પણ એવી ગંદી સ્થિતિમાં તે ઘેર દોડી ગયો, કે મિસ્ટર બારલો તેને મળ્યો, તેને દેહેશત લાગી કે એને ઘણું વાગ્યું હશે. એ અકસ્માત્ બનેલો બનાવ જ્યારે તેણે સાંભળ્યો ત્યારે, તેને હસવું આવ્યા-વિના રહ્યું નહિ. અને ન્હાના ચીંથરેહાલ છોકરાઓને મારવાની કોશીસ કરવામાં આયંદે વધારે સંભાળ રાખવાની ટૉમીને તેણે શીખામણ આપી.

પણ મિસ્ટર બારલોની ટૉમીને તેની આફતવિષે વધારે સવાલ પૂછવાની ઇચ્છા હતી, તેથી તેણે એને કહ્યું કે ન્હાઈ ધોઇને લુગડાં પેહેરી ઉંનાળામાં રેહેવાના ઘરમાં આવજે. મિસ્ટર બારલોપાસે ટૉમી આવ્યો ત્યારે તેણે ટૉમીને પૂછયું કે, "આફત આવી ગયા પછી તમારી તબિયત કેમ છે?"

ટૉમિયે કહ્યું કે, "ઘણી સારી છે, પણ મેં તે છોકરાને મારો દડો લાવવાને કહ્યું ત્યારે તેણે સભ્યતા બતાવી માન્યું નહિ તેથી હું ફક્ત જરા ખીજવાયો છું."

મિસ્ટર બારલોએ કહ્યું કે, તારો દડો લાવવાની તેને જરૂર પાડવાનો તારો શો હક્ક હતો? ટૉમિયે કહ્યું કે, સાહેબ તે ચીંથરેહાલ છોકરો હતો, ને હું ગૃહસ્થ છું.

મિસ્ટર બારલોએ કહ્યું કે, "ત્યારે તો એવા દરેક ગૃહસ્થને ચાંથરેહાલ ન્હાના છોકરાઉપર હુકમ કરવાનો હક્ક ખરો કે?"

ટૉમીએ કહ્યું કે, "હા, બેશક સાહેબ."

મિસ્ટર બારલો૦–ત્યારે જો તમારાં લુગડાં ઘસાઇને ચીંથરાં જેવાં થાય તો દરેક ગૃહસ્થને તમારા ઉપર હુકમ કરવાનો હક્ક થાય, કેમ?

ટૉમી જરા મૂર્ખ જેવો જણાયો, અને કહ્યું કે "પણ તે વાડની બાજુ તરફ હતો, તેથી એટલું કામ કરી શકત."

મિસ્ટર બારલો૦–અને સો વશા તે કરત જો તેને સભ્યતાથી કહ્યું હોત તો: પણ જ્યારે માણુસો અહંકારથી બોલે, ત્યારે તેઓને તેમનું કામ કરવાને ખુશી બતાવે એવા થોડાજ નીકળવાના. પણ તે છોકરો ગરીબ અને ચીંથરેહાલ હતો, તેથી હું ધારૂં છું કે તેં તારો દડો લાવવાને માટે તેને પૈસા આપવા માંડયા હશે?

ટૉમી૦—નારે, સાહેબ, મેં તેને કાંઇ પણ આપ્યું નોહોતું ને આપવાનું કહ્યું પણ નોહોતું.

મિસ્ટર બારલો૦—સો વશા તારીપાસે તેને આપવાને કાંઇ પણ નહિ હોય, કેમ?

ટૉમી૦—મારીપાસે કેટલાક શિલિંગ હતા.

મિસ્ટર બારલો૦—કદાચ તે છોકરો તારા જેવો તાલેવર હશે તો?

ટૉમી૦—ના, સાહેબ, હું ખાતરીથી કહું છું કે તે તાલેવર નોહોતો; કેમકે તેનીપાસે ડગલો અને મોજાં હતાં નહિ, અને તેના જોડામાં કાણાં પડેલાં હતાં.

મિસ્ટર બારલો૦–ત્યારે હવે ગૃહસ્થ થવું એટલે તે હું સમજ્યો. ગૃહસ્થનીપાસે દરેક વસ્તુ પુષ્કળ હોય છે; તે સઘળું પોતાને માટે રાખેછે; ગરીબ લોકો પૈસા આપ્યા વગરનું કામ કરે નહિ, તો તેઓને મારવા; અને જ્યારે અપમાન કર્યા છતાં તેઓએ તેનાઉપર મ્હોટી મેહેરબાની કરી હોય તો તેના મનમાં

તેનો કાંઈ ગુણ આવતો નથી, અથવા તેના બદલામાં તેઓનું કાંઈ સારૂં તે કરતો નથી. દૃષ્ટાંત તરીકે હું ધારૂં છું કે, તમે એમ કેહેશો કે એણ્ડ્રોક્લીસનો સિંહ "કાંઈ ગૃહસ્થ નોહોતો," પણ તે વાર્તા તેં સાંભળી હશે નહિ, માટે હું તને કહુંછું.

## એણ્ડ્રોક્લીસ અને સિંહ.

એણ્ડ્રોક્લીસ નામનો એક ગુલામ હતો, તેને તેના શેઠની તરફથી એવી ખોટી રીતે કનડગત થતી હતી કે તેને જીવવું ભારે થઈ પડ્યું હતું. તેને જે દુઃખ હતું તેનો કાંઈ ઇલાજ જડ્યો નહિ, ત્યારે છેવટે તેણે પોતાના મન સાથે વિચાર્યું કે: "મારે જેવા સંકટ અને દુખમાં રેહેવું પડેછે તેમાં જાથુ રેહેવું તે કરતાં મરવું વધારે સારૂં છે. તેટલા માટે મારે મારા શેઠ પાસેથી નક્કી નાશી જવાનું ધારવું. જો હું ફરીને પાછો પકડાઇશ તો હું જાણુંછું કે મને ઘાતકી મોતની સજા થશે; પણ દુઃખમાં રેહેવા કરતાં એકદમ મરવું વધારે સારૂં છે. જો પકડાયો નહિ તો જ્યાં ફક્ત જંગલી જાનવરોજ રેહેછે, તેવા જંગલ અને મેદાનમાં રેહેવું પડશે: પણ મારી તરફ મારા મનુષ્ય પ્રાણી કરતાં વધારે ઘાતકીપણે તેઓ વર્ત્તશે નહિ: તેટલા માટે જાથુ દુખી ગુલામ ને ગુલામ રેહેવા કરતાં તેમનો વિશ્વાસ રાખીને રહીશ."

આવો નિશ્ચય કરીને તેણે એક વક્તે લાગ જોઇને પોતાના શેઠનું ઘર છોડ્યું, અને એક બહુ ઝાડીવાળું જંગલ શેહેરથી કેટલાક એક મૈલ છેટે હતું, ત્યાં જઇને સંતાઈ પેઠો. પણ, અહિયાં તે અભાગિયા માણસને માલૂમ પડ્યું કે હું ફક્ત એક જાતના દુઃખમાંથી બચીને બીજી જાતના દુઃખનો અનુભવ લેવા આવ્યોછું. જ્યાં માણસનું પગલું પડેલું પણ જોવામાં ના આવે એવા મ્હોટા જંગલમાં તે આખો દિવસ અથડાયો, ત્યાં કાંટા ને ઝાંખરાં વાગવાથી તેનું માંસ નિરંતર ઉઝરડાયું હતું; તે ભૂખ્યો થયો, પણ આવા ઉજ્જડ જંગલમાં તેને ખોરાક શી રીતે મળે? છેવટ થાકથી તે મરવા જેવો થયો અને નિરાશ થઇને એક મ્હોટી ગુફા દીઠી તેમાં સૂતો.

આ કમનસીબ માણસને તે ગુફામાં સૂતાં વધારે વાર થઈ નહિ એટલામાં તેણે ભયંકર અવાજ સાંભળ્યો, તે કોઈ જંગલી જાનવરની ગર્જના હશે એમ લાગ્યું, અને તેથી તે ઘણોજ બીન્યો. તે નાશી જવાના ઈરાદાથી એકદમ ઉભો થયો, અને ગુફાના મ્હોં આગળ આવી પોહોંચ્યો, એટલામાં તેણે એક અતિશય--મ્હોટા કદનો સિંહ પોતાની તરફ આવતો જોયો, જેથી પાછા વળી જવાનો કાંઈ પણ સંભવ રહ્યો નહિ. હવે આ કમનસીબ માણસના મનમાં આવ્યું કે મારો નાશ થયા વગર રેહેશે નહિ; પણ તે પ્રાણી કાંઈ ગુસ્સો અથવા શત્રુવટ બતાવ્યા વિના તેની તરફ ધીમે પગલે આવ્યો, અને જાણે તે માણસની પાસે આશરો માગતો હોય એવી રીતે તેણે એક પ્રકારનો શોકાતુર અવાજ કર્યો, તે જોઈ તેને ઘણો અચંબો લાગ્યો.

એણ્ડ્રોકલીસ જે સ્વભાવે દૃઢ નિશ્ચયવાળો હતો, તેને આ બીનાથી, પોતાના રાક્ષસી પરોણાને તપાસી જોવાની હિમ્મત આવી, અને તેણે તેને એ કામને માટે જોઇયે તેટલી ફુરસદ આપી. તેનીપાસે સિંહ આવતો હતો ત્યારે તેનો એક પગ લંગડાતો હોય એમ તેના જોવામાં આવ્યું, અને તે પગ જાણે ઘાયલ થએલો હોય એવી રીતે ઘણો સૂજેલો હતો. તે જાનવરના નરમ દેખાવથી તેને પેહેલાં કરતાં વધારે હિમ્મત આવી, અને તેની તરફ ગયો, અને દરદીની પરીક્ષા જેમ શસ્ત્રવૈદ્ય કરે તેમ તેનો ઘાયલ થએલો પંજો હાથમાં ઝાલ્યો, ત્યારે તેના પગની એડીમાં ઘણા મ્હોટા કદનો કાંટો પેઠેલો તેને માલૂમ પડ્યો, અને તે કારણથીજ સોજો તથા લંગડાપણું જે જોવામાં આવ્યું તે થયું હતું. એણ્ડ્રોકલીસને માલૂમ પડ્યું કે એ પ્રાણિયે આવી રીતે હળી મળી જવાથી ગુસ્સે ન થતાં ઉલટી ઘણીજ નમ્રતા બતાવી અને મ્હોંના ચાળા કરી એથી વધારે કરવાને કેહેતો હોય એમ લાગ્યું. તેથી તેણે તે કાંટો બાહાર ખેંચી કાહાડયો, અને સોજાને દબાવીને જે ઘણું પરૂ થવાથી તેને એટલું બધું દુઃખ અને બેચેની થઈ હતી તે કાહાડી નાંખ્યું. આવી રીતે તે પ્રાણીને જેવો આરામ થયો તેવોજ તેણે પોતાનાથી બની શકે તેટલાં દરેક ચિન્હથી આભાર અને આનંદ બતાવવા માંડયા. રમતિયાળ શિકારી કૂતરાની પેઠે તેણે કૂદવા માંડ્યું, તેની મ્હોટી

પૂછડી હલાવા લાગ્યું, અને પોતાના વૈદ્યના હાથ અને પગ ચાટવા માંડ્યા. ફક્ત આવી રીતે માયા બતાવવાથી તે સંતોષ પામ્યો નહિ; આ વક્તથી એણ્ડ્રોકલીસ તેનો મેહેમાન થયો; તે સિંહ પોતાને ત્યાંથી શિકારના શોધમાં બાહાર જતો ત્યારે મળેલો શિકાર ઘેર લાવી પોતાના મિત્રસાથે વેહેંચી ખાધાવિના કદિ રેહેતો નહિ. આ જંગલી પરોણુાગતમાં તે માણુસ કેટલાએક મહિના સુધી ત્યાં રહ્યો; છેવટે એક વક્તે જંગલમાં અસાવધ રીતે ભટકતાં તેને પકડવાને સિપાઇયોની ટોળી મોકલેલી તે તેને મળી, અને તેમણે તેને કેદ કરી લીધો, અને તેના શેઠની પાસે પાછો લઈ ગયા. તે દેશમાં ગુલામની ઉપર ઘણો સકત કાયદો હતો: તેનું કામ ચાલ્યું, તેમાં તે તેના શેઠની પાસેથી નાશી ગયા બાબત ગુન્હેગાર ઠર્યો, અને એ ખરાબ ગુન્હા માટે તેને એવી સજા થઇ કે, એક વિકાળ સિંહને વધારે ક્રોધયુક્ત કરવાને ઘણા દિવસ ભૂખ્યો રાખ્યો હોય તેની પાસે તેના કકડે કકડા કરાવી નંખાવવા.

જ્યારે ઠરાવેલો વક્ત આવ્યો ત્યારે, તે ભાગ્યહીણ માણુસને તમામ બાજુથી બાંધી લીધેલી એવી એક મ્હોટી જગામાં ખુલ્લો હથિયાર વગર મૂકયો, અને તે જગાની આસપાસ એ શોકાતુર તમાશો જોવાંને હજારો લોકો એકઠા થયા.

તરતજ એક ભયંકર ચીસ સંભળાઇ, જેથી તમાસો જોનારા લોકો ભયભીત થયા; અને એક મ્હોટો સિંહ એક ગુફા જે જાણીજોઇને ખુલ્લી કરવામાં આવી હતી તેમાંથી–ધસીને આવ્યો; અને ઉભી થએલી યાળ, દેવતાના જેવી ચળકતી આંખો, અને જાણે ઘોર ખુલ્લી થઈ હોય નહિ તેવાં પોહોળાં થતાં જડબાંસાથે આગળ નીકળી આવ્યો. તે વખતે તરતજ સર્વે લોકો શોકાતુર થઇને ચૂપ થઇ ગયા. જેનો હવે નાશ થયાવિના રેહેશે નહિ, તે નિર્માણુ કરેલા ભોગ તરફ સર્વની નજર લાગી રહી. પણ જ્યારે એ સિંહને પોતાના અરક્ષિત શિકારનો નાશ કરવાને બદલે, નમ્રતાપૂર્વક તેને પગે પડી જેમ નીમકહલાલ કૂતરો પોતાના શેઠપાસે લાડ કરે, તેમ કરતાં, તથા જેમ કોઇ માતાને તેનું ખોવાયલું છોકરૂં ઓચિંતું પાછું મળે ને તે ખુશી થાય તેમ ખુશી થતાં દીઠો; ત્યારે તરતજ ભેગા થએલા લોકોના મ-

નમાંથી દયાભાવ જઇ આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે વક્તે એ શેહેરનો ગવર્નર હાજર હતો તેણે તાણીને ઘાંટો કાહાડી એણ્ડ્રોકલીસને હુકમ કર્યો કે તું લોકોને આ સમજી શકાય નહિ એવો ભેદ સમજાવ; અને સ્વભાવથી બીલકુલ દયાવગરનું અને ઘણું ઘાતકી જાનવર આવી રીતે એક ક્ષણમાં પોતાનો જાતિ સ્વભાવ ભૂલી જઈ નિરપરાધી અને હરકત ના કરે એવું બની ગયું તે શાથી થયું તે તું કેહે.

જ્યારે એણ્ડ્રોકલીસે ભરાયલા લોકોને જંગલમાં આવી પડેલાં પોતાનાં સંકટોની તમામ હકીકત કહી, અને છેવટ એમ કહ્યું કે, હાલ જે સિંહ તમારી રૂબરૂ ઉભોછે તે જંગલમાં મારો સોબતી, અને મેહેમાનગીરી કરનાર હતો, ત્યારે જે માણસો હાજર હતાં તે સઘળાં અચંબો પામ્યાં, અને એ વાર્તાથી ખુશી થયાં, શાથી કે તેમને માલૂમ પડયું કે અતિ ક્રૂર જાનવરો પણ તેમના ઉપર ઉપકાર કરવાથી ક્રૂરતા તજી દેછે, અને દયાભાવથી પિગળી જાયછે; તે સર્વ લોકોએ ભેગા થઈ એક મતે એ જગાના ગવર્નરને એ ભાગ્યહીણ માણસને માફી આપવાને કાલાવાલા કર્યા. તે માફી તરતજ આપવામાં આવી; અને જે સિંહે આવી રીતે એણ્ડ્રોકલીસનો બે વાર જીવ બચાવ્યો તે સિંહ પણ તેને બખશીસ આપ્યો.

બપોર પછી તેઓ ફરતા હતા. ત્યારે હરી પોતાની આંખ્યો એક બાજુ ઉપર ફેરવી, એકદમ બોલ્યો, કે, 'હું ખાત્રીથી કહુંછું કે પેલી એક બીચારી સસલી છૂપાતી છૂપાતી જાયછે, હું આશા રાખુંછું કે શિકારિયોના જોવામાં તે નહિ આવે; અને જો તેઓ મને પૂછશે તો તે કેણી તરફ ગઇ તે હું તેમને કદિ કેહેવાનો નથી.

એટલામાં કૂતરા, જેમને તેમના શિકારની સઘળી ગંધ જતી રહેલી તે અને એક ગૃહસ્થ સુંદર ઘોડાઉપર બેઠેલો, એ રીતે આવી પોહોંચ્યા, તેણે હરીને પૂછયું કે તેં સસલી જોઇ? હરિયે કાંઇ જવાબ આપ્યો નહિ; પણ તે ગૃહસ્થે મ્હોટા સ્વરે ફરીથી સવાલ કરતાં, તેણે જવાબ દીધો કે હા મેં દીઠી હતી.

ત્યારે તે ગૃહસ્થે કહ્યું કે "કિયે રસ્તે ગઇ?"

કેટલોક આંચકો ખાઇ હરિયે જવાબ દીધો કે, "સાહેબ હું

તમને કેહેવા ઈચ્છતો નથી." તે ગ્રહસ્થે પોતાના ઘોડાઉપરથી કૂદી પડીને કહયું કે; "નથી ઇચ્છતો? પણ હું તને એક પળમાં કેહેવાની જરૂર પાડીશ;" તે હરીની પાસે આવ્યો, પણ હરી જે જગોએ ઉભો હતો ત્યાંથી ખસ્યો નહિ, તેને એણે અતિ નિર્દયપણે ચાબકા મારવા માંડયા. અને વારે ઘડિયે બોલતો ગયો કે "કેમ? તરૂણ લુચ્ચા, હવે તું કેહેવાને ઇચ્છેછે કે નહિ?"

તેને હરિયે એટલોજ જવાપ દીધો કે "પ્રથમ તમને કેહેવાને હું ઇચ્છતો નોહોતો, હાલ મને મારી નાંખશો તોપણ હું તમને કહીશ નહિ."

પણ હરીની આ હિમ્મત, અને ટૉમી, પોતાના મિત્રને દુઃખ થતું જોઈ, ઘણો રડતો હતો, તેનાં આંસૂથી, આ ઘાતકી માણસઉપર કાંઈ અસર થઇ નહિ; અને તેણે પોતાનું ઘાતકીપણું ચલાવ્યાં કર્યું. છેવટે ત્યાં એક બીજો ગૃહસ્થ ઘોડો દોડાવતો આવી પોહોંચ્યો, તેણે કહ્યું કે શેઠ, "પરમેશ્વરની ખાતર કોહો કે તમે આ શું કરોછો? જો તમે સંભાળ નહિ રાખો તો તે છોકરો તમારા હાથથી મરી જશે."

બીજાએ કહ્યું કે "એ કુત્તો એ સજાને લાયક છે; તેણે સસલી જોઇછે, ને તે કિયે રસ્તે ગઇછે તે મને કહેતો નથી."

બીજાએ ધીમે સાદે જવાબ દીધો કે "સંભાળજો, તમે કાંઈ ફાંદામાં આવી ન પડો; હું જાણુંછું કે પેલો બીજો છોકરો આ પાડોશમાં ઘણા પૈસાવાળા ગૃહસ્થનો છોકરો છે." પછી હરી તરફ વળીને તેણે કહ્યું કે, "કેમ, મારા પ્યારા, તેં એ સસલી જોઈ હોય તો તે કિયે રસ્તે ગઇછે, તે તું તે ગૃહસ્થને શા વાસ્તે કેહેતો નથી?

બોલી શકાય એટલો શ્વાસ બેઠો એટલે હરિયે જવાબ દીધો કે "તે કમનસીબવાનને ફસાવવાને હું ચાહાતો નથી, માટે."

તે ગૃહસ્થે કહ્યું કે, "આ છોકરો ચમત્કારિક છે; અને હે ગૃહસ્થ, એટલું સારૂં છે કે છોકરાના જુસ્સા પ્રમાણે એની ઉમ્મર નથી, પણ તમે તો હમેશાં ક્રોધી છો."

તેજ પળે શિકારી કૂતરાને શિકારની સુગંધ આવી; અને તે ગૃહસ્થ ખૂબ તાણીને બૂમ પાડી, પોતાના ઘોડાઉપર ચડ્યો;

અને પોતાના તમામ સાથિયો સાથે ઘોડો ચારે પગે દોડાવતો ચાલ્યો ગયો.

તેમના ગયા પછી ટૉમી હરીનીપાસે આવ્યો અને ઘણુજ વાહાલથી પૂછ્યું કે "તારી શી ખબર છે?" હરિયે કહ્યું કે "થોડું વાગ્યુંછે પણ એની કાંઈ ચિંતા નહિ."

**ટૉમી**—મારીપાસે બંદુક કે તરવાર હત તો ઠીક થાત.

**હરી**—કેમ તેથી શું કરત?

**ટૉમી**—એ નકામો માણસ જેણે તારાઉપર આવું નિર્દયપણું કર્યું તેને હું મારી નાંખત.

**હરી**—ટૉમી, તે તો ખોટું કેહેવાત; કેમકે મને ખાતરી છે કે મને મારી નાંખવાનો તેનો ઇરાદો નોહોતો: ખરેખર જો હું પાકી ઉમ્મરનો હોત તો, તેણે જેવું મને કર્યું તેવું તે કરત નહિ. પણ હવે તેમાંનું કાંઇ નથી, અને જેમ મિસ્તર બારલો આપણને કેહેછે કે, ક્રાઇસ્ટે પોતાના શત્રુઉપર રેહેમ કરી, તેમ આપણે આપણા શત્રુને કરવું જોઇયે; તો કદાપિ તેઓ આપણને ચાહાશે, અને પોતે જે કર્યું તેનેવાસ્તે દિલગીર થશે.

**ટૉમી**—પણ તેં ચીસો પાડયાવગર શી રીતે સકત ચાબકા સહન કર્યા?

**હરી**—ચીસો પાડ્યાથી મને ફાયદો થાત નહિ, કેમ થાત? અને ઘણાએ ન્હાના છોકરાએ જરાએ પાછા હઠયાવગર અથવા ચીસો પાડયાવિના સહન કરેલું છે, તેને મુકાબલે આ તો કાંઇ નથી.

**ટૉમી**—મને તો એ ઘણું ભારે લાગે.

**હરી**—અરે જુવાન સ્પાર્ટન લોકો જે દુઃખ સહન કરતા તેને મુકાબલે એ કાંઇ નથી.

**ટૉમી**—તેઓ કોણ હતા?

**હરી**—તમારે જાણવું જોઇયે કે ઘણી મુદ્દતઉપર એ લોકો થઈ ગયાછે. તે ઘણા બહાદુર હતાઃ અને તેઓ માત્ર થોડા હતા અને તેઓની આસપાસ ઘણા શત્રુ હતા, તેથી તેમના ન્હાના છોકરાઓને તેઓ ઘણા બહાદુર અને કઠણ કરવાને પ્રયત્ન કરતાઃ અને આ ન્હાના છોકરાઓ ખુલ્લી હવામાં હમેશાં ઉઘાડે ડિલે દોડતા, ફરતા અને કુસ્તી કરતા, કૂદતા અને તેમની મેળે કસરત કરતા; અને તેઓને ઘણું લુખું પાકું ખાવાને

મળતું. સૂવાનેમાટે કઠણ પથારિયો હતી. અને તેમનાં કદિ લાડ કરવામાં આવતાં નહિ, તેમજ તેમને બેહેકાવી દેવામાં આવતા નહિ; તેથી કરીને તે એવા કઠણ, મજબૂત, અને બહાદુર થતા, કે એમના જેવા બીજા કોઇ જોવામાં આવતા નહિ.

ટૉમી—શું? તેઓને બેસવાને ગાડિયો નોહોતી, કે તેમને મીઠાઈ કે દ્રાક્ષદારૂ મળતો નહિ, કે તેમનીપાસે કોઇ ચાકર પણ નોહોતા?

હરી—નારે ભાઇ ના! તેમના બાપ એમ ધારતા કે તેથી તેઓ બગડી જશે; માટે તેઓ એક સરખી રીતે રેહેતા, અને મ્હોટા ઓરડામાં એકઠા મળીને ખાતા, અને ત્યાં તેઓને ઠાઉકા અને સ્વચ્છ રેહેવાનું શીખવવામાં આવતું હતું; અને ખાણું ખાઈ રહ્યા પછી તેઓ સઘળા ભેળા રમવા જતા; અને જો તેઓ કાંઈ વાંક કરતા, તો તેમને સકત ચાબકાનો માર મારવામાં આવતો; પણ તે તેઓ મનમાં લાવતા નાહ, અને બૂમ પાડવી કે કટાણું મ્હોં કરવું તે ધિક્કારતા.

આવી રીતે તેઓ વાત કરતા હતા, તેવામાં તેઓએ મ્હોટો પોકાર સાંભળ્યો, અને મ્હોં ફેરવીને જોયું, તો એક ચારે પગે જુસ્સાથી દોડતો જતો ઘોડો જોયો; અને તે ઘોડાઉપર બેઠેલો માણસ પડી ગયેલો પણ પેંગડામાં પગ ભરાઈ રેહેવાથી તેની સાથે ખેંચાતો જતો દીઠો. તે માણસના સારા નસીબથી તે ઠેકાણે ભીની જમીન હતી, અને ટેકરીની બાજુ હતી, જેથી તે ઘોડો ઘણો જલદીથી દોડી શક્યો નહિ, અને સ્વારને ઘણું વાગ્યું નહિ. પણ હરી, જે પોતાની જીંદગીના જોખમે પણ મનુષ્ય પ્રાણીઉપર દયા કરવાનું કાંઇ પણ કામ કરવાને તત્પર રેહેતો, અને વળી જે ઘણો ચપળ અને અસાધારણ હિમ્મતવાન છોકરો હતો, તે એ ઘોડાને એક ખાડાની નજીક આવતો જોઈ તે તરફ દોડીને ગયો, અને તે ખાડો કૂદીને ઓળંગતા પેહેલાં તે ઘોડો જરા અટક્યો તેટલામાં તેણે લગામથી તેને પકડી લીધો, અને ફતેહમંદીથી તેને આગળ જતાં અટકાવ્યો. એક પળમાં એક બીજો ગૃહસ્થ બે ત્રણ ચાકરોસહિત આવી પોહોંચ્યો. તેઓ તેમના ઘોડાઉપરથી ઉતરી પડ્યા, અને તે પડેલા માણસને છૂટો કરી ઉભો કર્યો. કેટલી એક વખતસુધી તેણે ફાટી

આંખે પોતાની આસપાસ તાકીને જોયાં કર્યું; તેને વધારે વાગ્યું નોહોતું, તેથી તે જલદીથી શુદ્ધીમાં આવ્યો, અને તેનો પેહેલો ઉપયોગ તેણે એ કર્યો કે પોતાના ઘોડાને ગાળો દીધી; અને પૂછ્યું કે એ ભડકેલા ટાયડાને કોણે અટકાવ્યો?

તેના ભાઈબંધે કહ્યું: કોણે? કેમ, થોડી વખતઉપર તમે જે ન્હાના છોકરાસાથે નિંદા થાય એવી રીતે વર્ત્યા તેણે? જો એની હિમ્મત ના હોત તો તમારી ખોપરીમાં કોઈ દહાડો પડેલા નહિ એવા આંકા પડત.

તે ગૃહસ્થે હરી તરફ એવું મ્હોં કરીને જોયું, કે તેમાં શરમિંદગી અને અપમાન હજુ તેના સ્વાભાવિક અહંકાર સાથે ઝગડો કરતાં હોય એમ લાગ્યું: પણ છેવટે તેણે પોતાના ઘુંજામાં હાથ ઘાલીને એક ગીની બાહાર કાહાડી હરીને આપવા માંડી, ને એવું કહ્યું કે જે બનાવ બની ગયો તેને માટે હું દિલગીર છું. પણ હરિયે, આગળ કોઇ દિવસ તિરસ્કાર ભરેલો ચેહેરો કરેલો નહિ, તેવો ચેહેરો કરીને એ બખશીસ લેવાની ના પાડી, અને છાનો માનો પોતાના સોબતી સાથે ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારે ટૉમી, જેવું અજવાળું થયું, તેવોજ જાગ્યો, અને વાડીના એક ખૂણામાં કામ કરવાને ગયો, જ્યાં તેણે નાસ્તાની વખત સુધી મંડયા ને મંડયા રહી ઘણું ખોદ્યું; જ્યારે તે ઘરમાં આવ્યો, ત્યારે તેનાથી મિસ્ટર બારલોને એવું પૂછ્યાવિના રેહેવાયું નહિ કે "અનાજ ઉત્પન્ન કરવાને આટલી સક્ત મેહેનત મેં કરી તો હું ઘણો સારો છોકરો ખરો કે નહિ?"

મિસ્ટર બારલોએ કહ્યું કે "તે તો તું એ ધાન્ય તૈયાર કરે પછી તેનો જેવો ઉપયોગ કરવાનો તારો હેતુ હોય તે પ્રમાણે કહી શકાય. કેમ તું એ અનાજનું શું કરવું ધારેછે?"

ટૉમિયે કહ્યું, "સાહેબ, મારો ઇરાદો તે ઘંટિયે મોકલાવી તેનો લોટ કરાવવાનો છે, અને પછી તેની રોટલી કેમ બનાવવી તે તમારીપાસેથી શીખી લેઈશ; અને પછી એ રોટલી હું ખાઇશ, એટલે હું મારા બાપને કહી શકીશ કે મારા પોતાના વાવેલા અનાજની બનાવેલી રોટલી મેં ખાધી છે."

મિસ્ટર બારલોએ કહ્યું કે "ત્યારે તો ઘણું સારૂં કર્યું કેહેવાય; પણ તેં તારે પોતાને ખાવાનેમાટે અનાજ વાવ્યું તેમાં તે

શી ભારે વડાઇ કરી? તે તો બધા લોકો હમેશ કરેછે, તે કરતાં કાંઈ વધારે નથીઃ અને જો તેઓ તે કરે નહિ તો તેઓને ભૂખે મરવું પડે."

ટૉમિયે કહ્યું "પણ તેઓ મારાજેવા ગૃહસ્થ નથી."

મિસ્ટર બારલોએ જવાબ દીધો કે "શું ત્યારે ગૃહસ્થને બીજાઓની પેઠે ખાવા નથી જોઈતું? અને તેટલામાટે બીજા લોકોની પેઠે ખોરાક શી રીતે મેળવવો તે જાણી લેવું એ તેમનો સ્વાર્થ નથી?"

મિસ્ટર બારલોએ પાછું કહ્યું કે "પણ આ બાબતવિષે આપણે વાત કરિયે છિયે, માટે જો તમારી સાંભળવાની મરજી હોય, તો થોડી વાર ઉપર મેં એક વાત વાંચી છે તે હું તમને કહું," ટૉમિયે કહ્યું કે "તે સાંભળવાનેમાટે હું ઘણો ખુશી છું," તેથી મિસ્ટર બારલોએ તે વાર્ત્તા નીચે પ્રમાણે કહી.

## બે ભાઈની વાર્ત્તા.

દક્ષિણ અમેરિકામાં સોનું અને રૂપું જડશે એવી આશાથી જ્યારે ઘણા લોકો ઉપરાઉપરી જતા હતા, તે વખતે એક સ્પેન દેશનો માણસ જેનું નામ પીઝારો હતું, તેને બીજાઓની પેઠે પોતાનું નસીબ અજમાવવાની વૃત્તિ થઇ. પણ તેનો એક મ્હોટો ભાઇ હતો, તેનાઉપર તેને ઘણું હેત હતું તેથી તેનીપાસે ગયો, ને પોતાની ઇચ્છા જણાવી, અને તેને કહ્યું, કે "તમે મારી સાથે ચાલો, જે દોલત જડશે તે આપણે સરખે હિસ્સે વેહેંચી લઇશું." તે ભાઇનું નામ આલોનઝો હતું, તે સારી સમજણવાળો, અને સંતોષી સ્વભાવવાળો માણસ હતો; તેથી તેને એ મનસુબો ઘણો પસંદ પડ્યો નહિ, અને એવા સાહસિક કામના અનિશ્ચિતપણાની અને જોખમની સમજણ પાડી તેમ નહિ કરવું એમ પીઝારોમે સમજાવવાનું તેણે પ્રયત્ન કર્યું. જ્યારે કાંઈ ઈલાજ ચાલ્યો નહિ, ત્યારે તેણે એની સાથે જવાનું કબુલ કર્યું. પણ તેજ વક્તે તેને કહી દીધું કે તમને જે માલ જડશે તેનો ભાગ હું લઈશ નહિ, ને મારે બીજું કાંઈ પણ જોઇતું નથી, ફકત મારો સામાન અને થોડાક નોકરો વાહાણમાં રાખવા દેજો. પછી પીઝારોએ

તેનીપાસે હતું તે સઘળું વેચીને એક વાહાણ વેચાતું લીધું, અને બીજા સફરિયો, જેઓને જલદી તાલેવર થવાની મ્હોટી આશા હતી, તેમને સાથે લેઇને વાહાણઉપર ચઢયો. આલોનઝોએ પોતાની સાથે કાંઈ લીધું નહિ. ફકત થોડાં હળ, કરબડિયો, અને બીજાં હથિયાર, અને કેટલુંએક અનાજ અને ઘણો ભાગ બટાટાનો, તથા જૂદી જૂદી જાતનાં શાક ભાજીનાં બીજ લીધાં. પીઝારોના મનમાં દરિયાની મુસાફરીને માટે આવી તૈયારી વિલક્ષણ લાગી, પણ, તેણે તેના ભાઇની સાથે એ વિષે તકરાર કરવાને દુરસ્ત ધાર્યું નહિ.

કેટલોક વખત સારા પવનમાં વાહાણ હંકાર્યા પછી તેઓ દક્ષિણ અમેરિકામાં પોહોંચતા પેહેલાં, જે બંદરે છેવટ વાહાણ અટકાવવાનું ધાર્યું હતું ત્યાં રાખ્યું, ને અહિં પીઝારોએ વધારે કોદાળિયો, પાવડા અને જે સોનું મેળવવાની આશા હતી તે સોનું ખોદી કાહાડવાને અને ગાળવા તથા શુદ્ધ કરવાને માટે જૂદી જૂદી જાતનાં હથિયાર વેચાતાં લીધાં. આ સિવાય તે કામની મદદ માટે વધારે મજૂરો રાખ્યા. આલોનઝોએ તેથી ઉલટું, ફકત થોડાંક ઘેટાં અને ચાર મજબૂત બળદ તેમના સામાનસાથે ખરીદ કર્યા; અને વાહાણ ઉપર રેહે ત્યાંસુધી પૂરો પડે એટલો ખોરાક આણ્યો. તેઓની દરિયાની મુસાફરી સુખરૂપ થઈ; અને સઘળા કિનારાઉપર સાજા તાજા ઉતર્યા પછી આલોનઝોએ પોતાના ભાઇને કહ્યું, કે "હું ફકત તારીસાથે રેહેવાને અને તને ઉપયોગી થવાને આવ્યો છું, તેથી તમે સોનું શોધવા જશો ત્યારે હું મારા ચાકરો અને ઢોરસાથે દરિયાના કિનારા નજીક રહીશ, અને તમારી ઇચ્છાપ્રમાણે સોનું એકઠું થાય ત્યારે તમારી સાથે સ્પેન જવાને વાહાણઉપર ચઢવા તૈયાર થઇશ". પીઝારો તે પ્રમાણે જવાને નીકળ્યો; પણ તેના મનમાં તેના ભાઈઉપર એટલો બધો ધિક્કાર આવ્યો, કે તે પોતાના સોબતિયોને કહી સંભળાવ્યાવિના તેનાથી રેહેવાયું નહિ. તેણે કહ્યું કે, "હું હમેશ એમ ધારતો હતો કે મારો ભાઇ બુદ્ધિવાળો માણસ છે; પણ મને માલૂમ પડેછે કે લોકો તેનાવિષે ઘણી ભૂલ ખાતા હતા. અહિં આવીને જુઓ તે જાણે પોતાના દેશમાં પોતાના ખેતરમાં રેહેતો હોય, અને ચીભડાં તથા તડબુચ ઉત્પન્ન કરવાસિવાય બીજું કાંઇ કામ

ન હોય, એવી રીતે પોતાનાં ઘેટાં તથા બળદનીસાથે ગમ્મત કરવા રેહેછે. પણ આપણે આપણો વખત શી રીતે વાપરવો તે વધારે સમજીયે છિયે, માટે ભાઇ ચાલો. આપણું ભાગ્ય જો સારૂં હશે તો આપણે જલદીથી એટલા તાલેવર થઇશું કે પછીથી જીવતા સુધી કમાવાની જરૂર નહિ પડે."

ત્યાં હાજર હતા તે સઘળાએ પીઝારોના ભાષણનાં વખાણ કર્યાં; અને તે જ્યાં જાય ત્યાં "સાથે જવાને તૈયાર છિયે" એમ કહ્યું. પરંતુ એક ઘરડા સ્પેન દેશના માણસે માથું હલાવ્યું: અને કહ્યું, કે "તમે ધારોછો તેટલો તમારો ભાઇ ડાહાપણ વિનાનો નીવડશે એવિષે મને શક છે." પછી તેઓએ તે દેશમાં મુસાફરી કરવા માંડી. કેટલીક વેળા નદિયો ઓળંગવાની, તથા રસ્તા માલૂમ ન પડે એવાં જંગલો અને પાહાડોમાં જવાની જરૂર પડતી: કેટલીએક વાર તેઓ સૂર્યની અતિશય ગરમીથી બળી જતા અને પછી વર્ષાદનાં જોરાવર ઝાપટાંથી આખે શરીરે પલળી જતા.

આવી આવી મુશ્કેલિયો પડી તોપણ ઘણી જગોમાં સોનું કાહાડવાનું અજમાવી જોવાને તેઓ હિમ્મત હારી ગયા નહિ; છેવટે સારા નસીબે તેમને કેટલુંક જથાબંધ સોનું જડયું, આ ફતેહથી તેઓને ઘણું ઉત્તેજન મળ્યું, અને તે જગાઉપર તેમણે કામ કરવું જારી રાખ્યું; છેવટે તેમનો તમામ ખોરાક આવી રહ્યો; દરરોજ તેઓએ મ્હોટે જથ્થે સોનાનો કચરો એકઠો કર્યો, પણ ભૂખથી તેઓ ઘણા દુઃખી થવા લાગ્યા. તોપણ તેમની મેહેનતમાં તેઓ મંડયાને મંડયા રહ્યા; અને જે ફળ તથા કંદમૂળ મળી આવ્યાં તેનાથી પોતાનું ગુજરાન નિભાવ્યું. છેવટે તેમનું આ સાધન પણ બંધ પડયું: અને તેમની ટોળીના કેટલાએક લોકો તંગી અને દુઃખથી મરી ગયા; પછી બાકીના જ્યાંથી આલોનઝોને છોડીને તેઓ આવ્યા હતા ત્યાં ફકત ભાંખડિયે ચાલી પાછા જઇ શકયા; અને જે સોનાનેમાટે તેમને આટલું બધું દુઃખ સહન કરવું પડયું; તે તેમની સાથે લેતા આવ્યા.

પણ જે વખતમાં તેઓ આવી રીતે કામે વળગ્યા હતા તે દરમિયાન આલોનઝો, જેણે ત્યાં શું બનશે તેની અગાઉથી ધારણા બાંધી હતી, તે ઘણા જૂદા કારણસર મેહેનત કરતો હતો;

તે ખેતીના કામમાં ચતુર હતો, તેથી તે વિશાળ અને સારી ફળદ્રૂપ જમીન શોધી કાહાડી શક્યો અને તે પોતાના ચાકરોની મદદથી તેણે હળ નાંખી ખેડી; પછી તેણે પોતાનાં બીજ વાવ્યાં અને બટાટા રોપ્યા, જે તેણે ધાર્યા હતા તે કરતાં સારા થયા; અને તેનો પુષ્કળ પાક થયો. તેનાં ઘેટાં તેણે દરિયાપાસેના સુંદર ચરામાં ચરવા મૂક્યાં, અને તે દરેક ઘેટાને બબે બચ્ચાં થયાં, આ સિવાય તે અને તેના ચાકરો માછલાં પકડવાનું કામ કરતા હતા; અને સઘળી પકડેલી માછલિયોને સૂકાવીને મીઠામાં આથી કાહાડતા હતા; તેથી પીઝારો પાછો આવ્યો એટલામાં ઘણો જથાબંધ ખોરાક તેમણે સંઘરી રાખ્યો હતો; તેને તેના ભાઇએ ઘણાજ અંતઃકરણના ભાવથી આવકાર આપ્યો, અને પૂછ્યું, કે "તમને કેટલી ફત્તેહ મળી." પીઝારોએ કહ્યું, કે "અમને સોનું તો ઘણુંજ મળ્યું, પણ મારા સોબતિયોમાંના કેટલાક મરી ગયા, અને બાકી રહ્યા તે ભૂખથી મુવા જેવા થઈ રહ્યા છે." પછી તેણે તેના ભાઇને અરજ કરી, કે "મને હમણાં તરતજ કાંઈક ખાવાનું આપ, કેમકે હું ખાત્રીથી કહુંછું કે ગયા બેદિવસથી ઝાડની છાલ અને કંદમૂળ સિવાય કાંઇ પણ ખોરાક મેં ચાખ્યો નથી." આલોનઝોએ બહુ શાન્તપણેથી જવાબ દીધો, કે "તમારે યાદ રાખવું જોઇયે, કે જ્યારે આપણે ઘેરથી નીકળ્યા ત્યારે આપણો એવો ઠરાવ હતો, કે એક બીજાના વચમાં આવવું નહિ; તમે જે સોનું મેળવો તેનો કાંઇ પણ ભાગ લેવાને મેં કદિ આશા રાખી નથી; માટે મેં આટલી બધી મેહેનતથી જે ખોરાક મેળવ્યો છે, તે ખોરાક મળવાની તમે આશા રાખોછો, એ મને આશ્ચર્યજેવું લાગેછે." પણ વળી તેણે એટલું કહ્યું, કે "જો તમારૂં કેટલુંક સોનું આપી મારો ખોરાક લેવાની તમારી મરજી હોય, તો કદાપિ હું તમને સુખ થાય એમ કરી શકીશ."

પીઝારોને પોતાના ભાઈની આ વર્ત્તણૂક ઘણી અપ્રીતિ ભરેલી લાગી; પણ તે અને તેના સોબતિયો ઘણા ભૂખે મરેલા હતા, તેથી તેઓને તેની માગણી કબુલ કરવાની જરૂર પડી, તે એટલી હદ ઉપરાંત હતી કે તેઓએ તેમનીસાથે જે સોનું આણ્યું હતું તે સઘળું તરતજ તેઓને આપી દેવું પડ્યું. પછી જે વાહાણમાં બેશીને તેઓ ત્યાં આવ્યા હતા તેમાં પાછા સ્પેન જવું એવી આલો-

નઝોએ પોતાના ભાઇને દરખાસ્ત કરી; કેમકે તે વક્તે ઋતુ અને હવા અનુકૂળ જણાતી હતી. પણ પીઝારોએ ગુસ્સાવાળું મ્હોં કરી તેને કહ્યું, કે "મેં જેટલું પેદા કરેલું તે તમામ તમે લઈ લીધું, અને આવી અપ્રીતિથી તમે મારીસાથે ચાલ્યા, માટે તમે એકલા જાઓ; કેમકે હું મારેવાસ્તે તો કહુંછું કે આવા નિર્દય ભાઇ સાથે વાહાણમાં જવા કરતાં આ કિનારા ઉપર રણમાં મરવું સારૂં છે." આલોનઝો આવાં મેહેણાંથી ગુસ્સે થવાને બદલે પોતાના ભાઇને ઘણાજ પ્યારથી બાઝી પડયો, અને કહ્યું, કે "મારા વાહાલામાં વાહાલા પીઝારો! ત્યારે તું એમ માનેછે કે આટલી બધી મેહેનત અને સંકટથી તેં જે પેદા કરેલું છે, તે તારીપાસેથી લઈ લેવાનો મારો ખરેખરો ઇરાદો હતો? મારા ભાઈ તરફ આવી વર્ત્તણૂક ચલાવવાનું મારા મનમાં આવે, તે કરતાં આખા બ્રહ્માંડનું સોનું નાશ પામે તો શું થયું? પણ એકદમ દોલત મેળવવાની તારા મનમાં સાહસિક ઈચ્છા થઈ, તેથી તારૂં અપચિન્હ સુધારવાની ને તે સાથે તારા તરફની ફરજ બજાવવાની મારી મરજી થઈ. તેં મારૂં ડાહાપણ ધિક્કાર્યું, અને એમ માન્યું કે જેને પૈસો મળ્યો તેને કશી વાતની તંગી પડવાની નથી; પણ હવે તું સમજ્યો, કે અગમ બુદ્ધિ અને ઉદ્યોગવિના તારી સાથે તેં જે સોનું આણ્યું છે, તે બધા સોનાવડે કાંઇ તારૂં મૃત્યુ થતું અટકત નહિ; હવે તું વધારે ડાહ્યો થયો માટે તું તારો પૈસો પાછો લે; મને આશા છે કે તું તેનો બરોબર ઉપયોગ કરવાને સમજ્યો છું." પીઝારો પોતાના ભાઈની ઉદારતાથી આશ્ચર્ય પામ્યો, અને તેના મનમાં આભારીપણાની વૃત્તિ પેદા થઈ; અને તેણે કબુલ કર્યું, કે સોના કરતાં ઉદ્યોગ વધેછે. પછી તેઓ સ્પેન જવાને માટે વાહાણઉપર ચઢયા, અને ત્યાં તેઓ બધા સહી સલામત આવી પોહોંચ્યા. દરિયાની મુસાફરીમાં પીઝારો પોતાના ભાઈને વારે વારે અરજ કરતો, કે "તું મારી અર્ધી દોલત લે," પણ આલોનઝોએ તે લેવાની નાજ કહી, અને કહ્યું, કે "જે માણસ પોતાનું ગુજરાન નભે તેટલો ખોરાક ઉત્પન્ન કરી શકેછે, તેને સોનાની કાંઈ જરૂર નથી".

મિસ્ટર બારલોએ વાર્ત્તા પૂરી કરી, ત્યારે ટૉમિયે કહ્યું કે "ખરેખર હું ધારૂંછું કે આલોનઝો ઘણો સમજુ માણસ હશે; અને તે ના હોત, તો તેનો ભાઈ અને તેના બધા સોબતિયો નક્કી

મરી જાત: પણ આ તો તેઓ ઉજ્જડ દેશમાં હતા તેથી એમ બન્યું. આવો બનાવ કદિ ઈંગ્લાણ્ડમાં બને નહિ. કેમકે ત્યાં તેઓ-ને પોતાના પૈસાવડે હમેશ જોઇયે તેટલી રોટલી મળી શકે.” મિસ્ટર બારલોએ કહ્યું કે “પણ ઈંગ્લાણ્ડમાં, અથવા જે દેશમાં ખોરાક વેચાતો મળી શકે તેમાંજ પોતાને હમેશ રેહેવાનું થશે, એવું કોઈ માણુસ ખાત્રીથી કહી શકેછે?”

**ટૉમી**—હું એમ માનુંછું સાહેબ.

**મિસ્ટર બારલો**—અને જ્યાં વસ્તી નથી અને અનાજ ઉ-ગતું નથી એવા દેશ દુનિયામાં કાંઇ નથી?

**ટૉમી**—બેશક, છે, સાહેબ; આ દેશ જ્યાં એ બે ભાઇયો ગયા હતા તે એવો હતો.

આ વેળાએ ન્હાનો હરી પોતાના બાપને ઘેરથી આવ્યો, અને એક મુરગીના બચ્ચાને સમળીના પંજામાંથી તેણે બચાવ્યું હતું તેને સાથે લેતો આવ્યો. તે ન્હાનું જાનવર હવે બરોબર સાજું થયું હતું, અને પોતાના રક્ષણ કરનાર ઉપર એટલો બધો પ્યાર બતાવતું હતું, કે તે કૂતરાની પેઠે તેની પાછળ દોડતું, તેના ખ-ભાઉપર કૂદતું, તેની છાતી સરસું પડી રેહેતું, અને તેના હાથ-માંથી ખોરાકનો ભૂકો ખાતું. તે નમ્ર અને જેમ શીખવે તેમ શીખે એવું હતું તેથી ટૉમી ઘણોજ ખુશી થયો, અને તેણે પૂછ્યું, કે “આ આવું નમ્ર શાથી થયેલું છે?” હરિયે કહ્યું, કે “મેં કાંઈ તેની પા-છળ ખસુસ મેહેનત લીધી નથી; પણ એ બિચારા ન્હાના પ્રા-ણીને ઘણુંજ વાગ્યું હતું તેથી તેને સાજું થતા સુધી દરરોજ ખવરાવ્યું; અને તેથી તેનો મારાઉપર ઘણોજ પ્યાર લાગેલો છે.” ટૉમિયે કહ્યું કે “ખરેખર એ તો ઘણું આશ્ચર્યકારક; કેમકે હું તો ધારતો હતો કે પક્ષિયો માણુસ નજીક આવે કે ઉડી જાયછે; અને જે પક્ષી ઘરઆગળ રાખવામાં આવેછે તે પણ તમે તેમને અડકવા જાઓ તો અડકવા દેશે નહિ.”

**મિસ્ટર બારલો**—તેનું કારણ તું શું ધારેછે?

**ટૉમી**—કારણ કે તેઓ જંગલી છે.

**મિસ્ટર બારલો**—પક્ષી જંગલી છે એવું ક્યારે કેહેવાય?

**ટૉમી**—ખરેખર, સાહેબ તેઓ સ્વાભાવિક રીતે એવાં છે. એસિવાય બીજું કાંઇ કારણ હું કહી શકતો નથી.

**મિસ્ટર બારલો**—પણ જો સ્વાભાવિક રીતે તેઓ એવાં હોત તો આ પક્ષી હરીને ચાહાત નહિ.

**ટૉમી**—તેનું કારણ એ છે, કે તેણે એનાઉપર એટલો ઉપકાર કર્યોછે.

**મિસ્ટર બારલો**—હા એમજ કાંઇક; ત્યારે જે જાનવર ઉપર માણુસની સારી નજર હોય તેનાથી તે નાશી જાય તે સ્વાભાવિક નથી?

**ટૉમી**—ના, સાહેબ, હું ધારૂંછું કે સ્વાભાવિક નથી.

**મિસ્ટર બારલો**—પણ જ્યારે કોઈ માણુસ તેને દુઃખ દેવાને પ્રયત્ન કરે, ત્યારે તે તેનીપાસેથી નાશી જાય એ સ્વાભાવિક છે;—કેમ ખરૂં કે નહિ?

**ટૉમી**—હા.

**મિસ્ટર બારલો**—અને તું કેહેછે કે જાનવર જંગલી છે. કેમ ખરૂં કે નહિ?

**ટૉમી**—હા, સાહેબ.

**મિસ્ટર બારલો**—કેમ ત્યારે એમ સંભવે છે, કે જાનવરો વાગવાથી બીહેછે, અને તેઓ ફક્ત ભયના ડરથી નાશી જાયછે, તેથી માત્ર તેઓ જંગલી છે. હું ધારૂંછું કે વાઘ કે સિંહથી તું પણ એમજ કરે.

**ટૉમી**—ખરેખર સાહેબ મારે પણ એમજ કરવું પડે.

**મિસ્ટર બારલો**—તોપણ તું પોતાને 'હું જંગલી જાનવર છું' એમ કેહેતો નથી.

ટૉમી આથી ખડખડીને હસ્યો; અને કહ્યું કે, "ના." મિસ્ટર બારલોએ કહ્યું કે "તેટલામાટે જો તારે જાનવર પાળવાં હોય તો તારે તેમની માયાળુપણે બરદાસ્ત કરવી, અને પછી તેઓ તારાથી કાંઇ બીશે નહિ. પણ તારીપાસે આવીને તને ચાહાશે." હરિયે કહ્યું કે "ખરેખર એ વાત ખરી છે. કેમકે હું જાણુંછું કે એક ન્હાના છોકરાને પોતાના બાપની વાડીમાં એક સાપ રેહેતો હતો તેનાઉપર પ્રીતિ થઇ હતી, તે પોતાનેવાસ્તે નાસ્તામાં દૂધ આવે ત્યારે નાળિયેરી નીચે બેસતો અને શીસુડી વગાડતો, એટલે તે સાપ તેનીપાસે આવીને તેના પ્યાલામાંથી પીતો."

**ટૉમી**—અને તે તેને કરડતો નહિ?

**હરી**—ના,—કેટલીક વખત જો તે જલદી પી જતો તો તેને

ચમચાવતે ટકોરો મારતો, પણ તે કદિ તેને કરડતો નહિ."

ટૉમી આવી વાતચિતથી ઘણો ખુશી થયો, અને તે વાતની અજમાશ કરવાની તેની મરજી થઈ, તેથી જાનવરો પાળવામાં પોતાની ચતુરાઇ વાપરી જોવાનો તેણે નિશ્ચય કર્યો. પછી તેણે પોતાના હાથમાં એક રોટલાનો કટકો લીધો, અને એવું કોઈ જાનવર શોધી કાહાડવું અને તેને તે કટકો આપવો એવા વિચારથી તે બાહાર ગયો. પેહેલવેહેલું તેને એક ધાવતું ભૂંડનું બચ્ચું મળ્યું; જે તેની માનાથી છૂટું પડી ભટકતું આવેલું તડકો ખાતું હતું તેથી ટૉમિયે તેને "ભૂંડ, ભૂંડ, ભૂંડ, ન્હાના ભૂંડ અહિયાં આવ," એમ કહી બોલાવ્યું. પણ તે ભૂંડ તેનો ઈરાદો બરોબર સમજી શક્યું નહિ, ને ફક્ત ઘૂત્કાર કરીને દોડી ગયું. ટૉમિયે કહ્યું, "અરે અપકારી ન્હાના પ્રાણી હું તને ખવરાવવા આવુંછું, અને તું આવી રીતે કરેછે? જો તું તારા હિતસ્વીને ઓળખતું ના હોય તો મારે તને તે શીખવવું જોઇયે." આવું કહી પોતાના હાથમાં રોટલો હતો તે તેને આપવાના ઈરાદાથી તે ભૂંડ તરફ ફૂદકારો મારી તેણે તેને પાછલા પગથી પકડયું; પણ તે ભૂંડે એટલા જોરથી ચીસો પાડવા માંડી, અને તરફડિયાં મારવા માંડયાં, કે ભૂંડણી તે સાંભળે એટલે છેટે હતી તે દોડતી તે જગોએ આવી, અને તેની પાછળ તેનાં બીજાં બધાં બચ્ચાંનું લ્હારૂં આવ્યું. તેનાં બચ્ચાંનો આવભાવ કર્યો તેથી તે ખુશી થશે કે નહિ તેની કાંઈ ટૉમીને ખાત્રી નોહોતી, તેથી એને છોડી દેવું એ ડાહાપણનું કામ છે એમ ધારી તેને મૂકી દીધું. અને તે ભૂંડ જેમ બને તેમ જલદીથી નાશી જવાની કોશીસમાં તેના બે પગ વચ્ચે થઇને દોડયું. ને તેને પાડી નાંખ્યો. જે ઠેકાણે આ અકસ્માત બન્યો, તે જગો ઘણીજ ભીની હતી, તેથી ટૉમી પડી જવાથી માથાથી તે પગસુધી ખરડાયો, અને તેજ પળે, જેવો ટૉમી ઉભો થવા જતો હતો, તેવામાં ભૂંડણી આવી પોહોંચી, અને તેનાંઉપર થઇને ગઈ, તેથી ટૉમી ફરીને પાછો કચરામાં રોળાયો. આ રીતે ઉપકારને બદલે અપકાર થવાથી ટૉમી ઘણોજ ખીજવાયો, અને ધીરજ બિલકુલ છોડી દઇ એણે તે ભૂંડણીને તેના પાછલા પગથી પકડી, અને તેનાથી મારી શકાય એટલી તેનેમારવા માંડી. સહજ ધારવામાં આવશે કે તે ભૂંડણીને તેની આવી વલે થઈ તે ગમી

નહિ; તેથી તેણે એટલા જોરથી તરફડિયાં માર્યાં કે કેટલેક દૂર સુધી તે ખેંચાયો, અને તે ભૂંડણિયે તે દરમ્યાન ઘણીજ શોકાતુર ચીસો પાડી અને તેમ કરવામાં તેનાં સઘળાં બચ્ચાં પણ સામેલ થયાં. આ કજિયાના જોસમાં હંસનું એક મ્હોટું ટોળું તે રસ્તો ઓળંગી જતું હતું તેની વચમાં ભડકેલી ભૂંડણી આવેશમાં દોડતી દોડતી પાછળ ખીજવાયલા ટૉમીને ખેંચતી ખેંચતી જઇ પડી. હંસનાં બચ્ચાં એકદમ ખશી ગયાં; અને સાધારણ પોકાર થઈ રહ્યો હતો, તેમાં તેપણ શોકથી કાઉ વાઉ કરવા મંડયાં; પણ એક અસાધારણ કદનો હિમ્મતવાળો હંસ પોતાના કુટુંબઉપર આ વગરકારણે હુમલો થવાથી ખીજવાઇને ટૉમીના પાછલા અંગઉપર ઉડીને ગયો, અને તેને કેટલીક વાર સકત ચાંચો મારી, જેથી ટૉમિયે ભૂંડણીને છોડી દીધી, એટલુંજ નહિ, પણ બધાં ચીસો પાડતાં હતાં તેમાં તેણે પોતે પણ બૂમો પાડવા માંડી. આથી મિસ્ટર બારલો ચમકી ઉઠ્યો; અને એ જગોએ આવી જોયું તો પોતાના શિષ્યને ઘણી દુ:ખદાયક સ્થિતિમાં દીઠો. એટલે તે માથાથી તે પગસુધી રંગાઇ ગયો હતો, અને ધૂમાડિયું સાફ કરનારની પેઠે તેનો ચેહેરો અને હાથ કાળા થયેલા હતા. તેણે પૂછ્યું, કે "આમ કેમ?" અને ટૉમિયે બોલી શકાય એટલો સ્વાસ બેઠો એટલે તરતજ જવાબ દીધો.

"સાહેબ આ બધું તમે મને જાનવર પાળવાવિષે કહેલું તેનેલીધે બન્યું, તેઓ મારાઉપર હેત કરે એવું કરવાને હું ઇચ્છતો હતો અને તેનો પરિણામ તમે જોયો."

મિસ્ટર બારલોએ કહ્યું "ખરેખર તારી ઘણી ખોટી વલે થઇ જણાયછે, પણ હું આશા રાખુંછું કે તને બહુ વાગ્યું નહિ હોય; અને મેં તને જે કાંઈ કહેલું તેનેલીધે એમ થયું હોય તો તેથી હું ઘણો દિલગીર છું."

ટૉમિયે કહ્યું "ના, મને ઘણું વાગ્યુંછે એમ હું કહી શકતો નથી."

મિસ્ટર બારલોએ કહ્યું, "ત્યારે તું નાહી ધોઈ સાફ થઇ આવ; અને જ્યારે તું સાફ થઇને આવીશ ત્યારે આપણે તે બાબત ઉપર વાત કરીશું."

જ્યારે ટૉમી પાછો આવ્યો, ત્યારે મિસ્ટર બારલોએ તેને

તે અકસ્માત શી રીતે બન્યો તે પૂછ્યું, અને તે વાત સાંભળીને તેણે કહ્યું—

"તારા ઉપર એ આફત આવી તેનેમાટે હું ઘણો દિલગીર છું, પણ મેં તને ભૂંડને પાછલા પગથી પકડવાની કદિ સલાહ આપેલી એમ મને સાંભરતું નથી."

**ટૉમી**—ના, સાહેબ; પણ તમે મને કહ્યું હતું કે 'તું જાનવરોને ખવરાવીશ તો તે તને ચાહાશે;' અને તેથી હું તે ભૂંડને ખવરાવવાને ગયો.

**મિસ્ટર બારલો**—પણ તેં ખોટી રીતે પ્રયત્ન કર્યો; તેમાં મારો વાંક નથી. તે જાનવરે તારો ઇરાદો જાણ્યો નહિ, તેટલા માટે, જ્યારે તેં તેને પકડ્યું ત્યારે તેણે સ્વાભાવિક રીતે નાશી જવાની મેહેનત કરી; અને તેની બૂમો તેની માએ સાંભળી તેથી તે પણ સ્વાભાવિક રીતે તેની મદદે આવી. અનુભવ નહિ તેથી આ સઘળો બનાવ બન્યો. કોઇ પણ જાનવરને છેડતા પેહેલાં તેના સ્વભાવથી અને ટેવથી તારે વાકેફ થવું જોઈયે, નહિ તો પેલા ન્હાના છોકરાને માખ્યો પકડવા જતાં ભમરો કરડ્યો તેના જેવું તને થશે; અથવા જેમ બીજા એક છોકરાએ પાળઉપર ઉંઘતો સાપ પડેલો દીઠો તેને ઈલ માછલી ધારી તેથી તેને તે કરડ્યો, જેથી તેનો જીવ જવા જેવું થયું, તેમ તને થવાતું.

**ટૉમી**—પણ સાહેબ, હરીના કેહેવાથી મેં સાંભળેલું મને યાદ છે કે, એક ન્હાનો છોકરો એક સાપને ખવરાવતો હતો, ને તેને કાંઇ ઈજા કરતો નહિ.

**મિસ્ટર બારલો**—એમ હશે: પણ એવું ભાગ્યેજ કોઈ પ્રાણી હોયછે, કે જે છંછેડાયાવિના અથવા ખોરાકની ગરજ પડ્યાવિના કોઇને ઈજા કરતું હશે; અને આ પેટે ચાલનાર પ્રાણિયોમાં કેટલાંક તો કેવળ નિરપરાધી હોયછે, તેમ બીજાં ઘણાં ઝેરી હોયછે; તેટલામાટે સારી વાત એ છે કે કોઈ પણ ચીજને તેનો સ્વભાવ બરોબર જાણ્યા સુધી છેડવી નહિ; જો તેં આ નિયમ પાળ્યો હોત તો, ભૂંડને પાછલા પગથી પકડવાનો પ્રયત્ન તું કદિ કરત નહિ; અને સારૂં થયું કે તેં વધારે મ્હોટા જાનવર ઉપર અજમાશ કરી નહિ, નહિ તો જેવી પેલા દરજીની વલે હાથિયે કરી, તેવી તારી ખરાબી થાત.

**ટૉમી.**—મેહેરબાની કરીને કોહો, સાહેબ, હાથી શું હશે?

મિસ્ટર બારલોએ કહ્યું કે "જમીન ઉપર જે મ્હોટામાં મ્હોટું પ્રાણી આપણા જાણુવામાં છે, તે હાથી છે. બળદકરતાં તે કેટલાએ ગણું વધારે મ્હોટું હોયછે અને ઉંચામાં ઉંચું અગિયાર કે બાર ફીટસુધી વધેછે. તે ઘણું જોરાવર હોયછે, પણ તે સાથે તે એવું નમ્ર હોયછે કે જે જંગલમાં તે રેહેતું હોય ત્યાં પણ ભાગ્યેજ કોઇને ઈજા કરેછે. તે જાનવર ઝાડની ડાળિયો અને ફળ ખાઇને જીવેછે. તેને નાકને ઠેકાણે, લાંબો, પોળો એક માંસનો જથો હોયછે; તે તેના મ્હોંઉપર થઇને ત્રણ કે ચાર ફીટ લાંબો વધેછે. એને સૂંઢ કેહેછે, અને તે જાનવર તેને ગમે તે તરફ વાળી શકેછે. જ્યારે તેને ઝાડની ડાળી ભાગવાની મરજી હોયછે ત્યારે તે તેને આ સૂંઢ વીંટીને આંબળેછે અને તરતજ તોડી નાંખેછે. જ્યારે તેને પાણી પીવું હોયછે, ત્યારે તે પાણીની અંદર એ સૂંઢ ઉતારેછે, ને એક એક ફેરે કેટલાએક ગ્યાલન ચૂશી લેછે, અને પછી છેડો પાછો વાળી લઇને પોતાના મ્હોંમાં એ પાણી છોડી દેછે."

ટૉમિયે કહ્યું "પણ તે એવું મ્હોટું છે ત્યારે તેને કદિયે પણ કેમ વશ કરી શકિયે?"

મિસ્ટર બારલોએ જવાબ દીધો, કે, "જે પાળી લીધેલા હાથી હોયછે તેને બીજા હાથી પકડવામાં મદદ કરવાનું શીખવવામાં ના આવતું હોય તો કદાપિ હરકત પડે ખરી."

**ટૉમી**—તે શી રીતે સાહેબ?

**મિસ્ટર બારલો.**—આ જાનવરોની જે જંગલમાં અવરજવર હોય તે જંગલ જ્યારે જડે ત્યારે મજબૂત દાંડાથી એક વાડો કરી તેમાં ઉંડો ખાડો ખોદવામાં આવેછે, અને એક દરવાજો રાખેલો હોયછે; તે જાણી જોઇને ખુલ્લો રાખવામાં આવેછે. પછી તેઓ તેમના એક બે પાળેલા હાથી છૂટા મૂકેછે, તે જંગલી હાથીના ભેગા થાયછે, અને ધીમે ધીમે તેમને લલચાવીને વાડામાં લાવેછે, આમાંનો એક જેવો અંદર પેસેછે તેવોજ જે માણુસ તૈયાર થઇને ઉભો રહ્યો હોય તે દરવાજો બંધ કરી દેછે, અને તેને કેદી બનાવેછે. તે જાનવરને જ્યારે માલમ પડેછે કે હું ફાંદામાં આવી પડ્યો, ત્યારે તે તોફાન કરેછે, અને નાશી જવાનું પ્ર-

યત્ન કરેછે, પણ તેવામાં તરતજ બે પાળેલા હાથી ઘણાજ જો-રાવર અને મ્હોટા કદના, તેની પાસે આવેછે, અને તે તોફાન કરતો બંધ થાય ત્યાં સુધી તેને તેમની સૂંઢથી મારેછે. પછી એક માણુસ તેની પાછળ જાયછે, ને તેને પગે મ્હોટાં દોરડાં બાંધેછે અને તેવડે તેને બે મ્હોટાં ઝાડ સાથે બાંધી લેછે. પછી તેને કેટલાએક કલાક ખોરાક વગર રાખેછે, અને તેટલી વખ-તમાં તે એવો વશ થઈ જાયછે કે તેને માટે તૈયાર કરેલો તબેલો હોય ત્યાં તે દોરાઇને જાયછે; અને તે ઠેકાણે ઘોડાની માફક અથવા બીજાં કોઈ પણ પાળેલાં જાનવરની માફક બાકીની જીંદગાની ગુજારેછે.

**ટૉમી.**—સાહેબ, મેહેરબાની કરીને કોહો કે તે હાથિયે દર-જીને શું કર્યું?

**મિસ્ટર બારલો.**—એક વખત સુરત શેહેર—જ્યાં ઘણા હાથી પાળેલા રાખવામાં આવેછે, ત્યાં એક દરજી રેહેતો હતો. તે પોતાની પડાળીમાં બેશીને કામ કરતો હતો, તે જગાનીપા-સેથી હાથીને નિત્ય પાણી પીવાને લઈ જવામાં આવતા, આ પ્રાણિયોમાં મ્હોટામાં મ્હોટા જે હાથી હતા તેમાંના એક સાથે એ માણસે એક તરેહનું ઓળખાણ કર્યું, અને જ્યારે તે તેના બારણા આગળ થઇને જાય ત્યારે તેને ફળ અને ભાજીપાલો ખ-વરાવતો. તે હાથી બારીમાં પોતાની સૂંઢ નિત્ય ઘાલતો અને આવી રીતે તેનો દોસ્ત જે ખુશીથી આપતો તે લેતો, એક દિવસે દરજીનો મીજાજ ઠેકાણે નોહોતો તેથી જ્યારે હાથિયે હમેશ પ્રમાણે પોતાની સૂંઢ બારીમાં ઘાલી, ત્યારે તેને ખાવાનું આપવાને બદલે પોતાની સોય ઘોચી. તે હાથિયે તરતજ પો-તાની સૂંઢ ખેંચી લીધી અને બીજા હાથીની સાથે પાણી પીવાને ગયો; પણ તેણે પોતાની તરશ છીપાવી રહ્યા પછી મેલામાં મેલું પાણી મળી આવ્યું તે ખુબ પોતાની સૂંઢમાં ભરી રાખ્યું. મેં તમને આગળ કહેલું છે કે એ સૂંઢમાં કેટલાએક ગ્યાલન પાણી રહી શકેછે; પછી પાછા જતી વખત દરજીની દુકાન આ-ગળ થઇને જતાં તે દરજીના મ્હોં ઉપર એવું તાકીને એ પાણી એણે છાંટ્યું, કે તેને પલાળી નાંખ્યો અને છેક ડૂબાવી દીધો

જેવું કર્યું; ને આવી રીતે તે માણુસને તેના ખોટા મીજાજ અને મિત્રાચારીનો ભંગ કર્યા બદલ વાજબી સજા કરી.

હરિયે કહ્યું કે "ખરેખર એ પ્રાણીના બળવિષે વિચાર કરતાં, તેનામાં ઘણી ખામોશી અને ઉદારતા હશે, તેથી તેણે એ માણુસને વધારે સખ્ત સજા ના કરી; હું ધારૂંછું કે જ્યારે પ્રાણિયો માણુસ ઉપર આટલો બધો પ્યાર અને દયા રાખેછે, ત્યારે તેમના ઉપર માણુસે ઘાતકી થવું એ ઘણું શરમ ભરેલું છે."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "તારૂં કેહેવું બરોબર છે, મને હાથીની એક બીજી વાર્તા સાંભરેછે, તે જો સાચી હોય તો, વધારે અચંબા ભરેલી છે. સાધારણ પક્ષે એ પ્રાણી કુતરાની પેઠે વાળ્યાં વળે એવાં અને કહ્યાગરાં હોયછે, તોપણ, કેટલીએક વખત તેમનામાં એક જાતનું એવું આકળાપણું થાયછે કે તે કેવળ કબજામાં ના રહી શકે એવાં થાયછે, તે વખત તેમની પાસે જવું એ ભય ભરેલું છે, અને તેમને દાબમાં રાખવા બહુ કઠિણ થઇ પડેછે. પૃથ્વીના પૂર્વ ભાગમાં રાજા અને રાજકુંવરો જેમ આપણે ઘોડે બેશિયે છિયે તેમ સવારી સારૂં તેમને રાખેછે, તે પ્રાણીની પીઠ ઉપર હોદ્દો અથવા અંબાડી ગોઠવેછે. તેમાં એક અથવા વધારે માણુસો બેસેછે, અને તેનો માહાવત જે તેને કબજામાં રાખેછે તે એ હાથીની ગરદન ઉપર બેસેછે, અને એક લાકડીને છેડે લોઢાનો આંકડો હોયછે, જેને અંકુશ કેહેછે તેથી તેને ચલાવેછે. હવે આ પ્રાણી ઘણી કિંમતનાં હોયછે, તેથી માહાવતની બે ફિકરાઇથી એ પ્રાણીને કાંઈ અકસ્માત્ બનેછે, તો તેને ઘણી વખત ભારે સજા કરવામાં આવેછે. એક રોજ મ્હોટામાં મ્હોટા હાથીમાંનો એક હાથી એકાએક જુસ્સામાં આવી ગયો, અને છૂટો થયો, તેનો માહાવત તે રસ્તામાં હતો નહિ, તેથી કોઇની તેની પાસે જવાની હિમ્મત ચાલી નહિ. આવી રીતે તે દોડમદોડા કરતો હતો તેવામાં તેણે તેના માહાવતની વહુ, જે ઘણી વખત પોતાના ધણીની પેઠે તેને ખવરાવતી હતી તેને, હાથમાં તેના બાળક છોકરાની સાથે તેના જુસ્સાથી બચવાને સારૂ નાસતી દીઠી; તે બાયડી તેનાથી બની શકે તેટલી ઉતાવળથી દોડતી હતી; પણ તેને માલમ પડ્યું કે નાશી જવાશે નહિ (કારણ કે આ પ્રાણી ઘણાં ઉતાવળાં દો-

ડેછે) તેથી દૃઢ થઇને પાછી ફરી અને હાથીની આગળ પોતાનું છોકરૂં નાંખી દેઈ નીચે પ્રમાણે બોલી "અરે અપકારી પ્રાણી, અમે તારા ઉપર જે ઉપકાર કર્યોછે, તેનો આ બદલો તું આપેછે? આટલાં બધાં વર્ષ અમે તને ખવરાવ્યું, અને રાતદિવસ તારી સંભાળ લીધી તે એટલા માટે કે છેવટ તું અમારા બધાનો નાશ કરે? ત્યારે આ નિરપરાધી ગરીબ બાળકને ને મને, મારા ધણિયે ચાકરી કરી તેના બદલામાં તું કચરી નાંખ.'

એ બાઇ આવી રીતે કલ્પાંત કરી પોકાર કરતી હતી તેવામાં તે હાથી જ્યાં પેલું ન્હાંનુ બાળક હતું ત્યાં આવી પોહોંચ્યો. પણ તેને પગ તળે કચરી નાંખવાને બદલે તે ત્યાં અટક્યો; અને જાણે તેના મનમાં શરમ અને દયા આવી હોય તેમ આતુરતાથી તે બાળક તરફ જોઇ રહ્યો. પછી તેનો બધો જુસ્સો શમી ગયો, અને તેને તેના તબેલામાં દોરીને લઇ ગયા તે પ્રમાણે તે ગયો." .

આ બે વાર્તાઓને માટે ટૉમિયે મિસ્ટર બારલોનો ઉપકાર માન્યો અને હવે પછી પ્રાણી ઉપર પ્રીતિ બતાવવામાં વધારે ડાહાપણ રાખવું એમ કબુલ કર્યું.

બીજે દિવસે હેરી અને ટૉમી, હેરી પોતાના બાપની પાસેથી ઘઉં લાવ્યો હતો તે વાવવાને માટે, વાડીમાં ગયા.

પછી મિસ્ટર બારલોએ તેમને વાંચવાને માટે બોલાવ્યા, અને ટૉમીને કહ્યું કે પ્રાણી પ્રત્યે સારો સ્વભાવ રાખવા વિષે તું એટલું બધું બોલતો હતો માટે મેં તારેવાસ્તે એ વિષય ઉપર ઘણી સારી વાતો શોધી કાહાડી છે, તે તું સારી રીતે વાંચ.

ટૉમિયે કહ્યું કે, "સારૂં વાંચવાને મારાથી બનશે તેટલી મેહેનત કરીશ, કેમકે, હવે મને વાંચવું ઘણુંજ ગમવા લાગ્યુંછે, અને હું ધારૂંછું કે હું વાંચતાં શીખ્યો ત્યારથી હું વધારે સુખી પણ છું: કેમકે હવે હું મારી મેળે હમેશાં ગમ્મત મેળવી શકુંછું."

મિસ્ટર બારલોએ કહ્યું કે "ખરે, ઘણાં માણસોને એમજ લાગેછે. જ્યારે કોઇ માણસ વાંચી શકેછે ત્યારે તે જ્ઞાન તેને કાંઈ બોજાજેવું લાગતું નથી, અને તેથી તેને જાથુ ગમ્મત ના થાય તો તેમાં તેનો પોતાનોજ વાંક છે."

પછી ટૉમિયે સ્વચ્છ અને સંભળાય એવા અવાજથી, નીચેની વાર્ત્તા વાંચી.

## સારા સ્વભાવનો એક ન્હાનો છોકરો.

એક ન્હાનો છોકરો એક દિવસે સવારમાં પોતે રેહેતો હતો ત્યાંથી પાંચ ગાઉ છેટે એક ગામ હતું ત્યાં ફરવાને ગયો, અને આખો દહાડો પોહોંચે એટલું ખાવાનું ભરીને એક ટોપલી પોતાની સાથે લીધી. તે ચાલતો હતો તેવામાં તેનીપાસે એક બિચારો અર્ધો ભૂખે મરેલો ન્હાનો કૂતરો પૂછડી હલાવતો હલાવતો અને જાણે પોતાના ઉપર દયા લાવવાને કાલાવાલા કરતો હોય એમ જણાવતો આવ્યો. તે ગરીબ પ્રાણીને આવું ભૂખે મરેલું અને સૂકઇ ગયેલું જોઇ આ સારા સ્વભાવના છોકરાએ પોતાના મનસાથે વિચાર્યું કે "આ નક્કી ઘણો ભૂખ્યો છે: જો હું તેને મારા ખોરાકમાંથી થોડો આપીશ તો મારે ભૂખ્યાં ઘેર જવું પડશે; તોપણ એને ખોરાકની મારા કરતાં વધારે જરૂર છે, માટે હું તેને મારા ખોરાકમાંથી આપીશ." એમ કહી તે કૂતરાને પોતાની ટોપલીમાં જે ખાવાનું હતું તેમાંથી થોડુંક નાંખ્યું, અને એક પખવાડિયાથી બિલકુલ ખોરાક ચાખ્યો નાહોય એવી રીતે તે કૂતરો ખાવા મંડી ગયો. પછી તે ન્હાંનો છોકરો આગળ ચાલ્યો અને તેની પાછળ એ કૂતરો ઘણાજ પ્રેમ અને આભારથી વળગ્યો રહ્યો, એટલામાં તેણે એક બિચારો ઘરડો ઘોડો જમીન ઉપર પડેલો દીઠો; તે માંદો હોય એમ ઘણી ચીસો પાડતો હતો. તે તેનીપાસે ગયો અને જોયું તો તે ભૂખથી મરવાજેવો થયેલો હતો, અને એટલો નબળો થયેલો હતો કે તેનાથી ઉઠી શકાય તેમ નોહોતું. પેલા ન્હાના છોકરાએ કહ્યું કે "મને હ્હેશત લાગેછે કે જો હું આ ઘોડાને મદદ કરવા રહીશ તો હું પાછો ઘેર જઇશ તે પેહેલાં અંધારૂં થઇ જશે, અને મેં સાંભળ્યું છે કે અહિયાં નજીકમાં ઘણા ચોર રેહેછે: તોપણ હું પ્રયત્ન તો કરૂં." પછી તેણે જઇને કેટલુંક ઘાસ એકઠું કર્યું. અને તે ઘોડાએ જાણે ભૂખ તેજ એનો મુખ્ય રોગ હોયની એમ અકરાંતિયાપણે ખાધું; પછી તેણે પોતાની ટોપીમાં થોડું પાણી આણ્યું, તે તે પ્રાણિયે પીધું તેથી તે એટલો બધો

તાજો થયો કે થોડીકવાર બાથોડિયાં મારીને ઉભો થયો, ને ચરવા માંડયું. એ છોકરો જરા આગળ ગયો, એટલે એક માણસને બહાર નીકળવા તળાવમાં પાણી ડોળતો પણ બાહાર નીકળી ન શકતો જોયો. આ ન્હાના છોકરાએ તેને કહ્યું; "અરે ભાઇ શું છે? આ તળાવડામાંથી બાહાર નીકળવાનો રસ્તો તમને નથી માલમ પડતો?" તે માણસે કહ્યું કે "ના મારા મેહેરબાન નાના ભાઇ યા બેહેન જે હો તે, કેમકે તમારા અવાજથી તમે બાળકછો એમ મને લાગેછેઃ હું આ તળાવડામાં પડ્યોછું, અને તેમાંથી પાછા બાહાર નીકળવાને મને સૂઝ પડતી નથી, કેમકે હું છેક આંધળો છું અને હું બૂડી જઈશ એવો મને ડર લાગેછે." ન્હાના છોકરાએ કહ્યું કે "વારૂ, હું પલળી જઇશ, તોપણ મારા ભણી તમારી લાકડી નાંખશો તો હું તમને બાહાર કાહાડવાને પ્રયત્ન કરીશ."

ત્યારે તે આંધળા માણસે જે બાજુ તરફથી અવાજ સાંભળ્યો તે તરફ લાકડી ફેંકી, અને તે ન્હાના છોકરાએ પકડી, અને રખેને પોતાની ઉંચાઈ કરતાં વધારે ઉંડાણમાં જતું રેહેવાય માટે ઘણી સંભાળથી આગળથી તપાસતો તપાસતો પાણીમાં ગયો; છેવટે તે આંધળાની પાસે આવી પોહોંચ્યો, ને તેનો હાથ પકડીને તેને દોરીને બાહાર કાહાડયો. એ આંધળાએ તેને આશીર્વાદ દીધો, અને કહ્યું, કે, હવે હું ફાંફાં મારતો મારતો ઘેર જઇશ, એટલે એ ન્હાનો છોકરો રાત પડતા પેહેલાં પોતાને ઘેર પોહોંચી જવાય માટે જેમ જોરથી દોડાય તેમ દોડયો. પણ તે દૂર ગયો નહિ એટલામાં તેણે એક ગરીબ ખારવો દીઠો. તેના બંને પગ લડાઇમાં કપાઈ ગયા હતા, તેથી તે ઘોડિયો ઉપર કૂદતો જતો હતો.

તે ખારવાએ કહ્યું કે, "મારા ન્હાના શેઠ, હું જૂના ઇંગલંડનો બચાવ કરવાને માટે ફ્રેંચ સાથે ઘણી લડાઇયો લડ્યો છું, પણ હવે હું લંગડો થયો, અને મારી પાસે ખોરાકે નથી, ને પૈસો પણ નથી, તેથી હું છેક ભૂખે મરૂંછું."

તે ન્હાના છોકરાને તેનું દુઃખ મટાડવાને મન થયું તે તેનાથી મરાયું નહિ, તેથી તેણે પોતાનું બાકી રહેલું ખાવાનું બધું તેને આપ્યું અને કહ્યું, કે "અરે ભલા માણસ! મારી પાસે આટલુંજ છે, નહિતો તમને વધારે આપત." પછી તે પોતાને રસ્તે દોડયો, અને

જે કસ્બા તરફ તે જવાનો હતો ત્યાં આવીને પોતાનું કામ હતું તે કર્યું, અને પોતાના ઘરતરફ જવાને જેમ બને તેમ ઉતાવળથી પાછો ફર્યો, તે અર્ધા રસ્તા કરતાં ઘણો વધારે આગળ ગયો નહિ, એટલામાં રાત પડી અને રસ્તાની સૂઝ પડવાને માટે તારાનું કે ચંદ્રનું અજવાળું હતું નહિ. એ બિચારો ન્હાનો છોકરો એક ગલી કે નાળમાંથી વળતાં ભૂલો પડ્યો, તેથી એક જંગલમાં આવી પડ્યો. ત્યાં ઘણી વાર સુધી તેણે ભટક્યાં કર્યું, પણ બાહાર નીકળવાનો તેને કોઈ રસ્તો જડી શક્યો નહિ. છેવટે તે થાકી ગયો, અને ભૂખ્યો થયો તેથી તેને લાગ્યું કે હવે આગળ ચાલી શકાશે નહિ, માટે પોકેપોક રડતો જમીન ઉપર બેઠો. આવી સ્થિતિમાં તે કેટલીક વાર રહ્યા પછી જે ન્હાનો કૂતરો તેને કદિ છોડીને ગયેલો નહિ, તે તેની પાસે પોતાની પૂછડી હલાવતો ને મ્હોંમાં કાંઇક વસ્તુ પકડીને આવ્યો. તેની પાસેથી તે ન્હાના છોકરાએ એ વસ્તુ લીધી, ને જોયું તો એક સારી રીતે ટાંકણિયે ઘોચીને બાંધેલો રૂમાલ હતો, તે કોઇની પાસેથી પડી ગયેલો, તે તે કૂતરાએ ઉપાડી આણેલો હતો. તેમાંથી કેટલાએક રોટલાના કડકા અને માંસ નીકળ્યું, તે ખાઇને ઘણો તૃપ્ત થયો. તે ન્હાના છોકરાએ કહ્યું કે "હવે હું સમજ્યો, મેં સવારે તને નાસ્તો આપ્યો હતો, તો તેં મને અત્યારે વાળુ કરાવ્યું; અને કૂતરો પણ મેહેરબાનીનો બદલો વાળેછે." પછી તેણે જંગલમાંથી નીકળી જવાને ફરીથી પ્રયત્ન કર્યું, પણ કાંઈ વળ્યું નહિ; ફક્ત તેના પગ કાંટા વાગવાથી સોરાયા, અને પોતે કચરામાં પડ્યો, પણ બાહાર નીકળવાનો રસ્તો જડ્યો નહિ; તે નિરાશ થઇને માથાકૂટ કરવી મૂકી દેવાનું કરતો હતો, એટલામાં તેણે એક ઘોડાને પોતાની પાસે ચરતાં જોયો, અને ચંદ્રમાનો પ્રકાશ થોડો થવા માંડ્યો હતો, તેથી તેના અજવાળાવડે તેને માલમ પડ્યું કે સવારમાં જે ઘોડાને તેણે ખવરાવ્યું હતું તેજ એ ઘોડો છે. તે ન્હાનો છોકરો બોલ્યો કે "કદાપિ, આ પ્રાણી ઉપર એટલી બધી મેં મેહેરબાની કરેલી છે, તેથી તે મને પોતાની પીઠ ઉપર ચઢવા દેશે, અને એને આટલામાં ચરવાની ટેવ છે તેથી તે મને આ જંગલની બાહાર લઈ જશે." પછી તે ન્હાનો છોકરો તેની પાસે

ગયો અને તેને થાબડયો અને બોલાવ્યો, અને ઘોડાએ કાંઈ અટકાવ કર્યાવિના પોતાની પીઠ ઉપર તેને સવાર થવા દીધો, અને જંગલની અંદર ચરતાં ચરતાં ધીમે ધીમે આગળ ચાલ્યો; ને છેવટ મ્હોટા ઘોરી રસ્તા ઉપર પડતા છીંડા આગળ લાવીને તેને મેલ્યો; આથી તે ન્હાનો છોકરો ઘણોજ ખુશી થયો, અને બોલ્યો કે, "મેં જો સવારમાં આ જાનવરની જીંદગાની ના બચાવી હોત તો મારે આખી રાત અહિયાં રેહેવું પડતઃ આ ઉપરથી મને માલમ પડેછે કે સારૂં કરેલું કદિ વ્યર્થ જતું નથી."

પણ હજી આ ન્હાના છોકરાને વધારે ભારે સંકટ સહન કરવાનું હતું; કારણ કે તે એક ઉજ્જડ નાળમાં થઇને જતો હતો, તેવામાં બે માણસ ધશી આવ્યાં ને તેને પકડી લુગડાં લેઈ લેવાનું કરતાં હતાં, પણ જેવા તેઓ લેવા જાયછે કે તરતજ પેલા ન્હાના કૂતરાએ એ બેમાંના એક માણસને પગે એટલા જુસ્સાથી બચકું ભર્યું કે તે ન્હાના છોકરાને છોડી દેઇને તે કૂતરા પછાડી પડ્યો, જેથી તે ભસતો ને બૂમો પાડતો આગળ દોડ્યો. વળી તે ક્ષણે એવો પોકાર થતો અવાજ સંભળાયો કે "એ લુચ્ચાઓ ત્યાં છે, ચાલો, આપણે તેમને ઠોકી પાડિયે." આથી એકલો પડેલો માણસ એટલો બધો બીન્યો કે તે નાઠો, ને તેનો સોબતી તેની પાછળ દોડ્યો, પછી તે ન્હાના છોકરાએ ઉંચું જોયું તો, તેને માલમ પડ્યું કે જે ખારવાને તેણે સવારમાં ભૂખે મરતો બચાવ્યો હતો, તેજ હતો ને તે જે આંધળા માણસને તેણે તળાવમાંથી બાહાર કાહાડ્યો હતો, તેના ખભા ઉપર બેશીને આવ્યો હતો; તે ખારવો બોલ્યો કે "જુઓ મારા પ્યારા સાહેબ, સવારમાં તમે જે અમારેવાસ્તે કર્યું હતું, તેને બદલે તમારી નોકરી બજાવવાને અમે વખતસર આવી પોહોંચ્યા છિયે; હું એક વાડને ઓથે પડી રહ્યો હતો, ત્યાં આ હરામખોરો તમને લૂંટવાની વાતો કરતા હતા તે સાંભળી; પણ હું એવો લંગડો હતો કે જો આ પ્રમાણિક આંધળો મને ના મળ્યો હોત તો હું વખતસર તમારી મદદે આવી શકત નહિ, કેમકે, એ આંધળાએ મને તેની પીઠઉપર બેસાર્યો ને મેં તેને રસ્તો બતાવ્યો."

તે ન્હાના છોકરાએ, આવી રીતે તેનો બચાવ કર્યાવિષે, તેમનો ઘણોજ પાડ માન્યો, અને તેઓ બધા તે છોકરાના બા-

પનું ઘર જે ત્યાંથી વધારે વેગળું હતું નહિ ત્યાં ગયાઃ અને ત્યાં તેઓને વાળુ કરાવ્યું, અને સૂવાડ્યા, અને તેમની પરોણાગત કરવામાં આવી. તે ન્હાના છોકરાએ પોતાના નીમકહલાલ કૂતરાને જીવતા સૂધી પાળ્યો, અને જો બીજાઓ આપણું સારૂં કરે એવી આપણે ઈચ્છા રાખતા હોઇયે તો તેમનું સારૂં કરવાની અગત્ય છે એ વાત તે કદિ ભૂલી ગયો નહિ.

જ્યારે તે વાત પૂરી થઇ ત્યારે ટૉમિયે કહ્યું કે "ખરેખર એ વાર્તા મને બહુજ ગમી અને હું ધારૂંછું કે તે ઘણું કરીને ખરી હશે, કારણ કે મેં મારી મેળે જોયું કે ન્હાનો હરી સારા સ્વભાવનો છે, એટલાજ માટે તેનાઉપર સર્વે પ્યાર રાખતા જણાયછે. થોડા દાહાડા ઉપર પેલો મ્હોટો કૂતરો કે જે કરડી ખાશે એવી બીહીકથી તેને અડકવાની પણ મારી હિમ્મત ચાલતી નથી, તે એને આખે શરીરે ચાટતો હતો, તે જોઈ હું ઘણો આશ્ચર્ય પામ્યો હતો, મારા મનમાં તે વખત એન્ડ્રોકલીસ અને સિંહની વાત સાંભરી આવી."

મિસ્ટર બારલોએ કહ્યું કે, "જો તમે બરોબર માયા બતાવશો તો તે કૂતરો તમને તેજ પ્રમાણે ચાહાશે; કેમકે ઉપકારથી ઉત્પન્ન થતો પ્રીતિભાવ અને ડાહાપણ કૂતરાની બરોબર કોઇનામાં નથી. પણ તમે સારા સ્વભાવના છોકરા વિષે વાર્તા વાંચી, તો હરી તમને એક નઠારા સ્વભાવના છોકરાની વાત વાંચી સંભળાવશે."

---

## નઠારા સ્વભાવનો એક છોકરો.

એક વખત એક ન્હાનો છોકરો હતો, તેનું એવું કમનસીબ કે તેનો બાપ ઘણો ખરાબ માણસ હતો અને તે છોકરાને સારો દાખલો મળે એવી રીતે ચાલતો નોહોતો; તે કારણથી આ ન્હાનો છોકરો કે જે એમ ના હોત તો, વધારે સુખી અને વધારે સારો થાત, તેને બદલે તે ખરાબ સ્વભાવનો, કજિયાખોર અને અણગમતો થયો. એના બેઅદબીપણાને માટે એનાથી મ્હોટા છોકરાઓ એને ઘણી વાર મારતા હતા, અને કેટલીક વખત એનાથી ન્હાના પણ એને મારતાઃ કેમકે તે ઘણો કજિયાખોર હતો, તોપણ જ્યારે તે ટંટામાં પડતો, ત્યારે ઘણું કરીને તે પોતાની બાહા-

ફુરી દેખાડવા કરતાં સટી જવા ઉપર વધારે આધાર રાખતો હતો. આ ન્હાના છોકરાપાસે એક કૂતરો હતો; તે તેનોજ નમુનો હતોઃ તે ઘણોજ તોફાની અને ચીડિયા સ્વભાવનો હતો. હમેશાં તે દરેક ઘોડો જાય તે પછાડી ભસતો, અને જે ઘેટું મળે તેને તે પજવણી કરતોઃ એટલા માટે આ છોકરાથી અને તેના કૂતરાથી તેના સઘળા પાડોશિયો નારાજી થતા.

એક દિવસે તે છોકરાનો બાપ દારૂના પીઠામાં જવાને સવારમાં વેહેલો ઉઠ્યો, તે દિવસે તેહેવાર હતો, તેથી ત્યાં તેને રાત સુધી રેહેવાનો વિચાર હતો; પણ તેણે બાહાર જતા પેહેલાં પોતાના છોકરાને થોડો રોટલો, ટાહાડું માંસ, અને છ પેન્સ આપ્યા, અને કહ્યું કે આખો દિવસ તારી ખુશીમાં આવે ત્યાં જજે અને ગમ્મત કરજે. આવી છૂટ મળ્યાથી તે ન્હાનો છોકરો ખુશી થયો; અને તે સવારે સારો ઉઘાડ હતો તેથી તેણે પોતાના ટાઇગર નામના કૂતરાને સાથે આવવાનું કહી ચાલવા માંડ્યો ને ઘણો દૂર ગયો નહિ, એટલામાં તેને એક ન્હાનો છોકરો મળ્યો, તે એક ઘેટાંનું ટોળું જે દરવાજે થઇને તેને લઈ જવું હતું તે દરવાજા તરફ હાંકતો જતો હતો.

તે ન્હાના છોકરાએ કહ્યું મેહેરબાન સાહેબ, જરાવાર થોભો અને તમારો કૂતરો તમારી પાસે રાખો; નહિ તો મારાં ઘેટાં બીહીશે.

તે ખરાબ સ્વભાવના છોકરાએ જવાબ દીધો "અરે હા ખરી વાત, હું ધારૂંછું કે તું અને તારાં ઘેટાં જાય ત્યાં સુધી આખી સવાર અહિયાં મારે થોભી રેહેવું કેમ? અરે ટાઈગર તેમને પકડ?" આ ઉપરથી ટાઈગર તે ઘેટાંના ટોળાની વચ્ચે દરેક બાજુ ભસતો અને કરડતો કૂદી પડ્યો; અને તે ગરીબ ઘેટાં ગભરાટમાં આમ તેમ નાઠાં. આથી ટાઇગરને પણ પોતાના શેઠની માફકજ ગમ્મત થઈ; પણ એ ફતેહમાં તેણે એક મ્હોટા ઘેટા ઉપર હુમલો કર્યો. તે ઘેટાની હિમ્મત એ ટોળામાં બીજા બધા કરતાં વધારે હતી. તેણે નાશી જવાને બદલે સામો થઈ એટલા જોરથી અને હુશિયારીથી પોતાના શત્રુને માથું માર્યું કે ટાઇગરે ગોટીલાં ઉપર ગોટીલાં ખાધાં, અને તેને ચીસો પાડતાં અને લંગડાતાં નાશી જવાની જરૂર પડી. પેલો ખરાબ સ્વભાવનો

ન્હાનો છોકરો, જેનામાં કોઈ પણ વસ્તુ ઉપર પ્રીતિ થાય એવો ગુણ નોહોતો, તેને ઘેટાંના બીકણપણાથી ઘણી ગમ્મત થઈ, ને હાલ પોતાના કૂતરા ઉપર જે મુસીબત આવી પડી તે જોઈ ખૂબ ખરખડીને હસ્યો, અને ઘણી વધારે વખત હસ્યાં કરત પણ પેલો બીજો ન્હાનો છોકરો એની આવી વર્ત્તણૂકથી ખીજવાયો હતો. તેણે એના ઉપર એક પથરો ફેંકયો જે તેના લમણામાં વાગ્યો પણ તેવામાં તેથી તે ભોંય પડતો પડતો રહ્યો. તેણે તરતજ રોવા માંડયું, અને એક માણસને દીઠો; તે એ ઘેટાંનો માલીક હશે એમ તેના મનમાં આવ્યું, તેથી જેમ બને તેમ જલદીથી નાશી જવાય તેમ નાશી જવું એ ડાહાપણ ભરેલું છે એમ વિચાર્યું. પણ વાગેલું તેમાંથી પૂરી કળ વળી નહિ એટલામાં તો હતો એવો તોફાની થવા મંડયો.

તે વધારે આઘે ગયો નહિ એટલામાં તેણે એક ન્હાની છોકરી મ્હોટું દૂધનું વાસણ પોતાના પગ આગળ મૂકીને એક ઝાંપા આગળ ઉભી રેહેલી જોઈ.

તે ન્હાની છોકરિયે તેને કહ્યું કે, "ભાઈ મને જરા આ દૂધનું વાસણ ચઢાવો: મારી માએ મને સવારમાં તે લાવવાને મોકલેલી, અને તે મેં મારા માથા ઉપર એક મૈલ કરતાં વધારે વેગળેથી આણ્યુંછે; પણ હું એટલી થાકી ગઇછું કે આરામ લેવાને આ ઝાંપા આગળ મારે થોભવાની જરૂર પડી; અને જો હું તાકીદથી મારે ઘેર નહિ જાઉં તો આજ અમારાથી પુડાંગ (એક જાતની ખીર) થશે નહિ, અને વળી મારી મા મને ઘણી ખીજશે."

તે છોકરાએ કહ્યું, કે, "કેમ બેહેન, શું આજ તમને પુડીંગ મળવાનું છે કે?"

તે છોકરિયે કહ્યું કે, "હા, અને શેકેલા માંસનો સરસ કકડો પણ ખરો, કેમકે કાકા વુઇલ, અને કાકા જોન, મારા દાદા, અને મારા બધા કાકાના દીકરા, એ બધા અમારી સાથે જમવાના છે; અને હું તને ખરેખરૂં કહુંછું, કે, આજ સાંજે અમારે ઘણી ગમ્મત થશે, એટલા માટેજ ભાઈ, જેમ બને તેમ ઝડપથી મને ચઢાવ."

તે છોકરાએ કહ્યું કે, "હા લાવો ચઢાવું:" અને તેણે તે વટલોઇ લેઇને તેણીના માથા ઉપર બરોબર ગોઠવવાનો ઢોંગ

કર્યો; પણ તેણિયે જેવી ઝાલી તેવોજ પોતે જાણે ઠોકર ખાધી હોય એવું ડોળ કરીને તેને જરા હડશેલો માર્યો, તેથી તેણીના ઉપર તે વટલોઈ ઉંધી વળી. તે ન્હાની છોકરિયે રોવા માંડયું, પણ તે તોફાની છોકરો "સલામ ન્હાની બેહન, કાકા વુઇલ, અને દાદાને અને પ્યારા ન્હાના ભાઇઓને મારા તરફથી વાહાલ કરજો." એમ કેહેતો, અને કુટીમાંથી હસતો હસતો દોડી ગયો.

આ ગમ્મતથી તે ઘણોજ ઉશ્કેરાયો; કેમકે તેના મનમાં આવ્યું કે હવે કાંઇ માઠો પરિણામ થયાવિના ખચીત બચી ગયા છિયે; તેથી તે પોતાની ચતુરાઇનાં વખાણ કરતો આગળ ચાલ્યો, અને લીલા મેદાનમાં કેટલાએક ન્હાના છોકરા રમતા હતા ત્યાં આવ્યો. તેણે તેમની સાથે રમવાની રજા માગી, ને તેઓએ હા કહી, પણ એનાથી તોફાન કર્યાવિના વધારે વાર રેહેવાયજ નહિ; તેથી દડો ફેંકવાનો પોતાનો વારો હતો, તે વખત લાગ જોઇને કચરાવાળી ઉંડી ખાઇમાં તે નાંખ્યો: તે દડો ક્યાં ગયો તે જોવાને તે ન્હાના છોકરા ઘણા ઉતાવળા દોડી આવ્યા, અને તેઓ બધા એકઠા કોર ઉપર ઉભા રહ્યા હતા, તેવામાં તેણે છેક પાછળના છોકરાને તેનીપાસે ઉભેલા ભણી જોરથી ધક્કો માર્યો, ને તે છોકરો એની જોડેના છોકરા સાથે અથડાયો, અને તે તેની જોડના સાથે અથડાયો, જેથી તેઓ સઘળા સાથે ખાઇમાં પડયા. તેઓ તરતજ બાહાર નીકળી આવ્યા પણ કચરાવાળા થઇ ગયા, અને તેઓ તેને શિક્ષા કરવા જતા હતા, પણ તેણે પોતાના ટાઇગરની પીઠ થાબડી એટલે તે એવો ઘુરકવા તથા આમ તેમ નસકોરાં ફરફડાવવા મંડ્યો કે તેથી તેઓ પાછા હઠ્યા. આવી રીતે તે નઠારા સ્વભાવનો છોકરો બીજી વાર શિક્ષા થયાવિના બચી ગયો.

આ પછી તેણે એક ગરીબ ગધેડું એક ખાઈમાં છાનુંમાનું ચરતું દીઠું. નજર પોહોંચે એટલામાં કોઇ નથી એમ જાણી પેલા ન્હાના છોકરાએ એક કાંટાનું ઝાંખરૂં જઇને કાપી આણ્યું, અને તે બિચારા જનાવરને પૂંછડે વળગાડયું, અને પછી તેને હેરાન કરવાને કૂતરાને તેની પાછળ કર્યો, જેથી તેને તો ઘણી ગમ્મત પડી, પણ આથી ટાઇગરને કાંઇ ઠીક પડયું નહિ,

કેમકે તે એ જાનવરની એડિયોએ બચકાં ભરતો હતો, એવામાં, તેના માથા ઉપર એવી સકત લાત વાગી કે તે તેજ જગોએ મરણ પામીને પડ્યો. પોતાના કૂતરા ઉપર કાંઇપણ તેને પ્યાર નોહોતો, તેથી તે છોકરો બેફિકરાઇથી તેને પડતો મૂકીને ચાલતો થયો, અને પોતાને ભૂખ લાગેલી તેથી એક રસ્તાની બાજુ ઉપર ખાણું ખાવા બેઠો. ત્યાં તેને વધારે વાર થઇ નહિ એટલામાં એક ગરીબ આંધળો માણસ બે લાકડિયોથી ફાંફાં મારતો આવ્યો. તે છોકરાએ કહ્યું, કે, સલામ, આ રસ્તે લીલો જભ્ભો પેહેરેલી ને માથે પરાળની ટોપી પેહેરેલી એવી એક ન્હાની છોકરીને આવતાં તમે દીઠી? તે ભીખારિયે કહ્યું, કે, "અરે? શેઠ, હું આ વીસ વર્ષથી આંધળો થએલો છું; અને લોકો મને ગરીબ, બુઢો, આંધળો રીચર્ડ કેહેછે." આ ગરીબ માણસની સ્થિતિ એવી દયા લાવવાજેવી હતી, તોપણ તે ન્હાના છોકરાએ હંમેશ પ્રમાણેજ એના ઉપર કાંઇ ગતકડું કરવાનો નિશ્ચય કર્યો; તે ઘણો જૂઠો અને દગલબાજ હતો તેથી તેણે તેને આવી રીતે કહ્યું, "ગરીબ ઘરડા રીચર્ડ? હું મારા અંતઃકરણથી તમારે માટે દિલગીર છું, હું હમણાંજ ખાણું ખાવા બેઠોછું, અને તમે જો મારીપાસે બેસશો તો હું તમને તેમાંથી થોડું આપીશ, અને મારી મેળે તમને ખવરાવીશ." તે ગરીબ માણસે કહ્યું કે, "હું મારા પૂર્ણ અંતઃકરણથી તમારો ઉપકાર માનુંછું: મારા પ્યારા! જો તમે મને તમારો હાથ આપશો તો, હું ઘણીજ ખુશીથી તમારી પાસે બેશીશ." પછી ન્હાના છોકરાએ પોતાનો હાથ તેને આપ્યો, અને તેને દોરી આણીને તે રસ્તાની બાજુ ઉપર એક મ્હોટો કચરાનો ઢગલો હતો તે ઉપર બેસાર્યો, તેણે કહ્યું કે "જુઓ હવે તમે સારી રીતે બેઠાછો ને હું તમને ખવરાવીશ." એવું કહી, થોડો કચરો પોતાની આંગળિયો ઉપર લેઇને તે આંધળા માણસના મ્હોમાં મૂકવા જતો હતો;- પણ તે માણસને તેની લુચ્ચાઈ માલમ પડી ગઈ તેથી એકદમ તેની આંગળિયો સપાટાથી પકડી લીધી, અને દાંત વચ્ચે લેઇને એવી સખતાઇથી કરડી કે તે ઘાતકી છોકરાએ જવાદો, જવાદો, એવી બૂમો પાડી. છેવટે તે આંધળા માણસે એને સક્ત દુઃખ દીધા પછી છોડી દીધો, અને જતી વખત

તેને કહ્યું કે, "હે લુચ્ચા! જેણે તારૂં કદિ પણ નુકશાન કરેલું નહિ તેને તું દુઃખ દેવાનું પ્રયત્ન કરવા જતાં જરા પણ શરમાતો નથી? હાલ તું બચી જાઉંછું તોપણ, ખાતરી રાખજે કે જો તું પસ્તાવો નહિ કરે તો તને વધારે સખ્ત સજા થશે." કોઈ પણ માણસના મનમાં એમ આવે, કે, હવે તો તેને તેના ખરાબ સ્વભાવનું પરિણામ જોઇયે તેટલું મળી ચૂકયું, પણ ખેદની વાત છે કે ઘણા દહાડાની ખોટી ટેવ પડેલી હોય તે મટાડવા જેવું બીજું કાંઈ કઠિણ નથી. તે વધારે આગળ ગયો નહિ એટલામાં એક લૂલો ભીખારી જે બે લાકડીના ટેકાથી બળે બળે ચાલી શકતો હતો, તે તેણે દીઠો. તે ભીખારિયે કહ્યું, કે, મને કાંઈ આપો, એટલે એ તોફાની ન્હાના છોકરાએ છ પેન્સ કાહાડીને તેની આગળ નીચે ફેંકયા એવો ડોળ કરીને કે જાણે તે તેને આપી દેવાનોજ તેનો ઇરાદો હોય નહિ; પણ તે ગરીબ માણસ તે ઉપાડી લેવાને ઘણી મુશ્કેલીથી નીચો નમતો હતો, એટલામાં આ ઘાતકી ન્હાના છોકરાએ તેની લાકડી હડસેલી પાડી, જેથી કરીને તે ભીખારી ઉંધે મ્હોડે પડી ગયો, પછી તે છ પેન્સ લેતે કે ખુબ હસતો હસતો દોડી ગયો.

તે ઘાતકી ન્હાના છોકરાથી હવે વધારે નાદાની થઈ શકે એવું નોહોતું; કેમકે ભીખારીની પાસે બે માણસ આવતાં જોઇને તેને બીક લાગી, કે, તે મારી પછાડી પડશે, તેથી તે જેમ દોડાય તેમ દોડીને નાશી ગયો. છેવટે તે એક ગલીમાં આવ્યો, તે ગલી એક ખેડુતના બાગમાં પડતી હતી, અને જેવો તે વાડ ઉપર ચઢવાની તૈયારી કરતો હતો તેવોજ એક મ્હોટો કૂતરો તેને પગે વળગ્યો, અને તેને જોરથી પકડી રાખ્યો, ડરને મારે તે તાણીને રડવા મડયો; જેથી ખેડુત બાહાર આવ્યો, તેણે તેને લાપટ ઝાપટ કરી કહ્યું કે "વાહ, સાહેબ, છેવટે તમે પકડાયા કેમ? તમે તો ધારતા હશો કે રોજ રોજ આવીને ફળ ચોરીશું ને પકડાઈશું નહિ. પણ હવે તમારા લાયક સજા તમને થશે."

પછી તે ખેડુતે પોતાના હાથમાં ચાબુક હતી તેવતે તેને ખૂબ તાણીને ચાબખા મારવા માંડયા. તે છોકરાએ ઘણુંએ કહ્યું, કે, મારો વાંક નથી ને મારા ઉપર દયા કરો, પણ તે

વ્યર્થ ગયું. છેલ્લે તે ખેડુતે તેને પૂછ્યું કે તું કોણ છું, અને ક્યાં રહુંછું; પણ જ્યારે તેણે તેનું નામ સાંભળ્યું ત્યારે તે મ્હોટેથી બોલ્યો "શું? આજ સવારે જે લુચ્ચાએ મારાં ઘેટાં બીવરાવ્યાં તેથી તેમાંનાં કેટલાંક ખોવાયાં, તેજ તું કે? અને હવે તું બચી જવાનું ધારેછે?" આવું કહી તેની બૂમો અને કાલાવાલા કાંઈ ના સાંભળતાં, પેહેલાં કરતાં ઘણાજ વધારે તાણીને, તેને ચાબકા માર્યા. છેવટે તેના મનમાં આવ્યું કે તેને ઘટતી સજા થઈ એમ ધારી તેને બાગમાંથી કાહાડી મૂકયો. તે ન્હાનો છોકરો ઘણોજ રોતો રોતો ચાલી નીકળ્યો: કેમકે તેને સખત માર માર્યો હતો, અને હવે તેણે જાણવા માંડયું કે બીજાને દુઃખ કરિયે તો લાંબા દાહાડા સજા થયા વિના જાય નહિ; તેથી તેણે ઘેર જઇને ત્યાર પછી સારી રીતે ચાલવાનો નિશ્ચય કર્યો.

પણ હજી તેના દુઃખનો છેડો આવ્યો નહતો; કેમકે તે ઝાંપા ઉપરથી જેવો નીચે કૂદી પડ્યો, તેવોજ, પોતે ફરીને પકડાયો એમ તેને લાગ્યું, અને ઉંચું જોયું તો જે લૂલા ભીખારીને તેણે ઉંધે મ્હોડે પાડી નાંખ્યો હતો તેના હાથમાં આવી પડેલો છું એમ જણાયું. તેણે બૂમો પાડી કાલાવાલા કર્યા અને માફ માગી તે સઘળું ફોકટ ગયું: તે માણસને પડવાથી ઘણુંજ વાગ્યું હતું માટે તેણે તેનાથી જૂદા પડતા પેહેલાં, તેને પોતાની લાકડીથી ખૂબ માર્યો. પછી તે દરદથી રોતો અને ચીસો પાડતો ફરીને આગળ ચાલ્યો, પણ એવી ઉમેદમાં, કે, હવે વધારે નુકશાન નહિ થાય. પણ એ તેની ભૂલ હતી; કેમકે, તે એક ગલીને ખુણે થઇને જેવો વળ્યો તેવોજ જે છોકરાઓની તેણે સવારમાં માઠી દશા કરી હતી તેજ છોકરાઓના ટોળાની વચમાં તે આવી પડ્યો, તે બધાએ તેને તેના કૂતરાવિના એકલો પોતાના સપાટામાં આવેલો જોઇને એકદમ કીકિયારી કરી અને હજાર રીતે તેને હેરાન કરવાને મંડયા. કેટલાએકે તેના વાળ ખેંચ્યા, કેટલાએકે ચૂંટિયો ખણી, કેટલાએકે પોતાના રૂમાલથી તેના પગ ઉપર ઝાપટો મારી અને બાકીના બીજાઓએ તેના ઉપર ખોબા ભરીને ધૂળ નાંખી. છેવટે તે આવી બેહાલ સ્થિતિમાં હતો તેવામાં જે ગધેડાને સવારમાં તેણે પજવણી કરી હતી

તેજ ગધેડું તેના જોવામાં આવ્યું, તેથી નાશી જવાની આશાએ એકદમ કૂદીને તેની પીઠ ઉપર ચઢી બેઠો.

તે છોકરાઓએ તરતજ ફરીને કીકિયારી કરી, અને ગધેડાએ ખૂબ જોરથી ચારે પગે દોડવા માંડયું અને તરતજ તેના વેરિયો પાસેથી તેને લેઇને નાશી ગયું, પણ તેનાથી તે જાનવરને થોભાવી રાખી શકાયું નહિ, અને ભોંયઉપર પછડાવાનો પ્રત્યેક પળે તેને ડર લાગતો હતો. આવી રીતે તે કેટલાક વખત સુધી તણાયો ગયો, પછી તે ગધેડું એક ઝુંપડાના બારણાની નજીક અટક્યું, અને એવા જુસ્સાથી કૂદીને લાતો ફેંકવા માંડી કે તે ન્હાનો છોકરો ભોંય ઉપર પડી ગયો. અને પડવાથી તેનો પગ ભાગ્યો. તેની બૂમોથી તરતજ એ ઝુંપડામાં રેહેનાર કુટુંબનાં માણસો બાહાર આવ્યાં તેમાં પેલી ન્હાની છોકરી, જેને તેણે સવારમાં ઉપર પ્રમાણે પજવણી કરી હતી તે હતી, પણ તેણિયે ઘણાજ સારા સ્વભાવથી આવી દયા ઉપજાવે એવી સ્થિતિમાં તેને જોઇને તેને માંહ્ય લાવીને બીછાના ઉપર સૂવાડવામાં મદદ કરી, ત્યાં આ કમ નસીબ છોકરાને પોતાની ખરાબ ચાલથી એક દહાડામાં હું આવા આવા નાના પ્રકારના સંકટમાં આવી પડ્યોછું તેવિષે વિચાર કરવાની નવરાશ મળી, અને તેણે ઘણા શુદ્ધઅંતઃકરણથી નિશ્ચય કર્યો, કે, જો મને આ અકસ્માત થએલા દુઃખથી આરામ થાય તો જેમ ગેહેલાં હું દરેક તોફાન કરવાને આતુર હતો, તેમજ હવે દરેક પ્રસંગે ચેતીને સારૂં કરવાનો લાગ લેઇશ.

જ્યારે આ વાર્તા પૂરી થઈ, ત્યારે ટૉમી બોલ્યો, કે, આ બે ન્હાના છોકરાની કેવી જૂદી જૂદી સ્થિતિ થઇ, એ જોઇને ઘણું આશ્ચર્ય લાગેછે. એક જે સારા સ્વભાવનો હતો, તેનાં બધાં મિત્ર થઈ પડયાં; અને બીજો જે નઠારા સ્વભાવનો હતો, તેનાં બીચારી ન્હાની છોડી જેણે તેને છેવટે મદદ કરી તે સિવાયનાં સર્વે શત્રુ થયાં; એ છોકરીને તેણે કેવી પજવણી કરી હતી તેનો વિચાર કરિયે તો તેણિયે તેને એ પ્રમાણે મદદ કરી એ મ્હોટી તેની મેહેરબાની.

મિસ્ટર બારલોએ કહ્યું કે "એ વાત ખરી છે. આ દુનિયામાં જે બીજાઓને ચાહાયછે, અને તેમનું સારૂં કરેછે તેનેજ

લોકો ચાહાયછે; અને નીચામાં નીચા માણુસની પણ કોઈ વખત જરૂર પડેછે, અને તે ક્યારે જરૂર પડશે તે કોઇનાથી કહી શકાતું નથી. આવા મતલબની વાર્ત્તા હું તમને બતાવું; પણ તમે પુષ્કળ વાંચ્યુંછે, માટે હવે તમે થોડી વાર કસરત કરો."

ટૉમિયે કહ્યું, "અરે! સાહેબ, મેહેરબાની કરીને મને તે વાર્ત્તા સંભળાવો."

મિસ્ટર બારલોએ કહ્યું, કે, "ના દરેક વસ્તુનો વારો છેઃ કાલે તમે વાંચજો; પણ હમણાં તો આપણે વાડીમાં કામ કરિયે."

મિસ્ટર બારલોએ જે વાર્ત્તા કેહેવાનું કબુલ કર્યું હતું તે આગલા દિવસના કામની રોકાણથી ટૉમી ભૂલી ગયો નોહોતો. તે વાર્ત્તા નીચે પ્રમાણે હતીઃ—

---

## એક આભારી તુર્કની વાર્ત્તા.

એક દેશના લોકો બીજા દેશના લોકો સાથે લડાઇ કરેછે એ ઘણીજ ખેદકારક વાત છે, અને જ્યારે તેઓ પોતાના શત્રુમાંથી કોઇને કેદ કરેછે, ત્યારે તેમની સારી બરદાસ્ત કરવાને બદલે, તથા તેમને સ્વતંત્રતા આપવાને બદલે, તેઓને તુરંગમાં નાંખેછે, અથવા તેમને ગુલામની માફક વેચેછે. એક વખત એવો બનાવ બન્યો કે એક વેનીસના વાહાણમાં ઘણા તુર્ક લોકોને કેદ કરીને પકડવામાં આવ્યા, અને સદરહુ જંગલી રીવાજ પ્રમાણે એ હિનભાગ્ય માણસોને શેહેરના જૂદા જૂદા માણસોને ત્યાં વેચ્યા. અકસ્માત રીતે આ ગુલામોમાંનો એક હેમેટ નામનો ગુલામ વેનીસના એક પૈસાદાર માણસના ઘરનીસામે રેહેતો હતો. એ પૈસાદાર માણસને આશરે બારેક વર્ષની ઉમ્મરનો ફક્ત એકનો એક છોકરો હતો. તે છોકરાના ચેહેરામાં દયા અને સારા સ્વભાવનો દેખાવ હેમેટના જોવામાં આવ્યાથી તે હમેશ ઘણા વિવેકથી તેને સલામ કરતો અને તેની સોબતથી ઘણીજ ખુશી બતાવતો. છેવટે તે ન્હાના છોકરાને એટલો પ્યાર થયો કે તે દરરોજ તેનીપાસે કેટલીક વખત જતો, અને તેના ઉપયોગમાં આવે એવી જુજ જુજ બક્ષીસ આપવાની ચીજો લાવતો. પણ હેમેટ પોતાના ન્હાના મિત્રના લાડથી ઘણોજ ખુશી થતો જણાતો; તોપણ તે છોકરાના જોવામાં આવ્યાવિના રહ્યું નહિ,

કે, હેમેટ અતિશય દિલગીર રેહેછે, અને ઘણીવાર એના મોહો ઉપરથી આંસુ પડેછે તોએ ગુલામ છૂપાવવાનું ઘણું કરેછે. છેવટે આ દેખીતા દુઃખથી એ ન્હાના છોકરાને એટલી બધી અસર થઈ કે તેવિષે તેણે તેના બાપને કહ્યું. ને અરજ કરી, કે, જો તમારાથી બની શકે તો એ ગરીબ હેમેટ સુખી થાય એમ કરો. તે છોકરાના બાપને પોતાના છોકરા ઉપર અતિશય પ્યાર હતો, તેથી તેણે પોતે જાતે તે તુર્કને મળી તેની સાથે વાત કરવાનો નિશ્ચય કર્યો.

ધાર્યા પ્રમાણે તે બીજે દિવસે તેની પાસે ગયો. અને તેના ચેહેરાનું પ્રમાણિકપણું અને શાન્તપણું જોઇ આશ્ચર્ય પામ્યો; છેવટે તેણે તેને કહ્યું, કે "આ મારો છોકરો જેને એટલું બધું ચાહેછે, અને જેના વિવેક અને નમ્રતાને માટે વારંવાર મને વાત કરેછે તેજ હેમેટ તમે કે?

પેલા તુર્કે કહ્યું કે "હા તે કમનસીબ હેમેટ તે હુંજ, જે હાલ ત્રણ વર્ષથી કેદી થએલો છું તે વખતની દરમિયાન મનુષ્ય પ્રાણીમાં ફક્ત તમારા છોકરાને મારા દુઃખની દયા આવતી જણાયછે; તેટલા માટે આ જંગલી દેશમાં મને એના એકલા ઉપર પ્રીતિ થએલી છે; અને રાતે અને સવારે પ્રાર્થના કરૂંછું, કે, સઘળાં દુઃખોથી તેનું રક્ષણ થાઓ."

તે વેપારિયે કહ્યું, કે, ખરી વાત હેમેટ, તે તમારો ઘણો આભાર માનેછે; પરંતુ તેને બહુ ભય છે એમ જણાતું નથી પણ મારો છોકરો મને કેહેછે, કે "હેમેટ હંમેશ દિલગીર રેહેછે. માટે કોહો હું તમને શી રીતે મદદ કરૂં?"

શુદ્ધ અંતઃકરણવાળા ગુસ્સાના આવેશથી તે તુર્કે જવાપ દીધો, કે, "મારૂં સ્વતંત્રપણું લેઈ લેવામાં આવ્યું છે, તો હું મારા ભાગ્યનો પસ્તાવો કરૂં એમાં શી નવાઈ છે?"

તે વેનીશિયને જવાપ દીધો, કે "ખરૂં, પણ અમારા દેશના કેટલા હજારો માણસને તમે કેદમાં રાખોછો?"

તે તુર્કે કહ્યું, કે, "તમારા દેશના લોકોના જુલમને માટે તમે જવાપદારછો તે કરતાં મારા સ્વદેશિયોના ઘાતકીપણાને માટે હું કાંઈ વધારે જવાપદાર નથી. પણ મેં મારા જાતભાઇયોને ગુલામગીરીમાં કદિ નાંખ્યા નથી, મારી દોલત વધારવાને

મેં કદિ વેનીસના વેપારિયોની મિલકત લૂંટી નથી, અને તેટલા-માટે મારૂં દુઃખ મને વધારે કઠિણ લાગેછે.”—તેણે પોતાનું મન સ્વસ્થ કરી અને પોતાના હાથ પોતાની છાતી ઉપર વાળી, કહ્યું, કે “પરમેશ્વર સારો છે અને માણસે તેની આજ્ઞાને આધીન થવું જોઇયે.”

આવી પુરૂષાતનવાળી હિમ્મત જોઈ તે વેનીશિયનને અસર થઈ, અને કહ્યું, કે “હેમેટ, મને તારા દુઃખ ઉપર દયા આવેછે અને કદાપિ હું તારાં દુઃખ મટાડી શકીશ: પણ તારૂં છૂટાપણું મેળવવાને તું શું કરીશ?”

હેમેટે જવાપ દીધો, કે, “હું શું કરીશ? માણસનું હ્દદય કાંપે એવા દરેક દુઃખ અને ભયને નહિ ગણકારૂં.”

તે વેપારિયે જવાપ દીધો, કે, “અરે, તારે એવા સંકટમાં આવવું નહિ પડે. જો તારા દેખાવ પ્રમાણેજ તારી હિમ્મત હોય તો તારા છૂટવાના સાધનવિષે કાંઈ અંદેશો નથી. આ શેહેરમાં મારો એક કટ્ટો વૈરી છે, તેણે મારૂં સર્વ પ્રકારે નુકસાન કર્યું છે. અને તે જેટલો ક્રોધી છે તેટલો શૂરો છે. હેમેટ, તારા શબ્દોથી મારી ખાત્રી થાયછે કે તું હિમ્મતવાન છે. આ કટાર લે ને રાત પડશે તેવોજ હું તને ત્યાં લઈ જઇશ ને તું તારા મિત્રનું વેર વાળજે, અને તારૂં સ્વતંત્રપણું પાછું તને મળશે.” આ દરખાસ્તથી હેમેટની આંખ્યોમાંથી શરમ અને તિરસ્કાર ઉઘાડાં જણાઈ આવ્યાં અને એવો ગુસ્સો આવ્યો કે તેનાથી બોલી શકાયું નહિ; છેવટે તેણે તેની બેડિયોને લીધે જેટલો હાથ ઉંચો થઈ શકે તેટલો ઉંચો કરીને ઘુસ્સાવાળા અ-વાજથી તાણીને બોલ્યો, કે, “જા, નીચ, ક્રિશ્ચિયન, યાદ રાખ્ય કે વેનીસની સઘળી દોલત મળે તોપણ ખુનીનો નીચ ધંધો હેમેટ કરવાનો નથી; ના, પોતાની જાતના સઘળા લોકોનું છૂટાપણું ખરીદ કરવાનેમાટે પણ તે એવું કામ કરવાનો નથી.” આ ઉપરથી તે વેપારિયે ઘણો સરમંદો જણાયાવિના તેને કહ્યું, કે, “મેં તને નાખુશ કર્યો તેથી હું દિલગીર છું, પણ હાલ મને માલમ પડેછે તે કરતાં સ્વતંત્રપણું તને વધારે વાહાલું છે એમ મારા ધારવામાં હતું.” અને પાછો વળતાં એટલું વ-ધારે કહ્યું, કે, “આ વાતનો તમે વિચાર કરજો, અને કદાપિ

કાલે તમારૂં મન બદલાશે." હેમેટે જવાપ પણ ન દીધો, અને તે વેપારી તેને છોડીને ગયો.

પરંતુ બીજે દિવસે તે પોતાના છોકરાની સાથે પાછો આવ્યો અને હેમેટને આવી રીતે કહ્યું, "ગઈ કાલ મેં જે દરખાસ્ત કરી હતી તેના અઘટિતપણાથી કદાપિ તમને આશ્ચર્ય લાગ્યું હશે: પણ હવે હું તે બાબત તમારી સાથે વધારે શાન્તપણાથી વાત કરવાને આવ્યો છું; અને મને સંશય નથી કે તમે જ્યારે મારી મતલબ સાંભળશો ત્યારે—હેમેટ આ વખત ક્રોધયુક્ત મ્હોડું કરીને વચમાં બોલી ઉઠ્યો, કે, "ક્રિશ્ચયન, બેડિયો કરતાં વધારે લાગે એવી વાત કરીને દુઃખી માણસનું અપમાન કરતો બંધ થા. અને હવેથી આપણે વ્યવહાર રાખવો નહિ, અને એક બીજાને ઓળખતા ન હોઇયે એમ રેહેવું."

હેમેટની બાથમાં ઉછળી પડીને તે વેપારિયે જવાપ દીધો, કે, "ના હવેથી હમેસના કરતાં આપણે વધારે નિકટનો સંબંધ રાખવો! હે! ઉદાર માણસ, ગઈ કાલે જે વખતથી મેં તને જોયો તે વખતથી તને છૂટો કરવાનું નક્કી કર્યું છે; તેટલામાટે તારા સદ્ગુણની આ અજમાશ કરી તેને સારૂ તું મને માફ કર. એથી માત્ર તારા ઉપર મારી પ્રીતિ વધી છે. આ પળથી તું છૂટો થયોછે: તારો દંડ કયારનોએ અપાઈ ચૂક્યો છે. અને કદાપિ હવે પછી, તુર્ક લોકોની બેડિયોમાં પડેલો દુઃખ પામતો કોઈ ક્રિશ્ચયન તારા જોવામાં આવશે તો તારા ઉદારપણાથી તને વેનીસનો વિચાર આવશે." આ અણધાર્યું છૂટાપણું મળવાથી હેમેટના મનમાં જે આભાર ઉત્પન્ન થયો તેનું વર્ણન કરી શકાય એવું નથી. હું ફક્ત એટલુંજ વધારામાં કહુંછું, કે, તેજ દિવસે તેને છોડવામાં આવ્યો; અને ગ્રીસદેશના એક ટાપુમાં વાહાણ જતું હતું, તે ઉપર તે ચઢ્યો. પરંતુ હેમેટને પોતાના જુવાન મિત્ર જેની સ્વાર્થ વિનાની માયાથી તેનો આ પ્રમાણે છૂટકો થયો, તેનાથી જૂદા પડતાં ઘણીજ દિલગીરી થયા વિના રહી નહિ; એ તેને ભેટ્યો, તેના આગળ તેણે આંસુ પાડ્યાં, અને તેનું હરેક રીતે કલ્યાણ થાઓ એવા આશીર્વાદ દીધા.

આ વાતને આશરે છએક મહિના થયા પછી એ ઉદાર વેપારીના ઘરમાં એકદમ આગ લાગી, તે વખતે મ્હોટું પરોડિયું

હતું, જે વખતે ઉંઘ ઘણીજ મધુરી હોયછે તેથી આખી ઇમારતમાં ભડકા થયા ત્યાં સુધી કુટુંબમાંના કોઇ પણ માણસને ખબર પડી નહિ. ભયભિત થએલા નોકરોને ફકત વેપારીને જગાડી તાકીદથી નીચે ઉતારવા જેટલોજ વખત રહ્યો હતો; અને તે નીચે ઉતર્યાં કે તરતજ તે જીનો તૂટયો અને આગમાં પડયો. ફ્રાન્સીસકો તે વખતે પોતાનો બચાવ થયો માટે ખુશી થયો, પણ જ્યારે તેને માલુમ પડયું કે ગરબડાટમાં તેના છોકરાને ભૂલી ગયા, અને તે ભડકા થતા હતા તેની વચમાં રહી ગયોછે, ત્યારે પછી તરતજ તે ઘણોજ નિરાશ થઈ ગયો. તે વખતે તેના બાપને જે દુઃખ થયું, તેનું વર્ણન કોઈ શબ્દવડે થઈ શકતું નથી; તે આગમાં ધશીને જવાનું કરતો હતો, પણ તેના ચાકરોએ તેને અટકાવ્યો; પછી તેણે દિલગીરીના દુઃખે કરીને લવારો કરવા માંડ્યો, અને પોતાના છોકરાને જે માણસ બચાવે તેને પોતાની અર્દ્ધી દોલત આપવાનું કહ્યું. ફ્રાન્સીસકો ઘણો પૈસાવાળો છે એવું સર્વના જાણવામાં હતું, માટે કેટલીક નીસરણિયો ઉભી કરવામાં આવી, અને કેટલાએક હિમ્મતવાન માણસો ભારે ઈનામથી ઉશ્કેરાઈ, સાહસ કામ કરવા મંડ્યા, પરંતુ દરેક બારિયે ભડકા નીકળતા હતા તેના જોરથી, અને દરેક બાજુઉપર બળેલો ભાગ તૂટી પડતો હતો તેથી, તેઓ પાછા હઠ્યા; અને તે કમનસીબ બાળક જે હવે ઝરૂખે આવી પોતાના હાથ લાંબા કરીને મદદ માગતો હતો, તેનો નક્કી નાશ થશે એમ જણાયું, આ વખતે તેનો દુઃખી બાપ મૂર્છા ખાઇને નીચે પડ્યો. એટલામાં એક માણસ ઉભેલા ટોળામાં થઈને દોડતો આવ્યો, અને ઉંચામાં ઉંચી નીસરણી હતી તેઉપર ચડ્યો, અને તરતજ ગુમ થઈ ગયો. પછી એકદમ ધૂણી તથા ભડકાના ગોટા નીકળ્યા, તેથી લોકોએ ધાર્યું કે તે બળી મુઓ; એટલામાં એકાએક તેને પાછો છોકરાને લેઇને બાહાર નીકળતાં અને ઝાઝુ નુકશાન થયાવિના નીસરણિયે ઉતરતાં જોયો. તે વખત તમામ લોકોના સાબાશીના અવાજથી આકાશ ગાજી રહ્યું; પણ જ્યારે તેના બાપને ભાન આવ્યું, ત્યારે તેણે પોતાના હાથમાં પોતાનો લાડકો ક્ષેમ કુશળ દીઠો, તે વખત તેની મનોવૃત્તિ કેવી થએલી તેનો ચીતાર કિયા શબ્દોથી આપી શકાય?

પેહેલવેલી ખુશી થઈ રહ્યા પછી તેણે તેનો બચાવનાર કોણ છે, તેવિષે તજવીજ કરી. અને ઉમદા કદનો પણ હલકો પોશાક પેહેરેલો અને તેના મ્હોંની આકૃતિ ધૂણીથી કાળી થઈ જવાથી ઓળખી શકાય નહિ એવો એક માણસ તેને બતાવ્યો. પરંતુ ફ્રાનસીસકોએ, તેને વિવેકથી બોલાવ્યો. અને તેને મોહોરોની એક થેલી આપવા માંડી, અને કહ્યું, કે, આ હમણાં તમે લ્યો ને કબુલ કરેલું ઇનામ કાલે તમને મળશે.

તે આવી ચડેલા માણસે જવાપ દીધો, કે, "ના સાહેબ, હું મારૂં લોહી વેચવાનો નથી. તે વેપારી મ્હોટે સાદે બોલી ઉઠ્યો કે "ઓ પરમ કૃપાળુ પરમેશ્વર, આ અવાજ તો ખરેખર મારા ઓળખવામાં છે! એ તો—"

પોતાને ઉગારનારને બાથ ભરાવીને તેનો છોકરો તાણીને બોલ્યો, કે, "હા એ તો હેમેટ છે!" ખરેખર, તેમની આગળ ઉભેલો માણસ છ મહિના ઉપર એ વેપારીની ઉદારતાથી છૂટેલો તે વખતે જે હલકો પોશાક પેહેર્યો હતો તે પોશાકમાં એ હેમેટજ હતો. ફ્રાન્સીસકોના મનમાં આભાર વૃત્તિ અને અચંબો થયો તે કહી શકાય એમ નોહોતો. પણ તે વખતે તેમની આસપાસ ઘણા લોકોનું ટોળું હતું, તેથી તેણે હેમેટને પોતાનીસાથે પોતાના એક મિત્રને ઘેર તેડી જવાની ઇચ્છા જણાવી. અને જ્યારે તેઓ એકલા પડ્યા ત્યારે તેણે તેને પૂછ્યું, કે, શા અસાધારણ બનાવથી તું પાછો બીજી વાર ગુલામગીરીમાં પડ્યોછું; અને વધારામાં તેને માયાળુપણાથી ઠપકો દીધો, કે, તું કેદમાં ગડ્યો હતો તે મને શા માટે જાહેર કર્યું નહિ.

હેમેટે જવાબ દીધો, કે, "એ કેદને માટે હું ઇશ્વરનો પાડ માનુંછું, કેમકે તેથી એ વાહાલા બાળકનો જીવ જે મારા કરતાં હજાર ગણો કીમતી છે તેને બચાવવાને મને લાગ મળ્યો. જ્યારે તમારા વાહાણમાં હું આ કમનસીબ હેમેટ પકડાયો હતો; ત્યારે મારો ઘરડો બાપ પણ સાથે કેદમાં પકડાયો હતો; માટે જ્યારે મુકાબલો ના થઈ શકે એવી તમારી ઉદારતાથી મને સ્વતંત્રપણું મળ્યું, ત્યારે તેને જે ક્રિશ્ચયને ખરીદ કરેલો હતો તેને સોધી કાહાડવાને હું ગયો. મેં તેને જાહેર કર્યું, કે, હું જુવાન અને જુસ્સાવાળો છું, ને તે ઘરડો અને નબળો છે ને વ-

ધારામાં તમારી ઉદારતાથી જે સોનું મને મળ્યું હતું, તે પણ આપ્યું. સારાંશ કે જે વાહાણુમાં મારે જવાનું હતું તેમાં મારા બાપને મોકલવાનું મેં એ ક્રિશ્ચિયનના મનમાં ઉતાર્યું, અને તે વખતથી હું મારી ખુશીથી ગુલામ થઇને રહ્યો છું.

આવામાં એક વખતે ટૉમી અને હરી સવારમાં વેહેલા ઉઠ્યા, અને નાસ્તો કરતા પેહેલાં તેઓ ઘણી વખત ફરતા હતા તે પ્રમાણે ઘણે દૂર ફરવા ગયા. તેઓ રખડતા રખડતા એટલે દૂર ગયા કે તેથી થાકી ગયા અને એક વાડની પાસે આરામ લેવા બેઠા. તે વખતે ત્યાં એક બાયડી ઘણાં સ્વચ્છ અને સફાઇદાર લુગડાં પેહેરેલી તેમની પાસે થઇને જતી હતી તેણે આ બે ન્હાના છોકરાને એકલા બેઠેલા જોઇને તેમની પાસે ઉભી રહી, અને કહ્યું, કે, "મારા વાહાલા છોકરા તમે થાકી ગયા હશો અથવા ભૂલા પડ્યા હશો."

હરિયે કહ્યું "ના બા, અમે અમારો રસ્તો ભૂલ્યા નથી; પણ આજ અમે હમેશના કરતાં વધારે આગળ ચાલી આવ્યા છિયે. અને અહિંયા હમણાં જરા થાક ખાવા બેઠા છિયે."

તે બાઇયે કહ્યું, "વારૂ, જો તમે મારા ઝુંપડામાં આવો તો તમે વધારે સુખથી બેસી શકસો; અને હવે મારી છોકરિયે ગાય દોહી હશે, તેથી તે તમને થોડો રોટલો ને દૂધ આપશે." ટૉમી થાકી ગયો હતો અને તેને ભૂખ પણ લાગી હતી, તેથી તેણે હરીને કહ્યું, કે, એ બાઇનું આમંત્રણ કબુલ કર્યું હોય તો ઠીક; તેથી તેઓ બન્ને ત્યાંથી થોડેક છેટે ખેતરમાં ન્હાનું સરખું ઝુંપડું હતું ત્યાં તેણીની પાછળ ગયા. અહિયાં ગરમ અને સુખ થાય એવો ઝાંખરાંનો દેવતા પડ્યો હતો, ત્યાં તેમને બેસવાનું કહ્યું. ટૉમી, કે જેણે કદિ આવો દેવતા જોયો ન હતો, તેનાથી તેવિષે કાંઇ તજવીજ કર્યાવિના રેહેવાયું નહિ. ને તે ભલી બાયડિયે તેને કહ્યું, કે, "અમારા જેવા ગરીબ લોકો, કોયલા વેચાતા ક્યાંથી લાવે માટે અમે મેદાનમાં ઘાસ તથા છોડવા તથા બીજી વનસ્પતિ, જેનાં મૂળીયાં ગુંથાઇ ગએલાં હોયછે તે, જઇને કાપી લાવિયે છિયે; તે પછી ઉનાળાના તડકામાં થોડે થોડે સૂકવીને ઘેર લાવીને ઝુંપડામાં રાખિયે છિયે, અને બાળવામાં વાપરિયે છિયે."

ટૉમી બોલ્યો "પણ હું ધારૂંછું કે આથી તમારૂં ખાણું

પકાવવાને માટે જોઇયે તેવો દેવતા પરાણે પડતો હશે; કેમકે મારા બાપના રસોડામાં રસોઈ થતી વખત હું જતો ત્યારે મેં ધુમાડિયાના મથાળા સુધી ભડકો જાય એવો દેવતા સળગતો જોયો હતો."

આ સાંભળીને તે ગરીબ સ્ત્રીને હસવું આવ્યું; અને તે બોલી, કે, "હું ધારૂંછું કે ભાઈ, તમારો બાપ કોઈ શ્રીમંત માણસ હશે, અને તેમને વાસ્તે ઘણા પ્રકારનો ખોરાક પકાવવો પડતો હશે; પણ અમે ગરીબ લોકો તો થોડામાં સંતોષ વાળિયે છિયે."

ટૉમી બોલ્યો, "કેમ તમારે દરરોજ માંસ તો શેકવું પડતુંજ હશે તો?"

તે ગરીબ સ્ત્રિયે કહ્યું, કે, "ના અમારા ઘરમાં અમે કવચિતજ શેકેલું માંસ જોઇયે છિયે. પણ જો અમને એક વાસણમાં ટરનીપ્સ (એક જાતનો મેવો) સાથે ડુક્કરના જાડા માંસનો કડકો દરરોજ ઉકાળવાને મળેછે તો તેથી અમે સારી પેઠે સંતોષ પામિયે છિયે. અને અમને એવું મળે તો અમે ઉપકાર માનિયે છિયેઃ કેમકે અમારા જેવાં ઘણાં ગરીબ માણસો છે, કે જેમને સૂકા રોટલાનો ટુકડો પણ પરાણે મળેછે." આવી રીતે તેઓ વાતચીત કરતાં હતાં તેવામાં ટૉમીની નજર એક બાજુ ઉપર પડી, અને એક કોટડી દીઠી. તેમાં ઠબાઠબ સીતાફળ ભરેલાં હતાં.

તે બોલ્યો, કે, "મને મેહેરબાની કરીને કોહો કે આ બધાં ફળને તમે શું કરશો? હું ધારૂંછું કે તમે બીજું કાંઈ ખાઓ નહિ, તોપણ તમે તે બધાં કદિ ખાઇને પૂરાં કરો નહિ."

તે સ્ત્રિયે કહ્યું કે "એ તો ખરૂં પણ અમે તે ફળનો સાઈડર (દારૂ) બનાવિયે છિયે."

ટૉમી બોલ્યો "શું એ મજાનો સાઇડર નામનો દારૂ તમે બનાવી શકો છો? અને તે સીતાફળનો બનેછે?"

તે બાઇયે કહ્યું, હા, તે તેનો બનેછે.

**ટૉમી—અને મને જરા કૃપા કરીને કોહો કે તે કેમ બનેછે?**

**સ્ત્રી—જ્યારે તે ફળ પાકે ત્યારે અમે ઉતારિયે છિયે, અને તે દબાવવાને માટે અમારી પાસે એક સંચો છે. તેમાં અમે**

દબાવિયે છિયે. પછી એમાંથી જે રગડો નીકળેછે તે વાળની મ્હોટી કોથળિયોમાં ભરિયે છિયે. અને બધો રસ નીકળી રેહે ત્યાં સુધી, એક મ્હોટા સંચામાં તેમને દબાવિયે છિયે.

**ટૉમી.**—આ રસ તે સાઇડર કે?

**સ્રી.**—ભાઈ આટલા બધા જીજ્ઞાસુ છો, તો તમને તે ચાખવાને મળશે.

પછી તે બાઈ તેમને બીજી ઓરડીમાં લઈ ગઈ, ત્યાં એક મ્હોટું પીપ તે ફળના રસથી ભરેલું હતું, તેમાંથી થોડો એક પ્યાલામાં લેઇને તેણિયે તેને કહ્યું કે-ચાખી જુઓ કે એ સાઇડર છે કે નહિ. ટૉમિયે તે ચાખ્યો, અને કહ્યું, કે, તે ઘણો મીઠો અને લેહેજતદાર છે; પણ સાઇડર નોહોય.

તે સ્રિયે કહ્યું, "વારૂ ચાલો આપણે બીજા પીપમાંથી જોઇયે."

ટૉમિયે જ્યારે તે ચાખ્યો ત્યારે કહ્યું, કે, આ ખરેખર સાઇડર છે.

તેણે કહ્યું, "પણ કૃપા કરીને કોહો કે સીતાફળના રસનો સાઇડર બનાવવાને તમે શું કરોછો?"

**સ્રી.**—કાંઈ એ નહિ.

**ટૉમી.**—ત્યારે રસનો સાઇડર શી રીતે થાયછે? કેમકે તમે પેહેલું જે મને આપ્યું હતું તે સાઇડર નોહોતો, એમાં તો શક નથી.

**સ્રી.**—તે રસને અમે એક મ્હોટા પીપમાં ભરિયે છિયે. અને કોઈ ગરમ જગામાં રાખી મૂકિયે છિયે, એટલે પછી તેમાં જલદીથી ફીણ ચડવા માંડેછે.

**ટૉમી.**—ફીણ ચડવા માંડેછે એટલે શું?

**સ્રી.**—તમે જોશો એટલે જાણશો.

પછી તે બાઇયે તેને બીજું પીપ દેખાડયું. અને તેમાં દારૂ થએલો તે જોવાને તેણે કહ્યું. તે તેણે જોયું. અને ઉપર ફીણના પરપોટાવાળું જાડું પડ વળેલું દીઠું.

**ટૉમી.**—અને તમે આને ફીણ ચઢવું કોહોછો?

સ્ત્રી.—હા ભાઈ.

ટૉમી.—અને તેનું કારણ શું?

સ્ત્રી.—તેની, મને ખબર નથી, પણ મેં તમને કહ્યું, કે, અમે જ્યારે દાબીને રસ કાહાડી રહિયે છિયે, ત્યારે પીપમાં ભરી કોઈ ગરમ જગામાં રાખી મૂકિયે છિયે, એટલે થોડી વખતમાં તમે જોયું તેવું ફીણ થવા માંડેછે: અને કેટલીક વાર આ પ્રમાણે ફીણ થવું જારી રહ્યા પછી તેનો સાઇડર થાયછે. અને પછી તે અમે પીપોમાંથી કાહાડીને વેચિયે છિયે, અથવા અમારે વાપરવામાટે રાખિયે છિયે. અને મેં સાંભળ્યું છે કે એજ રીતે બીજા દેશોમાં પણ વાઇન બનાવેછે.

ટૉમી.—શું ત્યારે વાઇન ઍપલનો બનેછે?

સ્ત્રી.—ના ભાઈ, વાઈન દ્રાક્ષનો બનેછે, પણ જે રીતે અમે ઍપલનું કરિયે છીએ તેજ રીતે દ્રાક્ષને દાબીને રસ કાહાડીને કરેછે.

ટૉમી.—ખરેખર આ તો આશ્ચર્યકારક છે. ત્યારે સાઇડર તે એ ઍપલનો બનાવેલો વાઇનજ છે.

આવી રીતે તેઓ વાતચીત કરતાં હતાં તેવામાં એક સ્વચ્છ ન્હાની છોકરિયે તાજા દૂધનો ભરેલો એક કટોરો, અને બદામી રંગનો મ્હોટો રોટલાનો કડકો ટૉમીને લાવીને આપ્યો. તે ટૉમિયે લીધો. અને એવા સારા સ્વાદથી ખાધું કે, એના મનમાં એમ આવ્યું, કે, મારા જન્મારામાં એથી વધારે સારો નાસ્તો મેં કદિ કર્યો નથી.

જ્યારે હરી અને તે, પોતાનો નાસ્તો કરી રહ્યા ત્યારે ટૉમિયે તેને કહ્યું કે, હવે આપણે ઘેર જવું જોઇયે, તેથી તેણે તે સારી સ્ત્રીના માયાળુપણામાટે તેનો ઉપકાર માન્યો. અને પોતાનો હાથ ગુંજામાં ઘાલીને એક શિલીંગ (એટલે અર્ધો રૂપિયો) કાહાડ્યો, જે તેણે તે બાઇને લેવાનું કહ્યું.

તે સ્ત્રિયે કહ્યું, "ના ભાઈ આખી પૃથ્વી મળે તોપણ હું તમારો એક દોકડો પણ લેવાની નથી. હું અને મારો ધણી ગરીબ છિયે તોપણ અમે મેહેનત કરીને અમારૂં ગુજરાન ચલાવી શકિયે છિયે, અને અમે તેથી જાતે દુઃખી થયાવિના મુસાફરને એક પ્યાલો દૂધ પણ આપી શકિયે છિયે."

ટૉમિયે ફરીને તેનો ઉપકાર માન્યો, અને જવાનું કરતો હતો એટલામાં ચીડિયા મ્હોંવાળા બે માણસ આવ્યા, અને તે બાઇને પૂછ્યું કે, તમારૂં નામ ટોસેટ છે?

તે બાઇયે કહ્યું, "હા, મારે એ નામથી કદિ શરમાવું પડયું નથી. (એટલે મેં એ નામથી કદિ ખોટું કામ કર્યું નથી.)"

તેમાંના એક માણસે પોતાના ખીસ્સામાંથી એક કાગળ કાહાડીને કહ્યું, "વારૂં ત્યારે જુઓ, મિ. રીચર્ડગ્રફના તરફથી તમારા ઉપર આ હુકમનામાની બજાવણીની દરખાસ્ત થઈ છે; અને મુદ્દલ દેવું તથા વ્યાજ તથા તમામ ખર્ચના મળીને એકંદર ઓગણચાળીસ પાઉન્ડ ને દશ શિલીંગ (એટલે ત્રણસેં પંચાણું રૂપિયા) થાયછે. તે જો તમારો ધણી તુરત નહિ આપે તો તમારી પાસે જે હશે તેની અમે નોંધ કરી લેઈશું, અને દેવું વાળવામાટે તે લીલામ કરી વેચીશું."

જરા ગભરાઇને તે ગરીબ સ્રિયે કહ્યું, "ખરેખર આ ખચીત ભૂલ થએલી હશે; કેમકે મારા જન્મારામાં મિ. રીચર્ડગ્રફનું નામ મેં કદિ સાંભળ્યું નથી. તેમ મારા ધણીને આ દુનિયામાં તેના ખેતરના માલીક સિવાય કોઇનો જનાદી દેવોછે એવું મારા સમજવામાં નથી; અને હું જાણુંછું કે ઘણું કરીને તે જમીનના માલકને અર્ધા વર્ષની સાંથ આપી ચૂકયા છે, તેથી હું નથી ધારતી કે તે ગરીબ માણસને પજવવાનું કરે.

તે માણસે પોતાનું માથું હલાવી કહ્યું કે, "ના ના બાઈ અમે અમારૂં કામ સારી રીતે સમજીયે છિયે, આ પ્રકારની ભૂલ અમે કરિયે નહિ; પણ જ્યારે તમારો ધણી આવશે ત્યારે અમે તેની જોડે વાત કરીશું; તે દરમિયાન અમારે નોંધ કરી લેવાનું કામ ચલાવવું જોઇયે."

પછી તે બે માણસ બીજા ખંડમાં ગયા, અને તે પછી તરતજ એક મજબૂત ખૂબસુરત દેખાવવાળો માણસ આશરે ચાળીશ વર્ષની વયનો, ખુશમિજાજી ચેહેરાનો આવ્યો; અને પૂછ્યું કે નાસ્તો તૈયાર થયો છે?

તે સ્રિયે જવાબ દીધો, "અરે, મારા ગરીબ વાહાલા વુલિયમ, અહિયાં તમારે માટે દિલગિરીનો નાસ્તો તૈયાર છે; પણ

હું ધારૂંછું કે રીચર્ડ ગ્રફવિષે તે માણસોએ મને કહ્યું તે ખોટું હશે.”

આ નામ સાંભળતાં વાંતજ તે માણુસ એકદમ ચમક્યો. અને પેહેલાં તેનો ચેહેરો જે લાલ સુરખ હતો તે ધોળો પૂણી જેવો થઈ ગયો.

તે સ્ત્રી બોલી, “ખરેખર તમારે રીચર્ડગ્રફનું ચારસો રૂપિયા દેવું છે, એ વાત ખરી હોયજ નહિ.”

તે માણુસે જવાબ દીધો, “અરે, મને નક્કી આંકડો તો માલમ નથી; પણ જ્યારે તારા ભાઈ પિટરે દેવાળું કાહાડયું, અને તેના સઘળા લેણદારોએ તેની પાસે જે હતું તે લેઈ લીધું, ત્યારે આ રીચર્ડગ્રફ તેને કેદમાં નંખાવવાનું કરતો હતો; પણ હું તેનો જામીન થયો, તેથી તે દરિયે નોકરી ઉપર જઈ શક્યો; ખરેખર તેણે મને પોતાની કમાઈ મોકલી દેવાનું કબુલ કર્યું હતું, પણ તું જાણેછે કે હાલ તેને ગએ ત્રણ વર્ષ થયાં, અને એટલા બધા વખતમાં આપણે તેને વિષે કાંઈ પણ સાંભળ્યું નથી.”

તે સ્ત્રિયે ચોધારાં આંસુ ઉભરાતાં કહ્યું, “ત્યારે તમે અને તમારાં બધાં ગરીબવાહાલાં છોકરાં મારા અપકારી ભાઇને માટે ખરાબ ખસ્ત થઈ જશો; કેમકે અહિંયાં બે બેલીફો છે, તે જે આપણી માલમિલકત હશે તે બધું લેઈ જવાને આવ્યા છે.” આથી તે માણુસનો ચેહેરો લાલચોળ થઇ ગયો; અને એક જૂની તરવાર જે ધુમાડિયા ઉપર લટકાવેલી હતી તે પકડી, તાણીને બોલ્યો કે, “ના એમ નહિ થાય—હું પેહેલો મરીશ પ્રમાણિક માણુસને ભરણિયા કરવાથી શું થાયછે તે આ હરામખોરોને હું બતાવીશ.” પછી તેણે તરવાર ખેંચી, અને ગાંડછાના આવેશમાં બાહાર જતો હતો, જેથી પોતાના અથવા બેલીફના જીવનું જોખમ થઇ જાત, પણ તેની બાયડિયે પગે પડીને ધીરજ પકડવાની વિનતિ કરી; તેણે ધાંટો પાડીને કહ્યું કે, “અરે મારા પ્રિયપતિ, તમે શું કરોછો તેનો વિચાર કરો.” આવા જુસ્સાથી તમે અમારૂં કાંઈ પણ સારૂં કરી શકવાના નથી. એથી ઉલટું આ બે માણુસોમાંના એકેને જો કમનસીબે તમે મારી નાંખશો તો તે ખૂન કર્યું નહિ કેહેવાય? અને આપણી કમબખ્તી હાલ કરતાં હજાર ગણી વધારે કઠિણ નહિ

થાય?" આમ જીકર લેવાથી તે ખેડુતના ઉપર થોડીક અસર થએલી જણાઈ: તેનાં છોકરાં ઘણાં ન્હાનાં હતાં તેથી આ ગભરાટનું કારણ સમજી શકે નહિ એવાં હતાં; તોપણ તેની માની સાથે ડુસકાં ખાતાં તેની આસપાસ વીંટાઈ વળ્યાં. ન્હાનો હરી, પેહેલાં તે માણસથી અજાણ્યો હતો તોપણ તેણે ઘણીજ માયાથી તેનો હાથ ઝાલીને તેને આંસુથી ભીંજાવી દીધો. છેવટે જેમના ઉપર તેનું એટલું બધું વાહાલ હતું તેમના કલ્પાન્તથી હારીને તથા નરમ પડીને, તેણે તે પ્રાણઘાતક હથિયાર છોડી દીધું. અને પોતાનું મ્હોં ઢાંકીને એક ખુરશી ઉપર એવું કેહેતો બેઠો કે, "હશે, જેવી ઈશ્વરની ઇચ્છા."

ટૉમી એક્કે શબ્દ બોલ્યો નહિ, તોપણ આ અસરકારક તમાશો તેણે ઘણાજ ધ્યાનથી જોયો; હવે હરીને ઘેર જવાની ઇશારત કરી, તે છાનોમાનો તે ઘરમાંથી બાહાર નીકળ્યો, અને મિસ્ટર બારલોના ઘર તરફ જવાને માર્ગે પડ્યો. રસ્તામાં ચાલતાં તેણે હમણાં જે તમાશો જોયો તેના વિચારમાં એટલું બધું એનું મન ગુમ થઇ ગયું કે તેણે પોતાનો હોઠસરખો હલાવ્યો નહિ: પણ જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તરતજ મિસ્ટર બારલોપાસે જઇને એવી ઇચ્છા જણાવી કે હમણાંને હમણાં મને મારા બાપને ઘેર મોકલો. મિસ્ટર બારલો આ અરજથી આશ્ચર્ય પામ્યો, પણ એક હોશિયાર ચાકરને હુકમ કર્યો કે એકદમ ઘોડા ઉપર સામાન માંડો, અને ટૉમીને તેને ઘેર લઈ જાઓ. મિસ્ટર અને મિસિસ, મર્ટન પોતાના છોકરાને જોઇને ઘણાંજ આશ્ચર્ય પામ્યાં; પણ ટૉમીનું મન પોતાના ગોઠવેલા મનસુબાથી ભરાએલું હતું, તેણે તેમના પ્રથમ પ્રશ્નના ઉત્તર દીધા પછી નીચે પ્રમાણે તેના બાપને વિનતિ કરી:

"વિનતિ કરૂંછું, પિતાજી, જો હું તમારી પાસે કાંઈ કૃપા કરવાનું માગું તો, તમે મારા ઉપર ધુસ્સે થશો?"

મિસ્ટર મર્ટને કહ્યું, "ના ખરેખર તેથી હું ધુસ્સે નહિ થાઉં."

ટૉમિયે કહ્યું, "કેમ ત્યારે મેં વારંવાર તમને એવું કેહેતાં સાંભળ્યા છે કે તમે ઘણા તાલેવન છો, અને હું જો સારો થાઉં

તો હું પણ તાલેવન થાઉં, માટે તમે મને થોડા પૈસા આપશો?"

મિસ્ટર મર્ટને કહ્યું, "પૈસા? હા ખચીત આપીશ: તારે કેટલા જોઇયે?

ટૉમિયે કહ્યું, "પિતાજી મારે તો ઘણા જોઇયે છિયે."

મિ. મર્ટને જવાબ દીધો કે, "કદાચ એક ગીની એટલે ૧૦ાા રૂપિયા જોયતા હશે."

ટૉમી.—નાજી ઘણા વધારે-ઘણી ગીનિયો.

મિ. મર્ટન.—પરંતુ, જરા જાણવા દે.

ટૉમી.—ત્યારે સાહેબ મારે ઓછામાં ઓછા ચાળીશ પાઉન્ડ (ચારસેં રૂપૈયા) જોઇયે છિયે.

મિસિસ મર્ટને જવાબ દીધો કે, "તારૂ ભલું થાય છોકરા? ખરેખર પેહેલાં હતો તે કરતાં દશ ઘણો ઉડાઉ થવાનું તને મિ. બારલોએ શીખવ્યું છે."

ટૉમી.—ખરૂં કહુંછું, બા, કે મી. બારલો તો તે બાબતવિષે કાંઇ જાણતા પણ નથી.

મિ. મર્ટને કહ્યું, "પણ તારા જેવા આટલા ન્હાના બાળકને, તે એટલા બધા પૈસા શું કરવા હશે?"

ટૉમિયે જવાબ દીધો, પિતાજી એ તો છાની વાત છે. પણ હું ખાતરીથી કહુંછું કે, જ્યારે તમે તે સાંભળશો ત્યારે હું જે ઉપયોગ કરવાનો ધારૂંછું; તે તમે પસંદ કરશો:"

મિ. મર્ટન.—એનો મને ઘણો શક રેહેછે.

ટૉમિયે જવાબ દીધો, "પણ પિતાજી જો તમે મને કૃપા કરીને આ પૈસા આપશો તો હું તમને ધીમે ધીમે પાછા આપીશ."

મિ. મર્ટન.—તું મને આટલા બધા પૈસા તે કદિયે પણ શી રીતે આપી શકીશ?

ટૉમી.-કેમ સાહેબ તમે જાણોછો કે તમે મને વારંવાર નવાં લુગડાં, અને હાથખર્ચીના પૈસા આપોછો; માટે જો મને આ પૈસા આપશો તો તે વળી રેહેતા સુધી નવાં લુગડાં કે બીજી કાંઈ પણ વસ્તુનું હું નામ નહિ દેઉં.

મિ. મર્ટન.—પણ તું આટલું ન્હાનું છોકરૂં, તારે આટલા બધા પૈસા લેઇને શું કરવાછે?

ટૉમી.–કૃપાળુ પિતાજી થોડા દિવસ થોભો એટલે તમે જાણશો. અને જો હું તેનો ખોટો ઉપયોગ કરૂં તો, હું જીવું ત્યાં સુધી મારૂં કેહેવું કદિ માનશો નહિ.

પોતાનો છોકરો તેની માગણીમાં આતુરતાથી મંડ્યો રહ્યા તે જોઇ મિ. મર્ટન અતિશય આશ્ચર્ય પામ્યો; અને તે ઘણો તાલેવન અને ઉદાર હતો, તેથી તેણે તે નુકસાન વેઠીને અજમાવી જોવાનો નિશ્ચય કર્યો, અને તેની અરજ કબુલ કરી. છોકરાએ માગેલા પૈસા તેના હાથમાં મૂકીને એવું કહ્યું, "તું તેનો જે ઉપયોગ કરે તે જાણવાની હું ઉમેદ રાખુંછું, અને જો તે હકીકતથી હું સંતોષ નહિ પામું તો, હું ફરીને કદિ તારા ઉપર ભરોંસો રાખીશ નહિ." ટૉમી પોતાના ઉપર ભરૂસો રાખ્યો તેથી ઘણો ખુશી થતો જણાયો, અને પોતાના બાપનો તેની ઘણીજ ભલમનસાઈ માટે ઉપકાર માનીને, તેણે મિ. બારલોના ચાકરસાથે પાછા જવાની રજા માગી, જ્યારે તે મિ. બારલોપાસે આવી પોંહોંચ્યો ત્યારે તેણે પેહેલવેહેલું કામ એ કર્યું કે હરીને તે ખેડુતને ઘેર ફરીને પાછા જવાની અરજ કરી. ત્યાં તે બે ન્હાના છોકરા ઘણીજ ઝડપથી ગયા; અને તે ઘરમાં દાખલ થયા, ત્યારે તેઓને માલમ પડ્યું કે તે દુઃખી કુટુંબ પેહેલાં હતી એવીજ સ્થિતિમાં હતું. પણ ટૉમી તે ઘરમાંની પેલી સારી બાયડીપાસે ગયો, તે બાઈ તે ઓરડીના એક ખૂણામાં ડુસકાંખાતી બેઠી હતી; અને તેણીનો હાથ હળવેથી ઝાલીને તેણે કહ્યું કે–"મારાં ભલાં બાઈ, તમે સવારમાં મારા ઉપર ઘણી મેહેરબાની કરી હતી માટે તેના બદલામાં મેં તમારા ઉપર મેહેરબાની કરવાનું નક્કી કર્યું છે."

તે સ્ત્રિયે કહ્યું, "તમારૂં ભલું થાઓ, મારા ન્હાના શેઠ તમને જે રજુ કર્યું તે તમે લીધું તે ભલે; પણ તમે અમારૂં દુઃખ ફિટાડવા કાંઇ કરી શકો એવું નથી."

ટૉમિયે કહ્યું કે, "તે તમે કેમ જાણ્યું? કદાપિ તમારી ધારણા કરતાં હું વધારે કરી શકું તો?"

તે બાઇયે જવાબ દીધો, "અરે! હું માનુંછું કે તમારાથી બને તેટલું તમે તો કરો, પણ હાલ તરતજ ચાળીશ પાઉન્ડ અમને આપવા ન મળે તો અમારો તમામ માલ જપતી થઇ વેચાઇ

જશે; અને તે કાંઇ મળી શકે એવું નથી, કેમકે અમારે આ પૃથ્વી ઉપર અમને મદદ કરે એવો મિત્ર નથી. માટે મારાં ગરીબ છોકરાંને અને મારે બારણા બાહાર નીકળવું પડશે, અને પરમેશ્વર એકલો એમને ભૂખે મરતાં બચાવશે."

ટૉમીનું હૃદય એવું કોમળ હતું કે તેણે બિચારી બાઇને વધારે વાર ઉચાટમાં અધ્ધર જીવે રાખી નહિ. તેણે તેના ખોળામાં પૈસા ઠાલવી દીધા ને નીચે પ્રમાણે કહ્યું, "જુઓ મારાં ભલાં બાઇ, આ લ્યો અને તમારૂં દેવું આપો."

આ જોઇને તે બાઇને વર્ણન ન થઈ શકે એવું આશ્ચર્ય લાગ્યું, તે ચમકીને ફાટી આંખે આમ તેમ જોવા લાગી, પછી પોતાના ન્હાના સરખા ભલું કરનાર ભણી નજર ફેરવી, અને ઉપકારસ્મરણ અને મન ઉપર થએલી અસરના ખેદથી પોતાના બે હાથ જોડી પોતાની ખુરશીમાં બેહોશ થઈને પાછી પડી, તેનો ધણી જે પાસેની બીજી ઓરડીમાં હતો, તે તેને આવી સ્થિતિમાં જોઈ તેની પાસે દોડી આવ્યો અને ઘણીજ પ્રીતિથી તેને પૂછ્યું કે શું છે? પણ તે બાઈ તે ન્હાના છોકરાની આગળ પગે પડી, અને ડુસકાંખાતી તથા તેને આશીર્વાદ દેતી તેના ઘુંટણેબાઝી તેને પગે બચિયો કરી, તેથી તેણે ધાર્યું કે મારી સ્ત્રી ગાંડી થઈ ગઇ છે, એટલામાં તેનાં ન્હાનાં છોકરાં પોતાની માપાસે દોડી આવ્યાં, અને તેનાં કપડાં ખેંચવા મંડયાં, અને તેમનાં મ્હો તેની છાતીમાં સંતાડવા લાગ્યાં. તે સ્ત્રીને પોતાનાં છોકરાં જોઇને ભાન આવ્યું અને તે નીચે પ્રમાણે તાણીને બોલી.

"અરે મારાં છોકરાં, આ ન્હાના શીરસ્તાની મદદ વગર તમે બધાં ભૂખે મરી જાત, ત્યારે શા માટે તેનો નીચાં પડીને ઉપકાર માનવાને તમે મારી જોડે સામેલ થતાં નથી?"

આ ઉપરથી તેના ધણિયે કહ્યું કે, "ખરેખર મેરી તું ગાંડી થઈ છું?"

તે સ્ત્રી બોલી, "અરે, વુલિયમ હું એવી દેખાતી હઇશ પણ હું ગાંડી નથી, પણ પરમેશ્વરે આ ન્હાના શીરસ્તાના હાથથી આપણને શું મોકલ્યું છે, તે જુઓ તેથી અચંબો પામો અને પછી હું ગાંડી થાઊં તેમાં શી નવાઈ છે તેનો વિચાર કરો."

એમ કહી તેણિયે તે પૈસા ઉપાડીને બતાવ્યા અને તે જોઈ તે બાઈ જેટલું આશ્ચર્ય પામી હતી તેટલોજ તેના ધણીને અચંબો લાગ્યો. પણ ટૉમી તે માણુસ પાસે ગયો, અને તેનો હાથ ઝાલીને બોલ્યો કે, "મારા ભાઈ આ તમે સુખેથી લ્યો; હું તમને તે ખુશીથી આપુંછું, અને આશા રાખુંછું કે, તેથી તમારૂં જે દેવું છે તે તમે આપી શકશો. અને આ બીચારાં ન્હાનાં છોકરાંને બચાવી શકશો."

એ માણુસ જે પ્રથમ પોતાનું દુઃખ ચુપકીથી અને ગંભીરાઇથી સહન કરતો જણાતો હતો તે હવે રોવા લાગ્યો, અને તેનાં છોકરાં અને બાયડીની માફક ડુસકાં ખાવા મંડ્યો. ટૉમી, કે જેને આ અતિશય આભાર વૃત્તિથી દુઃખ થવા માંડયું તે છાનોમાનો ઘરની બાહાર નીકળી આવ્યો. અને તેની પાછળ હરી ગયો. અને તે ક્યાં ગયો, તેની એ ગરીબ કુટુંબને ખબર પડતા પેહેલાં નજર ન પોંહોંચે એટલો વેગલો નીકળી ગયો.

આ પછી તરતજ મિ. બારલો અને તેના બે શિષ્યો રાજ્યમાર્ગ ઉપર ફરવા ગયા. તેઓ બહુ વેગળે ગયા નહિ. એટલામાં ત્રણ માણુસો ત્રણ મ્હોટાં વાળવાળાં જાનવરને દોરીને લેઈ જતા જોવામાં આવ્યા, અને તેમની પાછળ છોકરાં અને બાયડિયોનું ટોળું આવતું દીઠું. જ્યારે તેઓ વધારે નજીક આવી પોહોંચ્યાં, ત્યારે મિ. બારલોને માલમ પડયું કે એ જાનવર ત્રણ પાળેલાં રીંછ હતાં; અને તેમને ત્રણ સવયડે લોકો જેઓ એ રીંછનો તમાશો બતાવી પોતાના ગુજરાન જોગ મેળવતા હતા; તેઓ તેમને દોરીને લઈ જતા હતા. આ દરેક જાનવરના માથા ઉપર એક્કેકું વાંદરૂં બેસારેલું હતું, જે દંતૈયાં કરતાં અને ગલોફાં વગાડતાં હતાં. અને તેના મ્હોંના ચાળાથી લોકોને ખડખડાટ હસવું આવતું હતું. ટૉમિયે પેહેલાં આ જાનવરોમાંનું એક્કે કદિ જોયું નહતું. તેથી તેને ઘણીજ ગમ્મત પડી; પણ જ્યારે તેણે રાંછને હુકમ કરતાં પાછલા પગ ઉપર ઉભું થઇ વાદિત્રના અવાજની સાથે વિચિત્ર રીતે નાચતાં જોયું ત્યારે તેને વધારે ગમ્મત થઈ.

આ તમાશાથી તૃપ્ત થયા પછી, તેઓ તેમને રસ્તે આગળ ચાલ્યા, અને ટૉમિયે મિ. બારલોને પૂછ્યું કે, રીંછ તે સેહેલાઇથી

પાળી શકાય એવું જાનવર છે કે કેમ, અને તે જ્યારે જંગલી સ્થિતિમાં હોય ત્યારે નુકસાન કરે કે કેમ?

મિ. બારલોએ જવાબ દીધો કે, "વાઘ અથવા સિંહના જેવું રીંછ નાશકારક નથી; તોપણ તે ભયંકર છે, અને જ્યારે તેનો લાગ ફાવેછે, ત્યારે બાયડિયો, છોકરાં, અને ભાયડાને પણ ખાઈ જાયછે. આ જાનવરો ઘણું કરીને ઠંડા દેશોમાં થાયછે. એમ જોવામાં આવ્યું છે કે જેમ વધારે ઠંડો મુલક હોયછે, તેમ તેઓ વધારે મ્હોટાં અને ક્રૂર થાયછે. ઉત્તર તરફના દેશો, જેમાં ઠરી ગએલો અને વરસતો બરફ નિરંતર પથરાએલો હોયછે ત્યાં એક જાતનાં રીંછ ધોળા રંગનાં અને અતિ ભારે જુસ્સાવાળાં અને જોરાવર થાયછે. આ જાનવરો દરિયા ઉપર પથરાએલી મ્હોટી બરફની ખડકો ઉપર વારંવાર ચઢતાં અને માછલાં અને બીજાં દરિયાઈ જાનવરોનું ભક્ષ કરતાં જોવામાં આવેછે. એક વખતે કેટલાએક ખારવાઓ કિનારા ઉપર ખાણું પકાવતા હતા, તેમના ઉપર એક રીંછડી એકદમ અણધારી ચઢી આવેલી તેનો હેવાલ મારા વાંચવામાં આવેલો મને યાદ છે. એ જાનવરની સાથે તેનાં બે બચ્ચાં હતાં; અને તમારા મનમાં સેહેજ આવશે કે એ ખારવાઓને આ ભયંકર પરૂણા ના ગમ્યા, તેથી તેઓ તરતજ વાહાણમાં નાશી ગયા. પછી તે ઘરડી રીંછડિયે તે ખારવાઓ જે માંસ મૂકીને નાશી ગયા હતા તે માંસ લીધું, અને પોતાને માટે ઘણોજ થોડો ભાગ રાખીને બાકીનું પોતાનાં બચ્ચાંની આગળ મૂકયું, આ જોતાં એમ જણાયું કે તે પોતાના કરતાં પોતાના બચ્ચાંનું ભલું વધારે ઇચ્છતી હતી. પણ તે વાહાણમાંના ખારવાઓ પોતાનું ખાવાનું જતું રહ્યું તેથી ચીડાઇને તે બન્નેને ગોળીથી મારી નાંખ્યાં. તેમણે એ રીંછણને પણ ઘાયલ કરી; પરંતુ મરી જાય એવો જખમ થયો નહતો. તેથી તે હાલી ચાલી શકે એવી હતી. આ બિચારા જાનવરની પોતાનાં બચ્ચાં તરફની વર્તણૂક જોવાથી હર કોઇને દયા ઉપજે એવું હતું. તેને ઘણુંજ વાગ્યું હતું અને તેઓ પડેલાં હતાં તે જગોએ ફક્ત ભાંખોડિયે ચાલીને જઇ શકી; તોપણ પેહેલાં એક વખત તેણે કર્યું હતું તેમ પોતાના મ્હોમાં જે માંસનો કકડો લાવી હતી, તે તેમની આગળ મૂકયો; અને જ્યારે તે-

ણીને માલમ પડયું કે તેઓ ખાતાં નથી, ત્યારે તેણિયે પોતાનો પંજો પેહેલાં એક ઉપર મૂકયો. અને પછી બીજા ઉપર મૂકયો, અને તેને ઉઠાડવાને પ્રયત્ન કર્યો; અને આ બધું કરતી વખત દયા આવે એવા દુઃખથી ચીસો પાડતી હતી. જ્યારે તેણીને માલમ પડયું કે તેઓ હાલતાં નથી ત્યારે તે થોડેક છેટે ગઈ, અને પછી તેમને લલચાવતી હોય એમ પાછું જોઇને શોકાતુર બૂમો પાડી: તોપણ તેમને હાલતાં ના જોયાં ત્યારે તે પાછી આવી, અને તેમની આસપાસ સુંઘીને તેમના જખમ ચાટવા માંડયા. પછી પેહેલાંની માફક તે બીજી વખત દૂર ગઈ; અને થોડી વાર ભાંખોડિયે ચાલ્યા પછી, જેમ તેમને પોતાની માને ન છોડી દેવાને કાલાવાલા કરતી હોય તેમ પાછું ફરીને શોકાતુર આરડી, છેવટે તેઓ ઠંડાં અને નિરજીવ માલમ પડયાં, ત્યારે તેણિયે પોતાનું માથું તે વાહાણતરફ ઉંચું કર્યું. અને પોતાનાં બચ્ચાંનું ખુન કરનાર ઉપર વેર વાળવાનું કરતી હોય એવી રીતે પોકાર પાડવા મંડી. પણ તે ખારવાઓએ પોતાની બંદુકો ફરીને તેની સામે તાકીને લગાવી, અને તેને એટલી બધી જગાએ ઘાયલ કરી કે તે પોતાનાં બચ્ચાંની વચમાં નીચે પડી; અને તેમનાં જખમ ચાટતાં ચાટતાં મરી ગઈ."

તેજ પળે મિ. બારલોએ બાયડિયો અને છોકરાંનું એક ટોળું ભયથી દોડતું દીઠું; અને જોયું તો ઉપર લખેલાં રીંછમાંનું એક રીંછ સાંકળ તોડી તેમની પાછળ દોડતું અને ત્રાસ ઉપજે એવી ચીસ પાડતું માલમ પડયું. મિ. બારલોના હાથમાં, એક સારી મજબૂત લાકડી હતી, અને પોતે છાતીવાળો માણસ હતો, તેથી તેને માલમ પડતાં વાંતજ પોતાના શિષ્યોને ચુપ રેહેવાનું કહ્યું, અને તરતજ તે રીંછ પાસે દોડયો, તે રીંછ દોડતું દોડતું આવતાં વચમાં અટકયું, અને મિ. બારલો વચમાં આવ્યો તેથી તેના ઉપર હુમલો કરવાને ધારતું હોય એમ જણાયું. પણ આ ગૃહસ્થે તેને બે ત્રણ લાકડિયો મારી અને બુમ પાડીને અને જુસ્સાથી તેની તરફ બોલ્યો, અને એજ પ્રમાણે હિંમત અને ત્વરાથી તેની સાંકળનો છેડો પકડા લીધો, જેથી કરીને તે જાનવર ધીમું પડીને પકડાયું. એટલામાં તે રીંછનો માલીક આવી પોંહોંચ્યો, જેના હાથમાં મિ. બારલોએ તેને સોંપ્યું.

અને આવા ભયંકર જાનવરને સાચવવામાં હવે પછી વધારે કાળજી રાખવાનું કહ્યું. આ વખતે પેલા છોકરાઓ વેગળેથી છાનામાના તમાશો જોતા હતા; પણ અકસ્માતથી, તે રીંછને માથે જે વાંદરૂં બેસારેલું હતું, તે એ જાનવર છૂટું થઇ નાઠું ત્યારે પડી ગયેલું તેથી તેમની તરફ હજાર પ્રકારનાં વિચિત્ર દાંતિયાં કરતું દોડતું આવ્યું. ટૉમી, મિ. બારલો કરતાં જાઉં નહિ એવો નિશ્ચય કરી તેના સામો દોડી આવ્યો, અને તે જાનવરની કમ્મરે દોરી બાંધેલી હતી તે પકડી લીધી. પણ તેણે પકડાવાનું પસંદ નહિ કરીને, તરતજ ટૉમીના હાથ ઉપર બચકું ભર્યું અને તેના માંસ ઉપર દાંત પણ કાંક બેસાર્યા. પણ ટૉમી, હવે હિંમતમાં અને હાથ પગની ચાલાકીમાં હોંશિયાર થયો હતો, તેથી તેણે પોતાના દુશ્મનને નાશી જવા દેવાને બદલે, પોતાના હાથમાં લાકડી હતી તેનાથી તેને ઝાપટવા મંડયો; છેવટ વાંદરાએ પોતાનો સામાવાળિયો આવી દૃઢતાવાળો છે એમ જાણી પોતાના દોસ્ત રીંછની પેઠે પકડાઇ દોરચું તેમ દોરાવા માંડયું.

પછી તેઓ ઘેર જતા હતા ત્યારે, ટૉમીએ મિ. બારલોને પૂછયું કે, જ્યારે આવું જાનવર છૂટું હોય ત્યારે તેને છેડવું એ ભયંકર છે, એવું તમારા વિચારમાં નથી આવતું શું?

મિ૦ બારલોએ કહ્યું કે, લોકો ધારેછે તેટલું ભયંકર નથી. ઘણાં ખરાં જાનવરો હિંમત જોઈ ડરી જાયછે, અને બ્હીન્યા તો જુસ્સો પકડેછે.

હરિયે જવાબ દીધો કે, "તે, હું માનુંછું, કે ખરૂં છે; કેમકે કૂતરાની એક બીજા તરફની ચાલ મેં ઘણીવાર જોઇછે. જ્યારે બે અજાણ્યાં કૂતરાં મળેછે, ત્યારે તેઓ ઘણું કરીને સંભાળીને એક બીજાથી બ્હીતાં બ્હીતાં પાસે આવેછે; પણ તેમાંનું એક દોડી જાયછે કે તરતજ બીજું ઘણાજ જુસ્સાથી તેની પછાડી પડેછે."

મિ. બારલોએ જવાબ દીધો કે, "કૂતરાંજ ફક્ત એમ કરેછે એમ નથી; ઘણું કરીને સઘળાં જંગલી જાનવરોને બીક હોયછેઃ માટે જંગલમાં ભયંકર જાનવરો પુષ્કળ હોયછે તેમાં થઇને જે માણસોને હથિયાર વગર જવાની જરૂર પડેલી તેઓને રસ્તામાં જ્યારે જ્યારે જંગલી જાનવરો મળેલાં ત્યારે

ત્યારે તાણીને બૂમો પાડવાથી, ઘણીવાર વગર હરકતે બચી ગયેલા છે. પણ મેં તો રીંછને તેનો દેશ છોડયા પછી જે કેળવણી મળેલી તેના ઉપર મુખ્ય આધાર રાખ્યો હતો; મેં જોયું કે એ બીચારા રીંછને, તાબે થઇ નાથથી દોરે તેમ દોરાય અને તમાશો કરી બતાવે એટલામાટે ઘણીવાર મારી મારીને હેરાન કર્યું હશે. મેં જોયું કે, માણુસને તાબે થવાની અને માણુસના અવાજથી થથરવાની તેને ટેવ પડી હશે; માટે આવી રીતે થયેલી અસરથી તે મારી સત્તાને તાબે થશે એમ મને ભરોંસો પડ્યો. તમે જોયું કે મારી તેમાં ચૂક ન હતી અને મેં એમ કરચું તો પેલી બાયડિયો તથા છોકરાંમાંનાં કોઇને તે કદાપિ નુકસાન કરી બેસત, તે અટક્યું."

આવી રીતે મિ. બારલો વાત કરતા હતા તેવામાં, ટૉમીના હાથમાંથી લોહી નીકળતું તેમના જોવામાં આવ્યું, અને તેનું કારણ પૂછ્યું, ત્યારે પેલા વાંદરાસાથેનો જે પ્રસંગ બન્યો હતો તેની હકીકત તેમના સાંભળવામાં આવી. પછી મિ. બારલોએ તેનો જખમ તપાસ્યો, ને જોયું તો કાંઈ ઘણું વાગ્યું નોહોતું; પછી તેમણે ટૉમીને કહ્યું કે, આ અકસ્માત બન્યો તેથી હું ઘણો દિલગીર છું, પણ હું ધારૂંછું કે હવે તમારામાં એટલી હિંમત આવી હશે કે તેથી આવા જુજ વાગ્યાને તમે નહિ ગણકારો. ટૉમિયે તેને ખાતરીથી કહ્યું કે, "હા એટલી હિંમત આવીછે;" અને પછી વાંદરાના સ્વભાવ બાબત કેટલાએક સવાલ તે પૂછવા મંડ્યો, ને તેના મિ. બારલોએ નીચે પ્રમાણે જવાબ દીધાઃ—"વાંદરૂ તે એક ઘણું વિચિત્ર જાનવર છે, તેનો દેખાવ અને આકાર માણુસને મળતો છે. એ તો તમારા જોવામાં પણ આવ્યું હશે. તે ગરમ દેશમાં રેહેછે, અને દુનિયાંના ઘણા ભાગમાં તે ગરમ દેશનાં જંગલો એ જાનવરોથી ભરેલાં હોયછે. તે અતિશય ચંચળ છે, અને તેના આગલા અવયવો માણુસના હાથને મળતા છે; તેથી તે ઝાડ ઉપર ચઢી જવામાં, અને ડાળિયોએ લટકી પડવામાં તેનો ઉપયોગ કરેછે. જંગલની પુષ્કળ ઝાડીને લીધે તે કેટલાક મૈલસુધી દૂર, જમીનને અડકયાવગર જઈ શકેછે. તે દેશોમાં દરેક જાતનાં જે જંગલી ફળ નીપજેછે તે ખાઈને તે પોતાનું ગુજરાન ચલાવેછે, તેથી ખાવાનું મેળવવાનેમાટે તેને જાથુ હીલચાલ કરવી પડેછે.

તેમ તે તેના જન્મભૂમિભૂત જંગલમાંથી જે મળેછે, તે ખોરાકથી હમેશ સંતોષ માનીને રેહેતું નથી. આ જાનવરોનાં મોટાં ટોળાં વારંવાર પાસેની વાડિયોમાં લૂંટ કરવાને નીકળી પડેછે; અને તેમની હિકમત અને ચતુરાઇની ઘણી અજાયબીભરી વાતો કેહેવામાં આવેછે.

"એવું કેહેવાયછે કે, માણસની પેઠે તેઓ બંદોબસ્તથી, અને સાવચેતીથી કામ કરેછે. આ જાનવરોમાં કેટલાંએકને, બાકીનાંને ખબર આપવામાટે બાતમીદાર તરીકે રાખવામાં આવેછે, અને કોઈ માણસ વાડી આગળ આવી ચઢેછે તો, પેલા ચોરી કરનારમાંનું એકાદ તરેહવાર રીતે દાંત કડકડાવીને તેમને ખબર કરેછે, એટલે તેઓ સઘળા તરતજ નાશી જાયછે."

હરીએ જવાબ દીધો કે, "મારા માનવામાં તે સ્હેજ આવી શકેછે: કેમકે મેં જોયું છે કે, જ્યારે રૂકપક્ષીનું ટોળું અનાજના ખેતર ઉપર ઉતર્યું હોયછે ત્યારે, તેમાંના બે અથવા ત્રણ, ઉંચામાં ઉંચું ઝાડ તેઓને માલમ પડે તે ઉપર બેસેછે; અને જો કોઈ માણસ આવી ચઢે તો, તેઓ કાઉ કાઉ કરી તેમને ખબર આપેછે, અને તરતજ તે સઘળાં પાંખો પસારીને ઉડી જાયછે."

મિ૰ બારલોએ જવાબ દીધો "પણ વાંદરાં તો ચોરી કરવામાં એથી વધારે અક્કલ દોડાવેછે; કેમકે જ્યારે તેમને કોઈ વાડી લૂંટવાની મરજી હોયછે ત્યારે તેઓ પોતાને રેહેવાના જંગલમાંથી માંડીને તે વાડી સુધી પોતામાંના કેટલાકને એક બીજાથી થોડે થોડે છેટે હારોહાર બેસારેછે. આ પ્રમાણે કર્યા પછી કેટલાએક સારામાં સારાં ફળથી ભરેલાં ઝાડ ઉપર ચઢેછે, અને ફળ તોડીને જે તેમના સાથિયો નીચે ઉભેલા હોયછે તેમના ઉપર નાંખેછે; તેઓ થોડેક છેટે બીજા હોયછે તેમને આપેછે; અને એવી રીતે, જે જંગલમાંથી તેઓ આવેલા હોય ત્યાં સહિસલામત એ ફળ પોહોંચે ત્યાં સુધી એક હાથથી બીજે હાથે તે ફેંકાયછે. જ્યારે તેઓને ઘણાં ન્હાનપણમાંથી પકડેલાં હોયછે, ત્યારે તેઓ સેહેલાઇથી પાળી શકાયછે, પણ હમેશ તેઓને ઉત્પાતિયાવેડા બહુ ગમેછે, અને તેમની રૂબરૂમાં જે કાંઇ થતું હોય તેની તેઓ નકલ ઘણી કરેછે. આ બાબતમાં

તેમના વિષે ઘણી હસવા લાયક વાતો કેહેવામાં આવેછે. મેં સાંભળ્યું છે કે, એક ગૃહસ્થના ઘરમાં એક વાંદરૂં હતું, તેણે ઘણીવાર પોતાના શેઠને હજામત કરાવતાં દીઠો હતો. એક વખત તે નકલી જાનવરના મગજમાં હજામ બનવાનો વિચાર આવ્યો, તેથી તેજ ઘરમાં એક બીલાડી હતી તેને એક હાથમાં પકડી, અને બીજા હાથમાં એક શાહીનો સીસો હતો તે લીધો, અને તે ઘણા સુંદર આરસપહાણના જીનાને મથાળે તેને લેઈ ગયું. તે બીલાડીની ચીસોથી નોકરોનું ધ્યાન તે તરફ ખેંચાયું, અને તેઓ દોડી આવ્યા, અને તેમના જોવામાં આવ્યું કે નિસરણીના ઉપલા પરથારે તે વાંદરૂં ગંભીરતાથી બેઠેલું છે, અને તેના એક પંઝાથી તે બીલાડીને મજબુત પકડી છે, અને બીજા પંજાથી, જેવી રીતે તેના શેઠને હજામ કરતો હતો, તેવી રીતે તે બીલાડીના મોં ઉપર શાહી લગાડી ઘસેછે. આથી તેમને બહુ ગમત થઈ. જ્યારે તે બીલાડી નાસવાને માટે તરફ્ડીયાં મારતી, ત્યારે તે વાંદરૂં, તેને પોતાના પંઝાથી થાબડતું હતું; અને દાંત કડકડાવતું, અને હસવું આવે એવા મ્હોંના ચાળા કરતું. અને જ્યારે તે ચૂપ રેહેતી, ત્યારે તે શીશી લેઈને મંડતું ને પોતાનું કામ જારી રાખતું."

"પણ મેં આ જાનવરોની નકલ કરવાની હોંસિયારીની એક બહુ કરૂણાજનક વાત સાંભળી છે. એ જાતનું એક જાનવર એક કિલ્લાબંદી શેહેરમાં રેહેતું હતું, અને તે વારંવાર તે કિલ્લાની ઉપર દોડમદોડા કરતું હતું, ત્યાં એક ગોલંદાજને તે શેહેરના બચાવ માટે રાખેલી મોટી તોપો છોડતાં તેણે જોયો હતો. એક રોજ જે જામગરીવતી એ માણસ પોતાનું કામ કરતો હતો, તે જામગરી સળગાવેલી તેના હાથમાં આવી, એટલે તે એક તોપના જામગરી મૂકવાના બાકામાં લગાડીને, તે તેનો ભડાકો જોવાને તેના મોં આગળ દોડયું. પણ તરત તોપ ફૂટી, અને તેથી તે બીચારા વાંદરાના કડકેકડકા થઈ ઉડી ગયા."

એ સંધિમાં ટૉમીને મિ૰ બારલોના ઘરમાં આ પ્રમાણે કેળવણી મળતાં ઉન્હાળો વીતી ગયો હતો; તે દરમિયાનમાં તેના શરીર અને મનની શક્તિ સારી વધી હતી: કેમકે તે હવે

ચીઢિયો અને મીજાજી ન હતો, તેમ ઋતુઓના બદલાવાથી સેહેજસેહેજમાં તેને અસર થાય એમ થતું ન હતું.

અને હવે બહુજ સખ્ત શિયાળો બેઠો. પાણી ઠરીને નક્કર બરફના ઢગલા થઇ ગયા; ઝાડ પાંદડાંવગરનાં થઇ ગયાં, અને ન્હાનાં પક્ષિયો, જે અગાઉ ખુશીથી ચીં ચીં કરતાં, તે હવાની સખ્તાઇથી મૂગે મ્હોડે દિલગીર થતાં હોય એમ જણાવા માંડયાં. એક દિવસે ટૉમી, જ્યારે પોતાની કોટડીમાં પેઠો ત્યારે તેણે, એક ઘણું સુંદર ન્હાનું પક્ષી ઉડતું દીઠું. તેથી તે અચંબો પામ્યો. તે મેડેથી નીચે ગયો અને મિ૦ બારલોને કહ્યું. તેણે તેને કહ્યું કે, તે રાતી છાતીનું રૉબીનનામનું પક્ષી કેહેવાય છે, અને તે કોઈ પણ બીજી જાતના પક્ષી કરતાં સ્વાભાવિક રીતે વધારે જલદી હળી જાયછે. પણ તેણે વિશેષે કરીને કહ્યું કે, "આ વખત, તે ન્હાના પ્રાણીને ખોરાક જોઈયે છે; ભૂખને લીધે આ અસાધારણ હિંમત એનામાં આવી છે."

ટૉમિયે કહ્યું કે, ત્યારે, સાહેબ, જો તમે મને રજા આપો તો, હું રોટલીનો કડકો લાવીને તેને ખવરાવું."

મિ૦ બારલોએ જવાબ દીધો કે, "તેમ કરો, પણ પેહેલાં બારી ઉઘાડી મૂકો, કે જેથી તે સમજે કે તમારો તેને કેદ કરવાનો ઇરાદો નથી."

ટૉમીએ એ પ્રમાણે બારી ઉઘાડી, અને તે કોટડીમાં થોડો રોટલીનો ભૂકો વેર્યો, તેથી પેલું પક્ષી નીચે કૂદી પડયું. અને પેટ ભરીને ખાધું, તે જોઇને તે ખુશી થયો. પછી તે બારી બાહાર ઉડી ગયું, અને પાસેના ઝાડ ઉપર જઇને બેઠું, અને પોતાની પરૂણાગત થઈ તેનો જાણે ઉપકાર માનતું હોય એવી રીતે, આખો વખત ગાયાં કર્યું.

આ નવા ઓળખાણથી ટૉમી ઘણોજ ખુશી થયો, આ વખતથી દરરોજ સવારમાં પોતાની બારી ખુલ્લી મૂકવાને અને તે કોટડીમાં થોડો ભૂકો વેરવાને તે કદી ચૂકતો નહિ, અને તે પક્ષી નિશ્ચિતપણે કૂદીને માંય આવતું, અને તે પોતાના ઉપર ઉપકાર કરનારની છાયા નીચે મોજ માણતું. ધીમે ધીમે તેમની દોસ્તી એટલી વધી કે, તે ન્હાનું રૉબીન ટૉમીના ખભા ઉપર

આવીને બેસે, અથવા તેના હાથમાંથી ખાય, જેથી ટૉમીને એટલો બધો સંતોષ થતો કે તે વારંવાર મિ૦ બારલો અને હરીને પોતાના વ્હાલા પક્ષીનાં લાડ દેખાડવાને બોલાવતો; ને પોતાના નાનકડા ભાઈબંધનો ભાગ રાખ્યા વગર તે કદી ખાણું ખાતો નહિ.

પરંતુ, એક દિવસે, ટૉમી જમ્યા પછી હમેશની માફક પોતાના પક્ષીને ખવરાવવાના વિચારથી મેડે ગયો, પણ, જેવું તેણે પોતાની કોટડીનું બારણું ઉઘાડયું કે તરત તેનું કાળજું ભેદી નાંખે એવો દેખાવ તેના જોવામાં આવ્યો. તેનો ન્હાનકડો દોસ્ત અને સોબતી ભોંય ઉપર મુવેલો પડેલો અને એક મોટી બીલાડી બારીમાંથી કૂદીને નીકળી જતી તેણે દીઠી. ટૉમી આંસુથી ઉભરાતી આંખે તરત પોતાના લાડકડાના મોતની વાત કેહેવાને, અને જે ઘાતકી બીલાડિયે તે કામ કર્યું હતું તેના ઉપર વેર વાળવાની અનુમતિ લેવા નીચે દોડી આવ્યો. મિ૦ બારલોએ ઘણાજ આર્દ્ર ચિત્તે એ વાત સાંભળી, પણ પછી પૂછ્યું કે તે બીલાડીને શી સજા કરવાની તારી મરજી છે?

ટૉમી૦—અરે! સાહેબ, તેણે તે ગરીબ પક્ષીને મારી નાંખ્યું તેમ તેને મારી નાંખવી એવી મારી મરજી છે.

મિ૦ બારલો૦—પણ તેણે તમારા પક્ષી ઉપર કોઈ પણ પ્રકારની દ્વેષબુદ્ધિથી તે કામ કર્યું છે, કે ફક્ત તે ભૂખી હતી તે કારણથી, અને તેય એવી રીતે તેને શીકાર કરવાની ટેવ પડેલી તેથી કર્યું એમ તમે ધારો છો?

ટૉમીએ કબુલ કર્યું કે, તે બીલાડીને મારા પક્ષી ઉપર કોઈ પણ જાતની દ્વેષબુદ્ધિ હતી એવો મને અંદેશો નથી, અને તેટલામાટે હું ધારૂંછું કે તેને ભૂખ લાગવાથી તેવું કરવાને તે ઉશ્કેરાયલી.

મિ૦ બારલો૦—તમારા જોવામાં નથી આવ્યું કે ઉંદર અને બીજાં નાનાં જાનવરોનો શીકાર કરવાનો તેનો સ્વભાવ છે?

ટૉમી૦—હા, સાહેબ, ઘણીવાર જોયું છે.

મિ૦ બારલો૦—અને તમે કદી તેને બીજી ટેવ શીખવવાનો પ્રયત્ન કર્યો છે?

ટૉમી૦—મેં કર્યો છે એવું હું કહી શકતો નથી.

મિ૦ બારલો૦—ત્યારે તે બીલાડી કરતાં તમારો દોષ વધારે નથી? જે કરવાથી ગુનો થાયછે એવું તેને કદી તમે શીખવ્યું નથી, તે કરવા બાબત તેને મારી નાંખવી તે કરતાં નાના પક્ષીઓનો શીકાર હવે કરવો નહિં, એવું તે બીલાડીને શીખવવાનો પ્રયત્ન કરવો એ વધારે યોગ્ય છે કે નહિ?

ટૉમી૦—પણ તે કાંઈ બની શકે એવું છે?

મિ૦ બારલો૦—હું ધારૂંછું કે ખરેખર બની શકે એવું છે. પણ આપણે અજમાવી તો જોઇયે?

ટૉમી૦—પણ શામાટે એવું નુકસાનકારક પ્રાણી જીવતું રેહેવું જોઇયે?

મિ૦ બારલો૦—કારણ કે જે પ્રાણી બીજાનો શીકાર કરેછે તેવા દરેક પ્રાણીને તમે મારી નાંખો તો પછી થોડાંજ જીવતાં રહે.

ટૉમી૦—ખરેખર, સાહેબ, તે ગરીબ પક્ષી એવું ઘાતકી કામ કદી કરતું નોહોતું.

મિ૦ બારલો૦—હું તેમ કહી શકતો નથી. ચાલો ખેતરોમાં જઇને જોઇયે કે તેઓ શું ખાઇને જીવેછે, ત્યાર પછી આપણે એ વિષે વધારે સારી રીતે જવાબ આપી શકીશું.

મિ૦ બારલો બારી આગળ ગયા, અને એક રૉબીનપક્ષી તેના મ્હોંમાં કાંઈ ઘાલીને ઘાસ ઉપર કૂદતું હતું, તેને જોવાને ટૉમીને કહ્યું, અને પૂછ્યું કે તમારા ધારવામાં એ શું છે વારૂ?

ટૉમી૦—ખરેખર, સાહેબ, તે એક મોટો કીડો છે. અને અરે હમણાં તે તેને ગળી ગયું! હું કદી એવું ધારતો નોહોતો કે આવું સુંદર પક્ષી આવું ઘાતકી હશે!

મિ૦ બારલો૦—તમે એમ ધારોછો કે એ કીડાને શું દુઃખ થાયછે તે તે પક્ષી જાણતું હશે?

ટૉમી૦—ના, સાહેબ.

મિ૦ બારલો૦—ત્યારે તેનામાં તે ઘાતકીપણું નથી. ઈશ્વરે તેને જાનવરના ખોરાકમાટે પ્રેરણા કરેલી છે, અને જેમ ઘેટાં અને બળદ ઘાસ ખાયછે અથવા ગધેડું ઝાંખરાં ખાયછે ત્યારે પોતપોતાની પ્રેરણા પ્રમાણે ચાલે છે તેજ પ્રમાણે તે એ પ્રેરણા પ્રમાણે ચાલેછે.

ટૉમી૦—તે બીલાડીએ, તે ગરીબ પક્ષીના ફાડીને કડકે

કડકા કરવાથી ઘાતકીપણાથી દોષિત થઇ તે કદાપિ તેના જાણ-વામાં નહિ હોય?

મિ૰ બારલો૰—તે પક્ષીને તે કીડા પ્રતિ પોતાનું ઘાતકી-પણું માલમ હોય તો તેને એ હોય. બીલાડીનો સ્વાભાવિક ખોરાક ઉંદર, પક્ષી, અને એવાં બીજાં ન્હાનાં જાનવરો છે, તમે તમારા પક્ષીની જે કિંમત ધારોછો, તે તેના સમજવામાં આવી શકે એમ નથી, માટે એકાદ ઉંદર પકડી તમને ગુસ્સે કરવાનો એનો ઈરાદો ધરાય તો આમાંય તેમ ધરાય.

ટૉમી૰—પણ મારી પાસે બીજું પક્ષી પાળેલું હોય તો તે પણ આ ગરીબ પક્ષીને મારી નાંખ્યું તેવી રીતે તે મારી નાંખે?

મિ૰ બારલો૰—તે કદાપિ અટકાવી શકાશે. જે લોકો પ-ક્ષિયો વેચવાનો ધંધો કરેછે, તે લોકોને કેહેતાં મેં સાંભળ્યું છે કે પક્ષિયોને બીલાડિયો છેડે તેને અટકાવવાનો એક ઉપાયછે.

ટૉમી૰—અરે, સાહેબ, ત્યારે મારે તે અજમાવી જોવાની મરજી છે. હવે બીજાં પક્ષિયોને મારી નાંખતાં તે બીલાડીને શી રીતે અટકાવવી તે તમે મને બતાવશો?

મિ૰ બારલો૰—ઘણીજ ખુશીની સાથે બતાવીશ. કોઈ જા-નવરને મારી નાંખવું તેના કરતાં તેની કટેવ મટાડવી એ વધારે સારૂં છે. વળી મને આ બીલાડી ઉપર વિશેષ પ્યાર છે, કેમકે તે ન્હાંનું બચોળિયું હતી ત્યારે તે મારા હાથમાં આવી હતી અને તેને મેં ઉછેરીને પાળી કરી એવી ગરીબ બનાવી દીધી છે કે તે કૂતરાની પેઠે મારી પાછળ ફર્યાં કરેછે. તે દરરોજ સવારમાં મારી કોટડીના બારણા આગળ આવેછે, અને તેને અંદર આવવા દેઉં ત્યાં સુધી મીંઆઉં મીંઆઉં કરેછે; અને જેમ કોઈ મુલાકાત લેવા આવનાર ગંભીરાઇ અને વિવેકથી બેસે તે પ્રમાણે ખાણા અને નાસ્તા વખતે ટેબલ ઉપર બેસેછે, ને ખોરાકને અડકતી નથી. ખરેખર, તેનો આ વાંક આવ્યો તે પેહેલાં તમે પણ તેને ઘણાજ પ્યારથી લાડ લડાવતા; તે મેં ઘણી વખત જોયું છે. અને તમારૂં મન સમજતું હોય એમ તે બચ્ચું હમેશાં મીંઆઉં માંઆઉં કરતું.

એ વાતને થોડા દિવસ થયા પછી, તે ઘરમાં બીજું રૉબીનપક્ષી ઉડી આવ્યું, અને તેણે ટૉમીની સાથે ઓળખાણ કરવાનું શરૂ કર્યું. પણ મિ૦ બારલો તે પક્ષીને ભયથી છોડવવાને મદદ કરવાનું વચન આપે એવું માગી લેતા સુધી તેને કોઇ પણ રીતે હળી જવાની લાલચ તેણે આપી નહિ. તેટલામાટે મિ૦ બારલોએ નવા પરૂણાને એક ન્હાના તારના પાંજરામાં લલચાવીને ઘાલ્યું, અને તે અંદર પેઠું તેવું તરતજ તે ઉડી જાય નહિ માટે બારેણું બંધ કરી દીધું. પછી તેણે માંસ સીજવવાને વાપરવામાં આવેછે તેવું ન્હાનું દાંતાવાળું લોઢાનું વાસણ લેઇને લાલચોળ થતા સુધી તપાવીને, જે પાંજરામાં પેલા પક્ષીને પૂરેલું હતું, તે પાંજરાપાસે મૂકયું. પછી તેણે પેલી બીલાડાને તે કોટડીમાં લલચાવીને આણવાની યુક્તિ રચી અને તેને પોતાની મરજીમાં આવે તેમ કરવા દેવાને બંને ન્હાના છોકરાઓને બાહાર ખશેડયા. તેમના જોવામાં આવ્યું કે તે પાંજરા સામી તે બીલાડી નજર તકાવેછે, અને છાનીમાની તેનું શરીર જમીનને અડકવુંજ બાકી રહે એટલી દબતી સરીને તે પાંજરાની પાસે જવા માંડેછે. અને જ્યારે તેના મનમાં આવે છે કે જોઇયે તેટલા અંતરે આવી છું, ત્યારે તે પોતાની સઘળી ચપળતા વાપરીને જુસ્સાથી કુદકારો મારે છે. આથી જો પેલું દાંતાવાળુ વાસણ એની ટક્કર ઝીલવાને વચમાં ન હોત તો પેલા પક્ષીના સોવશા પ્રાણ જાત. તે આશાભંગ થઈ એટલીજ શિક્ષાથી આવી રહ્યું એમ નોહોતું: પેલા યંત્રના શળિયા એટલા બધા તપાવેલા હતા કે, તેના ઉપર થઈ ઘસતાં તેનું શરીર કેટલેક ઠેકાણે દાઝયું; તેથી તે વેદના પામતી ભયભીત થઇને મીંઆઉં મીંઆઉં કરતી, આ રણસંગ્રામમાંથી જતી રહી; અને આ સાહસ કર્મથી તેના ઉપર એટલી બધી અસર થઈ કે, ફરીને કદી તેણે પક્ષિયોને મારી નાંખવાનું પ્રયત્ન કર્યું નહિ.

હવા હજી ઠંડી ચાલતી હતી, તેથી સઘળાં પ્રાણીને તેની અસર લાગવા માંડી હતી, અને સસલાં જે સર્વ જાનવરો કરતાં ઘણાં બીકણ હોયછે, તે પણ સખ્તઋતુની અસરથી જે કાંઈ વનસ્પતી થોડી રહી ગયેલી હોય તે ખોળી કાઢવાને બાગમાં વારંવાર દોડમદોડા કરતાં જોવામાં આવતાં હતાં. જે કાંઈ છો-

ડવા મળી આવતા તે સઘળા થોડા વખતમાં તેઓ ખાઈ ગયાં, અને છેવટ ઝાડની છાલ પણ કરડવા મંડયાં. એક દિવસ ટૉમી બાગમાં ફરતો હતો ત્યારે તેના જોવામાં આવ્યું કે જે વ્હાલું ઝાડ તેણે પોતે પોતાને હાથે વાવ્યું હતું, અને જેના ઉપર પુષ્કળ ફળ આવવાની તેણે આશા રાખી હતી, તે પણ નુકસાનથી બચ્યું નથી, અને મૂળ આગળથી આશપાશ કરડી ખાવામાં આવ્યું છે અને તેથી મરી ગયું છે. એ ન્હાનો છોકરો પોતાના હાથની નીપજનો નાશ થયેલો જોઇને તે ખાઈ જનારાં સસલાં ઉપર વેર વાળવાની માગણી કરવાને એટલો બધો ગુસ્સે થઇ ગયો કે, આંખમાં આંસુ લાવીને તે મિ૦ બારલો પાસે દોડી આવ્યો.

મિ૦ બારલોએ કહ્યું કે, "ખરેખર, તેઓએ જે કર્યું તે માટે હું દિલગીરછું, પણ તેનો અટકાવ કરવાનો હવે વખત રહ્યો નથી."

ટૉમીએ જવાબ દીધો, "હા, પણ તમે તે સઘળાં નુકસાન કરતાં પ્રાણીઓને મરાવી નાંખો તો તેઓ ફરીથી વધારે નુકસાન કરે નહિ."

મિ૦ બારલોએ જવાબ દીધો કે, "થોડી વાર ઉપર તમારે બીલાડી ઘાતકી છે ને જીવતાં જાનવરોનો શિકાર કરેછે તેથી તેને મારી નાંખવી હતી; અને હવે જે સસલાં વનસ્પતિ ખાઇને ગુજારો કરેછે, તે બધાંને તમારે મારી નાંખવાં છે."

ટૉમી જરા આભા જેવો થઇ ગયો પણ તેણે કહ્યું કે, તે વનસ્પતી ખાઈ જીવેછે તેટલામાટે, મારે તેમને ઇજા કરવી નથી, પણ મારા ઝાડનો નાશ કર્યો તેટલામાટે કરવી છે.

મિ૦ બારલોએ કહ્યું, "પણ તમારૂં ઝાડ ને બીજું ઝાડ એ જાનવરો ઓળખી શકે એવી તમે શી રીતે આશા રાખો છો? તમારે એ ઝાડની પાસે સસલાં આવી ન શકે એવી તેની આશપાશ વાડ કરી લેવી જોઇતી હતી.

ટૉમી૦—આ ઋતુ કેવી બેચેની ઉપજાવે એવી અને શૂન્યકાર છે; મને લાગે છે કે હમેશાં ઉન્હાળો હોત તો બહુ સારૂં.

મિ૦ બારલો—કેટલાએક દેશોમાં એવું છે; પણ ત્યાંના

રેહેવાસિયો, તમે ટાઢની ફરિયાદ કરોછો તે કરતાં, અસહ્ય તાપની ફરિયાદ વધારે કરેછે.

ટૉમી૦—ત્યારે જે દેશમાં હમેશાં માફક સર ટાઢ ને તાપ પણ તેવોજ હોય એવા દેશમાં મને રેહેવાનું ગમે.

મિ૦ બારલો૦—એવો દેશ ભાગ્યેજ મળી આવે; અથવા કદાપિ હશે તો તેમાં પૃથ્વીનો એટલો થોડો ભાગ હશે કે ઘણાજ થોડા રેહેવાસિયોને રેહેવાની જગ્યા મળી શકે.

ટૉમી૦—ત્યારે હું ધારૂંછું કે દરેક આદમી ત્યાં રેહેવાની ઇચ્છા કરે.

મિ૦ બારલો૦—એમાં તમારી ભૂલ છે, કેમકે ખરાબમાં ખરાબ હવાવાળા દેશના રેહેવાસિયો કરતાં સારામાં સારી હવાવાળા દેશના લોકોને ઘણી વખત પોતાના દેશ ઉપર મોહ ઓછો હોયછે. ઘણા વખતની ટેવથી હર કોઈ પ્રકારની અવસ્થા લોકોને ગોઠી જાયછે, અને જે જગ્યામાં તે જન્મ્યા હોયછે તે જગ્યાથી તેઓ એકસરખી રીતે સંતુષ્ટ રેહેછે. એક લેપલેન્ડ નામનો દેશ છે, જે વર્ષમાં ઘણા દિવસ સુધી જાથુ બરફથી ઢંકાયલો રેહેછે, તોપણ ત્યાંના રેહેવાસી તે મૂકીને પૃથ્વીના બીજા કોઈ ભાગમાં જવાને ખુશી જણાતા નથી.

ટૉમી૦—એવા ન ગમે એવા દેશમાં તેઓ શી રીતે રેહેતા હશે?

મિ૦ બારલો૦—થોડો ખોરાક, સંકટ અને કસરત, તમે ધારોછો તેટલે બધે દરજ્જે હાનિકારક નહિ હોય. અમિતાહાર ને મોજ કરતાં આવી રીતે જીંદગી ગાળવાથી વધારે સારી તંદુરસ્તી રેહેછે. આ બાબતવિષે થોડી મુદત ઉપર મેં એક વાર્તા વાંચી છે એમ મને સરત છે, તે જો તમારી મરજી હોય તો હું સંભળાવું.

પછી મિ૦ બારલોએ નીચે પ્રમાણે વાર્તા વાંચી.

## આશ્ચર્યકારક રીતે સંધિવા મટયાની એક વાર્તા.

ઇટાલીદેશના એક પ્રાન્તમાં એક પૈસાદાર ગૃહસ્થ રેહેતો હતો, તેનું ચિત્ત પોતાનું મન સુધારવામાં અથવા શરીર કસવામાં

લાગતું નોહોતું, તેથી તેને ઘણું કરીને ખાખા કરવાની ટેવ પડી હતી. તેને વિચારજ એવા આવતા હતા કે, આપણે આજ ખાણામાં શું ખાવું, અને ઘણાજ સ્વાદિષ્ટ પદાર્થો શી રીતે મેળવવા. ઇટાલીમાં ઘણી સરસ જાતના દારૂ પેદા થાયછે. પણ તે આપણા સવાદિયા ભાઇને બસ ન હતા. તેણે ફ્રાન્સ અને સ્પેનદેશના જૂદા જૂદા ભાગોમાં, તે દેશના ઘણાજ કિંમતી દારૂ ખરીદવાને સારૂ આડતિયાઓ રાખ્યા હતા. તેણે સઘળાં દરિયાકિનારા ઉપરનાં શેહેર સાથે, પોતાને દરેક જાતની માછલિયો હમેશાં મળ્યાં કરે એટલામાટે, કાગળપત્રનો વ્યવહાર રાખ્યો હતો. તેના ગામનો દરેક મરઘી વેચનાર તથા માછલી વેચનાર તેને પસંદ પડે એવી નવાઇની નમુના દાખલ ચીજો મોકલવાને બંધાયા હતા. વળી તેણે જમણની છેવટમાં શું ચીજ રજુ કરાવવી તે વિષે સૂચના આપવાને ખાસ એક માણસને રાખેલો હતો. સવારમાં નાસ્તો કરી રહ્યા પછી તરતજ તે પોતાની પુસ્તકશાળામાં જતો, અને એક આરામ ખુરશીમાં બેસીને, અને પોતાની હડપચી નીચે રૂમાલ લગાડીને, પોતાના મુખ્ય રસોઇયાને પોતાની પાસે બોલાવવાનો હુકમ કરતો. તરતજ તે રસોઇયો બે ચાકરોને સાથે લેઇને આવતા, તે દરેક જણ મોટા કદની રૂપાની રકાબી લાવતો, તે ઉપર બની શકે તેટલી જૂદી જૂદી જાતના સ્વાદવાળી વસ્તુઓના પ્યાલા મૂકેલા હોય તેમાંના દરેકમાં તે ગૃહસ્થ ઘણીજ ગંભીરાઇથી રોટલીનો કડકો બોળીને તેનો સ્વાદ લેતો; જેમ રાજ્યના કારભારના કાગળોમાં સાહિયો કરતો હોય તે માફક તે બાબત ઉપર બરોબર ચોકસપણેથી, અને ઘણીજ કાળજીથી હુકમો આપતો. જ્યારે આ અગત્યનું કામ પૂરૂ થાય ત્યારે ઘણું કરીને તે એ કામની મેહેનતના થાકથી આરામ લેવાને પોતાના કોચમાં પડતો, અને પાછો ખાણામાટે તૈયાર થતો. જ્યારે તે હર્ષજનક સમય આવતો ત્યારે કેવી જૂદી જૂદી પ્રકારની માછલી માંસ, પક્ષી વગેરે તેની આગળ મૂકવામાં આવતાં અથવા કેવા વિસ્મય પમાડે એવા અકરાંતિયાપણાથી તે સઘળી ચીજોમાંથી ખાતો તેનું વર્ણન થઈ શકે એવું નથી; ઘણાજ ઉમદા દારૂ અને અતિશય સ્વાદિષ્ટ પાન (પીવાની ચીજો)થી પોતાની

ભૂખ તેજ કર્યા કરતો તે છેવટ હવે વધારે પેટમાં નહિ માય એવું થતું ત્યારેજ ફક્ત બંધ પડતો.

આવા પ્રકારે તેણે પોતાની રીત ચલાવ્યા કરી તેથી છેવટે તેની ચરબી એટલીતો વધી કે તેને હાલતાં ચાલતાંએ ભારે પડવા લાગ્યું. તેનું મ્હો ફૂલી ગયું, અને તેના પગ વધીને થાંભલા જેવા થઈ ગયા છતાં એ તેના શરીરનું અતિ ભારે વજન ખમી શકતો ન હતો. એથી વધારામાં વળી તેના અવયવોમાં તેને ઘણું કળતર થતું હતું, એથી છેવટે તેમાંથી તેને ભારે સાંધવા થયો. પછી તે દરદ ઓછું થયું, એટલે પાછા આ કમનશીબ સ્વાદિયા ભાઈ પણ પોતાની અમિતાહારની ટેવ ઉપર પડ્યા. આ તેની ચેનબાજી ઝાઝી રહી નહિ. છેવટે તેના તમામ અવયવો હાલતા બંધ થઈ ગયા; આવી દુઃખી સ્થિતિમાં તેણે ઘણા લોકોને આશ્ચર્ય પમાડે એવી રીતે મહારોગ મટાડેછે એવી જેની આબરૂ બંધાઈ હતી તેવા વૈદ્યની સલાહ લીધી.

તે વૈદ્યને તે ગૃહસ્થે પૂછ્યું, "ડાક્તરસાહેબ, જુઓ, હું કેવી દુઃખદાયક સ્થિતિમાં આવી પડ્યો છું."

વૈદ્યે જવાબ દીધો.—"હા ભાઈ, હું જોઉછું, હું ધારૂંછું કે તમે પોતે તમારા અમિતાહારથી એ સ્થિતિ આણી છે."

તે ગૃહસ્થે જવાબ દીધો. "અમિતાહારનું કહેતા હો તો, હું માનુંછું કે તે વિષે તમે મને કહી શકો એમ નથી. એ વિષે જેટલે દરજ્જે મારે પોતાનો ઓછો બચાવ કરવો પડે એમ છે તે કરતાં વધારે ઓછો બચાવ કરવો પડે એવા કોઇકજ હશે. ખરેખર હું રીતસર ખાણું ખાવું અને રીતસર વાળુ કરવું ચાહુંછું, પણ મારા જન્મારામાં મેં નીશો ચઢે એટલો દારૂ પીધો નથી."

તે વૈદ્યે જવાબ આપ્યો. "ત્યારે કદાચ તમે જોઇયે તે કરતાં વધારે ઉંઘતા હશો."

તે ગૃહસ્થે કહ્યું, "ઉંઘનું પૂછતા હો તો હું દરરોજ આખી રાતના બાર કલાક બિછાનામાં સુઉંછું, કારણ કે મારા શરીરને સવારના પ્રહરની તીક્ષ્ણ હવા ઘણીજ નુકસાનકારક માલમ પડેછે; પણ મારી છાતીમાં બળતરા થાયછે તેથી મને એટલું દુઃખ થાયછે કે આખી રાત મને કવચિતજ ઉંઘ આવેછે; અથવા ઉંઘ આવે તો જાગું ત્યારે વેદના થાયછે."

ડાક્તરે જવાબ દીધો, "ખરેખર એ ઘણું ભયંકર ચિન્હ છે; તમને આટલી બધી રાત્રિથી બરોબર ઉંઘ આવતી નથી તો તમે છેકજ ઘસાઈ કેમ ગયા નથી એ મને અચંબો લાગેછે."

તે ગૃહસ્થે જવાબ દીધો કે, "હું દિવસમાં બે અથવા ત્રણ વાર થોડું થોડું ઉંઘી લેવાની તદબીર રચુંછું તેથી જરા ટકી રહી શકયોછું, નહિ તો બેશક ઘસાઈ જાત."

ડાક્તરે વળી પૂછયું કે, "મને લાગેછે કે, કસરત તો તમે વધારે લઈ શકતા નહિ હો."

તે માંદા માણસે જવાબ દીધો કે, "અરે, જ્યારે મારામાં શક્તિ હતી, ત્યારે, અઠવાડિયામાં એક બે વાર મારી ગાડીમાં બેશીને કદિ બહાર ગયાવગર રેહેતો નહિ; પણ મારી હાલની સ્થિતિમાં તો જરાએ હાલુંછું તો તે મારાથી ખમી શકાતું નથી. મારૂં સારૂં શરીર બેતાલ થઈ જાયછે, એટલુંજ નહિ પણ, મારા અવયવો એવા તો સહન ન થઇ શકે એમ અમળાઈ જાયછે કે, તમારા ધારવામાં એમ આવે કે હમણાં આના છેક કડકેકડકા થઈ જશે."

વૈદ્યે જવાબ દીધો કે, "તમારી વ્યાધિ ખરેખર, ખરાબ છે, તોપણ તદ્દન અસાધ્ય નથી; અને જો તમે તમારી ઉંઘ અને ખોરાક ઓછાં કરશો તો, થોડી મુદતમાં તમે બહુ ફેર પડયો જોશો."

તે માંદા માણસે જવાબ દીધો, "અરે! હું જાણુંછું કે તમે મારૂં શરીર કેટલું નાજુક છે તે પૂરેપૂરૂં સમજતા નથી; બાકી જેથી મારો બેશક નાશ થયા વિના રેહે નહિ એવો ઉપાય તમે મને બતાવો નહિ. જ્યારે હું દરરોજ સવારે ઉઠુંછું ત્યારે મારા પેટમાં ઉછાળો આવી બકારિયો આવેછે; મારૂં માથું દુઃખેછે, અને, તે સાથે વળી, એટલી તો અસહ્ય બેહોશી જણાયછે કે, બે કે ત્રણ હોંશિયારી આણે એવાં ઓસડ, અને થોડો પુષ્ટિકારક કાવો પીધા વગર સવાર પાંશરી જઈ શકે નહિ, એમ મને લાગેછે. ના, ડાક્તરસાહેબ, તમારી ચતુરાઈ ઉપર મને એટલો ભરોંસો છે કે જે કાંઈ ગોળી અથવા પીવાનું ઓસડ તમે મને આપશો તે હું ખુશીની સાથે નહિ લેઉં એમ બનશે નહિ. પણ મારા ખોરાકમાં ફેરફાર કરશો તે તો બનવાનું નથી."

વૈદ્યે જવાબ દીધો કે, "એટલે તમે એમ આશા રાખોછો કે તનદુરસ્તિ ઠેકાણે આણવાની મેહેનત લીધા વિના તનદુરસ્તિ એની મેળે ઠેકાણે આવી જાય, અને તમે એમ ધારોછો કે ખોટી રીતે કાઢેલી જીંદગીની અસર ઓસડના થોડા સીસા પીધા એટલે ધોવાઈ જાય. એ રીતે હું તમને મટાડી શકું એમ નથી; માટે મારે તમને ખોટી આશા શા માટે આપવી? કેવળ ઓસડથી તમારો વ્યાધિ જાય એમ નથી, અને તમે ફક્ત તમારી મેહેનતથીજ તે રોગથી મુક્ત થઈ શકશો."

તે ગૃહસ્થે જવાબ દીધો કે, "ભરજુવાનીમાંજ આશા મૂકી હાથ હેઠા પડે એ કેવું દુઃખદાયક છે! નિર્દય ડાક્તર તમને અરે એ નથી? શું મને આરામ કરવાને તમે કાંઈ પ્રયત્ન નહિ કરો?"

વૈદ્યે જવાબ દીધો કે, "સાહેબ, એ બાબત વિષે હું જે જે જાણુંછું તે સઘળું મેં તમને કહ્યું. તોયે વળી હું તમને જણાવુંછું કે, મારાજ ધંધાનો એક બીજો વૈદ્ય છે, જે પેડુઆમાં રેહેછે, તે માણસ ઘણોજ વિદ્વાન અને પ્રમાણિક છે, મુખ્યત્વે કરીને સંધીવા મટાડવાને માટે તે પંકાયલો છે. તેને જો તમારા દરદ વિષે સલાહ પૂછવાનું તમારા મનમાં આવતું હોય તો, હું તમને તેના ઉપર ભલામણનો એક કાગળ લખી આપીશ; કેમજે તે મોટા રાજા સરખાની એ દવા કરવા પણ ઘરની બાહાર નીકળતો નથી."

હવે તે વાતચિતનો છેડો આવ્યો; કેમકે તે ગૃહસ્થને મુસાફરીની અથડામણુજ ગમતી ન હતી, તેથી તે વૈદ્યની રજા લેઈ, ઘણોજ નાઉમેદ થઈ, પોતાને ઘેર પાછો આવ્યો. થોડી મુદતમાં તેને વધારે મંદવાડ થયો અથવા તેના મનમાં એમ લાગ્યું કે હું વધારે માંદો થયો; અને પેડુઆના વૈદ્યવિષેનો વિચાર તેના મગજમાંથી ખસ્યો ન હતો, તેથી છેવટે તે ગામ જવાસારૂ નીકળવાનો તેણે નિશ્ચય કર્યો. આ કારણથી તેણે એક મ્યાનો એવો કરાવ્યો કે, તેમાં નિરાંતે આડા પડયાં પડયાં ખાણું ખાઇ શકાય. એક દિવસથી વધારે મુસાફરી કરવી પડે એટલું દૂર ન હતું, પણ તે ગૃહસ્થે થાક જ્યાદે દાખવવાની બીકે ડહાપણથી એવો ઠરાવ કર્યો કે, ચાર દિવસ કરવા. સિવાય તેણે પોતાની સાથે એક સામાનનું ગાડું રાખ્યું, તેની અંદર ખોરાકની સઘળી

સારી સારી ચીજો જે લેખાયછે તે ભરી; અને રસ્તામાં જોઈતી સગવડમાં ખામી ન આવે તેટલામાટે સાથે તેના બે રસોઇયા લીધા. કંટાળા ભરેલી મુસાફરી કરીને અંતે પેડુઆની નજીક તે આવી પોહોંચ્યો અને ડાક્તર રામોઝીની નામે વૈદ્ય હતો તેને ઘેર તે મ્યાનામાં ને મ્યાનામાં ગયો. ત્યાં તેના નોકરોએ તેને ગાડીમાંથી ઉતાર્યો, એટલે તેને એક ચોખ્ખી પણ સાદી કોટડીમાં લેઇ જઈ બેસાર્યો, ત્યાંથી એક વિશાળખંડમાં વીશ કે ત્રીશ જણ જમવા બેઠા હતા તે જોવાતું હતું. એમની વચમાં વિદ્વાન ડાક્તર પંડે બેઠો હતો, તે ઘણીજ લ્યાકાતથી એ મંડળીને ઉલટથી જમવા કેહેતો હતો. પોતાના જમણા હાથ તરફ એક ફીકા ચેહેરાવાળો માણસ બેઠો હતો તેને ડાક્તર કેહેતો કે, "ભાઈ તમારે આ શેકેલા માંસના ત્રણ કડકા વધારે ખાવા જોઈયે, નહિતો તમારો તાવ કદિ જશે નહિ" વળી તે બીજાને કેહેતો કે "દોસ્ત આ પોરટરનો ગ્લાસ ચઢાવી જાઓ: તે હમણાંજ ઈંગ્લાંડથી નવો આવ્યોછે, અને તે અકળામણ સાથે આવતા તાવ ઉપર રામબાણ ઔષધ છે." પડખે એક બાઇ બેઠી હતી તે તરફ ફરીને, તે બોલતો કે, "તમારા બાળકનો રતવા તમારે મટાડવો હોય તો, તેને મેકારોની રસ પાશો નહિ." તે ચોથાને પૂછતો કે, "ભાઈ, કેમ તમારા પગ ઉપરના ફોલ્લાની શી ખબર છે?" તે માણસ જવાબ દેતો કે, "જ્યારથી હું આપ માનવંતા સાહેબને ઘેર ભોજન કરૂંછું ત્યારથી તો ઘણું સારૂં છે." તેને તે વૈદ્ય ઉત્તર વાળતો કે, "ઠીક ત્યારે, જો તમે સારીપેઠે દારૂજ લીધા કરશો તો, એક પખવાડિયાની અંદર તમને તદન કરાર થઈ જશે."

તે ગૃહસ્થ આ સઘળું સાંભળી બેહદ ખુશી થયો ને બોલ્યો કે, શુકર પરમેશ્વરના નામપર! છેવટે સમજુ વૈદ્ય મને મળી આવ્યો. પેલો મૂઢ લેભાગુ વૈદ્ય જેના પંજામાંથી હું મારૂં નસીબ કે છૂટ્યો, તેની પેઠે આ મને પાણી અને રોટલી ઉપર નહિ રાખે, અને મટાડવાનું બાનું બતાવી ભૂખે નહિ મારે.

છેવટે તે ડાક્તરે તે મંડળીને રજા આપી અને તે લોકો તેનો ઉપકાર માની તથા આશીર્વાદ દેઇને રસ્તે પડ્યા, પછી તે પેલા ગૃહસ્થની પાસે આવ્યો, અને તેને સલામ કરી નીચે પ્રમાણે કહ્યું:—

"સાહેબ, મારા વિદ્વાન મિત્રનો લખેલો કાગળ આવ્યોછે, તે વાંચવાથી હું તમારી હકીકતથી બરોબર વાકેફ થયોછું; ખરેખર તે દુઃસાધ્ય વ્યાધિ છે, તોપણ હું ધારૂંછું કે તદન કરાર થવાની બાબતમાં તમારે નિરાશ થવા જેવું જરાએ નથી." વિશેષ કહ્યું કે, "જો મારૂં ઓસડ કરવાની તમારી મરજી હોય તો તમારે માટે હું મારા હુન્નરની તમામ તદબીરો જે અમે વૈદ્ય લોકોજ જાણિયે છીયે તે યોજીશ; પણ તમારે તમારા સઘળા ચાકરને પાછા મોકલી દેવા જોઇશે, અને ઓછામાં ઓછા એક મહિના સુધી મારા બતાવ્યા પ્રમાણે દવા કરવાને તમારે પક્કી રીતે બંધાવું જોઇશેઃ આવી કબુલત વગર હું કોઈ રાજાને પણ મટાડવાનું માથે લેનાર નહિ."

તે ગૃહસ્થે જવાબ દીધો, "ડાક્તરસાહેબ! તમારા વૈદ્ય લોકોની નીતિ જે મારા જોવામાં આવેલી છે, તે ઉપરથી તો હું કબુલ કરૂંછું કે વૈદ્યલોકોના વિધાન તરફ મારૂં વલણ ઘણું થાય એમ નથી, અને તેપ્રમાણે કરવાને બીજું કોઈ કેહેવા આવે તો હું સેહેજ માનું નહિ."

તે વૈદ્યે જવાબ દીધો, "તમારી મરજીમાં આવે તેમ કરો સાહેબઃ તમે મારી પાસે દવા કરાવો અથવા ના કરાવો, એ તમારી ખુશીઃ પણ લોકો જે પૈસાની લાલચ રાખી કામ કરેછે એવો હું નથી, તેથી ફતેહ મળશે એવી યોગ્ય આશા રાખી શકાય એમ ન હોય તો, હું આવા ઉમદા ધંધાની આબરૂને ધક્કો લગાડનાર નહિ. અને આવા દુઃસાધ્ય રોગમાં હું જે જે ઉપાય કરવા માગું તેની અજમાશ થવા દેવાને જો દરદી કબુલ ન કરે તો પછી ફતેહની શીજ આશા રાખી શકાય."

તે ગૃહસ્થે જવાબ દીધો કે, "ખરેખર તમે જે કહોછો તે એવા ખુલ્લા દીલથી કહોછો, અને તમારી સઘળી વર્ત્તણૂકથી તમારી તરફ મારૂં એટલું બધું વલણ થાયછે કે, હું તમારા ઉપર સંપૂર્ણ ભરોંસો રાખુંછું એવું હું તમને અવિલંબ બતાવી આપીશ."

પછી તેણે તેના ચાકરોને બોલાવ્યા, અને તેમને પાછા ઘેર જવાનો હુકમ કર્યો, ને કહ્યું કે એક માહનો પૂરો થાય ત્યાં સુધી તમારે મારી પાસે આવવું નહિ. જ્યારે તેઓ ગયા ત્યારે, વૈદ્યે તેને પૂછ્યું કે મુસાફરીમાં તમને કેમ ઠીક પડયું હતું કે નહિ? તેણે જવાબ દીધો કે, "ખરે હું ધારતો હતો, તે કરતાં ઘણું

ઠીક પડયું હતું. પણ મને ભૂખ ઘણી લાગી છે માટે હું તમારી રજા માગી અરજ કરૂંછું કે વાળુનો વખત જરા વ્હેલો થાય તો ઠીક."

ડાક્તરે જવાબ દીધો કે, "ઘણી ખુશીની સાથે એમ કરીશું: તમારે જમવામાટે સઘળું આઠ વાગ્યે તૈયાર થશે. દરમ્યાન તમારી રજા લેઈ હું જરા મારા દરદિયોને જોવા જઈ આવુંછું."

તે વૈદ્ય ગયો ત્યાર પછી, તે ગૃહસ્થ ઘણુંજ સરસ વાળું કરવાનું મળશે એવા વિચારથી કલ્પનાને સંતોખવા લાગ્યો. તે મનમાં બોલ્યો કે, "બેશક, જ્યારે સીનોર રામોઝીની ગરીબોની બરદાસ્ત આટલી માવજતથી કરેછે, તો તે મારા જેવા મોટા માણસને જમવાને માટે કાંઇ પણ ખામી રાખશે નહિ. મારા સાંભળવામાં છે કે ઈટલીના આ ભાગમાં સ્વાદિષ્ટ ટ્રાઉટ અને ઓરટોલન થાયછે. ડાક્તર સરસમાં સરસ રસોઇયો રાખતો હશે એ વિષે તો મને અંદેશોજ નથી; એટલે મારા ચાકરોને મેં કાઢી મૂકયા તેથી મારે પસ્તાવું પડશે નહિ.

આ વિચારોથી તેણે કેટલીક વાર મનરમાડો કર્યો; છેવટ તેને ઘણીજ ભૂખ લાગવા માંડી, તેથી તેને ધીરજ રહી નહિ, અને તે ઘરના ચાકરોમાંના એકને બોલાવીને વાળુની વખત થતા સુધી રહી શકાય એટલું થોડું કાંઇ સારૂં કાચું કોરૂં ખાવા માગ્યું. તે ચાકરે કહ્યું, "સાહેબ, હું ખુશીથી આપની મરજી સાચવું, પણ એમાં, મારી નોકરી જાય એવું છે: મારા શેઠ બહુજ સારા અને ઉદાર માણસ છે; પણ પોતાના ઘરમાં આવીને રહેલા દરદિયોની તેઓ એટલી તો કાળજી રાખેછે કે, પોતે પાસે રહ્યા વગર તેમાંના કોઈ પણ દરદીને ખાવા દેતા નથી. પરંતુ, સાહેબ, થોડીવાર ધીરજ રાખો; બે કલાકમાં વાળુની વખત થશે."

એવી રીતે તે ગૃહસ્થને ખોરાક ખાધા વગર બે કલાક વધારે ગાળવા પડયા! આવી ખાનપાનની પહેજી લગભગ વીશ વર્ષથી કોઈ દિવસ એણે પાળી ન હતી. વખત કયમે જતો ન હતો તે એને બહુ લાગતું હતું અને કેટલા વાગ્યા એવું ઘડી ઘડી પૂછયાંજ કરતો. છેવટે ડાક્તર બરોબર પોતાને વખતે પાછો આવ્યો, અને વાળુ પીરસવાને માટે આજ્ઞા કરી. તે ઉપરથી

છ રકેબિયો, ઢાંકીને ટેબલ ઉપર ઘણી ગંભીરાઇથી મૂકવામાં આવી જે જોઈ તે ગૃહસ્થ મનમાં મિથ્યા મલકાતો હતો કે હવે મેં ઘણી વાર સુધી ભૂખ મારી તેનો બદલો મળશે. તેઓ જમવાને બેસવાનું કરતા હતા તે વખતે વિદ્વાન ડાક્તર રામોઝીનીએ પોતાના પરૂણાને નીચે પ્રમાણે કહ્યું:—"સાહેબ, તમે ભૂખમાં ઇચ્છવા મંડી જાઓ તે પેહેલાં, મારે તમને જણાવવું જોઇયે કે, આ ચીકણા રોગને કબજે કરવાના ઘણાજ ચાંપતા ઉપાય ખાતે તમારા સઘળા ખાનપાનમાં તમારા દરદને લાગુ પડે તેવી દવાની ચીજો ભેળવામાં આવશે. તમારી કોઇ પણ ઇંદ્રિયોથી તમને તે શું છે તે માલમ તો પડે તેમ નથી; પણ તે અસરમાં પૂરી રામબાણ અને જલદ છે, માટે મારે તમને સલાહ આપવી જોઇયે કે તમારે ખાનપાનમાં હદમાં રેહેવું." આવું કહી તેણે રકેબિયો ખુલ્લી કરવાનો હુકમ કરયો, તેમાં માત્ર ઓલીવ, સૂકાં અંજીર, ખારેકો, કેટલાંક શેકેલાં એપલફળ, થોડાંક બાફેલાં ઇંડાં, અને કઠણ પનીરનો એક ટુકડો એ હતું. એ જોતાંજ તે ગૃહસ્થના અચંબામાં પાર ન રહ્યો.

આ ત્રાસદાયક તમાશો જોવાથી એ ગૃહસ્થની સઘળી ધીરજ જતી રહી જેથી તે તાણીને બોલ્યો કે, "તોબા, તોબા!!! આટલા બધા ઉપોદ્ઘાત અને ભાષણથી સંબોધીને છેવટે તમે મીજબાની તો આજ મારે માટે તૈયાર કરીછે? જે કંગાળ હળખેડુને તમારા દીવાનખાનામાં મેં જમતા જોયા હતા તેમને પણ ભાગ્યેજ રૂચે એવા છેક હલકા ખોરાકથી મારા જેવો તવંગર માણસ વાળુ કરે એમ શું તમે ધારોછો?"

વૈદ્યે જવાબ દીધો કે, "ધીરજ રાખો, મારા પ્યારા સાહેબ; તમારા ભલાની જે અતિશય સોસના મારા મનમાં છે તેથી આ દેખીતા અવિવેકથી મારે તમારી તરફ વર્ત્તવું પડેછે. તમને જે કસરત પોહોંચી છે તેથી તમારૂં લોહી તપી ગયું છે; તેથી જો હું તમને તમારી ભૂખ યથેષ્ટ તૃપ્ત કરવા દેઉં તો, એ પરિણામ થાય કે પાર્શ્વશૂળ ઊઠે અથવા તો તાવ પેદા થાય. પણ હું આશા રાખુંછું કે કાલે તમારૂં લોહી ઠંડું પડી જશે, એટલે પછી આથી વિશેષ તમારી પદવીને લાયક તમારી માવજત થશેં."

આ વિચારથી તે ગૃહસ્થે આત્માને દિલાસો દેઇ થોડું ખ-

જુર અને ઓલીવનો સ્વાદ લીધો, અને ઘણીજ સરસ રોટલીના કડકા સાથે એક પનીરનો કડકો ખાધો, આવા સાદા ખોરાકથી તેને તેના તનમનની શક્તિ ધારવા કરતાં વધારે તાજી થઇ લાગી. જ્યારે તે વાળુ કરી રેહેવા આવ્યો ત્યારે તેણે કાંઇ પીવાને માંગ્યું; અને પાણી સિવાય તે ટેબલ ઉપર કાંઇ પણ જોવામાં આવ્યું નહિ, તેથી એક ચાકરને થોડો દારૂ લાવવાને કહ્યું.

વૈદ્ય મોટે સ્વરે બોલ્યો કે, "હાં હાં! આ ઊમદા ગૃહસ્થની જીંદગાનીની કિંમત સમજતો હોઉં તો ન લાવીશ." પછી પોતાના પરૂણા તરફ ફરીને તેણે કહ્યું કે, "સાહેબ, ઘણીજ નાખુશીની સાથે હું તમારૂં વચન પાછું ફેરવુંછું. હાલ આ સ્થિતિમાં દારૂ તો હળાહળ ઝેર થઇ પડશે, માટે વિનતિ કરૂંછું જે આજ એક રાત તો, આ શરીરનો જુસ્સો ઠેકાણે લાવનાર બહુજ ઉમદા ખનીજ પદાર્થ સંયુક્ત પાણીના પ્યાલાથીજ તમે સંતોષ માનો." તે ગૃહસ્થને પાછાં એના કહ્યાને તાબે થવું પડયું તેણે મ્હો ઘણું કટાણું કરી દાંત પીસી તે પાણી પીધું. મેજ ઉપરથી ખાણું ખસેડ્યા પછી, સીનોર રામોઝીનીએ આશરે એક કલાક સુધી, તે ગૃહસ્થને સારી મજાની વાતો કરીને ગમત કરાવી. અને પછી એ દરદીને સૂઈ જવાનું કહ્યું. આ વાત તે ગૃહસ્થે ખુશીથી કબુલ કરી, કેમકે મુસાફરીથી તેને થાક લાગ્યો હતો, તેથી અસાધારણ ઊંઘ આવવા માંડી હતી. પછી ડાક્તરસાહેબ ત્યાંથી ગયા, અને તે ગૃહસ્થને પાસેની કોટડીમાં લેઈ જવામાં આવ્યો, ત્યાં સાદા બીછાના સિવાય, બીજું કાંઈ જોવામાં આવ્યું નહિ. સરસ સામાન પણ કાંઇ નહોતો, ને ભોંય જેટલીજ એક સખ્ત સાદડી સિવાય સૂવાને માટે બીજું કાંઇ પણ પાથરેલું હતું નહિ. આ જોઇને તે ગૃહસ્થ ભારે ગુસ્સામાં આવી ગયો, અને તેણે ચાકરને કહ્યું કે, "હરામખોર, આવું ખરાબ, કૂતરાની બોંડ જેવું સૂવાનું મારે માટે કરવાની તારા શેઠની હિંમત ચાલે એ વાત સંભવતી નથી! હમણાં ને હમણાં મને બીજા ખંડમાં લેઇ જા."

ઘણી નમ્રતાથી તે ચાકરે જવાબ દીધો, "સાહેબ, આપને આ ખંડ રૂચતો નથી તેથી હું દીલગીર છું: પણ ખાતરીથી કહુંછું કે મારા શેઠનો હુકમ હું ભૂલ્યો નથી, વળી આપને હું એટલા તો પૂજ્યભાવથી પેખુંછું જે આપની અમૂલ્ય જીંદગીને

લગતી બાબતમાં હું એમનો હુકમ ઉલ્લંઘન કરવા સરખો વિચાર પણ મનમાં લાવી શકતો નથી." આવું કહીને તેણે તે ખંડમાંથી નીકળી બાહારની બાજુથી બારણાં બંધ કર્યાં, જેથી તે ગૃહસ્થ એકલો વિચાર કરતો માંચજ રહ્યો. પેહેલાં તો એના મનમાં ખોટા વિચાર આવ્યા; પરંતુ કાંઇ ઇલાજ નથી એમ સમજવામાં આવ્યું ત્યારે તે કપડાં ઉતારીને તે નપાસ પથારીમાં જઇ સૂતો. અને ડાક્તર અને તેના કુટુંબ ઉપર વેર લેવાનો વિચાર કરતો કરતો તરતજ નિદ્રાવશ થઇ ગયો.

એ ગૃહસ્થ એટલો ગહગહાટ ઉંઘ્યો કે છેક વાહાણું વાયુ ત્યાં સુધી જાગ્યો નહિ; અને પછી વૈદે તેની કોટડીમાં આવીને ઘણુાજ વિવેકથી એની તંદુરસ્તીની ખબર પૂછી. તે ઘણા ગરમ મીજાજમાં ઉંઘી ગયો હતો, પણ રાતના આરામથી તેનું મન સારીપેઠે શાન્ત થયું હતું, અને તેમાં વળી એ ડાક્તરના અતિશય વિવેકથી વધારે સારી અસર થઈ: તેથી તેણે જરા મીજાજ ઠેકાણે રાખીને તેને જવાબ દીધો, તેમાં ફક્ત તેની સૂવાની સગવડ છેકજ સાદી કરવામાં આવી હતી તે બાબતમાં પોતાની ઘણી નાખુશી બતાવી. તે વૈદે જવાબ દીધો કે, "મારા પ્યારા સાહેબ, તમારી સાથે મેં અગાઉથી બોલી નથી કરી કે તમારે મારી યોજનાપ્રમાણે ચાલવું? તમે એમ ધારોછો કે મારે તમારી તનદુરસ્તિ સારી કરવા સિવાય આમાં બીજી કાંઇ મતલબ છે? પરંતુ, આ પ્રસંગમાં, મારે તમને જણાવવું જોઇયે કે મારા બીછાનાથી પણ દવા થાય એવું કરવાની મેં તદબીર શોધી કાઢી છે, અને આ વાત તમારી રાત ઘણી સારી રીતે ગઇ તેથી તમે પોતે પણ કબુલ કરશો. પણ હવે જો તમારી મરજી હોય તો ઉઠવાનો વખત થયોછે." પછી રામોઝીનીએ ઘંટડી વગાડી પોતાના ચાકરોને બોલાવ્યા, અને તેઓએ તે ગૃહસ્થને લુગડાં પેહેરાવ્યાં તે તેણે પેહેરાવવા દીધાં. નાસ્તા વખતે તે ગૃહસ્થને સારૂં ખાવાની આશા હતી; પણ તેના જરા પણ દયા ન લાવે એવા તે તેના શુભચિંતકે એક ત્રાંસળુ વેંસનું અને રોટલાના એક કડકા સિવાય તેને બીજું કાંઇ ચાખવાને આપ્યું નહિ, અને "આ સૌ વૈદ્યકના ધોરણને અનુસરીને કરવું પડેછે" એમ તેણે તેને દલીલ બતાવી, પણ તેથી તેનો પરૂણો કાંઇ સંતોષ પામ્યો નહિ.

નાસ્તો કરી રહ્યા પછી કેટલીક વારે, ડાક્તર રામોઝીનીએ પોતાના દરદીને કહ્યું કે, "તમારા અવયવો તમે હલાવી ચલાવી શકો એવી સ્થિતિમાં આવે તે મોટું કામ શરૂ કરવાનો હવે વખત આવ્યો છે." તેથી તેને એક નાની કોટડીમાં લેઈ ગયો, ને ત્યાં તેણે તે ગૃહસ્થને પરાણે ઉભા રેહેવાને કહ્યું. તે દરદિયે કહ્યું કે, "તે બનવું અશક્ય છે, કેમકે આ ત્રણ વર્ષ થયાં મારાથી એક પગ પણ હલાવી શકાતો નથી."

તે વૈદ્યે જવાબ દીધો કે, "ત્યારે, તમારી લાકડાની ઘોડી ઉપર તમે ટેકો દેઇને, ભીંતને અઢિંગો એટલે ઊભા રેહેવાશે." તે ગૃહસ્થે એમ કર્યું એટલે, તે ડાક્તર બાહાર ગયો, અને પછી બારણું અડકાવી તાળુ વાસ્યું. આવી સ્થિતિમાં તેને ઘણીવાર થઇ નહિ, એટલામાં એ ઓરડીની જમીન જેના ઉપર લોઢાંનાં પત્રાં જડેલાં હતાં, તે તેના પગ નીચે ઘણી ગરમ થવા લાગી. તેણે ડાક્તરને અને તેના ચાકરોને ઘાંટા પાડ્યા, પણ કોઇ બોલ્યું નહિ; પછી તેણે મોટા અવાજથી બૂમો પાડવા માંડી અને ધમકી આપવા માંડી, પણ તે સઘળું ફોકટ ગયું: તેણે લવારો કરવા માંડ્યો, કસમ ખાધા, લાલચો બતાવી, કાલાવાલા કર્યા, પણ તેની મદદે કોઈ આવ્યું નહી, અને દરેક પળે ગરમી અતિશય વધતી લાગવા માંડી. છેવટ એક પગને આરામ મળવાને બીજા પગથી તેને ઠેકડા ભરવાની જરૂર પડી; અને આ પોતાનાથી બની શકે એવું જેટલું તેના ધાર્યામાં એ આવ્યું હોત તે કરતાં વધારે ચપળતાથી તેણે કર્યું: એટલામાં બીજો પગ દાઝવા માંડ્યો, તેથી પેહેલો પગ માંડી તે પગે ઠેકવા માંડ્યું. આવી રીતે તેણે ઠેકયાં કર્યું, જેથી તેની મરજી ન હોવા છતાં તેને કસરત પોહોંચી, છેવટ તેની દરેક સ્નાયુની ગ્રંથી અને માંસની પિંડી જેટલે દરજ્જે કેટલાંક વર્ષથી તે પોતે વાળી શકતો હતો તે કરતાં વધારે ખેંચવામાં આવી જેથી તેને પુષ્કળ પરસેવો થયો. તે દરદિયે આ જે શ્રમ લીધો તેથી ડાક્તરને જ્યારે સંતોષ થયો, ત્યારે તેણે તેને આરામ લેવાને માટે કોટડીમાં એક આરામ ખુરશી મોકલી, અને ભોંય જેવી રીતે ગરમ કરવામાં આવી હતી તેવી રીતે ધીમે ધીમે થંડી પાડવામાં આવી. તે વખતે પેહેલવેહેલીજ તે માંદા માણસને, આરામના સુખની અને તેના ખરા ઉપયોગની સમજ

પડવા માંડી: કેમ જે થાક વેઠી એ આરામ તેણે મેળવ્યો હતો, અને તેવા થાક વિના આરામનો લાભ જણાતો નથી તેમ તેની મજા પણ લાગતી નથી. જમતી વખતે, તે દરદી પાસે ડાક્તર પાછો આવ્યો, અને હજાર રીતે માફ માગી: એ સૌ એનાં બ્હાનાં તે ગૃહસ્થે ખટ્ટા મિજાજમાં પણ સભ્યતાથી સાંભળ્યાં; પરંતુ, એક શેકેલું પક્ષી તેની આગળ લાવીને મેજ ઉપર મૂક્યું, એટલે તેની સુગંધથી તેનો ગુસ્સો જરા નરમ પડ્યો. હવે તેને પરેજી અને કસરતથી, તેના ખોરાકમાં પેહેલો કોઇ વખત નહિ પડેલો એવો સ્વાદ લાગવા માંડ્યો, અને ડાક્તરે તેને પાણી સાથે ભેળવીને થોડો દારૂ લેવાની રજા આપી, આ છૂટ મળી, પણ એના મીજાજને તે એટલું તો કંટાળા ભરેલું લાગતું હતું કે, તેથી તેને એક મહિનો કાઢ્યો તે એક વર્ષ જેટલો જણાયો જ્યારે એક મહિનો પૂરો થયો, અને તેના ચાકરો તેનો હુકમ પૂછવા આવ્યા ત્યારે તે તરતજ ડાક્તરની અથવા તેના કુટુંબની રજા લીધા વગર પોતાની ગાડીમાં જઇ બેઠો અને અતિશય ગુસ્સામાં આગલા વૈદ્યને ઠપકો દેવાને માટે તેના ઘરભણી લાગલી ગાડી હાંકી. તે વૈદ્ય તે વખત ઘર આગળ હતો, પણ એટલા થોડા દિવસથીજ તેને દીઠેલો તો પણ તે દરદીને ફરીને બરોબર ઓળખી શક્યો નહિ. તે આગળના કરતાં શરીરે અર્ધો થઈ ગયો હતો, તેનો દેખાવ અને વાન સુધર્યાં હતાં, અને લાકડાની ઘોડી પણ બીલકુલ તેણે મૂકી દીધી હતી; જ્યારે તે તેના ગુસ્સાનો ઉભરો કાઢી રહ્યો, ત્યારે તે વૈદ્યે શાન્ત રહીને નીચે પ્રમાણે જવાબ દીધો:—"સાહેબ, આવો ઠપકો દેવાને તમને શો હક છે તે હું સમજતો નથી: કેમકે તમે કાંઇ મારા આગ્રહથી ડાક્તર રાનાઝીનીનું ઓસડ ખાવા ગયા ન હતા."

"હા, સાહેબ, પણ મને તેની હોશિયારી અને પ્રમાણિકપણાવિષે સારો અભિપ્રાય તમે આપ્યો હતો."

"ત્યારે તેણે એ બંને બાબતમાં તમને છેતર્યા છે, અથવા પેહેલાં તમારી તબીઅત હતી તે કરતાં એનું ઓસડ ખાવા પછી વધારે ખરાબ થઇ છે?"

તે ગૃહસ્થે જવાબ દીધો:—"નાના એમ કેમ કહેવાય? બેશક મારી પાચનશક્તિમાં અજબ સુધારો થયો છે; પેહેલાંના

કરતાં વધારે સારી ઉંઘ મને આવેછે; હું રૂચિથી ખાઉંછું; અને મારા જન્મારામાં અગાઉ કોઈ વખત હું ચાલી શક્યો હોઇશ, એવુંજ સારૂં હું ચાલી શકુંછું.”

તે વૈદ્યે કહ્યું, “અને આટલા ટુંકા વખતમાં તમને આટલા બધા ચમત્કાર જે માણસે બતાવી આપ્યા અને તમને જે તંદુરસ્તિ અને જીવનની તમને જરાએ આશા ન હતી તે આટલે દરજ્જે જેણે બક્ષ્યાં, તેનાવિષે તમે સાચેજ ફરિયાદ કરવા આવ્યા છો?” તે ગૃહસ્થે આ સઘળા ફાયદાનો પુરતો વિચાર કર્યો ન હતો, તેથી તે જરા ગભરાયા જેવો દીસવા લાગ્યો, એટલે તે વૈદ્યે આવી રીતે આગળ બોલવા માંડયુંઃ—“તમારી ફરિયાદ એટલીજ છે કે તમારી મરજી ન છતાં તમે તમારી મેળે છેતરાયા અને ભોળવાઈ સુખ અને તનદુરસ્તી પામ્યા. તમે ડાક્તર રામોઝીનીની પાસે ગયા, અને ત્યાં થોડાક દુઃખી કંગાલ લોકોને સુખથી જમતા જોયા. તે મોટો અને માનવંતો માણસ તેની આસપાસના સઘળા લોકોનો માવિતર છે; તે જાણે છે કે ગરીબ લોકનાં ઘણાંખરાં દરદ જોઇતી વસ્તુ અને ખોરાક નહિ મળવાથી થાયછે. તેથી તેમને સારો ખોરાક અને લુગડાં આપી તે મદદ કરેછે. તેથી ઉલટું એ છે કે તાલેવન લોકો તેમના અમિતાહારથી ઘણું કરીને દુઃખી થાયછે, તેથી તેમનો વ્યાધિ મટાડવાને તેને ઉલટી રીત પકડવી પડેછે એટલે પથ્ય અને કસરત કરાવવી પડેછે; ખરેખર સાહેબ, નાનાં જગધાંપ્રત્યે જેમ વૈદ્ય વર્તે તેમ તે તમારી પ્રત્યે વર્તેલ છે, પણ તે સૌ તમારા પોતાના ફાયદામાટેજ. તમારી પથારીમાં કે તમારા ખાનપાનમાં કંઈ ઓસડની મેળવણી કદીએ હતી નહિ; માત્ર તમને સારી ટેવ પાડીને અને તમારાજ શરીરની શક્તિ જાગૃત કરીને આ બધો સુધારો કરવામાં આવ્યોછે. છેતરપંડીની બાબત તો તમારે કાંઈ ફરિયાદ કરવા જેવું છેજ નહિ, અને હું ખાતરીથી કહુંછું કે એણે એ કામ એવું સચોટ કરયું છે કે તમે તમારી અર્દ્ધ દોલત એને ઇનામમાં આપો તોપણ તેની યોગ્યતા કરતાં વધારે છે એમ ભાગ્યેજ કહી શકાય.”

તે ગૃહસ્થમાં સમજણ અને ઉદારતાની ખામી ન હતી તેથી તેને જે કેહેવામાં આવ્યું તેની અસર થયાવિના રહી નહિ.

તેથી તેણે પોતાની આવી વર્તણૂક બાબત પૂરી માફ માગી, અને તરતજ એક ચાકરને ભારે ઇનામ, અને ઘણાજ ઉપકાર ભરેલા કાગળ સાથે ડાક્તર રામોઝીનીનીપાસે મોકલ્યો. અને પોતાની તંદુરસ્તીમાં અને શરીરના જુસ્સામાં સુધારો થયેલો જોયો તેથી તેને એટલો બધો સંતોષ થયો કે, ફરીને કદી તે પોતાની આગળની અમિતાહારની ટેવમાં પડ્યો નહિ, પણ એકસરખી રીતે, નિયમમાં રેહેવાથી અને જાથુ કસરત કરવાથી, તેણે લાંબી ઘડપણની ઉમ્મર સુધી સુખમાં દહાડા કાઢ્યા.

ટૉમીએ કહ્યું, "ખરેખર, આ વારતા ઘણું હસવું આવે એવી છે, અને આપણે ઘેર જે સંધીવાવાળા ગૃહસ્થો આવેછે તેને તે વાત કેહેવી મને બહુ ગમશે."

મિ૦ બારલોએ કહ્યું કે, "તમારા જેવો ન્હાનો છોકરો એવું કેહે તે ઘણુંજ અયોગ્ય છે. જે વખતે પોતાને શિખામણ લેવાની જરૂર છે તે વખતે, તેણે બીજાને બોધ કરવાનું માથે લેવું નહિ." વળી મિ૦ બારલોએ કહ્યું કે "આ વાતથી તમને માલમ પડ્યું હશે કે, તંગી અને મુસીબત જેટલે દરજ્જે ભયંકર છે તેટલેજ દરજ્જે અમિતાહારની અને હદપાર જવાની ટેવ ભયંકર છે. લૅપલંડના રેહેવાસિયો, જેનેવિષે તમે એટલું બધું સાંભળ્યું છે કે તેઓ દુનિયાંમાં સૌથી સરસ તંદુરસ્તીવાળા લોકો છે. તેઓ ઘણું કરીને ઘણીજ લાંબી ઉમ્મર સુધી જીવેછે, અને આપણામાં જે રોગ થાયછે, તે તે લોકોને થતા નથી, અને અંધાપા સિવાય તેમને બીજી કોઈ તરફની ઈજા હોતી નથી, અને તે અંધાપાને માટે એવું ધારવામાં આવેછે કે, બરફના નિરંતર તેજથી તથા તેમનાં ઝુંપડાંની આશપાશ હમેશ ધુમાડો વીંટાયલો હોવાથી તે થાયછે."

આ વાતને થોડાક દિવસ થયા પછી, ઉપરથી પડેલો બરફ ઘણો ખરો ઓગળી ગયો હતો, તોપણ ટાઢ એવી સખત પડ્યા કરતી અને હીમ એટલું બધું વરસ્યાં કરતું હતું કે, તેઓ સઘળાને ઘરમાંજ રેહેવું પડતું. વખત ગાળવાને માટે મિ૦ બારલોએ તેમને નીચેની વારતા કરી ગમત કરાવી:—

"જે દેશમાં નીચે પ્રમાણે અકસ્માત્ બનાવ બન્યો હતો, તે દેશ ખડકો અને પાહાડોથી ભરેલો છે, તે ખડકો અને પાહાડો એટલા બધા ઉંચા છે કે તેમના મથાળાનો બરફ કદી ઓગળતો નથી.

ટૉમિયે કહ્યું, "કદિ નહિ? ઉનાળામાં પણ નહિ?"

"ના ઉનાળામાં પણ નહિ. આ પાહાડોની ખીણોમાં ઉદ્યોગી અને બહાદુર લોકો રેહેછે. શિયાળાના મ્હોટા ભાગમાં ટાઢ ઘણી પડેછે, અને તે રેહેવાસિયોને તેમના ઘરમાં ભરાઈ રેહેવું પડેછે, તે ઘર તેઓ ચતુરાઇથી ઘણાં સુખદાયક બનાવેછે. ઘણું કરીને સઘળા રસ્તા તે વખતમાં બંધ થઇ જાયછે, અને ફક્ત વરસતો અને ઠરેલો બરફજ જોવામાં આવેછે. પણ જ્યારે ગરમી પડવા માંડેછે, ત્યારે પાહાડોની બાજુએ બરફ ઘણી વાર ઓગળી ઓગળી અનિવાર્ય જોરથી નીચે ધશી પડેછે. તેથી ઘણી વખત એમ બનેછે કે બરફના એવા મ્હોટા ઢગલા નીચે ધશી પડેછે કે તે જાનવરો તથા ઘર અને ગામ પણ દાટી નાંખવા સમર્થ થાયછે. આ ગંજાવર પાહાડો જેને, આલ્પ્સ કરીને કેહેછે, તેની પડોશમાં, સત્તરસેં પંચાવનની ઓગણીસમી માર્ચે, થોડાંક ઘરની ઊપર ઘણે ઉંચેથી બરફના બે મ્હોટા ઢગલા ટૂટી પડ્યા, તેથી તે દટાઇ ગયાં. તે વખત એ ઘરના રેહેવાસિયો તમામ ઘરમાં હતા. ફક્ત જોસફ રોશિયા, અને તેનો એક પંદર વર્ષનો છોકરો, તેમના છાપરા ઉપર, લાગટ ત્રણ દાહાડાથી બરફ પડેલો હતો, તે સાફ કરતા હતા. એક પાદરી ત્યાં થઇને દેવળમાં જતો હતો તેણે તેમને નીચે ઉતરી જવાની સલાહ આપી, કેમકે તેણે એક ક્ષણ પેહેલાં પર્વત ઉપરથી બરફનો એક ઢગલો તેમની તરફ ટૂટી પડતાં જોયો હતો. તે માણસ ઉતર્યો, અને તે ક્યાં જાઉંછું તે ધાર્યાવિના તેના છોકરાની સાથે નાઠો પણ તે ભાગ્યેજ ત્રીશ ચાળીશ પગલાં ચાલ્યો હશે એટલામાં, તેનો છોકરો તેની પછાડી આવતો હતો, તે પડી ગયો: તે ઉપરથી તેણે પાછું વાળી જોયું, તો પોતાનું અને પડોશીનું ઘર, બંને એક બરફના મ્હોટા ડુંગરાતળે દટાઇ ગયાં. તેમાં સઘળાં મળીને બાવીશ માણસ હતાં. તેણે તેના છોકરાને ઉચકી લીધો, અને તેની વહૂ, અને બ્હેનો, અને છોકરાં તથા તેની સઘળી મીલકત દબાઈ ગઇ તેનો તેને વિચાર આવતાં તે બેહોંશ થઈ ગયો, પણ પાછું ભાન આવ્યાથી થોડેક છેટે એક મિત્રનું ઘર હતું ત્યાં સહીસલામત પોહોંચ્યો.

પાંચ દિવસ પછી 'જોસફ' બરોબર સાજો થયો, એટલે

પોતાની વહૂના ભાઇયોમાંથી બે ભાઇને અને પોતાના છોકરાને સાથે લેઇને પોતાનું ઘર જે જગ્યાએ હતું તેનું ઠેકાણું બરોબર જડે તો ખોળી કાહાડવાસારૂ ગયો; પણ, જો કે તેઓએ બરફમાં ઘણે ઠેકાણે ખોદી જોયું તોપણ તેઓને પત્તો લાગ્યો નહિ. એપ્રીલ મહિનામાં હવા ગરમ વાવા લાગી, અને બરફ નરમ થવા માંડ્યો, ત્યારે તેણે ફરીને પોતાની માલમિલકત હાથકરવાને અને પોતાના કુટુંબની લાસો કાહાડીને દટાવવાને અતિશય મેહેનત કરવા માંડી. તેણે નવેસર ખોદવા માંડ્યું અને બરફ ઓગાળવાને તેમાં માટી નાંખી. આથી ૨૪ મી એપ્રીલને રોજ તે બરફ ઘણો ઓછો થઈ ગયો. તેણે લોઢાના ગજથી છ ફીટ જાડા બરફનો થર તોડી, લાંબી વળી ઘાલી, ભોંયને તળિયે તે અડકાડી પણ સાંજપડી તેથી તેણે તે દિવસ કામ બંધ રાખ્યું.

બીજે દિવસે, જ્યાં જોસફ હતો, તે ઘેર તેનો સાળો આવ્યો; અને બરફમાં ખોદવાને તેની જોડે ગયો. તેઓએ ત્યાં એક બીજી ખાણ ખોદી તેથી જે ઘર તેઓ શોધતા હતા તે મળી આવ્યું; પણ તેના ખંડેરમાં તેમને કાંઈ લાસો જડી નહિ; તેથી બસેં ને ચાળીશ ફીટ વેગળો તબેલો હતો તે ખોળવાને તેઓ મંડ્યા, અને તે જડ્યો ત્યારે તેઓએ એક બૂમ સાંભળી કે, "વ્હારે ચઢો, મારા પ્રિય ભાઈ!" આ શબ્દોથી આશ્ચર્ય પામીને, તેમજ ઉશ્કેરાઇને, તેઓએ મ્હોટું બાકુ પડતાં સુધી ખોદ્યું, ને તેમાં થઇને તે ભાઈ ગયો, ત્યાં તેની બ્હેને એક દુઃખદાયક અને નબળા અવાજથી, તેને કહ્યું કે, "હમેશાં મને ભરોસો હતો કે તમે મને વેહેતી મૂકશો નહિ." પછી તેનો બીજો ભાઇ તથા ધણી નીચે ઉતર્યા, અને જોયું તો આશરે પીસતાળીશ વર્ષની વહૂ, આશરે પાંત્રીશ વર્ષની બ્હેન અને આશરે તેર વર્ષની દીકરી એટલાં જીવતાં હતાં તેમને તેઓએ ઉંચાં કરી ઉપર માણસો હતાં તેમના હાથમાં આપ્યાં અને તેમણે તેમને ઘોરમાંથી કાહાડે તે પ્રમાણે બહાર ખેંચી કાહાડ્યાં, ને પછી તેઓ તેમને પાસેના ઘરમાં લેઈ ગયા તેઓ ચાલી શકતાં ન હતાં અને એટલાં ગળી ગયાં હતાં કે, તેઓ ફક્ત હાડકાંનાં ખોખાં જેવાં જણાતાં હતાં. તેમનામાં ચેતન આણવા માટે જવના લોટની ઘેંસ અને થોડું માખણ આપીને, તરત પથારીમાં સૂવાડ્યાં.

થોડા દિવસમાં ત્યાંનો માજીસ્ટ્રેટ તેમને જોવા આવ્યો, અને તેણે અતિશય થંડી વેઠવાથી અને કમોખી પડવાથી તે બાયડીને પથારીમાંથી ઉઠવાને અને પોતાના પગ હલાવા ચલાવાને હજી અશક્ત દીઠી. બ્હેનના પગ ગરમ દારૂથી રગડ્યામાં આવ્યા હતા તેથી, તે કેટલીક મુશ્કેલીથી ચાલી શકતી હતી, અને છોડીને કાંઈ વધારે દવાદારૂની જરૂર રહી ન હતી.

તે બાઇયોને માજીસ્ટ્રેટે સવાલ પૂછ્યાથી, તેઓએ તેને કહ્યું કે, "ઓગણીશમી માર્ચને રોજ સવારમાં એક તેર વર્ષની છોકરી અને છ વર્ષના છોકરાસહિત, અમે તબેલામાં હતાં: તેજ તબેલામાં છ બકરાં હતાં, તેમાંનું એક માંદુ થયું હતું, તેથી તેને માટે એક ન્હાના વાસણમાં જવના લોટની થોડી રાબ લેઇને અમે ત્યાં ગયાં હતાં: વળી પાંચ છ મરઘડાં અને એક ગધેડું પણ ત્યાં હતું. દેવળનો ઘંટ વાગે એટલે પ્રાર્થનામાં જઇયે એવા ઇરાદાથી તે તબેલાના એક ગરમીવાળા ખુણામાં અમે ભરાઇ બેઠાં હતાં." જોસફની વહૂએ કહ્યું કે, "પૂર્વદિશા ભણી બરફનો ઢગલો તૂટી પડતો મને માલમ પડ્યો, તે ઉપરથી હું તબેલામાં પાછી ગઈ, ને બારણાં અડકાવી દીધાં, અને બ્હેનને તે ખબર કહી. ત્યારપછી ત્રણ મિનિટ પણ ભાગ્યેજ થઇ હશે એટલામાં તો અમે અમારા ઉપરનું છાપરૂં અને થોડો છતનો ભાગ પણ તૂટી પડતાં સાંભળ્યો. બ્હેને ગમાણ અને લાકડાની માળી અથવા ચોકઠામાં પેશી જવાની સલાહ આપી, તે પ્રમાણે અમે કર્યું. તે ગમાણમાં ગધેડું બાંધ્યું હતું, પણ તે પછાડા અને લાતો મારીને છૂટી ગયું, અને એક ન્હાનું વાસણ પાડી નાંખ્યું, જે અમને જડ્યું, તેમાં પછી ઓગળેલો બરફ અમે ઝીલીને પાણીને ઠેકાણે પીવાના કામમાં લેતાં."

"સારા ભાગ્યે તે તબેલાના મુખ્ય ટેકા નીચે ગમાણ હતી, તેથી એટલો બરફનો ભાર તેણે ઝીલ્યો. પેહેલાં તો ખોરાક સીલકમાં કેટલો છે એ જાણવાની જરૂર હતી. બ્હેને કહ્યું કે મારા ગુંઝામાં પંદર ચેસ્ટનટ નામનાં ફળ છે; છોકરાંએ કહ્યું કે અમે નાસ્તો કર્યોછે માટે આજ અમારે બીજું કાંઈ ખાવા જોઇશે નહિ. અમને યાદ આવ્યું કે તબેલાની પાસે એક ઠેકાણે છત્રીશ અથવા ચાળીશ રોટલા છે, અને તે લાવવાને માટે પ્રયત્ન

કર્યું, પણ બરફનેલીધે ત્યાં પોહોંચી શકાય તેમ ન હતું. મદદ માટે અમે વારંવાર બૂમો પાડી, પણ કોઇયે સાંભળ્યું નહિ. પછી હ્મેને ચેસ્ટનટ લેઇને મને આપ્યાં, અને બે તેણે ખાધાં, અને અમે થોડું બરફનું પાણી પીધું. કેટલાક દિવસ સુધી ગધેડો અર્જાપો બતાવતો; બકરાં બેં બેં કરતાં સંભળાતાં હતાં; પરંતુ પછી અમે એમનો સાદ કાંઈ સાંભળ્યો નહિ, પણ બે બકરિયો જીવતી હતી, અને તે ગમાણની પાસે હતી તેથી અમે તેમને તપાશી, તો તે દૂધ દેતી માલૂમ પડી, તે દૂધથી અમે જીવતાં રહ્યાં. આ સઘળા વખતની દરમિયાન અમે અજવાળાનું એક કિરણ પણ દીઠું નહિ, પણ આશરે બાવીશ દિવસ સુધી એટલે મરઘડાં મરી ગયાં ત્યાં સુધી, તેમના બોલવાથી અમને રાત તથા દાહાડાની ખબર પડતી.”

“બીજે દિવસે, અમને વધારે ભૂખ લાગી, એટલે સઘળાં ચેસ્ટનટ ખાઇ ગયાં, અને બકરાંનું દૂધ નીકળ્યું એટલું પીધું, જે ઘણું કરીને પ્રથમ દરરોજ બશેરને સુમારે નીકળતું, પણ તે જલદીથી ઓછું થઈ ગયું. ત્રીજે દિવસે અમે રોટલા મેળવવા ફરીને પ્રયત્ન કર્યું, પણ તે ફોગટ ગયું; તેથી હરેક રીતે બકરાને ખવરાવવાની તજવીજ કરવાનો અમે નિશ્ચય કર્યો; કેમકે ગમાણ ઉપર પરાળનું માળિયું હતું, ત્યાં એક બાકામાંથી હ્મેને પરાળ ખેંચી નીચે લાકડાના ચોકઠામાં પાડ્યું, અને ત્યાં પોહોંચી શકાયું ત્યાં સુધી તે પરાળ બકરાંને આપ્યું; અને પછી, જ્યારે તેનાથી પોહોંચી શકાયું નહિ ત્યારે બકરાં તેના ખભાઉપર ચઢીને પોતાની મેળે પોહોંચ્યાં.”

“છઠ્ઠે દિવસે છોકરો માંદો પડ્યો, અને છ દિવસ સુધી તેની માએ તેને ખોળામાં ને ખોળામાં રાખ્યો, ત્યારપછી તે બોલ્યો કે મને ગમાણમાં લાંબો સૂવાડો. તે પ્રમાણે તે બાઇયે કર્યું, ને તેનો હાથ ઝાલીને જોયું તો ઘણો ઠંડો લાગ્યો; પછી તેણે તેના મ્હોઉપર હાથ મૂક્યો, તો તે પણ તેને ટાઢું માલૂમ પડ્યું, તેણે તેને થોડું દૂધ આપ્યું: પછી તે છોકરો બોલી ઉઠ્યો કે, “અરે! અરે! મારો બાપ બરફમાં છે! અરે બાપ! અરે બાપ!” એમ કહીને પછી મરણ પામ્યો.

“તે દરમિયાન તે બકરાંનું દૂધ દરરોજ ઓછું થતું ગયું,

અને મરઘડાં પણ પછી જલદી મરી ગયાં, તેથી રાત કે દિવસ જાણી શકતાં નહિ; પણ અમારી ગણતરી પ્રમાણે, તે વખતે એપ્રીલ માહનો અર્ધો થઇ ગયો હશે." આ પ્રમાણે આ ગરીબ લોકો પોતે શી રીતે બચ્યાં તેનો હેવાલ તેમણે માજીસ્ટ્રેટને કહ્યો.

જ્યારે મિ. બારલો આ વાર્ત્તા વાંચી રહ્યો, ત્યારે ટૉમિયે કહ્યું કે, "અરે બાપ! આ જગતમાં લોકોને આવાં અણધાર્યાં દુ:ખ કેટલાં બધાં આવી પડેછે."

મિ. બારલોએ જવાબ દીધો કે, "તું કેહેછે તે ખરૂં છે; પણ એ પ્રમાણે જ્યારે છે ત્યારે એવા અકસ્માત્‌ની સામે આપણે ટક્કર લઇ શકિયે•એટલામાટે આપણે હરેક પ્રકારે હોંશિયાર થવાની જરૂર છે."

---

ત્યારપછી તે બે ન્હાના છોકરા બાહાર ગયા, અને કેટલાક દિવસથી તેમણે બરફનો રાક્ષસી ગોળો બનાવવાની જે રમત માંડી હતી તેમાં પાછા મંડયા. તેમણે શરૂઆતમાં હાથવતી એક બરફનો ન્હાનો ગોળો બનાવવા માંડયો હતો તે તેમણે નિત્ય પ્રતિ બરફની ભૂકીપર રગડાવ્યાથી એટલો તો મ્હોટો થયો કે તે પછી તેમનાથી રગડાવી શકાયો નહિ. એટલે ટૉમિયે કહ્યું કે "હવે આપણે આટલેથી રેહેવા દેવું જોઇયે, કેમકે તે કાંઈ હવે ફેરવી શકાય એમ નથી."

હરિયે કહ્યું, "ના તેનો ઉપાય હું જાણુંછું:" એવું કહીને તે દોડીને આશરે પાંચ ફીટ લાંબી ને જાડી બે લાકડિયો લેઈ આવ્યો, અને તેમાંની એક ટૉમીને આપી, ને બીજી પોતે લીધી. પછી તેણે તે ગોળાની તળે લાકડીનો છેડો ઘાલવા કહ્યું, અને પોતાની તરફથી પોતે પણ એજ પ્રમાણે કર્યું, અને એવી રીતે તેઓ ઘણીજ સેહેલાઇથી તે ગઠ્ઠો આગળ ગરબડાવી શક્યા. આથી ટૉમી ઘણોજ અચંબો પામીને બોલ્યો કે, "આ કેમ થયું? પેહેલાં કરતાં હાલ આપણું જોર જરાએ વધ્યું નથી, તોપણ આ બરફનો ગોળો જે પેહેલાં આપણે હલાવી શકતા પણ ન હતા. તે હાલ ગરબડાવી શકિયે છિયે.;"

હરિયે કહ્યું કે, "એ ખરી વાત છે પણ તે આ લાકડિયોને

લીધે થયુંછે. આ રીતે કામ કરનાર લોકો ઘણું મ્હોટાં ઝાડ ઉપાડી શકેછે, જો કે આ હિકમત વગર, તેઓ હલાવી પણ શકે નહિ."

આમ તે કહી રહ્યો એટલામાં તો તેમની બંને લાકડિયો વચ્ચેથી ભાગી ગઈ.

ટૉમિયે કહ્યું કે, "આમાં કાંઇ વધારે નુકશાન નથી; કેમકે આખી લાકડિયોની પેઠેજ તેના છેડા પણ કામમાં આવશે."

પછી તેમના હાથમાં જે લાકડિયોના કડકા રહ્યા હતા તે વતી તે ગોળો ફેરવવાને તેઓએ પ્રયત્ન કર્યું, પણ તેઓ હલાવી શકયા નહિ તેથી ફરીથી વળી ટૉમીને આશ્ચર્ય લાગ્યું.

ટૉમિયે કહ્યું, "ખરેખર આ ઘણું નવાઇ જેવું છે, એમ જણાયછે કે ફક્ત લાંબી લાકડિયોજ કામની છે."

હરિયે કહ્યું કે, "હું પેહેલેથી તમને તે કેહેતઃ પણ તમને તમારી મેળે માલૂમ પડે તો ઠીક એવી મારી મરજી હતી. જો જોઇયે તેટલી મજબૂત હોય તો જેમ લાંબી લાકડી તેમ વધારે સેહેલાઇથી તમે કામ કરી શકો."

ટૉમિયે જવાબ દીધો, "ખરેખર આ તો બહુજ વિચિત્ર વાત છે; પણ થોડેક છેટે મિ. બૉરલોના મજુરોને કામ કરતાં મેં જોયાછે; ચાલો આપણે તેમનીપાસે જઇયે અને આપણને બે લાંબી લાકડિયો કાપી આપવાનું તેમને કહિયે."

પછી કામ કરતા હતા તે માણસોની પાસે તેઓ ગયા; પણ અહિંયાં ટૉમીના ચિત્ત આગળ એક નવુંજ આશ્ચર્ય ખડું થયું. એક મ્હોટા વિશાળ ઓકના ઝાડનું મૂળ હતું, તે એટલું મ્હોટું ને ભારે હતું કે, તે છ ઘોડા પણ ભાગ્યેજ ખેંચી શકે: વિશેષે તે એવું ચીકણું અને ગાંઠો વાળું હતું કે, તીક્ષ્ણ ધારવાળી કોહોવાડી પણ તેને પરાણે ચીરી શકે. મિ. બારલોનેસારૂ બળતણમાટે એમના કહ્યાથી, બે ઘરડા માણસો આના કાપીને કડકા કરતા હતા. ટૉમીના મનમાં આવ્યું કે આ બે ઘરડા માણસોની શક્તિ આવા કામના પ્રમાણમાં બીલકુલ ઓછીછે, તેથી તેનાથી બોલ્યાવિના રેહેવાયું નહિ કે આ લોકો શું કામ કરેછે, તે મિ. બારલો જાણતા નહિ હોય બાકી આવા

બિચારા નબળા ઘરડા ઠચ્ચર માણુસોને તેમનાથી જે કદિ બની-શકે એમ નથી એવું કામ સોંપી મેહેનત કરાવી મિથ્યા થકવત નહિ.

હરિયે જવાબ દીધો કે; "તમારા મનમાં એમ આવેછે? ત્યારે તો હું આટલો ન્હાનો છું તેમ છતાં આમાંના ફક્ત એક માણુસને મદદે લેઈ આ આશ્ચર્યકારક કામ કરતાં તમે મને જુઓ-તો, તમે શું કોહો?" એવું કહીને તેણે એક લાકડાની મોગરી હથોડાના જેવી હોયછે, પણ તેના કરતાં ઘણી મ્હોટી હોયછે તે પકડીને ઝાડના મૂળ ઉપર ઠોકવા માંડચું ને તે પ્રમાણે તેણે કેટલીકવાર સુધી કરચું પણ કાંઇએ અસર જણાઇ નહિ. ટૉ-મીના મનમાં આવ્યું કે આ વખત હરિભાઈ પકડાયાછે તેથી તેણે હસવા માંડચું, અને તેને કહ્યું કે, "તે લાકડા ઉપર જ-રાએ અસર થતા પેહેલાં તો તમારી સો એક મોગરિયો ભાગશે."

હરિયે હશીને જવાબ દીધો, "તમે એવું કોહોછો? ત્યારે હું ધારૂંછું કે મારે બીજી રીતે પ્રયત્ન કરવું જોઇયે:" એમ કહી તેણે નીચે નમીને એક ચીકણા લોઢાનો ન્હાનો કડકો, આશરે છ ઇંચ લાંબો, જમીન ઉપર પડેલો, ટૉમિયે પેહેલાં જોયો ન હતો, તે ઉપાડી લીધો. આ લોઢાનો કડકો મથાળેથી પોહોળો હતો, તેનો નીચેનો ભાગ ઠેઠ છેડા સુધી ઢાળ ઉતાર હતો, અને છેવટે તેને ધાર હતી. હરિયે તેને પકડીને, થોડા ઘા મારી મૂળમાં થોડો ઉતાર્યો. પછી એણે અને ઘરડા માણુસે વારાફરતી તે લોઢાના માથા ઉપર હથોડા મારવા માંડયા જેથી છેવટ એ મૂ-ળમાં ચારે તરફ કડકડ અવાજની સાથે ફાટ્રો પડવા લાગી અને પેલો લોઢાનો કડકો તે લાકડામાં ઊંડો ઉતરી ગયો.

ત્યારે તે વખત, હરી બોલ્યો, "આ પેહેલી ફાચરે ઘણું સારૂં કામ કર્યું, બીજી બે અથવા ત્રણ ફાચરો ઉતાર્યાથી તે પૂરે-પૂરૂ ચીરાઇ જશે." પછી તેણે બીજી વધારે મ્હોટી ફાચર લીધી, અને પેહેલી ફાચરનું માથું જે મૂળમાં બિલકુલ દટાઇ ગયું હતું તેની અર્ને લાકડાની વચમાં ઘાલી આગળની પેઠે તે ઉપર ઠો-કવા માંડચું. હવે તે ફાચરની આસપાસ તે મૂળમાં ફાટીને ચીરા પડ્યા, ને છેક તેના તળિયા સુધી, મ્હોટો ચીરો પડેલો જણાયો. આવી રીતે હરિયે એક ફાચર પેસારી કે બીજી નવી ને મ્હોટી ઘાલીને એ પ્રમાણે ઉપરા ઉપરી ઘા મારચો ગયો, જેથી

છેવટ તેણે જે કામ માથે લીધેલું હતું તે પૂરૂ કર્યું, અને તે રાક્ષસી વેઢાનો એક ન્હાનો અને બીજો મ્હોટો એવા કડકા કરી નાંખ્યા. પછી હરિયે કહ્યું, "આ ઘણો મ્હોટો કડકો છે, પણ હું ધારૂંછું કે તમે અને હું બે જણ થઇને તે બાળવામાટે લેઈજઈ શકીશું, અને હું તમને કાંઈ બીજું બતાવીશ તેથી તમે આશ્ચર્ય પામશો." એવું કહી તેણે એક મ્હોટી આશરે દશ ફીટ લાંબી વળી લીધી, અને ત્યાં આગળ એક દોરડાનો કડકો મળી આવ્યો તેનાથી, તે ઉપર તે લાકડાનો કડકો લટકાવ્યો; પછી તેણે ટૉમીને પૂછ્યું કે, તમે કિયો છેડો પકડશો? ટૉમિયે ધાર્યું કે બોજો નજીક હોય તો ઠીક પડશે તેથી, જે છેડાની પાસે બોજો લટકાવ્યો હતો તે છેડો પસંદ કર્યો, અને તે પોતાના ખભાઉપર મૂકયો; અને હરિયે બીજો છેડો લીધો. પણ ટૉમિયે જ્યારે ચાલવા માંડ્યું ત્યારે, તેને માલૂમ પડ્યું જે ભાર ઉચકી શકાય એમ નથી; પરંતુ હરીને તેનાપર આવતો બોજ ઘણો ચંચળાઇથી ઉચકીને ચાલતો જોઇ તેણે તે બાબતવિષે કાંઈ ફરિયાદ ન કરવા નિશ્ચય કર્યો. આવી રીતે તેઓ જતા હતા ને તેમને મિ. બારલો મળ્યો. તેણે બીચારા ટૉમીને તેના તરફના બોજથી બેવડો વળીજતો જોઇ પૂછ્યું, "તને કોણે આ તરેલિયે જોતર્યોછે?" ટૉમિયે કહ્યું કે, "હરિયે." ત્યારે મિ. બારલોને હસવું આવ્યું અને તેણે કહ્યું કે, "વારૂ, ટૉમી, તમને તમારો મિત્ર હરી ઠગવાનું કરતો આ પેહેલી વખતજ જોઉછું; પરંતુ પોતે જેટલો બોજો ઉપાડ્યોછે તે કરતાં બે આ ત્રણ ગણો બોજો તમારીપાસે ઉપડાવેછે." હરિયે જવાબ દીધો કે, "ટૉમિયે તે પોતાની મેળે પસંદ કરી લીધોછે; અને હું તેને તેની ભૂલ તરતજ બતાવત, પણ ઉચ્ચાલનનું સાધારણ કાર્ય જોઇ એને એવો તો અજબ થતો જોયો કે, તે વિષે બીજી વિશેષ વાતો તેને શીખવવાનું મારા મનમાં આવ્યું ને તેથી મેં આમ થવા દીધું:" પછી વળીના છેડા બદલી ટૉમિયે જે છેડો ઉપાડ્યો હતો તે પોતે લીધો અને તેને પૂછ્યું કે, "હવે તમને તમારે ખભે ભાર હલકો લાગે છે કેમ?"

ટૉમિયે જવાબ દીધો કે, "હા બેશક હલકો તો લાગેછે: પણ શાથી એમ થયું તે મારા મનમાં આવતું નથી; કેમકે પેહેલાં આપણે આજ બોજો આમજ બેજણ મળીને ઉપાડી જતા હતા."

મિ. બારલોએ જવાબ દીધો કે, "કેવળ તેની તેજ રીતે નહિ; કેમકે, જો તમે જોશો તો જણાશે કે હરીના કરતાં તમારા ખભાથી વધારે વેગળો એ લાકડાનો વેઢો છે; આ કારણથી પેહેલાં તમે જેટલો બોજો ઉપાડ્યો હતો તેટલોજ હાલ તેણે ઉપાડ્યોછે; અને તેથી ઉલટું જ્યારે હું તમને મળ્યો, ત્યારે એણે જેટલો થોડો બોજો ઉપાડ્યો હતો તેટલો તમે ઉપાડ્યોછે."

ટૉમિયે કહ્યું, "ખરેખર આ ઘણું વિચિત્ર છે. મને માલૂમ પડેછે કે હું ઘણી વાતો હજી જાણતો નથી."

મિ. બારલોએ કહ્યું, "વારૂ, જો તમને એટલું ઉપયોગી જ્ઞાન આટલા વખતમાં આવી ચૂક્યું તો બીજાં થોડાં વર્ષમાં તમે બીજું કેટલું બધું શીખવાની આશા બાંધી શકો?"

પછી તે ટૉમીને ઘરમાં લેઈ ગયો, અને એક આશરે ચાર ફીટ લાંબી લાકડી જેને દરેક છેડે ત્રાજવું લટકાવેલું હતું તે બતાવી.

તેણે કહ્યું, "હવે, જો તમે ખુરશીની પીઠ ઉપર આ લાકડી બરોબર પોતાના મધ્યભાગ ઉપર રેહે તેમ મૂકશો તો, તમે જોશો કે, આ બે ત્રાજવાં બરોબર સમતોલ રેહેશે. તેજ પ્રમાણે જો હું તે દરેકમાં બરોબર વજન મૂકું તોપણ, તેઓ અધર તોળાઈ રેહેશે. આ રીતે જે વસ્તુ ખરીદ કરવામાં આવેછે તેનું આપણે વજન કાહાડિયે છિયે; આ લાકડી જે જુઓ છો તેજ મિસલની ત્રાજવાની દાંડી હોયછે તે ઘણું કરીને વચમાંથી બીજી વસ્તુને ફક્ત લટકાવવામાં આવેછે. પણ આપણે હવે આ લાકડી ખશેડિયે ને જોઇયે શો પરિણામ થાયછે." મિ. બારલોએ પછી તે લાકડીને એવી રીતે ખશેડી કે, જ્યારે તે ખુરશીની પીઠઉપર ગોઠવાઈ ત્યારે એક બાજુએ ત્રણ ફીટ અને બીજી બાજુ ઉપર એક ફૂટ રહી. તેથી જે બાજુનો ભાગ લાંબામાં લાંબો તે ભારેમાં ભારે તેથી તરતજ હેઠળ પડ્યો.

મિ. બારલોએ કહ્યું કે, "જુઓ, હવે આપણે બે બાજુને બરોબર સમતોલ કરવી હોયતો, જે ટુંકામાં ટુંકી બાજુ છે તે તરફ આપણે વધારે ભારે વજન મૂકવું જોઇયે." એમ કહી તે એટલે સુધી વજન મૂકતો ગયો કે છેવટ ટૉમીને માલૂમ પડ્યું કે લાંબામાં લાંબી બાજુ ઉપર એક શેર તે ટુંકામાં ટુંકી બાજુ તરફ ત્રણશેર બરોબર થયું: કેમકે, ટુંકી બાજુથી લાંબી બાજુ

જેટલી વધતી હતી, તેટલું લાંબી બાજુ કરતાં ટુંકી બાજુ તરફ લટકાવેલું વજન વધારવાની જરૂર પડી.

મિ. બારલોએ કહ્યું કે, "આને, ભાર ઉંચો કરવાનું ઉચ્ચાલન કેહેછે; અને આજ તમે જે લાકડિયો વાપરોછો તે સઘળી ફક્ત જૂદી જૂદી બનાવટનાં ઉચ્ચાલન છે. તમે તમારા પોતાના અનુભવથી ધારી શકશો કે તે માણસને કેટલાં બધાં ઉપયોગીછે."

ટૉમિયે કહ્યું, "આ સઘળું, ખરેખર અચંબા ભરેલું છે; અને તેમનો ઉપયોગ પૂછવાની મારે કાંઈ જરૂર નથી, કેમકે આજ મેં જે પ્રયોગ કરી જોયાછે તેથી હું તે ચોખ્ખું સમજુંછું."

મિ. બારલોએ વિશેષમાં કહ્યું કે, "આ બાબત વિષે આપણે વાત કરિયે છિયે તો વળી એક વાત જાસ્તી હું બતાવું."

એવું કહીને તે પોતાના કોઠારની નીચે ચોકમાં તેમને લેઈ ગયો, ત્યાં અનાજનો એક ભારે કોથળો પડેલો હતો. મિ. બારલોએ કહ્યું કે, "હવે, જો તમે ધારોછો તે પ્રમાણે જબરા હો તો આ અનાજનો કોથળો ઉપાડો, અને નીસરણી ઉપર ચઢી કોઠારમાં લેઇ જાઓ."

ટૉમિયે હશીને કહ્યું કે, "તે તો અશકય છે: અને સાહેબ, તમે પણ તે કરી શકશો તેનો મને અંદેશો રેહેછે."

મિ. બારલોએ કહ્યું, "ઠીક આપણે શું કરવું તે અજમાવી જોઇયે છિયે."

ત્યારપછી તે તેમને તે કોઠારમાં લેઈ ગયો, અને એક હાથો જડેલી મધ્યમ કદની ફરકડી બતાવીને, એ ન્હાના છોકરાઓને ફેરવવાનું કહ્યું. થોડી મુશકેલીથી તેઓએ તે ફેરવવા માંડી, અને પછી તરતજ પેલો દાણાનો કોથળો ઉચકાઈ કોઠારમાં આવી જમીન ઉપર પડ્યો, તે ટૉમિયે નજરે દીઠું ત્યારે મારી આંખો આ જુએ છે તે સાચુંજ છે એમ મુસ્કેલીથી તેણે માન્યું.

મિ. બારલોએ કહ્યું કે, "જુઓ, આ એક બીજી અક્કલભરી હીકમત છે, જેથી નબળામાં નબળો માણુસ ઘણાજ મજબૂત માણુસનું કામ કરી શકેછે. આને પૈડું અને ધરી કરીને કેહેછે. તમે જુઓ છો કે પૈડું જે કાંઈ ઘણું મ્હોટું નથી, તેને એની અંદર જે ધરી એના કરતાં ઘણી ન્હાની છે, તે આસપાસ

ફેરવેછે, અને દરેક ફેરે, તમારે ઉપાડવાનો બોજો જે દોરડાથી બાંધ્યોછે તે દોરડું એ ધરી ઉપર વીંટાયછે. હવે જે પૈડાથી ધરી ફરેછે, તે પૈડાની પોહોળાઈ એ ધરી કરતાં જેટલી મ્હોટી હોય તેટલો, પૈડા વિના ઉપાડી શકાતો તે કરતાં વધારે બોજો તે ફેરવનાર માણસ ઉપાડી શકેછે."

ટૉમી બોલ્યો, "અરે, જ્ઞાન મેળવવું એ ખરેખર સારી વાત છે."

પણ ઍજેસીલૉસની વાર્ત્તા કેહેવાનું તેને હરિયે કબુલ કર્યું હતું તે એક રોજ સવારમાં હરીને યાદ દેવરાવવાને તે ભૂલ્યો નહિ.

## ઍજેસીલૉસની વાર્ત્તા.

"ટૉમી, પેહેલાં મેં તમને કહ્યું હતું તે પ્રમાણે સ્પાર્ટા દેશના રેહેવાસિયો, ઘણા કઠણ હાડના ને બહાદુર હતા, અને તેઓ મોજ શોખ અને નાજુકાઇ નામે ધિક્કારતા હતા. જેથી તે લોકો ચાહે તેટલો થાક શરીરે ખમી શકે ને જખમ કે ભયને લેખવે નહિ એવી એવીજ કસરતો કરવામાં પોતાનો બધો વખત ગાળતા, કેમકે તેમનો મુલક કંઈક બીજી પ્રજાઓની વચ્ચોવચ આવી ગયેલો હતો, તેટલા માટે તેમને જાતે પોતાનો બચાવ કરતાં શીખવાની જરૂર હતી. સઘળાં છોકરાંઓને એક સરખી રીતે ઉછેરવામાં આવતાં હતાં, અને રાજાનાં છોકરાંને પણ બીજાનાં જેટલાંજ કમી લાડલડાવવામાં આવતાં."

ટૉમી બોલ્યો. "રોહો રોહો! એ હું બરોબર સમજ્યો નહિ. મારા ધારવામાં એમ હતું કે રાજાઓ અને રાજકુંવરો તો આખો દાહાડો માથા ઉપર મુકુટ પેહેરીને ફરતા હશે અને મીઠાઇ ખાખા કરતા હશે એ સિવાય બીજું કાંઈ કરતા નહિ હોય."

**હરી.**—રાજા સર્વે કેમ કરતા હશે તે હું જાણતો નથી, પણ સ્પાર્ટામાં તો રાજાઓનું (કેમકે ત્યાં ગાદીઉપર બે રાજા રેહેતા) મ્હોટું કામ એ હતું કે જ્યારે તેઓના ઉપર હુમલો થાય ત્યારે અથવા તેમને બાહાર લડાઇ ઉપર જવાનું હોય ત્યારે તેઓએ લશ્કરના આગેવાન થવું એ કામ જાતે મજબૂત કાઠીના બહાદુર ન હોય તો તમે જાણો છો કે તેઓ કરી શકે નહિ.

હવે, એક વખત એવું બન્યું કે સ્પાર્ટનોના કેટલાક પ્રિયમિત્ર અને મળતિયાઓ દરિયાપાર રેહેતા હતા, તેમના ઉપર ઇરાનિયોની અસંખ્ય પંકાયલી પ્રજાએ હુમલો કર્યો. તેથી જ્યારે સ્પાર્ટનોને તેમના મિત્રોનું સંકટ જાણવામાં આવ્યું ત્યારે તેમણે ઍજેસીલૉસ જે તેમનો એક રાજા હતો તેને થોડાક હજાર દેશી લડાયક સાથે તેમની મદદે મોકલ્યો. ઈરાનિયોના સરદારે દુશ્મનોની સંખ્યા થોડી જોઇ, ત્યારે તેના મનમાં આવ્યું કે તેમને કાપી નાંખવા કે કેદ કરી લેવા મુશ્કેલ નથી. વળી, તે અત્યંત ધનાઢ્ય હતો, અને જે જે સુંદર અને કિંમતી વસ્તુઓ મળી શકે તે તે વસ્તુથી શણગારેલા કંઈક મેહેલોનો તે માલીક હતો. અને સોનું રૂપું, અને દાગીના, અને ગુલામો તેનીપાસે જથાબંધ હતા તેથી કોઇપણ માણસ એના સામાં થવા કરે એ એના માનવામાં આવ્યું નહિ. માટે, તેણે સ્પાર્ટનોના લશ્કર કરતાં ઘણું મ્હોટું લશ્કર તૈયાર કર્યું, અને ઍજેસીલૉસના ઉપર હુમલો કર્યો, જે તેનાથી જરાએ ડર્યો નહિ કેમકે સ્પાર્ટનો પોતાની ઢાલો એકઠી જોડી દેઇને કવાયતબંધ આગળ ચાલીને, એટલા બધા જુસ્સાથી ઈરાનિયો ઉપર ટૂટી પડ્યા કે, તેમણે તેમને તરતજ નસાડી મૂક્યા.

આ ઠેકાણે આ વાર્ત્તા ચાલતી હતી તેની વચમાં ટૉમી બોલી ઉઠ્યો કે, "ઢાલ એ શું હશે?"

મિ. બારલોએ જવાબ દીધો કે, "બંદુકના દારૂના બળથી માણસો વાકેફ થયા, તે પેહેલાં તેઓ પાસપાસે આવી જઇ તરવારો અથવા મ્હોટા ભાલાથી યુદ્ધ કરતા હતા; તે કારણથી તેઓ તેમના દુશ્મનોના હથિયારની સામે પોતાના શરીરનો બચાવ કરવાને, વિવિધ પ્રકારે પોતે પોતાના શરીરને ઢાંકી લેતા. ઢાલ ડાબે હાથ પકડાતી, પાટિયાંના કડકા એકઠા જડી લઇ તેની તે બનાવવામાં આવતી, અને લોઢાનાં પતરાં, અને જાનવરોનાં ચામડાંથી મઢીને મજબૂત કરવામાં આવતી, અને તે ઘણું કરીને માણસનું આખું શરીર ઢંકાય તેટલી લાંબી પોહોળી રાખવામાં આવતી. જ્યારે તેઓ લઢાઇમાં જતા, ત્યારે તેઓ હારબંધજ રેહેતા અને દુશ્મનોના તીરથી બચાવ કરવાને તેઓ

તેમની ઢાલો આગળ ધરી રાખતા. તેઓ તેમના માથાપર ઘો-ડાનાવાળની કલગિયો, કે પક્ષિયોનાં પીછાંથી, શણગારેલી લોઢાની અથવા ગજવેલની ટોપિયો પેહેરતા. આ રીતે, તેઓ સરખા કદમથી સઘળા સાથે ચાલીને, અને તેમના ભાલા તેમની આ-ગળ ધરીને, તેઓ તેમના દુશ્મનોને ભેટવાને ધસતા."

ટૉમિયે કહ્યું, "હું ધારૂંછું કે, એ દેખાવ બહુ ભભકાદાર થતો હશે; અને મારા મનમાં કેટલીકવાર તો એમ થઈ આવે છે કે હું જોઈયે તેટલો કદમાં મ્હોટો થઈશ ત્યારે સીપાઈ બ-હાદુર બનીશ."

મિ. બારલોએ જવાબ દીધો કે, "તેનો તમે વિચાર કર્યોછે, સીપાઈનું કામ શું છે અને તેની શી દશા થાયછે તે?"

ટૉમિયે કહ્યું કે, "ના; હું જાણુંછું કે તેને કોઇવાર લઢવું પડે પણ મારા મનમાં તો સુંદર લાલ પોશાક પેહેરીને જા આવ કરિયે, અને સઘળી સુંદરિયો, જોતી જાય ને મ્હોં મલકાવે સલામ કરે એ બહુ મઝાનું લાગ્યું."

મિ. બારલોએ કહ્યું કે, "વારૂ, લશ્કરી સીપાઈના જીવતરનો હું તમને હમણાં વધારે સાચો ચિતાર આપીશ; હાલ હરીને તેની વાર્ત્તા આગળ વાંચવા દો."

ઈરાનિયોના સરદારનું નામ ફારનાબઝસ હતું, તેણે જ્યારે જોયું કે આપણી ફોજ સ્પાર્ટનોના સામી ટકી શકતી નથી, ત્યારે તેણે ઍજેસીલૉસ તર્ફ માણસ મોકલ્યું, અને વીનવ્યું જે આપણે સલાહની શરત વિચારવા મળિયે. એ વાત એ સ્પાર્ટને કબુલ કરી, અને ક્યાં ને ક્યારે મળવું થશે તે નક્કી કરી ફારનાબેઝસને કાહાવ્યું. જ્યારે મુકરર કરેલો દિવસ આવ્યો ત્યારે, નીમેલી જગ્યાએ પેહેલો ઍજેસીલૉસ સ્પાર્ટનોને સાથે લેઇને આવી પોહોંચ્યો; પણ ફારનાબઝસને દીઠો નહિ, તેથી પોતાના સી-પાઇયો સાથે ઘાસ ઉપર બેઠો; અને સીપાઇયોને એ જમવાનો વખત હતો, તેથી તેઓએ પોતાનો ખોરાક કાઢ્યો, જેમાં જો-ઇયે તો ફક્ત જાડા રોટલા ને ડુંગળી હતી; અને તે તેઓ ઘણી ખુશીથી ખાવા મંડી ગયા. સૌની વચમાં રાજા ઍજેસીલૉસ જાતે બેઠો હતો, તેનાં લુગડાંથી કે તેના ખાણાથી તે કોઇપણ રીતે

બીજા સ્પાર્ટનોથી જૂદો પડતો ન હતો; તેમજ તેના આખા-લશ્કરમાં એવો એક્કે માણસ ન હતો કે જે રાજાના કરતાં કોઇપણ પ્રકારનું દુઃખ અથવા સંકટ વધારે વેઠતો હોય. આથી કરીને તેને સર્વે સીપાઇયો ચાહાતા હતા અને માન આપતા હતા. સ્પાર્ટનો પોતાનો સાદો અને સાધારણ ખોરાક લેહેજતથી ખાતા હતા, તેવામાં ફારનાબઝસના નોકરોની પેહેલી ટુકડી આવી પોહોંચી; તેઓ પોતાની સાથે સુંદર કીમતી ગાલીચા લાવ્યા હતા, તે તેમણે પોતાના માલકને આડા પડવાનેસારૂ બીછાવી દીધા. પછી તરતજ બીજું ધાડું આવ્યું, તેણે એક મ્હોટો રેશમી ઝૂલનો તંબુ તેને અને તેની સાથેના માણસોને સૂર્યનો તાપ લાગે નહિ એટલા માટે ઉભો કરવા માંડ્યો. આ પછી કંદોઇ અને ભઠિયારાનું એક ટોળું આવ્યું, તેમની સાથે સ્વાદિષ્ટ રસોઈની સામગ્રીથી લાદેલા પુષ્કલ ઘોડા હતા. છેવટે, પૂર્વદેશના ઠાઠ પ્રમાણે, મ્હોટો જાંબુડા રંગનો જભ્ભો પેહેરી અને સોને અને જવાહીરે ઝળહળતા વેષે ફારનાબઝસ આવ્યો; તેણે હાથે કડાં પેહેર્યાં હતાં અને જે સુશોભિત ઘોડા ઉપર તે બેઠો હતો તે ઘોડો પણ તેના જેટલાજ ઠાઠથી શણગાર્યો હતો. જ્યારે તેણે વધારે નજીક આવતાં સ્પાર્ટનોના રાજા અને સીપાઇયોની સાદી રીતભાત જોઇ, ત્યારે તેમની ગરીબાઈવિષે તિરસ્કાર બતાવ્યાવિના, અને પોતાના ઠાઠનો અને તેમના કંગાલ દેખાવનો મુકાબલો કર્યાવિના તેનાથી રેહેવાયું નહિ. એની સાથે જેટલા હતા તેમાંથી એકજ માણસ સિવાય સઘળા તેમના સરદારની ઠઠ્ઠા મશ્કરીથી ઘણા ખુશી થતા જણાયા. એ ગ્રીશિયનોના લશ્કરમાં એક વાર નોકર હતો તેથી એ લોકોની કવાયતથી વધારે વાકેફ થયેલો હતો, આ માણસની સમજશક્તિ અને પ્રમાણિકપણાવિષે ફારનાબઝસ ઉંચું મત ધરાવતો હતો, તેટલામાટે જ્યારે તેણે જોયું કે તે કાંઇ બોલ્યો નહિ, ત્યારે બીજા લોકોએ પોતાના વિચાર જણાવ્યા, તે પ્રમાણે તેને તેના વિચાર જણાવવા તેણે આગ્રહપૂર્વક કહ્યું.

તેણે, જવાબ દીધો કે, “જ્યારે તમે મને મારો અભિપ્રાય કેહેવાનો હુકમ કરોછો ત્યારે મારે કેહેવું જોઇયે કે, અરે ફારનાબઝસ, તમારી સાથેના ગૃહસ્થોને જે હકીકતથી આટલો બધો

વિનોદ ઉપજેછે, તેજ મારા મનમાં ભય ઉત્પન્ન કરેછે. ખરેખર, આપણી તરફ, હું સોનું અને ઝવેરાત, અને પુષ્કળ મખમલ જોઉંછું; પણ જ્યારે માણુસો તરફ નજર કરૂંછું ત્યારે, મને હજામ, ભઠિયારા, કંદોઇ, સારંગી વગાડનાર, નૃત્ય કરનાર, અને જે જે લઢાઇને માટે નાલાયક તે તેજવિના બીજું કાંઇ હું દેખતો નથી. અને ગ્રીશિયનોપાસે આ દેખીતી કીમતી પણ તુચ્છ વસ્તુમાંનું કાંઇ મારા જોવામાં આવતું નથી; પણ હું બચાવ અને સંહારનાં હથિયારો જોઉંછું. સંકટમાત્રનો તિરસ્કાર કરવા અને ભયનામે સામે થવા કેળવાયલા, બરોબર વ્યૂહમાં રેહેવા તથા પોતાના સરદારના હુકમને તાબે થવા, અને શત્રુના છિદ્રનો અચૂક લાભ લેવા, અને પાછી પીડ કરવા કરતાં પોતાની જગાએ જ કપાઇ મરવા ટેવાયલા યોદ્ધાઓ હું જોઉંછું. ઘણી ચતુરાઇથી રસોઇ કોણ બનાવી શકે, અથવા વાળ વાંકડિયા કોણ રાખી શકે એ બાબતની જો લઢાઇ હોયતો તે ઇરાનિયો ફતેહ મેળવે એમાં મને કાંઇ અંદેશો નથી; પણ, જ્યાં બાહાદુરી અને અંગબળમાંજ સિદ્ધિ રહીછે ત્યાં તો જે માણુસો જખમ, શ્રમ અને સંકટ ખમી કસાઈ રીઢા થયાછે તેમનાથી મનમાં ડર્યાવિના મારાથી રેહેવાતું નથી; તેમ વળી ઇરાનિયોનું સોનું તે ગ્રીશિયનોના લોઢાની સાંમે ટકી શકશે એવું હું કદિ ધારતો નથી.”

ફારનાબઝસને આ વિચાર એટલા ખરા તથા વ્યાજબી લાગ્યા કે, તે વખતથી તેણે નિશ્ચય કર્યો કે આવી અજીત ફોજની સામે લડવું નહિ; ત્યારથી તેણે સઘળી ફિકર સ્પાર્ટનો સાથે સલાહ કરવા તરફ રાખી, જેથી તેણે પોતાના દેશનો તથા પોતાનો નાશ થતો બચાવ્યો.

મિ. બારલોએ કહ્યું કે, “તમે આ વાર્ત્તાઉપરથી એમ તો જુઓછો કે, સુંદર કપડાં તમે ધારોછો તેટલાં ઉપયોગી નથી, કેમકે એવાં લુગડાં કાંઇ પેહેરનારાની હિંમતમાં કે જોરમાં પેહેલા કરતાં વધારો કરતાં નથી, તેમજ જે લોકોનો દેખાવ વધારે સાદાઈવાળો છે તેમના હુમલાથી તેઓનું રક્ષણ કરી શકતાં નથી. પણ હજી લશ્કરી સીપાઇના કામથી તમે એટલા ઓછા વાકેફ છો, માટે તે લોકોનું શું કામ છે તે તમને જરા વધારે ખુલાસાથી મારે સમજાવવું જોઇયે. ઘણીવાર તેને અત્યંત સખત તાઢ

તડકામાં કે વરસાદમાં આખા દિવસ ને દિવસ ચાલવું પડેછે, અને ઘણીક વાર તો ઓઢવા પેહેરવાને લુગડાં કે ખાવાને ખોરાક પણ નથી હોતો. જ્યારે રાત પડેછે ને ઢાળો કરેછે ત્યારે એક ફાટ્યાટૂટ્યા લુગડાના તંબુની, અને ભેજવાળી જમીનથી તેના શરીરનું રક્ષણ થાય માટે થોડા પરાળનીજ વધારેમાં વધારે તે આશા રાખી શકેછે. ઘણી વાર તેને ખુલ્લી જમીન ઉપર ઉઘાડા પડી રેહેવું પડેછે; જેથીકરીને તેને બહુબહુ દુશ્મનની તોપો કરતાંએ વધારે નાશકારક રોગ થાયછે. દરેક કલાકે લંગડા થવાનું અથવા મોત થાય એવા જખમ થવાનું સંકટ એના માથા ઉપર ભમતું રેહેછે. જો તે ફતેહ મેળવેછે, તો તેને ઘણું કરીને માત્ર લઢાઈ પૂરી થતા સુધી નવેનામે માંડો પંડ્યા ઘરથી કરવું પડેછે ને ફરીફરી પાછું લઢવું પડેછે; જો તે હારેછે, તો તે સોવશા તેજ જગ્યાએ કપાઈ જાયછે, અથવા દુશ્મનોના હાથમાં કેદ પકડાયછે તેવે સમયે તેને શૂન્ય કેદખાનામાં જ્યાં જીંદગાની જાળવવાની એકે જરૂરી ચીજ મળતી નથી, ત્યાં કેટલાક મહિના સુધી કષ્ટાયા કરવું પડેછે."

હરિયે કહ્યું, "અરે! જે બહાદુર માણસો પોતાના દેશનો બચાવ કરવાને એટલું બધું સહન કરેછે, તેમની દશાનું કેવું ભયંકર ચિત્ર તમે આપો છો! ખરેખર જેઓ તેમને નોકરીમાં રાખેછે તેમણે તેઓ જ્યારે માંદા અથવા જખમી થયા હોય, ત્યારે તેમની સંભાળ લેવી જોઇયે!"

મિ. બારલોએ જવાબ દીધો કે, "ખરૂં છે, એ પ્રમાણે, તેઓએ કરવું જોઇયે; પણ અવિચારી અને બેવકુફ માણસો સત્ય અથવા કારણવિના લઢાઈ કરેછે; અને જ્યારે તે લઢાઇ પૂરી થાયછે, ત્યારે જે લોકોએ આટલું બધું નુકશાન વેઠીને તેમની નોકરી કરેલી હોયછે, તે દુઃખી લોકોવિષે વિચાર પણ કરતા નથી."

હરિ.–પણ લોકોએ લડવામાટે બીજાને ભાડે શું કરવા લાવવા જોઇયે તે વાત મારાથી સમજાતી નથી; જો લડવાની જરૂર હોય તો, શામાટે તેઓ પોતાની મેળે લડતા નથી? મને તો બીજા છોકરાની પાસે જઇને 'અરે ભાઈ જાઓને, મારે સારૂ જરા તમારો જીવ જોખમમાં નાખોકે હું હાથપગ જોડી ઘરમાં બેશી રહું એમ કેહેતાં' ઘણી શરમ લાગે.

ટૉમી.–ધારો કે ફ્રેન્ચ લોકો અહિંયાં આવે તો તમે પોતે તેમનીસાથે લડવાને જશો ?

હરી.–મેં મારા બાપને એવું કેહેતાં સાંભળ્યું છે કે, જો હુમલો થયો હોય તો, પોતાના દેશમાટે લડવાની દરેક માણસની ફરજ છે; અને મારો બાપ જો લઢવાને જાય તો તેમની સાથે હું જાઉં. કોઇ પણ માણસને હું ઈચ્છાપૂર્વક ઈજા કરૂં નહિ; પણ આપણે આપણા બચાવમાટે થાય તે કરવું જોઇયે કેમ સાહેબ ખરૂં કે નહિ ?

મિ. બારલો.–ખરેખર એવી વખતે માણસોને પોતાનો બચાવ કરવાનો હક છે. ગ્રીશિયનોવિષે તમે વાત કરતા હતા તે લોકો ઉપર જ્યારે કોઇ હુમલો કરતું ત્યારે પોતાના દેશનું રક્ષણ કરવામાટે દરેક માણસ તૈયાર થતો હતો.

હરી.–મેહેરબાન સાહેબ, હું અરજ કરૂંછું કે, માસ્ટર ટૉમીને લિયોનીડાસની વાર્ત્તા, વાંચી બતાવો. મને તેથી ઘણોજ આનંદ થયો હતો, અને મને ખાતરીછે કે તે સાંભળવાથી ટૉમી પણ્ખી ખુશી થશે.

તે ઉપરથી મિ. બારલોએ નીચે પ્રમાણે તે વાત વાંચી સંભળાવી.

## સ્પાર્ટાના રાજા લિયોનીડાસની વાર્ત્તા.

ઈરાનના રાજાના તાબામાં ઘણો મુલક હતો, તેમાં કરોડો લોકો વસતા હતા, અને તેમાં અનાજ વિગેરે જીંદગાનીને જરૂરની વસ્તુઓ પુષ્કળ થતી હતી, એટલુંજ નહિ પણ સોનું રૂપું અને બીજી દરેક કીમતી વસ્તુ ખૂબ જથાબંધ નીપજતી હતી. તોપણ તે વખતે એ દેશના અધિરાજ્યનો રાજા ઝર્કસીસ કરીને થયો તેનું અહંકારી મન આ સઘળાથી સંતોષ પામ્યું નહિ. તેની પરોશમાં ગ્રીશિયનો હતા, તે સ્વતંત્ર હતા, અને તે તેની સત્તા કબુલ કરતા ન હતા; તેટલામાટે તેણે ગ્રીસઉપર ચઢાઇ કરી તે દેશ જીતી લેવાનો નિશ્ચય કર્યો. આ કારણસર તેણે એટલું ગંજાવર લશ્કર એકઠું કર્યું કે, તેનું વર્ણન પણ કરવું બહુધા અશક્યછે એમાં માણસોની સંખ્યા એટલી જણાતી હતી કે આખી દુનિયાં જીતવાને પૂરી પડે, અને ગ્રીશિયનો જેટલી ફોજ એકઠી કરી શકે એમ હતું તે તમામ એના સામા હિસ્સા

જેટલી પણ થાય એવું ન હતું. તેમ છતાં પણ, સર્વેની સલામતી સાચવવા શું કરવું તેવિષે વિચાર કરવાને ગ્રીશિયનોએ જાહેર સભાઓ મેળવી, ત્યાં તેઓએ ઉદારપણે નિશ્ચય કર્યો કે, હાલસુધી આપણે સ્વતંત્ર રહેલા છિયે, માટે તે સ્વતંત્રપણું આપણે રાખી રેહેવું, અથવા બહાદુરીથી તેની ખાતર જાન આપવો. તે દરમિયાનમાં ઝર્કસીસ કુચ કરી આગળ વધ્યાં ગયો, અને છેવટે ગ્રીસના મુલકમાં પેઠો. ગ્રીશિયનો લઢાઇની તૈયારી કે, ફોજ એકઠી કરી શક્યા નહિ હતા, તેથી આવું લશ્કર પાસે આવી પોહોંચ્યાથી તેઓ એકદમ ભયથી શઢ થઇગયા તે વખતે સ્પાર્ટાનો રાજા લિયોનીડાસ હતો, તેણે જ્યારે તે વખતની હકીકતનો વિચાર કરી જોયો, ત્યારે પોતાના દેશનો નાશ થતો અટકે એવો તેના મનમાં ફક્ત એકજ રસ્તો આવ્યો. તે એકે ઇરાની લશ્કરને થરમોપીલી નામે ઘણાજ વિકટ અને પાહાડી પ્રગણામાં થઇનેજ આવવું પડે એમ હતું. આ પાહડોમાં ફક્ત એકજ સાંકડો રસ્તો હતો, તેમાં ઘણા મ્હોટા લશ્કરની સામે કેટલી મુદત સુધી ઘણા થોડા માણસથી પણ ટક્કર લેઈ શકાય એવું હતું. લિયોનીડાસે જોયું કે થોડાં દઢ માણસો આ નાકું સાચવવાનું માથે લે તો, તેથી આખા ઇરાની લશ્કરને અહિં આવતાં વાર થાય અને ગ્રીશિયનોને લશ્કર એકઠું કરવાનો વખત મળે પણ જ્યાં જીવતાં નાશી છૂટવાનોજ ભાગ્યે સંભવ એવું આ મહાસાહસ કર્મ તે કોણ માથે લે? આ કારણથી લિયોનીડાસે જે સ્પાર્ટનો ખુશીથી સાથે આવે તેમને લેઇને જાતે આગેવાન થઇ ત્યાં પ્રયાણ કરવાનો અને પોતાના દેશના બચાવમાટે પોતાની જીંદગીનો ભોગ આપવાનો નિશ્ચય કર્યો.

આ ઇરાદાથી, તેણે સ્પાર્ટનોના મુખ્ય માણસોને એકઠા કર્યા અને થરમોપીલીના રસ્તાનું રક્ષણ કરવાની આવશ્યકતા તેમને જણાવી. એ લોકોના મનમાં પણ એજ પ્રમાણે એ જરૂરિયાતની ખાતરી થઇ પણ એ કામ માથે લે એવો માણસ જોઇયે તે ક્યાંથી લાવવો તે તેમને સૂઝ્યું નહિ.

લિયોનીડાસે કહ્યું કે, "આ નોકરી બજાવવા કોઇ વધારે લાયક માણસ નથી તો જે પોતાની ખુશીથી મારી સાથે આવશે, તેમને લેઇને હું એ કામ કરવાનું માથે લેઉછું. આ વાત એના

તરફથી સાંભળતાં સૌ કોઇ ચકિત થઇ ગયા પરંતુ તેમણે "તમે આ મોતના મ્હોમાંજ ઝંપલાવો છો એ વાત તેને કહી બતાવી."

લિયોનીડાસે કહ્યું કે, "આ સઘળી વાતનો મેં અગાઉથીજ વિચાર કર્યોછે; પણ મેં ગ્રીસના સ્વતંત્રપણામાટે મરવાનો નિશ્ચય કર્યોછે."

આવું કહીને તે સભામાંથી ગયો, અને તેણે આશરે ત્રણસે સ્પાર્ટનોને સાથે લેઇને પ્રયાણની તૈયારી કરી. નીકળતાં પેહેલાં તેણે પોતાની વહૂનો છેલ્લોવેલો મેળો કરી લીધો, તે તેને બાઝીને રોઈ, અને તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે મારા દેશના હિતમાટે મારી ટુંકી જીંદગીનો હું ભોગ આપી કૃતાર્થ થાઉંછું. અરે સ્પાર્ટાની સ્ત્રિયોએ અમો પુરૂષોની સલામતીના કરતાં અમારી કીર્ત્તિનેમાટે વધારે આતુર રેહેવું જોઇયે. પછી તેણે પોતાનાં બાળક છોકરાંને બચિયો કરી લીધી, અને જે બહાદુર માણસો તેની સાથે આવવાનાં હતાં તેમનો આગેવાન થઈ ચાલ્યો.

તેઓ શેહેરની વચમાં થઇને ચાલ્યા તે વખતે તેમનીપાસે સઘળા રેહેવાસિયો તેમનાં વખાણ અને જયજયકારના પોકાર કરતા આવ્યા. જુવાન સ્ત્રિયો વિજયનાં ગીત ગાતી અને તેમની આગળ ફૂલ વેરતી હતી; જુવાનિયા પુરૂષોને તેમની કીર્ત્તિની અદેખાઈ આવતી હતી, અને તેમના મિત્રો અને સગાં તેમનો નાશ થશે એવા ભયથી નિરાશ થવાને બદલે તેમને આબરૂ મળશે એવું ધારી આનંદમાં મલકાતાં જણતાં હતાં. ગ્રીસમાં થઇને જતાં જતાં તેમના મળતિયા રાજ્યોના લોકો તેમને આવી મળ્યા તેથી જ્યારે તેઓ થરમાપીલીની નાળ રૂંધીને બેઠા, ત્યારે તેમની સંખ્યા આશરે છ હજારની થઇ હતી.

થોડીવારમાં ઝર્કસીસ હજારો તરેહનાં હથિયાર સજેલા ભિન્નભિન્ન દેશના યોદ્ધાઓનું અગણિત લશ્કર લેઈ ત્યાં આવી પોહોંચ્યો. જ્યારે તેણે પોતાના દુશ્મનોની સંખ્યા ઓછી દીઠી ત્યારે, તેઓના મનમાં ખરેખાતજ તેનો રસ્તો રોકવાનો ઈરાદોછે એ વાત તેના ખ્યાલમાં આવી નહિ; પણ જ્યારે એમના આ ઈરાદાની તેને ખાતરી થઈ, ત્યારે તેણે પોતાના લશ્કરમાંથી એક ન્હાની પલટણની ટુકડી મોકલી, અને તેમને હુકમ કર્યો કે તમારે ગ્રીશિયનોને બાંધીને જીવતા મારી રૂબરૂ પકડી લા-

વવા. ઈરાની ફોજે જઇને ગ્રીશિયનો ઉપર ઘણા જુસ્સાથી હુમલો કરયો; પણ તેઓ જલદીથી હારી ગયા, અને તેમનો ઘણો ભાગ મરાયો, અને બાકી રહેલાઓને નાશી જવાની જરૂર પડી. આ માઠા પરિણામથી ઝર્કસીસને ગુસ્સો ચઢયો, અને વધારે યોદ્ધાથી ફરીને લઢાઇ શરૂ કરવાનો હુકમ આપ્યો. ફરીથી હુમલો કરવામાં આવ્યો અને તેના બહાદુરમાં બહાદુર સુભટો આગળ ધરયા તોપણ પરિણામ પેહેલાંના-જેવોજ થયો. આવી રીતે પણ જેમના ઉપર પ્રથમ ખરેખા-તજ હુમલો કરવો પડશે એવું પણ ધારવામાં આવ્યું નહતું. તે ગ્રીશિયનોના એટલા જુજ લશ્કરે તે વિશાળ સૈનને આગળ વધતાં અટકાવ્યું અને તે સૈન્યના શાહનો અહંકાર ઉતાર્યો. છેવ-ટે ઝર્કસીસ પોતાની સઘળી ફોજવડે જે કામ કરી શકયો નહિ, તે એ ભાગમાં વસતા ગ્રીશિયનોમાંના કેટલાકના દગાથી બની આવ્યું. ભારે ઈનામ લેવાનું ઠરાવી એક છાનો રસ્તો જે તેમને-જ માલમ હતો તે રસ્તે થઈ કેટલાક વીણી કાઢેલા ઇરાનિયોને એ પાહાડોની પેલી તરફ લેઇ જવાનું તેઓએ કબુલ કર્યું. તેઉપ-રથી રાતમાં, ઇરાનિયો નીકળ્યા, સહી સલામત પાહાડ ઓળંગી ગયા, અને પેલીપાર જઇ પડાવ નાંખ્યો. પરોઢિયું થયું કે તરતજ લિયોનીડાસને માલૂમ પડયું કે આ તો દગો થયો, અને દુશ્મ-નો ચારેપાસ ફરીવળ્યા; તેમ છતાં પણ ગભરાયા વગર તેવીજ હિંમતથી, તેણે સઘળા જરૂરના ઉપાયો લીધા, અને લાંબા વ-ખતથી તેણે જે દશા ભોગવવા નિશ્ચય કર્યો હતો તેને માટે તૈયારી કરી. મળતિયાં રાજ્યના માણસો બહાદુરીથી લઢયા હતા તેમાટે તેમની પ્રસંશા કરી તેણે તેમનો ઉપકાર માન્યો, અને તે પછી તેમને પોતાને દેશ પાછા વાળ્યા. ઘણાક સ્પાર્ટનોને પણ કેટલાંક બ્હાનાં કાઢીને વિદાય તો કરત, પણ તેઓએ જવાની ના કહી. જ્યારે તેમનો નિશ્ચય તેણે જોયો, ત્યારે તેઓને તેણે પોતાની સાથે રહી પોતાની જે દશા થાય તેમાં ભાગ લેવાની તે-મને હા પાડી.

આખો દિવસ પોતાની છાવણીમાં તે શાંત થઇને બેશી રહ્યો; પણ જ્યારે સાંઝ પડી, ત્યારે તેણે પોતાની ફોજને ખોરાક ખાઈ તાજા થવાને ફરમાવ્યું, અને હશીને કહ્યું કે, વાળુ બીજી

દુનિયાંમાં કરવાનું છે, એમ જાણી ટાઢે પેટે જમજો. પછી તેઓ સઘળા હથિયાર સજીને તૈયાર થયા, અને અર્દ્ધરાતનો સમય થવાની રાહા જોઈ બેઠા, કેમકે લિયોનીડાસ પોતાનો ધારેલો મનસુબો પાર પાડવાવિષે એ વખત ઘણો અનુકૂળ છે એમ ધારતો હતો. તેણે જોયું કે ઈરાનિયો કદિ એવું નહિ ધારે કે આટલા જુજ માણસો તે આપણા વિશાળ સૈન્ય ઉપર ચઢી આવવાનું કરશે. એટલામાટે તેણે નિશ્ચય કર્યો કે, રાત્રિયે બધું શાન્તપડે તે વખતે, તેમની છાવણીમાં પેસવું, અને સૈન્યને ભય અને ગભરાટમાં નાંખીને ઝર્કસીસ ઉપરજ ઓચિંતા જઇ તૂટી પડવું. મધ્યરાત્રીને સુમારે આ દૃઢ નિશ્ચયવાળા ગ્રીશિયનો, લિયોનીડાસની સાથે નીકળ્યા તેઓ તરતજ ઇરાની છાવણીમાં પેઠા. અને જેઓએ હિંમત પકડી એમના સામા થવાનું કર્યું તેમને નશાડી મૂક્યા. આવી રીતે અણધાર્યો હુમલો થયો, તેથી એટલા બધા હજારો લોકોમાં જે ભય અને ગભરાટ મચી રહ્યો તેનું વર્ણન કરી શકાય એવું નથી. ગ્રીશિયનો ઘટ્ટ અભેદ્ય વ્યૂહમાં તંબુઓ તોડી પાડતા અને જે કોઇ સામા થયા તેમને ઠેર કરતા આગળ ધસ્યા અને એ મ્હોટું જોરાવર લશ્કર તેમના આગળ ગાડરાના ટોળાની માફક નાસવા માંડ્યું. છેવટે તેઓ ખુદ ઝર્કસીસના બાદશાહી તંબુ આગળ પણ આવી પોહોંચ્યા. જો ઝર્કસીસ ભયની પેહેલીજ બૂમ થતાંની સાથ તંબુ છોડીને નાશી ગયો ન હોત તો ત્યાંજ તેની જીંદગાની અને ચઢાઇનો છેડો સાથે આવત. એક પળમાં ગ્રીશિયનોએ સઘળા પેહેરેગીરોને નસાડી મૂક્યા, અને બાદશાહી તંબુઉપર તૂટી પડી તમામ કીમતી સામાન તથા સોનાનાં વાસણ જે ઇરાનના બાદશાહો વાપરતા હતા તે પગતળે કચરી નાંખ્યાં. પણ હવે સવાર થવા આવ્યું અને હુમલો કરનારાની સંખ્યા થોડીછે એવું ઇરાનિયોના જાણવામાં આવ્યું તેથી તેમણે તેમને ઘેરી લીધા, અને છેક પાસે આવી ઝપાઝપી કરવાની હિંમત ન ધારતાં બાણ અને અસ્ત્રશસ્ત્રનો તેમના ઉપર વર્ષાદ વરસાવવા લાગ્યા. ગ્રીશિયનો જીતીજીતીને હવે શ્રમથી થાકી ગયા હતા, અને તેમની સંખ્યા પણ કયારની ઘણીક ઓછી થઈ ગઈ હતી. તેમ છતાં પણ, લિયોનીડાસ હજી જીવતો હતો, તેણે બાકી રહેલા જુજ સાહસિકોને લેઇને

ફરી હુમલો કર્યો. અને જેટલી વાર લગોલગ આવી શકયો તેટલી વાર ઈરાનિયો ઉપર તૂટી પડી તેણે તેમની ધટ્ટમાંધટ્ટ ટુકડિયો ભેદી નાંખી પણ જ્યાં માણસોની સંખ્યામાં એટલો બધો ફેર ત્યાં બહાદુરી પણ કાંઈ કામમાં ક્યાંથી આવે. દરેક હુમલે ગ્રીશિયનોની સંખ્યા ઓછી થતી ગઈ તે એટલે સુધી કે તેમાંથી એકે માણસ પોતાની જગ્યા છોડયા કે દુસ્મનને પીઠ બતાવ્યાસિવાય છેવટ તમામે કપાઇ મૂઆ.

જ્યારે વાર્ત્તા પૂરી થઇ ત્યારે, ટૉમિયે કહ્યું કે, "ખરેખર, લિયોનીડાસ ખરો બહાદુર માણસ પણ આ બહાદુર સ્પાર્ટનના મોત પછી ઝર્કસીસ અને તેના લશ્કરનું શું થયું?"

મિ૦ બારલોએ જવાબ દીધો કે, "હવે તમે તમારી મેળે વાંચી શકોછો, તેથી તે દેશોના ઇતિહાસ તપાસી જોશો તો, તે બાબતવિષે, તમારે જે જાણવાની મરજી હશે તે જાણી શકશો."

મિ૦ બારલો વર્ષોવર્ષ તે દેવલની સત્તા નીચેના ભાગના ઘણાખરા ગરીબોને જમવા નોતરતો તે વખત હવે આવ્યો. એના ઘરમાં એક મ્હોટો ખંડ હતો તે બૈરાં, છોકરાં ને, માણસોની ઠઠથી ભરાઇ ગયો. ત્યાં દેવતા રાખવાની જગોએ અગ્નિ મજેદાર ભભુકી રહ્યો હતો અને તે મંડળીને જમવાને માટે એક મ્હોટો મેજ વચમાં મૂકવામાં આવ્યો હતો.

ટૉમી આ ઉત્સવનો દિવસ આવવાથી ઘણોજ ખુશી થયો. મિ. બારલોની સાથે રેહેવાથી, વેસ્ટ ઇન્ડિયા (અમેરિકા) ના સહવાસની મગરૂરી તે ઘણીખરી ભૂલી ગયો હતો અને એ ગરીબોના કુટુંબમાં તેણે ઘણાંની સાથે ઓળખાણ કર્યાં હતાં. મિ. બારલોની દેખાદેખિયે તે લોકોની પાસે અનુક્રમે જઈ પોતાની મ્હોટાઇ મૂકી દઇને તેમના કુટુંબની ખબર પૂછવા લાગ્યો અને મિ. બારલોનેલીધે તથા તેની પોતાની ઉદારતાની કીર્ત્તિને લીધે એ લોકોએ તેને જે અત્યંત માન આપ્યું, તેથી એને કાંઈ ઓછો સંતોષ થયો નહિ. આવી રીતે એ દાહાડાની સવાર આનંદમાં ગઈ પણ જમ્યા પછી એક અણધાર્યો બનાવ બન્યો, જેથી કમનસીબે એ બિચારા ટૉમી મર્ટનનો તમામ આનંદ શોકની છાયાએ છવાઇ ગયો.

મિ. બારલો પાસે એક મ્હોટો ન્યુફાઉન્ડલૅન્ડ દેશનો કૂતરો

હતો, તેને પાણીમાં રમવાનો બહુ શોખ હતો તેમાટે, અને તેના સારા સ્વભાવમાટે તે ઘણો પ્રખ્યાત હતો. આ કૂતરાને ટૉમી ઘણા દિવસથી હેળવવાનું કરતો હતો. કામશ્ચાટકા દેશના કૂતરાની હકિકતમાં તેઓ બરફઉપર વગર પયડાંની ગાડી જે રીતે ખેંચેછે તેવું વર્ણન સાંભળી ટૉમીને રોમેરોમ આવેશ વ્યાપી રહ્યો હતો તે ગમત કરવા પાણીમાં લાકડિયો નાંખતો ને તે સીઝર કૂતરો ગમે તેટલી વેગળે નાંખી હોય તોપણ, મ્હોંમાં ઘાલીને આણી આપતો. તેનેલીધે સીઝર પાસે, તેવો પ્રયોગ અજમાવી જોવા તેણે મનથી ધાર્યું. તેજ દિવસે તેને ફુરસદ મળ્યાથી, આ પ્રયત્ન કરવાનો તેણે નિશ્ચય કર્યો. તેટલામાટે તેણે થોડાં દોરડાં ને રસોડાની ખુરશી ગાડીને બદલે વાહન તરીકે કામમાં લેવાને આણી. પછી તેણે એ ઘરની પછાડી મ્હોટા વાડામાં સીઝરને છેતરીને ઘાલ્યો, ને તે ખુરશીને જમીન ઉપર ચતાપાટ લાંબી કરીને તેની સાથે સીઝરને ઘણીજ સંભાળ અને તદબીરથી જોડ્યો. જે નવા કામમાં તેને લગાડવાનો હતો તે સીઝરના સમજવામાં ન હતું, તેથી જરાપણ સામા થયાવિના તેણે પોતાને જોડવા દીધો; અને ટૉમિ હાથમાં ચાબુક લેઇ ગાડીમાં બેઠો અને હાંકવા મંડ્યો. તે ન્હાના ગૃહસ્થની આસપાસ વાડામાંના મજુરોના ન્હાના છોકરાનું એક ટોળું એકઠું થયું તેઓની તાજુબી અને વખાણથી પોતાની હોંશિયારી બતાવવાને તેની આતુરતા વધી. ઘોડા હાંકતાં જે સાધારણ બોલો ગાડીવાનોને બોલતાં તેણે સાંભળેલા તે શબ્દો ટૉમિયે વાપરવા માંડ્યા, અને અનુભવી ગાડીવાનની પેઠે પૂર્ણ ભરોંસાથી તેણે પોતાની ચાબક લગાવી. પણ સીઝર જે આ બોલી બીલકુલ સમજતો ન હતો, તે જરા આકળો થવા મંડ્યો, ને કેટલાક કૂદકારા મારી તથા તોફાની ઘોડાની પેઠે પાછલા પગે ઉભો થઇ પોતાની બેચેની બતાવા લાગ્યો; આથી જોનારાઓની ગમતમાં ઘણો વધારો થયો અને એ પરાક્રમ પાર પાડવામાં પોતાની આબરૂ રહેલી છે એમ ટૉમિના મનમાં આવેલું તેથી એ જરા વધારે ઉશ્કેરાવા માંડ્યો, અને એક પછી એક ઈલાજ અજમાવી કરી, છેવટ તેણે પોતાના ઘોડાના પાછલા ભાગઉપર જરા વધારે જોરથી ચાબુક ચોઢી, તેથી સીઝરને એટલું બધું

મનમાં લાગી ગયું કે, તે તરત પૂરપાટ ઉપડ્યો અને અતિ ઘણા ઝપાટાથી તે ખુરશી ઘસડતી ખેંચી ચાલ્યો. ટૉમી હવે આસપાસ અત્યંત ફતેહના ટોળથી જોવા લાગ્યો, અને આશ્ચર્યકારક દૃઢતા અને હોંશિયારીથી પોતાની જગ્યાએ સ્થિર બેશી રહ્યો. કમનસીબે અહિંથી થોડે દૂર, એક મ્હોટો ઘોડાને પાણી પીવાને કરી મૂકેલો ખાડો હતો, જે ચારે બાજુએ ઢળકતો ત્રણ અથવા ચાર ફીટ ઉંડો હતો. તે તર્ફ ભડકેલો સીઝર દોડ્યો. હવે ટૉમીને પોતાની ફતેહનો પસ્તાવો થવા માંડ્યો તેણે તેને પકડી રાખવા અને શાન્ત પાડવાને પ્રયત્ન કર્યું, પણ તેની સમજાવવાની સઘળી મેહેનત ફોકટ ગઈ; કેમકે સીઝર પોતાના ગાડીવાનને લેઇને, તે તળાવડામાં ધસીને પડ્યો. તમાસો જોનારાઓને આ એક નવી ગમત થઈ; અને માસ્ટર ટૉમીનેમાટે તેમના મનમાં બહુ માન છતાં પણ ખડખડાટ હસ્યા વગર તેઓથી રેહેવાયું નહિ. વળી વધારે તેનું કમનસીબ એ હતું કે, તે વખતે તે તળાવડું ઠરી ગયેલા બરફના રૂપમાં ન હતું તેમ કેવળ પાણીના રૂપે પણ ન હતું, કેમકે એકાએક ગયા દિવસથી બરફ ઓગળવા માંડ્યો હતો, અને તે સાથે ઉપરથી પુષ્કળ બરફનો વર્ષાદ વર્ષ્યો હતો. તેથી, ટૉમી, તરતા બરફના કડકા, અને પાણી અને કચરામાં રોળાતો પીટાતો ચાલ્યો. કેટલીકવાર તેના પગ લપસી જાય ને તે અખડાઇ પડે ત્યારે વળી મેહેનત કરી ઉભો થાય અને પાણીથી ભીંજેલા વાળ અને લુગડાં ખંખેરી નાંખે. ઘડીકમાં તેના પગ કચરામાં સજ્જડ ચોંટી જાય તેમાંથી મરણતુલ્ય મેહેનતે જોડા જતા કરી ઘડી પછી તે પગ છોડવે આવી રીતે ઘણાજ દુઃખથી અને મુશ્કેલીથી તરફડિયાં મારતો તે જમીન ઉપર આવી પોહોંચ્યો.

તમાશો જોનારાઓથી હવે હસવું દબાવી શકાયું નહિ, જેથી તે હસવું વધારે ગર્જનાથી નીકળવા માંડ્યું, આથી કરીને આ કમનસીબ શૂરવીરને એટલો બધો ગુસ્સો ચઢયો કે તે કિનારા ઉપર આવ્યો એટલે તરત તેમના ઉપર જુસ્સાથી તૂટી પડયો અને એટલા બધા આડા ને અવળા ઘા કર્યા કે તેણે આખા ટોળાને નસાડયું. હવે ટૉમી નાસતા લશ્કરની પાછળ કોઇ સુભટ પડે તેમ તેમની પુંઠે થયો. તેના ન્હાના સોબતિયો ભય

અને ગભરાટથી ચોતરફ વેરાઇ ગયા; દરમ્યાન વેર અને ગુસ્સાથી તે તેમની પાછળ દોડવાને ઉશ્કેરાયો, અને તે આવેશમાં ભીનાં લુગડાંનું અને ભુંડા હાલનું તેને કાંઇ ભાન રહ્યું નહિ. જે કોઇ કમનશીબ છોકરો તેના હાથમાં આવી પડયો તેને તેણે નિર્દયપણાથી લાકડિયો અને મુક્કિયો માર્યા વગર છોડયો નહિ. ટૉમી થયેલા અપમાનનું આવી રીતે વેર વાળતો હતો તેવામાં એ અસાધારણ ઘોંઘાટ મિ૰ બારલોને કાને પોહોંચ્યો તેથી તે બારણે આવ્યો. પોતાના મિત્રના જે દુ:ખદાયક હાલ થયા હતા અને એનાં લુગડાંમાંથી જે પાણી ટપકતું હતું, તે જોઇ તેને હસવું આવ્યા વગર રહ્યું નહિ, પણ તે તેને તરતજ ઘરમાં તેડી ગયો, અને તેને લુગડાં બદલી નાંખી સૂઇ જવાનું કહ્યું. પછી તેણે તેને વાસ્તે ગરમાવો ઉપજાવે એવું કાંઇ પીવાનું આણ્યું, તેણેકરીને પાણીથી ન્હવાઇને છેક દલબદ થઇગયાનાં માઠાં પરિણામ જે નીપજત તેમાંથી તે બચ્યો.

બીજે દિવસે મિ. બારલોએ હમેશની માફક ખુશ મિજાજમાં ટૉમીના સામું હસીને તેને પૂછયું કે, "કેમ તમારો પાછો કામશ્રાટકાની રીત પ્રમાણે સ્વારી કરવાનો વિચાર છે કે?" પણ વળી બોલ્યો કે, "મને તો તમારી સાથે આવવાનો ડર લાગેછે, કેમકે તમને તમારા સોબતિયોને મારવાની ટેવ છે." આ વાતના ઇશારાથી ટૉમી જરા ગભરાયો, પણ તેણે જવાબ દીધો કે, "મને દુ:ખમાં જોઈ તેઓ હસ્યા ન હત તો હું એટલો બધો ખીઝવાત નહિ; અને હું પલળીને લચપચ થયો ને વળી મારી મશ્કરી થઈ તેથી મને ઘણું લાગ્યું."

મિ. બારલોએ જવાબ દીધો કે, "પણ તેમના ઘોંઘાટ અથવા હસવાથી તમને કાંઇ ભારે નુકશાન થયું હતું, કે એવી સખત રીતે તેનો બદલો વાળવાનું તમે પ્રયત્ન કર્યું?"

ટૉમિયે જવાબ દીધો કે, "તેનાથી મને કોઇ પણ પ્રકારનું દુ:ખ થયું ન હતું, એ તો હું કબુલ કરૂંછું."

મિ. બારલોએ કહ્યું કે, "ત્યારે તો તમે એવી રીતે તેમને બદલો આપ્યો એ મારા સમજવામાં વાજબી નથી જણાતું."

ટૉમિયે કહ્યું, "પણ કોઈ આપણા સામું હસે ત્યારે એવી રીસ ચઢેછે,—"

મિ. બારલોએ જવાબ દીધો કે, "તેના ઇલાજ બે છે; કાં તો મશ્કરી થાય એવું કાંઈ પણ કરવું નહિ, અથવા મશ્કરી થાય તે વધારે ધીરજથી સહન કરવાને ટેવ પાડવી."

હવે ટૉમીને એનાં માબાપની મુલાકાતે જવાનો વખત આવ્યો. મિ. બારલોને ઘણી મુદતથી આ મુલાકાતનો ડર લાગતો હતો, કેમકે એ સમજતો હતો કે ત્યાં એને ઘણી મંડળી મળશે, જેથી એના મનઉપર એવી અસર થશે કે પોતે એના મનમાં જે વિચાર ઠસાવવાનું એટલી બધી કાળજીથી પ્રયત્ન કર્યા કરેછે તેનાથી કેવળ જૂદા વિચાર ઠસશે. પરંતુ તે મુલાકાત બંધ રેહે એવું ન હતું, કેમકે મિ. મર્ટને એટલા આગ્રહથી લખ્યું હતું કે હરી તેના મિત્રની સાથે આવે એવું કરજો, તેથી મિ. બારલોને ઘણીજ દિલગીરીથી બંને શિષ્યોને રજા આપવી પડી. તે મુલાકાતમાટે હરી ઘણો આતુર ન હતો; પરંતુ તેની ભલમનસાઈ એટલી હતી કે તેનાથી ના કેહેવાઇ નહિ, અને અમથુ તેના મનનું વલણ જે જવાતર્ફ ન થાત તે ટૉમી પ્રતિના તેના સાચા પ્યારથી કાંઈ થઇ આવ્યું.

જ્યારે તે મિ. મર્ટનના ઘર આગળ આવી પોહોંચ્યા, ત્યારે દિવાનખાનામાં ઘણીજ સુજ્ઞમંડળી ભરાયલી હતી તેમાં તેઓને દાખલ કરવામાં આવ્યા; એ મંડળીમાં માસ્ટર મર્ટન સાથે તેહેવારના દિવસ ગાળવામાટે નોતરેલા કેટલાએક જૂદી જૂદી ઉંમરના જુવાન ગૃહસ્થો અને સુંદરિયો હતાં. જેવો ટૉમી દાખલ થયો કે તેનાં વખાણુ કરવામાં દરેક જણે જીભ છૂટી મૂકી: ટૉમી તો મ્હોટો થયો, ટૉમી સુધર્યો, અહા ટૉમી કેવો સુંદર છોકરો છે: એ રીતે સઘળી સુંદરી, તેના દરેક અવયવનાં વખાણુ કરવા મંડી ગઇ. એ મંડળીની મુબારકબાદી લેવાને, અને જુવાન સુંદરિયોની ઓળખાણુ કરવાને તે ત્રણ વાર તે સમુદાયમાં ફર્યો. હરીનું નશીબ કે એને તો કોઇએ બોલાવ્યો નહિ, ફક્ત મિ. મર્ટને ઘણી પ્રીતિથી તેનો આદરભાવ કર્યો. પરંતુ, એક સ્ત્રી, જે મિસિસ. મર્ટનપાસે બેઠી હતી, તેણે તેના કાનમાં, પણ તે ખંડમાં સઘળાથી સંભળાય એવા મ્હોટા સ્વરથી કહ્યું કે, "જે ખેડુતના ન્હાના છોકરાને સદ્‍ગૃહસ્થના જેવી કેળવણી આપવાની મિ. બારલો કોશેશ કરેછે તે આ કે?"

મિસિસ મર્ટને જવાબ દીધો કે, "હા એજ." તે સ્ત્રિયે કહ્યું કે, "ખરેખર એના ગામડિયા જેવા અને હલકા દેખાવ ઉપરથી હું વગર કહ્યે પણ સાચે એમજ ધારત, પરંતુ આવો મઝાનો તમારો છોકરો, જેના જેવો મેં મારી જીંદગાનીમાં કોઇકજ જોયોછે, તેને તમે આવાની સોબતમાં રાખોછો એ મને આશ્ચર્ય લાગેછે. તમને ડર નથી લાગતો કે માસ્ટર. મર્ટનને વગર સમજે ખોટી ટેવો પડશે, અને તે હલકા વિચારનો થશે? મારો અભિપ્રાય પૂછો તો, હું ધારૂંછું કે સંસારમાં સારી કેળવણી એ ઘણી જરૂરની વાત છે. માટે મારી પ્રિય મેટિલ્ડાને હરેક પ્રકારે તેનો લાભ આપવાને મેં મેહેનત લેવામાં મણા રાખી નથી."

મિસિસ મર્ટને જવાબ દીધો કે, "ખરેખર, મેટિલ્ડાનાં કૃત્ય ઉપરથી તેને ઉત્તમ પ્રકારની કેળવણી મળી છે એમ કોઈ પણ માણસને સેહેજ જણાઇ આવે એવું છે. તે ઘણી સારી રીતે તંબુરો વગાડેછે, ઇંગ્રેજી કરતાં પણ તે ફ્રેંચ ભાષામાં સારી રીતે વાત કરેછે, અને પૂરેપૂરૂ શીખેલા માણસની પેઠે ચિત્ર કાહાડેછે."

એ ખંડના એક ભાગમાં આ વાતચિત ચાલતી હતી, તે વખતે એક જુવાન સ્ત્રી, હરીને કોઇ ગણકારતું નહિ એ જોઈ ઘણાજ હેતથી તેનીપાસે ગઇ, અને તેનીસાથે વાત કરવા માંડી, તે જુવાન સ્ત્રીનું નામ સિમન્સ હતું: તેણીનાં માબાપ ઇંગ્રેજી ગૃહસ્થવર્ગની ખાનદાનીના જૂના ધોરણપ્રમાણે, બંને જણ તે ભાગમાં ઘણાજ આબરૂદાર લોકોમાં ગણાતાં હતાં; પણ તેઓ તેને ન્હાની મૂકીને મરી ગયેલાં હતાં, તેથી તે માબાપ વગરની છોકરીની સંભાળ લેવાનું કામ તેના કાકાને માથે પડચું હતું, તે માણસ પરોપકારી અને ડાહ્યો હતો, પણ તેનીસાથે તે ઘણોજ તરંગી હતો. સ્ત્રિયોનાં લક્ષણ સંબંધી એ ગૃહસ્થના વિચાર એવા વિચિત્ર હતા કે, આજકાલ જે ગુણમાં ગણાયછે તેમાંના ઘણાખરાની વિરૂદ્ધ તે હતો. તેના વિચારપ્રમાણે જીંદગાનીનું પેહેલું સુખ તે તંદુરસ્તી હતી. આથી કરીને, ઉંચી પંક્તિના લોકોમાં મંદવાડિયા જેવી કોમળતા જે એટલી બધી શોભા આપનારી ગણાયછે, તે મિસ. સીમન્સમાં ન આવી જાય તેમ કરવાના પ્રયત્નમાં વધારે મજબૂત અને કઠણ બનાવે એવી કેળવણી તેણે તેને આપી હતી. તેની ભત્રીજીને

ન્હાનપણથીજ, વર્ષની દરેક ઋતુમાં થંડા પાણીથી ન્હાવાની, શિયાળામાં અંધારામાં ઉઠવાની, દોડતા ઘોડાઉપર ચઢી બાર મૈલ જવાની અને પોતાનાં લુગડાં બગડે કે છાંટા ઉડે તેનો ડર ન રાખતાં એટલાજ મૈલ પગે ચાલવાની ટેવ પડેલી હતી. આવી તરેહની કેળવણીથી, સિમન્સે ઉત્તમ ગુણ સંપાદન કર્યા હતા પણ, તે સાથે તેનામાં કેટલાંક એવાં લક્ષણ આવ્યાં હતાં કે જેથી હરીના જેટલીજ તે ભભકાને ભજનારી મંડલીમાં ભળે એવી ન હતી. પોતાની ભાષાના તમામ ઉત્કૃષ્ટ ગ્રંથકર્ત્તાઓનાં પુસ્તકો તેણે જોયેલાં હતાં; અને જો કે જુબાને ફ્રેંચ ભાષાનો એક બોલ પણ તે બોલી શકતી ન હતી, તોપણ તે ભાષાના ગ્રંથકારોથી તે અજાણી ન હતી. એનો કાકો ડાહ્યો માણુસ હતો, તેણે તે ઉપરાંત તેને સૃષ્ટિના કાયમ નિયમો અને થોડી ભૂમિતિ પણ શીખવી હતી; તે સિવાય દરેક જાતનું ઘરનું કામ પણ તેને શીખવવામાં આવ્યું હતું; અને પરણીને ઘરબાર માંડવાનો ઈરાદો રાખનારી પ્રત્યેક સ્ત્રીને પરમ મહત્ત્વની વાત, ઘરસૂત્ર કેમ ચલાવવું તે છે એ, તેના મનમાં ઉતારી ઠસાવી દીધી હતી.

ગાવા કરવાની બાબતમાં જો કે મિસ. સિમન્સનો કંઠ ઘણો મધુર હતો, અને કેટલાંક સાદાં ગીત મનરંજન કરી દે એવી રીતે ગાઈ જાણતી હતી તોપણ તેણે ગાયનકળાનો ખાસ અભ્યાસ કર્યો ન હતો. ફ્રેંચભાષા તેનો કાકો પોતે સમજતો હતો, પણ તે એને શીખવા દેતો ન હતો તે કેહેતો કે, "મારી ભત્રીજી ઈંગ્રેજ સાથે પરણીને ઇગ્લંડમાં રેહેવાની છે. ફ્રેંચ પ્રજાને હું ઓળખુંછું અને કેટલાક કારણોથી તેમને ચાહુંછું; પણ એ લોકોની રીતભાત પસંદ કરવાથી ઈંગ્રેજોને કદિ ફાયદો થાય એ વિષે મને ઘણો અંદેશો છે. અને આબરૂદાર પરદેશિયો આપણે અહિંયાં આવવા માગે તો તેમણે આ દેશની ભાષા શીખવાને મેહેનત શાવાસ્તે ન કરવી જોઇયે, તેનું કારણ મારા સમજવામાં આવતું નથી."

આવા પ્રકારની મિસ. સિમન્સને કેળવણી મળી હતી. આથી મિ. મર્ટનને ત્યાં ભરાયલી તમામ સુશોભિત મંડળીમાં હરી તરફ જરાએ ધ્યાન આપવું જોઇયે એવું ધારનાર એકલી એજ હતી. આ જુવાન સ્ત્રી તેનીપાસે આવી, અને એટલા પ્યારથી તેની જોડે વાતો કરવામાંડી કે હરીના ચિત્તને પૂર્ણ શાતા વળી, હ-

રીને માણુસોની મંડળીની વચમાં ઘણી કૃત્રિમ લાવણ્યતા બતાવવામાં આવેછે તે આવડતી ન હતી, પણ એનામાં સ્વાભાવિક વિવેક ઘણો હતો, તેનો સ્વભાવ સારો હતો, અને તેના મનની શક્તિ મિ. બારલોએ ઘણી હોંસથી કેળવી હતી. જે ભભકાબંધ વચનોથી સુંદરિયોનો છોકરાઉપર પ્યાર થાયછે, તેવું કાંઈ હરીને બોલતાં આવડતું ન હતું; પણ પોતાને જે કેહેવામાં આવતું તે ઉપર તે ઘણુંજ ધ્યાન આપતો હતો, અને પોતે સમજતો તે બાબતોઉપર ઘણાજ ડાહાપણ ભરેલા વિચાર બતાવતો. આ કારણથી જો કે મિસ. સિમન્સ તેના કરતાં મ્હોટી અને વધારે સુધરેલી હતી, તોપણ, તેને હરીની સાથે વાત કરવાથી ઘણોજ સંતોષ થયો, અને મિ. મર્ટનને ત્યાં ઉંચવર્ગના ચંચળ જુવાનિયાઓ તેના જોવામાં આવેલા તે સર્વે કરતાં તેને ન્હાનો હરી ઘણોજ વધારે સમજુ અને સારો લાગ્યો.

પણ હવે તે મંડળીને જમવાનું જે ભારે કામ, તેનું તેડું થયું. એની ખટપટ વેઠવાનો વિચાર કરતાં હરીથી નિસાસા નાંખ્યાવિના રેહેવાયું નહિ; પરંતુ પોતાના મિત્ર ટૉમીની ખાતર, બની શકે તેટલી હિંમતથી તે સેહેવાનો તેણે નિશ્ચય કર્યો. પોતાને કોઇ પણ વખત અનુભવ થયેલો તે કરતાં વધારે ભયંકર એને એ જમણવારનો પ્રસંગ હતો એમ કહિયે તો ચાલે; આટલા ભભકાદાર લેબાસમાં આટલા બધા ગૃહસ્થ અને સુંદરિયો જમવા મળેલાં, આટલા બધા નોકરો મ્હોડે રંગની ભૂકી લગાવીને તેમની ખુરશિયો પાછળ ખડા રહેલા, આટલી બધી રકેબિયો ઉભરાઇ રહેલી, અને જમવા સરખી દુનિયાંમાં સેહેલામાં સેહેલી વસ્તુ પાછળ આટલો બધો દબદબો અને દમાક મચી રહેલો જોઇ હરીને તેના બાપના મજૂરોની સ્થિતિ વિષે અદેખાઇ આવ્યાવગર રહી નહિ, કેમકે તેઓ જ્યારે ભૂખ્યા થતા ત્યારે, પોતાને સુગમ પડે તેમ વાડનીપાસે બેશી, વખાણુનાં વાકયો કે ટેબલપર પાથરવાનાં લુગડાં, ને રકેબિયોવગર, સારૂ પેટ ભરીને ખાણું ખાતા. દરમિયાન, તેના મિત્ર ટૉમીને અક્કલ અને ચપળતાનો અદ્ભુત ખજાનો ગણી સર્વે વખાણ કરતા હતા. આથી હરીને આશ્ચર્ય લાગ્યાવિના રહ્યું નહિ. કારણ કે તેનામાં અચંબો પમાડે એવી કાંઈ શક્તિ એના જોવામાં આવી ન હતી, અને ટૉમીનું કાંઇ

પણ બોલેલું એના કાન સુધી પોહોંચતું ત્યારે, હરીને તેની હમેશની વાતચિત કરતાં તુચ્છ લાગતું: પરંતુ આટલી બધી સુંદર સ્ત્રિયોનો અભિપ્રાય જૂદો હતો, તેથી તેણે પોતાની ભૂલ હશે એમ માની લીધું. પણ આ મેળાવડાના પ્રસંગથી હરીના મનમાં પોતાના મિત્રની અક્કલવિષે વિચાર બદલાઈ વધારે સારો બંધાયો નહિ, તોપણ ટૉમીના મનમાં તેના પોતાના સંબંધી એમ ન હતું. તેને એટલી બધી વાર ફરીફરીને ખાતરીથી કેહેવામાં આવ્યું જે 'તમે ઉમ્મર ન્હાની છતાં અક્કલના અદ્‌ભુત ખજાના છો'. પછી આખરે તે પોતે પણ એ ખરૂં માનવા લાગ્યો. જે સહવાસ મૂકીને તે ત્યાં આવ્યો હતો તેવિષે જ્યારે તેણે વિચાર કર્યો ત્યારે, તેના મનમાં આવ્યું કે મારી લાયકીના સંબંધમાં મને બેહદ ગેરઇનસાફ થયેલોછે; શાથી જે મિ. બારલોને ત્યાં તેનું બોલવું વારંવાર ખોટું પાડવામાં આવતું ને જે બોલતો તેનું તેને તરત કારણ બતાવવું પડતું; પણ અહિં તો તેને બીજું કાંઇ કરવું પડતું નહિ:—તે કાંઇ બોલતો કે સૌ તેને વખાણતાં.

મિસિસ મર્ટને પણ પોતાના છોકરાનાં વખાણ કરવામાં કસર રાખી નહિ. આ વિવેકી મંડળમાં અને એવા સારા પરીક્ષક વર્ગની આગળ એટલા સર્વોપરી તેજથી તેને પ્રકાશતો જોઇ તેનું મન હર્ષથી એવું તો પ્રફુલ્લ થઇ રહ્યું કે, તેવા હર્ષનો તેને આગળ કદિ અનુભવ થયેલો ન હતો. ખરેખર આ ફતેહથી તે જવાન ગૃહસ્થનું વાચાળપણું એટલું બધું વધી ગયું કે, જમણ પૂરૂં થયું તે પેહેલાં, તે બધી વાતચિત પોતાના તરફ ખેંચી લેવાનું કરતો જણાયો. મિ. મર્ટનને પોતાની પત્નિની માફક પોતાના છોકરાના મ્હોડાના સપાટા એટલા બધા ઠીક લાગ્યા નહિ, તેથી એક બે વાર તેને ટૉમીને દબાવવો પડ્યો. મિસિસ. મર્ટનને આ ભારે સખ્તાઈ લાગી અને સઘળી સ્ત્રિયો, દિવાનખાનામાં પાછી ગયા પછી એકમતથી બોલી કે એનો બાપ એનો સ્વભાવ બેશક બગાડી નાંખશે. હવે ન્હાનો હરી હતો તેવો કમનશીબે ઘણી સ્ત્રિયોને ખુશી કરી શકયો ન હતો. આથી તેઓએ કહ્યું કે એ તો કઢંગો અને ખરેખરો ગામડિયો દેખાયછે: વળી તે લાજુલાડી છે ને એના મ્હોડામાં જીભ નથી, એણે એકપણ સારૂં લાગે એવું વેણ મ્હોમાંથી કાઢયું નથી. જો મિ. બારલો

ગામડાના રોંચા અને ગાડાવાળાના છોકરાને ભણાવવાની નિશાળ ચલાવવા ચાહાતો હોય તો તેમાં કોઈ ના કેહેતું નથી; પણ ઉંચવર્ગના છોકરાને આવા હલકાવર્ગના છોકરાની સોબતમાં નાંખવા એ બરોબર નહિ. તેટલા માટે સર્વનો એવો મત થયો કે, મિ. બારલો ન્હાના હરીને તેના સગાવ્હાલા પાસે તેને ઘેર મોકલે, નહિ તો માસ્ટર મર્ટનને મિ. બારલો પાસે રાખવો નહિ.

મિસિસ. મર્ટને જવાબ દીધો કે, "ખરૂં માનો તો એ ગોઠવણુ મને તો એટલી બધી પસંદ ન હતી: કારણુ કે, મિ. બારલો ઘણો સારો માણુસ છે તોપણુ, ખરેખર તે ઘણો વિચિત્ર છે; પરંતુ, તે નિ:સ્પૃહી છે, અને અમારી પાસેથી કાંઇ પણુ ઇનામ કદિ લેતો નથી, માટે યોગ્યતાનો વિચાર કરતાં ન્હાના સેન્ડફોર્ડને એના ઘરમાંથી કાઢી મૂકવાનો એને આગ્રહ કરાય કે નહિ એવિષે મને અંદેશો લાગેછે."

જે સ્ત્રીનું નામ મિસિસ. કૉંપટન હતું, તે બોલી ઉઠી કે, "જો આમ છે તો હું ધારૂંછું કે વધારે સારૂં એ છે કે માસ્ટર ટૉમીને તેની પાસેથી દૂર કરી, કોઇ સભ્યવર્ગની નિશાળમાં મૂકો કે, જ્યાં તેને દુનિયાદારીનું જ્ઞાન મળે, અને ઉજળાવર્ગના લોકોની સોબત થાય. હું હમેશથી ઓગસ્ટસ અને મેટિલ્ડાને વાસ્તે આ પ્રમાણે કરતી આવી છું; અને હું એમ કહું તો ચાલે કે, એ પ્રમાણે કરવામાં હું પૂરી ફતેહ નથી પામી એમ નથી; કેમકે તે બંનેને સારા ભાગ્યથી મ્હોટા સારા લોકોનાં ઓળખાણુ થયાં છે. ઓગસ્ટસને માટે પૂછો તો તે તરૂણુ અમીર સ્કવોન્ડર કે જેમનું પાર્લમેન્ટમાં ઘણુંજ ચાલેછે એ તમે જાણો છો તેમની સાથે એને એટલું બધું ઓળખાણુ થયેલું છે કે, હું ધારૂંછું કે એનું નશીબ તો બહુ કરીને ઉઘડી ચૂકયું."

મિસ. સિમન્સ, આ ડાહાપણુની વાત થતી હતી તે વખત પાસે હતી, તેનાથી અમીર સ્કવોન્ડર વિષે આ પ્રમાણે કેહેવામાં આવ્યું, તે સાંભળી રેહેવાયું નહિ તેથી તેણે પોતાના મનનો ભાવાર્થ દર્શાવી આપતી એવી સૂચક દૃષ્ટિયે જોયું કે તેથી મિસિસ. કૉંપટન જરા ઝંખવાણી પડી અને આકળી થઇને તેણે પૂછયું કે, "તમે એ જુવાન અમીરની કાંઈ પણુ વાત જાણો છો?"

તે જુવાન સ્ત્રી બોલી કે, "શા માટે, બાઈ, હું તેનાવિષે

ઘણું થોડું જાણુંછું; પણ હું તમને કહું એમ જો તમે મને કેહેતાં હો તો મારી ફરજ છે કે મારે સાચેસાચું કેહેવું જોઇયે.”

મિસિસ. કૉંપટને જરા ગુસ્સે થઇને જવાબ દીધો-કે, “અરે! બેહેન ખરેખાત બીજાં બધાંના કરતાં તારામાં દુનિયાદારીનું જ્ઞાન, અને વિચારશક્તિ વધારેછે એમ અમે બધાં જાણિયે છિયે; માટે તું અમને જણાવીશ તો તેમાટે હું તારો બેહદ ઉપકાર માનીશ.”

તે જુવાન સ્ત્રિયે જવાબ દીધો કે, “ખરેખર, દુનિયાંનું જ્ઞાન અથવા વિચારશક્તિ એ બેમાંથી એક્કેનું હું અભિમાન ધરાવું એવું નથી, તેમ તમે જેના વિષે પૂછોછો તે અમીરને હું મારી જાતે ઓળખતી નથી; પણ મારે એક કાકાનો છોકરો છે, તે ઘણો સારો છોકરો છે, તે એ અમીર જે સ્કુલમાં ભણેછે, ત્યાંજ જાયછે, તેણે મને એ અમીરની વર્ત્તણૂક વિષે એવી હકીકત કહીછે કે જેથી તેના વિષે મારો સારો વિચાર બંધાતો નથી.”

“અને તે તમારા ડાહ્યા કાકાના છોકરાએ તે અમીર વિષે શું કહ્યું છે?”

“ફક્ત એટલું કે આખી સ્કુલમાં તે એક ખરાબમાં ખરાબ છોકરો છે; તે અક્કલમંદ પણ નથી, તેમજ તેની પદવિ અને સ્થિતિને છાજે એવા વિષયમાં તેની પ્રવૃત્તિ પણ નથી, જુગાર તથા ઘોડાની સરતો, અને નઠારીમાં નઠારી ગંમતો સિવાય બીજા કશાનો તેને કાંઇ શોખ નથી; એના નિભાવની રકમ એટલી મ્હોટી છે તોપણ, જે તેને ધીરનાર મળ્યો તે પ્રત્યેકના દેવામાં તે પડ્યોજ છે અને તેણે એટલી બધી વાર પોતાનું બોલ્યું અબોલ્યું કર્યું છે કે, તેના વચન ઉપર કોઈ જરાએ ભરોંસો રાખતું નથી. વિશેષ મારા સાંભળવામાં એવું આવ્યું છે કે, તે એવો તો જુલમી અને મીજાજી છે કે, એના બદહવસને ગુલામ થઇને રેહે નહિ તો કોઈ માણસને તેની સાથે દોસ્તી ઝાઝી ટકે નહિ. અને, છેવટમાં કેહેવાનું કે તે સ્વભાવે એવો તો કૃતઘ્ની છે કે, એણે કોઇનુંય ભલું કર્યું હોય અથવા પોતા સિવાય બીજા કોઈની ફિકર એ રાખતો હોય એવું જાણવામાં આવ્યું નથી.”

આ વખતે મિસ. મેટિલ્ડાથી ગરમ થઈ વચમાં બોલ્યાવગર રેહેવાયું નહિ: તેણે કહ્યું કે, એ અમીરની ચાલ અલગત-

માં કે રીતભાતમાં ઘણુજ ઉંચા મનના અમીરને બરોબર ઘટે એવાજ ગુણ છે.

એ વાતચિત વધારે આગળ ચલાવવાની મિસ. સિમન્સની મરજી ન હતી, અને બાકીની મંડળી ચાહા પીવાને અંદર આવી, એટલે અમીર સ્કવોન્ડર વિષેની ટીકાનો છેડો આવ્યો. ચાહા પી રહ્યા પછી, કેટલીએક જુવાન સ્ત્રિયોને તે મંડળીની ગંમતમાટે વાદિત્ર સાથે ગાવાને કેહેવામાં આવ્યું: તેમાં મિસ. સિમન્સે ટાપટીપ રહિત પણ મધુર લાગે અને રૂવાટાં ઉભાં થાય એવી રીતે સ્કૉટલાન્ડ દેશનું લોચેબર નામનું, એક ન્હાનું સરખું ગીત એવું તો ગાયું કે તે સાંભળી ન્હાના હરીની આંખમાં આંસુ વેહેવાં બાકી રહ્યાં, પણ કેટલીએક જુવાન સ્ત્રિયોએ તો તેને ઘણુંજ ધિક્કાર્યું. ત્યારપછી, મિસ. મેટિલ્ડા, જેને ગાયનનું સર્વોપરી જ્ઞાન છે, એવું સર્વે માનતા હતા, તેણે કેટલાંએક પ્રખ્યાત ઇટાલિયન ભાષાનાં ગીત વાદિત્ર સાથે ગાયાં. પણ તે હરીનાથી બિલકુલ સમજાય નહિ એવી ભાષામાં હતાં, તેથી હરીને જરાકે ખુશી થઇ નહિ, તોપણ બીજી સઘળી મંડળી તો ખુશ ખુશ થઇ ગઇ. ત્યારપછી ગાયનકળાના પરીક્ષકો જે ગાઇ વજાડવામાં ઘણી હોંશિયારી જોઇયે છે એમ માનેછે એવા કેટલાક ફકરા તેણિયે ગાઈ વજાડ્યા. શ્રોતાજનો સર્વે પ્રસંન થયા જણાયા અને ખરેજ બેહદ ગમ્મત પામ્યા અથવા પામતા હોય એવું ઉપરથી બતાવવા લાગ્યા; ટૉમી પોતે એક રાગથી બીજો રાગ ઓળખી શકતો ન હતો, તોપણ સર્વની સાથે એટલો બધો ઉલ્લાસમાં આવી ગયો હતો કે તે મંડળીના બીજા માણસોના જેટલાજ મ્હોટા અવાજે સાબાશી આપતો હતો. પણ હરી, કે જેનો સ્વભાવ એમ રંગબદલે એવો હતો નહિ, તેની ઇંદ્રિયો આ લાંબા તમાશાના અસહ્ય કંટાળાથી કહ્યું કરતી ન હતી તેથી તે પોતાનો કંટાળો છાનો રાખી શકયો નહિ; તેણે મ્હોં ફાડી જોવા માંડયું, બગાસાં ખાવા માંડયાં, ટટાર થવાનું કર્યું, જાગૃત રેહેવામાટે તેણે પોતાને ચુંટિયો પણ ખણી, તોપણ તે સઘળું ફોકટ ગયું; કેમકે મિસ. મેટિલ્ડાએ વાદિત્રમાં ઉતારવાને ઘણાં કઠણ પડે એવાં ગીત ગાવામાં જેમ જેમ વધારે ચતુરાઇ બતાવવા માંડી તેમ તેમ હરીની સુસ્તી વધતી ગઇ. છેવટે તેનાથી રેહે-

વાયું નહિ તેથી પોતાની ખુરશીની પીઠે અઠીંગી ઘસઘસાટ ઉં-ઘમાં પડ્યો. આ હરીના હિણભાગ્યના બનાવથી મંડળીનાં બીજાં માણસોએ તરતજ ટીકા કરી, અને હરીની હલકાઇ વિષે તેમનો અભિપ્રાય બંધાયો હતો તે દઢ થયો; અને એણે તો તે દરમિ-યાન ઘણી મઝાની ઊંઘ કાઢી.

મિ. મર્ટનને ત્યાં આવી રીતે પેહેલો દિવસ વીત્યો, પણ તેમાં હરીને કાંઈ ગમ્યું નહિ; બીજા બે દિવસોમાં પણ તેનો તેજ તમાશો થયો. હવે એ ન્હાની મંડળીને હરીનો પૂર્ણ તી-રસ્કાર આવી ગયો, અને તેઓએ સાધારણ વિવેકથી પણ તેની-સાથે વર્ત્તવાનું મૂકી દીધું. અને આ પ્રમાણે કરવામાં તેમને મા-સ્ટર કૉંપટન અને માસ્ટર મેશે ટેકો આપ્યો. માસ્ટર કૉંપટન ઘણો કેળવાયલો છોકરો ગણાતો હતો: તે સરકારી સ્કુલમાં ભણી રેહેવા આવ્યો હતો, એ સ્કુલમાં તેની વર્ત્તણૂક કે સમજશ-ક્તિમાં જરા પણ સુધારો થયો ન હતો બલકે ત્યાં તે દરેક દુ-ર્ગુણ અને બેવકુફી શીખ્યો હતો. માસ્ટર મેશ પડોશના એક ગૃહસ્થનો છોકરો હતો, તેને ઘોડાની સરત રમવાનો એટલો બધો છંદ હતો કે તેના ચડસમાં તેણે પોતાના પૈસામાંથી મ્હોટો ભાગ ખરાબ કર્યો હતો તે ઘણું કરીને તબેલામાંજ ઉછરી મ્હોટો થયો હતો, અને ઘોડાનો તેને ઘણોજ શોખ થઈ આવ્યો હતો; પણ તે કાંઇ એ ઉમદા જાનવર ઉપર ખરેખરી પ્રીતિ થવાથી નહિ, પણ ફક્ત પૈસો મેળવવાને સટ્ટો કરવાના પદાર્થ તરીકે. આ બે જુવાન ગૃહસ્થોને હરીઉપર ઘણી અપ્રીતિ થઈ ગઇ. અને પોતાનાથી બની શકે તેવી દરેક રીતે તેને દુ:ખ લાગે એવું કે-હેવાને અથવા કરવાને તેઓ કોઇ વાર ચૂકતા નહિ; અને ટૉમી પ્રત્યે તો જેથી તે તેમને ચાહાય એવી રીતે વર્ત્તવાને તેઓ પ્રસંગ ચૂકતા નહિ. તેઓ તેને મોજમઝા ઉડાવવાની અને તોફાન મસ્તી કરવાનીજ વાતો કરતા. ટૉમીને નવી તરેહના વિ-ચારનો અને વધારે બોહોળા પાયાના વર્ત્તનનો પરિચય થતો હોય એમ લાગવા માંડયું. ધીમે ધીમે મિ. બારલો તરફનો પૂજ્યભાવ અને હરીઉપર હેત સૌ તેનામાંથી જતું રહ્યું; હરીના મનને પોતાના મિત્રમાં આવો ફેરફાર થયાથી બહુ સંતાપ થયો;

અને તે બાબત કોઇ કોઇ વખત છૂટ લઈ તે તેને વારવાનું કરતો પણ તે ફક્ત નાક ચઢાવીને જવાબ દેતો.

બીજે દિવસે સવારમાં તેઓ હમેશના કરતાં મોડા ઉઠયાઃ અને જે ગૃહસ્થઘરના છોકરાને આગલાં દિવસની સાંજની ગંમતમાં ત્રેવડયા હતા, તેમાંના ઘણાક જમ્યા પછી ઘેર જવાના હતા માટે તેઓએ બાહાર ફરવા જવાનું ઠરાવ્યું. માસ્ટર મેશે હરીવિષે ખોટી વાતો કહી ટૉમી અને બીજા બધાનો તેનાવિષે ખોટો મત ઉત્પન્ન કર્યો હતો, તોપણ હમેશની માફક હરી તેમની સાથે ગયો. પણ હરીને તેની એ વર્ત્તણૂકવિષે ખુલાસો પૂછવાનું તેના મિત્રનું બરોબર મન હતું નહિ, તેથી તેણે તે ખુલાસો આપવાની વાતજ મનઉપર લીધી નહિ. પણ તેઓ ઘાસના મેદાનમાં થઇને જતા હતા તેવામાં છેટે લોકોનું એક ભારે મ્હોટું ટોળું તેજ તરફ જતું તેમના જોવામાં આવ્યું. એ ન્હાના છોકરાઓની મંડળીને આથી જીજ્ઞાસા ઉત્પન્ન થઈ; અને તપાસ કરતાં તેમને માલમ પડયું કે આખલાને આંતરીને ખીજવવાની રમત થવાની છે. એ ગંમત જોવાની તેમને તરતજ અત્યંત આતુરતા થઇ આવી, ફક્ત તેમને એક અડચણ નજરે આવી, તે એ કે, તેમનાં માબાપે, અને તેમાં મુખ્યત્વે કરીને મિસિસ મર્ટને, તેમની પાસે વચન લીધું હતું કે 'અમે જોખમ નામથી દૂર રહીશું.' પરંતુ માસ્ટર. લીડલે, એ હરકતની શંકા દૂર કરી; તેણે કહ્યું કે "આખલાને મજબૂત બાંધવામાં આવશે, તેથી તે કાંઇ નુકશાન કરી શકશે નહિ, માટે, તે જોવા જવામાં કાંઈ ભય નથી." તેણે હશીને વળી કહ્યું કે, "હું એવી આશા રાખુંછું કે આપણે એવા ગંડુ નથી કે, આપણે આપણો વાંક કાહાડિયે, અથવા એવા ચુગલીખોર નથી કે એક બીજાની વાત કહી દઇયે."

સઘળા એકે અવાજે બોલી ઉઠયા કે, "ના! ના!" પણ હરિયે ઓઠ સરખોએ હલાવ્યો નહિ. તે છોકરાઓમાંના એકે કહ્યું કે, "માસ્ટર. હરી એક શબ્દ પણ બોલ્યો નહિ, ખરે, એ આપણી વાત કહી તો નહિ દે?"

હરિયે કહ્યું, "ખરેખર, તમારી વાત કહી દેવા હું ચાહાતો નથી; પણ આપણે કયાં જઇ આવ્યા તે કોઇ પૂછે, તો મારે કહ્યાવગર કેમ ચાલે?"

માસ્ટર. લીડલે જવાબ દીધો કે, "વધારે વિગત ન આપતાં શું તમારાથી મોઘમ એમ ન કેહેવાય, કે અમે સડકઉપર ફરતા હતા અથવા મેદાનમાં થઇ જતા હતા?"

હરિયે કહ્યું, "ના, એ સાચું બોલ્યું કેહેવાય નહિ: સિવાય આખલા આંતરવાની રમત ઘણીજ ભયંકર, અને નિર્દયતાવાળી છે, માટે આપણામાંથી કોઈયે તે જોવા જવું ના જોઇયે; તેમાં મુખ્યત્વે કરીને માસ્ટર. મર્ટન કે જેની માનો એનાઉપર બહુ પ્યાર છે ને તેની એટલી ફિકર રાખેછે કે તેણે તો નાજ જવું જોઇયે."

આ ભાષણ જેઓ પ્રત્યે કરવામાં આવ્યું તેઓએ તે ઝાઝું પસંદ કર્યું નહિ. એક જણ બોલ્યો કે, વાહ! શો એ ભાઇનો ફાંકો અને શો એમનો બીજા બધા કરતાં વધારે ડાહ્યા હોવાનો ડોળ!

માસ્ટર. કૅપ્ટન બોલ્યો, "શું! આ ભિખારીનો ચેલકો મેહેરબાનીથી માસ્ટર. મર્ટન તેને પોતાની સાથે રાખેછે તેટલામાટે તે આવા ગૃહસ્થ માણસોના છોકરાઓને પોતાના દાબમાં રાખવાનું ધારેછે?"

ત્રીજો બોલ્યો કે, "જો હું માસ્ટર મર્ટનની જગ્યાએ હોઉં તો, એ ન્હાના સરખા બેઅદબ જંગલી વાંનરાને એને ઘેર એના નીચા કુટુંબમાં મોકલાવી દેઉં."

અને માસ્ટર મેશ, જે આખી ટોળીમાં મ્હોટામાં મ્હોટો અને મજબૂતમાં મજબૂત હતો, તે હરીની પાસે આવ્યો, અને એના મ્હોં આગળ પોતાના દાંત પીશીને બોલ્યો કે, "હે લુચ્ચા હરામખોર, તું ખબરકરનારો છૂપો બાતમીદાર થઈ માસ્ટર. મર્ટનની તારાઉપર મેહેરબાનીનો બદલો આપેછે?"

હરીને માસ્ટર. મર્ટનની પોતાના તરફ બેપરવાઇ જોઈ ઘણી વખતથી પસ્તાવો થતો હતો, તેને હવે એવું જોવામાં આવ્યું કે પોતાનો મિત્ર કાંઇ બોલ્યાવગર રેહેછે એટલુંજ નહિ પણ આ અપમાનથી તે બદદિલથી ખુશી થતો હોય એમ જણાયછે, તેથી તેને ઘણુંજ દુ:ખ લાગ્યું. પરંતુ, તેની આસપાસ કનડગત કરનારાઓનું ટોળું વિંટાઇ વળ્યું હતું, તેમને એને બોલવા દીધો, ત્યારે તેણે શાન્તપણાથી જવાબ દીધો. "તમારામાંનો કોઇપણ ચુગલીખોર અને બાતમીદાર નથી, તેમ હું પણ નથી; અને ભીખવિષે બોલાવતા હો તો હું પરમેશ્વરનો ઉપકાર માનુંછું કે તમે

મારી આશા કરતા નથી તેમ હું તમારી આશા કરતો નથી.” તેણે કહ્યું કે, “વળી કદાપિ હું એવી હલકી સ્થિતિમાં આવી પડું તો, અહિં છે તેમાંથી કોઈની પાસે ભીખ માગવા કરતાં મારો વખત શી રીતે કામે લગાડવો તેની મને સમજ વધારેછે.”

આ મર્મના વચનથી અને તેના ઉપર જે ટીકા કરવામાં આવી તેથી ટૉમીને એટલી અસર થઇ ગઇ કે, તેજ પળે, હરી ઉપરનું આગળનું હેત, અને તેના આગલા ઉપકાર ભૂલી જઇને, તે છાતી કાહાડીને હરીના સામો ગયો, અને મુક્કીવાળીને તેને કહ્યું કે, “શું તું મારૂં અપમાન કરવાનું ધારેછે?”

હરિયે જવાબ દીધો કે, “ના, માસ્ટર ટૉમી; ઉલટા તમે અને તમારા મિત્રો જે અહિંયાં છે તે તો મારૂં અપમાન કરોછો.”

ટૉમી બોલ્યો, “શું! તમે એવા મ્હોટા માણુસ છો કે તમને કોઇયે કેહેવાય નહિ? ખરેખર તમે તો ભારે મઝાના ગૃહસ્થ છો!”

હરિયે જવાબ દીધો કે, “તમને તો હું હમેશાં આજ સુધી ગૃહસ્થ ધારતો હતો!”

ટૉમિયે કહ્યું કે, “કેમ લુચ્ચા, શું તું એમ કેહેછે કે હું ગૃહસ્થ નથી? લે લેતો જા ત્યારે,” એમ કહી તેણે તરતજ હરીના મોંઉપર એક મુક્કી મારી. આ તેની વર્ત્તણૂક આગળ હરીની ધીરજ રહી નહિ, તેથી તેણે મોં ફેરવ્યું; અને ધીમે સાદે ફક્ત એટલું કહ્યું કે, “ટૉમી, ટૉમી, હું કદિ એવું ધારતો ન હતો કે તમે મારી પ્રત્યે આવી રીતે વર્ત્તશો;” પછી તેણે પોતાના બે હાથે મોં ઢાંકી દેઈ, ધ્રુસકે છાતીફાટ રોવા માંડયું.

પણ એ ન્હાની ટોળીના ગૃહસ્થો, કે જે હરીને સંતાપ કરાવીને ઘણાજ ખુશી થયા હતા, તે તેની આશપાશ વિંટાઇ વળીને, ફરીને તેને સતાવવા લાગ્યા. લુચ્ચા, નામરદ, ચુગલીખોર, એવી ગાળો ચારે તર્ફથી વરસવા લાગી; બીજાઓ કરતાં, કેટલાક આગળ પડે એવા હતા તેમણે તેના વાળ પકડીને ખેંચ્યો, એટલામાટે કે તેનું માથું ઉંચું કરીને તેનું મઝાનું મોં જોવાય; પણ હરિયે આંસુ લુછી તથા ઉંચું જોઇને, ગંભીર ચેહેરો કરી પ્રૌઢ અવાજથી તેમને પૂછયું કે, “શામાટે મને બાઝોછો?”

પછી પોતે શરીરને ઝોક દેઇ વળીને જેઓએ તેને પકડ્યો હતો તેમના હાથમાંથી તે એકદમ છૂટો થયો. તે મંડળીમાંના ઘણાખરા તેના એ સવાલથી પાછા પડ્યા, અને તેને હેરાન ન કરવો અને જવા દેવો એવું તેમના મનમાં આવ્યું; પણ જે છોકરા અહિં હતા તેમાં માસ્ટર મેશ ઘણોજ કજિયાખોર અને બેઅદબ છોકરો હતો, તેણે આગળ આવીને કહ્યું કે, "તારા જેવા લુચ્ચા ન્હાના છોકરાઓની અમે હમેશ આવી દશા કરિયે છિયે; અને તને જે મળ્યું તેમાં હજી કાંઇ બાકી રહ્યું હોય તો, અમે ખુશીથી તને વધારે આપીશું."

હરિયે જવાબ દીધો કે, "તમારી ગાળો અને બકવાદને તો મનઉપર લેવા હું યોગ્ય ધારતો નથી; પણ માસ્ટર મર્ટને મને માર્યો તે તો હું સાંખી રહ્યો તથાપિ આ મંડળીમાં બીજા કોઇની મગદુર નથી કે મને મારે; જો કોઇને અજમાવી જોવું હોય તો, હું કાયર છું કે નહિ તે તેને જલદીથી માલમ પડશે."

આનો જવાબ ન આપતાં માસ્ટર મેશે તેના મોં ઉપર એક તમાચો માર્યો, તેના બદલામાં હરિયે એવી લપડાક ચોઢી દીધી કે જેથી તેનો સામાવાળિયો વધારે મ્હોટો અને મજબૂત છતાં તેનું મોં ફરી ગયું. પોતાના કરતાં એટલા બધા ન્હાના છોકરાના હાથે આવી અચાનક શેહખાઈ માસ્ટર મેશની હિંમત ઘણું કરીને નરમ પડી જાત, પણ તેને નમીજવું એ શરમ ભરેલું લાગ્યું. માટે ધીરજ ધરી દઢ થઇ ગાંડા માણસની પેઠે તે હરીઉપર તૂટી પડ્યો; અને એટલા બધા જોરથી તેને માર્યો કે, તેને ભોંયઉપર પાડી નાંખ્યો. છક્કડ ખાઇ ગયો તોપણ ડર ખાધાવગર હરી તરતજ ઉભો થયો, અને સામાવાળિયો મારી જીત થઈ ચૂકીજ એમ વિચારતો હતો તેજ ક્ષણે બમણા જુસ્સાથી તેનાઉપર તે ધસ્યો, ઝઘડો જબ્બર મચ્યો પણ તે થોડીજ વાર ચાલ્યો ને મેશે બાથ ભિડાવી પોતાનું ચઢિયાતું અંગબળ વાપરી તેને જોરથી જમીનઉપર પટક્યો તે ન્હાના ટોળે મળેલા તમાશો જોનારાઓ જેમણે હરીની ખામોશ જોઇ તે ડરકુ છે એવી ભૂલ ખાધી હતી તેમના મનમાં તેની હિંમતમાટે ખરેખરૂં માન ઉત્પન્ન થવા લાગ્યું; અને તે લડવૈયાઓની આસપાસ ચૂપાચૂપ વીંટાઇ વળીને તે ઉભા રહ્યા. હરિયે

બીજી વાર ઉભો થઇને, કસાયલા લડવૈયાની પેઠે ઠંડા દિલથી અને શૂરથી, પોતાના અધિક બળિયા શત્રુઉપર હુમલો કર્યો. આ વખત લડાઇ વધારે ભયંકર થઈ વધારે જોસભેર મચી. મેશમાં અંગબળ અને ચાલાકી ચડિયાતાં હતાં અને લડવાસંબધી જ્ઞાન તેનામાં વધારે હતું, એનો માર જેટલો દાવથી તેટલોજ જોરથી સચોટ પડતો હતો; અને દરેક ઘા એવો હતો કે કદમાં, ઉમ્મરમાં, અંગબળમાં એટલો બધો ઉતરતો જે દુશ્મન તે તો કચરાઈજ જાય; પણ હરીનું શરીર કસાઈ દુઃખ સહન કરી શકે એવું કઠણ થઇ રહેલું હતું; તેનામાં વધારે ચપળતા હતી; અને ચિત્તની સ્થિરતા સાથે હઠે નહિ એવી હિંમત હતી, જેથી એ કશાથી ડરતો નહતો. એના દુશ્મનના ટકી ન શકાય એવા જોરથી તે ચાર વખત પછડાયો, અને ચાર વખત લોહી અને કચરાથી રગદોળાયલો, અને થાકથી હાંફતો હાંફતો પણ હાર્યાવગર અધિક જોરભેર ઉભો થયો. આખરે લડાઈ લાંબો વખત ચાલ્યાથી અને જોસભેર શરીરનું જોર કાહાડયાથી મેશના હાજા નરમ થવા માંડયા. તેના સામો હઠીલો થઇને હરી ટકી રહ્યો તેથી તે ગુસ્સે થઇ ગયો, અને આશાભંગ થયો તેથી તેનો મિજાજ તેના કબજામાં રેહેવા માંડયો નહિ અને તેણે આડાઅવળા ચોઢવા માંડયા, તે શ્વાસે ભરાઈ ગયો, અને તેના ઢીંચણ ભાગ્યેજ તેનો ભાર ખમશે એવા જણાયા. છેવટે શરમ અને વેરના આવેશમાં જાણે એક વાર છેલવેલું બળ કાહાડી હરીને કચરી નાંખવાનો નિશ્ચય કર્યો હોય તેમ તે ખૂબ જોરથી તેના ઉપર ધશ્યો. હરી ડાહાપણથી પાછો ખશી ગયો; અને ફક્ત તે ઘા મારતો તે ઝીલી લઇને શાન્ત રહ્યો; પછી જ્યારે તેણે જોયું કે જોસમાં તડુકી તડુકી દુશ્મનના ગાળા ઘણાખરા નરમ થઇ રહ્યાછે ત્યારે તે સઘળા જોરથી તેની ઉપર તૂટી પડયો અને એક સજ્જડ ઘાથી તેને ભોંય ભેગો કરી દીધો.

આ ઉપરથી જોનારાઓની ન્હાની મંડળીમાંથી એની મેળે સાબાશીનો પોકાર નીકળ્યો, અને જે છોકરાઓ થોડી વાર પેહેલાં હરીને મ્હેણાં દેતા હતા અને હેરાન કરતા હતા તેજ તેની ફતેહ થઇ તેથી તેને મુબારકબાદી આપવાને તૈયાર થયા.

તેજ પળે એક નવીન અને ઓચિંતા દેખાવથી તેમનું મન

તે તરફ ખેંચાયું. એક ઘણાજ કદાવર અને દેખાવડા આખલાને મેદાનઉપર થઇને લઇ જતા હતા, અને તેને જૂદા જૂદા રંગની રીતથી શણગાર્યો હતો. આ રૂઆબદાર જાનવર સામું થયાવગર દોરવાયું જતું હતું, છેવટે જ્યાં તેના ઉપર જુલમી તમાશો કરવાની જગ્યા ઠરાવી હતી તે જગ્યાએ તે આવી પોહોંચ્યું. અહિં એક લોઢાની કડી જમીનમાં જોરથી ઠોકેલી હતી, જે આવેશના ભરજોસમાં ભારે પછાડા મારતાં પણ તે વછૂટવા નહિ પામે, એવી મજબૂત તેઓ ધારતા હતા તે કડિયે તેને બાંધવામાં આવ્યો. પછી પુરૂષો, સ્ત્રિયો, અને છોકરાંઓનું એક ટોળું તે ઠેકાણે આસપાસ વિંટાઈ વળી, તે નિર્દય રમત જોવાને આતુરતા ભરેલી જીજ્ઞાસાથી ઉભું થઈ રહ્યું. જે ન્હાની ટોળી માસ્ટર મર્ટનની સાથે આવી હતી તે હવે રોકી રહી નહિ; દોસ્ત, માબાપ, શીખામણ, ફરજ, વચન ને કોલ તે સઘળું તેઓ એક પલકમાં વીસરી ગયા: અને ફક્ત પોતાની જીજ્ઞાસા તૃપ્ત કરવામાંજ ચિત્ત પરોવી આસપાસના ટોળામાં ભળી ગયા. જો કે હરીનું દિલ નારાજીથી પાછું હઠતું હતું તોપણ તે છેટે છેટે તેમની પાછળ ગયો અને એની ખોટી રીતે બરદાશ કરવામાં આવેલી તેથી, અથવા એને માર મારવામાં આવેલો તેનું દરદ થતું હતું તેથી પણ માસ્ટર મર્ટનવિષે એની કાળજી જતી રહી ન હતી, અથવા તેની કુશળતાવિષે તે બેફિકરો થયો ન હતો. આ જંગલી રમતોમાંથી ઘણી વખત ભયંકર અકસ્માત્ બનેછે તે એ સારી પેઠે જાણતો હતો તેથી પોતાનો મિત્ર પાછો નિર્ભય જગ્યાએ આવે ત્યાં સુધી તે તેને છોડી જઈ શકયો નહિ; અને હવે જે ઉમદા જાનવરને આવી ઘાતકી રીતે હેરાન કરવાનું હતું તેને કડી સાથે મજબૂત વણેલા દોરડાથી બાંધ્યું, જેથી તેના ધમપછાડામાં કંઇક રોકાણ અને અટકાવ થયો તોપણ તેથી કરીને તે છેકાછેક બંધ પડયા નહિ.

ઘણું કરીને રોકી શકાય નહિ એવું તેનું જોર હતું, તોપણ તે જોર અજમાવવાને તે નાખુશી જણાયું, અને આસપાસ તેના દુશ્મનતરફ એવી નરમાશથી જોવા માંડયું કે તેથી તેમના મનમાંથી દુશ્મનાવટ નીકળી જવી જોઇતી હતી. તરતજ એક ઘણાજ મ્હોટા કદનો ક્રૂર હિંમતવાળો કૂતરો છૂટો મૂકવામાં આવ્યો

તેણે એ આખલાને જોયો એટલે તરતજ, એક ત્રાસદાયક ચીસ પાડી કટ્ટી દુશ્મનાઇથી તે તેનાપર ધસ્યો. આખલાએ દૃઢતાથી હિંમત ધરી શાન્ત ચિત્તે તેને પાસે આવવા દીધો; પણ જેવો તે કુતરો તેનાઉપર કુદકો મારવા જતો હતો તેવોજ તે તેના દુશ્મનના સામો થવાને તેની તરફ ધસ્યો, અને ભોંય સરસુ માથું મૂકીને તેને કેટલાક ગજને છેટે હવામાં ઉંચો ઉછાળ્યો, અને તમાશો જોનારાઓએ દોડીને પોતાની પીઠ અને હાથઉપર તેને ઝીલી લીધો ન હોત તો પડતાં તેના કડકે કડકા થઇજાત. બીજા તથા ત્રીજા કુતરાને એક પછી એક છૂટા મૂકવામાં આવ્યા, તેમની પણ એજ દશા થઇ: એક તો ઠારજ થયો અને બીજો, પડતાં પગ ભાગ્યો તેથી, લંગડાતો લંગડાતો ચીસો પાડતો પેટ વરાંળે સટકી ગયો. તે દરમિયાન આખલો અનુભવી લડવૈયાની માફક હિંમત અને શાન્તપણાથી વર્ત્યો, મસ્તીમાં આવ્યાવિના, તોફાન કર્યાવિના પોતાના દુશ્મનોના દરેક હુમલા ઝીલતો તે ઉભો રહ્યો, અને પછી તેઓ બેકાલજીથી સપાટામાં આવી જાય કે તેમને સખ્ત શિક્ષા કર્યો ગયો.

આ ચાલતું હતું, તેવામાં એક ગરીબ અર્ધો નાગો હબશી ત્યાં આવ્યો, અને તેણે ગરીબાઇથી તેમની પાસે કાંઇ ખેરાત માગી તેણે એક ઇંગ્રેજી વાહાણમાં નોકરી કરી હતી તે વાત તેમને કહી અને કેટલાએક ઘા વાગ્યાનાં નિશાન પણ તેમને બતાવ્યાં. એ ન્હાના ગૃહસ્થના છોકરામાંના કેટલાએક, જેઓ ખરાબ કેલવણીથી, બીજાનું દુઃખ મનમાં લાવવાનું કે તેની હાય ખાવાનું શીખ્યાજ ન હતા, તેઓએ તેના કાળારંગ અને પરદેશી ઉચ્ચારને લીધે તેની મશ્કરી કરવા લાગીને હલકાઈ બતાવી; પણ માસ્ટર મર્ટન મિ૦ બારલોની પાસે હતો તે કરતાં હાલમાં ઘણો બદલાઇ ગયો હતો, તોપણ તેનામાં ઉદારતાનો ઘણો ભાગ રહ્યો હતો, તેથી તેણે એનું દુઃખ મટાડવાનેમાટે પોતાના ગજવામાં હાથ ઘાલ્યો, પણ કમનસીબથી તેને આપવાને કાંઈ નીકળ્યું નહિ; જે મૂર્ખાઇ ભરેલું ઉડાઉપણું તે હાલમાં થોડાવખતથી શીખ્યો હતો, તેથી તેના સઘળા પૈસા તુચ્છ બાબતોમાં તેણે ગુમાવી દીધા હતા; અને હવે જેનેમાટે તેને દયા આવી તેનું દુઃખ ટાળવું પોતાનાથી બની શકે એવું તેણે ન દીઠું.

આવી રીતે તુચ્છકારી કાહાડવામાં આવ્યો ને કોઇયે મદદ આપી નહિ, તેથી એ બીચારો હબશી જ્યાં હરી ઉભો હતો તે ઠેકાણે આવ્યો, ને પોતાની ફાટી તૂટી ટોપીનું તાલકું ધરીને, ખેરાત માગવા માંડી. હરીપાસે કાંઈ ઘણું આપવાનું હતું નહિ, પણ તેની પાસે પુંજીમાં માત્ર છ પેન્સ (ચાર આના) હતા તે તેણે પોતાના ગજવામાંથી કાહાડ્યા; અને તે આપીને કહ્યું કે, "અરે ગરીબ માણસ, આ લે, મારીપાસે આટલુંજ છે." વધારે બોલવાને એને વખત ન હતો; કેમ કે, તેજ વખતે, ત્રણ ડાધિયા કૂતરા એકદમ પેલા આખલાઉપર તૂટી પડ્યા, અને તેને છેક ગાંડાજેવો કરી નાંખ્યો. અત્યાર સુધી તેણે જે દૃઢતાપૂર્વક હિંમત બતાવી હતી, તે હવે જતી રહી ને તે વકરાયો અને મરણિયો થયો તે આવેશ અને વેદનાથી બરાડવા મંડ્યો; અને તેની ફાટેલી આંખોમાંથી જાણે દેવતા ઝરતો હોય તેમ જણાવા માંડ્યું; અને તેનું મોં ફીણ ફીણ અને લોહી લોહી થઇ રહ્યું. ખુંટાની આસપાસ દમ માર્યાવિના ફરફડતો અને જોર કરતો તે ઘૂમવા મંડ્યો અને પેલા સતાવવા મૂકેલા કૂતરા નિરંતર ભશભશ કરતા હતા અને તેને ચોમેર નોરિયાં લેતા હતા, તેમાંથી ઘડીકમાં એક ઉપર અને ઘડીકમાં બીજાઉપર એ રીતે તે તાકીને ઝપાટા મારવા લાગ્યો. છેવટે એક વાર જોસભેર બળ કરી તેણે પોતાના દુશ્મનોમાંના એકને પોતાના પગતળે કચરી નાંખ્યો, અને બીજાને શિંગડું મારી એવો તો જખમી કર્યો કે તેનાં આંતરડાં બાહાર નીકળી આવ્યાં; અને તેજ ટાણે જે દોરડાથી તે હાલસુધી કબજે રહ્યો હતો, તે દોરડું કડાક લેઈને તૂટ્યું જેથી તે આખલો છૂટી ભયભીત થયેલા માણસોના ટોળાઉપર ધસ્યો. તમાશો જોનારાઓ ભેગા થયા હતા તેઓ જે ધાસ્તી અને ભયમાં પડ્યા તે કલ્પી પણ શકાય તેવું નથી. પેહેલાં જેઓ ઉલટ ભેર પોકાર કરતા હતા, અને કૂતરાઓને આવકારતા હતા, તે હાલ મેદાનમાં ભરરર વિખરાઇ ગયા, અને જે જાનવરને તેઓ ઘણાજ નીચપણાથી રીબાવતા હતા, તેના સપાટામાંથી બચવાને નાઠા. તે દરમિયાન તે ખીજવાયલો આખલો વીજળીની પેઠે મેદાનમાં દોડ્યો, અને કેટલાકને પગતળે કચરી નાંખ્યા, બીજાને શિંગડાં મારીને લોહી લોવાણ કર્યાં, અને

પોતાને જે ઇજા થયેલી તેનું પુષ્કળ વેર વાળ્યું. એટલામાં તરતજ તે આવેશમાં આંધળો બની જે જગ્યાએ માસ્ટર મર્ટન અને તેના સોબતિયો ઉભા હતા તે જગ્યાતરફ ધસ્યો: અતિ બીકથી ગાંડાતુર બની સર્વે નાઠા, પણ તેમની પાછળ પડનારના જેટલી ઝડપથી તેમનાથી દોડાયું નહિ. ચોગરદમ ચિઃકાર બુમરાણ ને કકળાણ થઇ રહ્યું અને થોડી મિનિટઉપર જેઓએ હરીની સારી સલાહને ધિક્કારી કાહાડી હતી તેમના મનમાં આખી દુનિયા આપતાંએ આ ઘડિયે સહીસલામત માબાપના ઘરમાં હોઇયે એવું થયું. એકલા હરીના મનની ધીરજ રહી હતી, તેણે બૂમો પાડી નહિ તેમ તે દોડ્યો પણ નહિ; પણ જ્યારે તે ભયંકર જાનવરપાસે આવ્યું ત્યારે, તે કૂદી ચપળતાથી બાજુપર ખશી ગયો, અને આખલો તે બચી ગયો તેની શીકરમાં ન પડતાં ચાલ્યો ગયો; માસ્ટર મર્ટન એટલો નસીબવાન ન હતો, કેમ કે તે દોડવા ગયો તેવો પગલું ચૂકયો, અને ખીજવાયલા પાછળ પડનાર જાનવરના રસ્તામાંજ ગબડી પડ્યો. જોનારાઓએ ધાર્યું કે એનું આવી બન્યું, અને જરૂર થાત પણ એમજ જો હરિયે પોતાની ઉમ્મરના પ્રમાણમાં વધારે હિંમત અને ધીરજથી એક નાસનારના હાથમાંથી ચીપિયો પડી ગયો હતો તે એકદમ ઉપાડી લઇને જે વખત આખલો તેના મિત્ર ટૉમીને નીચો પડી શિંગડું મારવા જતો હતો તેજ વખતે આગળ પડી તેના પાસામાં ઘા કર્યો ન હોત તો. એ આખલો તરતજ પાછો હઠયો અને બમણા ગુસ્સાથી તેના નવા હુમલો કરનાર સામો થયો. અને જો અણધારી મદદ ન આવી પોહોંચી હોત તો તે ગમે તેટલો બહાદુર હતો તોપણ, એમ લાગેછે કે હરી પોતાના મિત્રને મદદ આપ્યા બદલ સાટામાં પોતાનો જીવ ખોત તેજ વખતે, પેલો આભારી હબશી તેની મદદનેસારૂ વીજળીની માફક દોડી આવ્યો, અને એના હાથમાં એક ભારે લાકડી હતી તે તે આખલાને લગાવા માંડી, બીજા માણસતરફ તેને તેનો જુસ્સો કાહાડવાની જરૂર પાડી. તે આખલાએ, ખરેખર, તેના ઉપર વેર વાળવાને ઘણા જોસભેર હુમલો કર્યો, પણ તે હબશી ચપળતાથી બાજુ ઉપર કૂદી પડયો, અને તેના સપાટામાંથી છટકી ગયો. આટલાથી તે સંતોષ ન પામી તેમ તે જબરા શત્રુની પછાડી ફરતેકને

તેનું પૂંછડું પકડીને ઓચિંતો મારનો વર્ષાદ વરસાવી તેની કેડચો ફૂટી નાંખવા માંડી. ગાંડપણના ભરપૂર આવેશથી તે ખીજવાયલા જાનવરે આમ તેમ વેદનાથી અમળાઈ અને બરાડા પાડચા પણ તેમાં કાંઇ વળ્યું નહિ, તેના નકાળજા દુશ્મને, તેને જરાએ છોડી દીધો નહિ, અને તે જાનવર ભારે ધમપછાડા કરી કરી થાકી ગયું ત્યાંસુધી પોતે ખેતરમાં તેની પાછળ આસપાસ ખેંચાતો ગયો અને તેને મારતો ગયો. અને હવે તમાશો જોનારામાંના જે ઘણાજ બહાદુર હતા તેઓ હિંમત પકડી તેની મદદે આવ્યા, અને ઘણા જણ એકત્ર મળીને તે જુસ્સાદાર જાનવરને બરોબર કબજામાં લીધું અને એક ઝાડ સરસુ બાંધ્યું. તે દરમિયાન કેટલાએક મિ. મર્ટનના ચાકરો, જેમને તે જુવાન ગૃહસ્થની પાછળ મોકલવામાં આવ્યા હતા, તે આવી પોહોંચ્યા, અને પોતાના જુવાન શેઠને ઉચકી લીધો, એને કાંઇ વાગ્યું ન હતું તોપણ દેહેસત અને ગભરાટથી તે અધમુઓ થઇ ગયો હતો. પણ હરિયે પોતાના મિત્રને પૂર્ણરીતે સહીસલામત, અને તેના પોતાના ઘરના માણસોના હાથમાં જોયો એટલે મિ. મર્ટનને ઘેર પાછો જવાને બદલે, પોતાનીસાથે પેલા હબશીને તેડીને તેણે પોતાના બાપના ઘરનો રસ્તો લીધો.

આ તમાશા થતા હતા તે વખતે મિસિસ મર્ટન પોતાના છોકરાના સંકટવિષે અજાણી હતી તોપણ, ઘર આગળ તેને અજંપો થયાવગર રહ્યો ન હતો. હરીની લડાઇની હકીકત તેને કાને આવી હતી, તેથી તેને બેચેની થઈ હતી, અને તેના વિરુદ્ધ એના મનમાં વધારે અસર થઈ હતી. વળી મિસિસ કોંપટન, અને મિસ. મેટિલ્ડા, જેઓને હરીનાઉપર ઘણીજ અપ્રીતિ થઇ ગઈ હતી, તેઓ પણ તેને કૂડ ભરેલી હકીકત જાહેર કરી ઉશ્કેરતાં હતાં. એના મનની આવી સ્થિતિ હતી તેવામાં મિ. મર્ટન આવ્યા, અને આ અયોગ્ય સંબંધની બાબતઉપર સઘળી સુંદરિયો તેનાઉપર એકદમ ઉતરી પડી. તેમના ખોટા વ્હેમ દૂર કરવાને તેણે કારણ બતાવીને ઘણી વાર સુધી માથાકૂટ કરી; પણ જ્યારે તેને માલમ પડચું કે તેઓને આવી રીતે સમજાવવું અશક્ય છે, ત્યારે તેણે એમ કહીને સંતોષ માન્યો કે જ્યાંસુધી અમારા આદરભાવને વાસ્તે નાલાયક ગણાય એવું કાંઇ કામ હરિયે કર્યું નથી, ત્યાંસુધી

એનાઉપર અપ્રીતિ અને બેદરકારીપણું બતાવવાને હું કદિ કબુલ કરવાનો નથી.

તેજ વખતે એક દાસી દોડતી એ કોટડીમાં આવી, અને બૂમ પાડી બોલી કે, "અરે બાઇસાહેબ! બાઇસાહેબ! ગજબ અકસ્માત! બીચારા પ્રિય માસ્ટર ટૉમી"–

મિસિસ મર્ટન ભયભીત થઇને બોલી કે, "તેને શું છે?"

તે દાસિયે જવાબ દીધો કે, "અરે શેઠાણી, લોકો કેહેછે કે એને વધારે વાગ્યું નથી; પણ ન્હાનો સેન્ડફર્ડ તેને આખલા આંતરવાની રમત જોવા લેઈ ગયો, અને તે આખલાએ તેને શિંગડું માર્યું છે, અને વિલિયમ અને જોહોન ઉચકીને તેને ઘેર લાવેછે."

આ શબ્દો તે કહી રહીએ ન હતી એટલામાં મિસિસ. મર્ટને જોરથી ચીસ નાંખી, અને તરતજ તેનું કાળજું ફટકી ગયું.

બધી સ્ત્રિયો તેને ઠેકાણે લાવવા કામમાં વળગી હતી, તે વખત જો કે મિ. મર્ટનના હોંશ ઉડી ગયા હતા તોપણ ગભરાઈ ન જતાં શાન્ત હતા. તેઓએ અધૂરી વાતમાં સાચું શું છે તે જાણવાને બાહાર દોડયા. તે વધારે દૂર ગયા નહિ એટલામાં તેને ચાકરો અને છોકરાંનું ટોળું મળ્યું, તેમાં એક ચાકર પોતાના હાથમાં ટૉમી મર્ટનને ઉચકીને લાવતો હતો. પોતાના છોકરાને એકદમ ભારે દેહેશતના ફડફડાટ સિવાય બીજું કાંઈ નુકસાન થયું નથી, એવી તેની ખાતરી થઈ એટલે તરતજ તે બાબતની હકીકત તેણે પૂછવા માંડી; પણ તેને કાંઈ પણ હકીકત મળે તે પેહેલાં મિસિસ મર્ટન ગાંડાની પેઠે ઘરમાંથી દોડી આવી. જ્યારે તેણે પોતાનો છોકરો સહીસલામત દીઠો, ત્યારે તેણે તેને પોતાના હાથમાં ઉપાડી લીધો, અને માના કુદરતી પ્યારથી કંઈ કંઇ ગાંડું ઘેલું બોલવા મંડી ગઈ.

પરંતુ, છેવટે, તે જરા શાન્ત પડી, અને સઘળી મંડળી પાસે હતી પણ હરી સેન્ડફર્ડ તેમાં ન હતો તે જોઇ એકદમ ગુસ્સાથી બોલી કે, "જોયું તમારી સંગાતે આહિં આવતાં પેલા ન્હાના ધિક્કારવાલાયક હરામખોરના નફટ નિર્લજ્જ ચિત્તે કહ્યું કર્યું નહિ. અહા! જો એને આખલાએ શિંગડું ભરાવ્યું હોત તો સારૂં થાત, કેમ કે, એ એજ મતાનો છે."

ટૉમિયે કહ્યું કે, "મા, કિયો ન્હાનો હરામખોર?"

મિસિસ. મર્ટને કહ્યું કે, "પેલો નીચ હરી સેન્ડફર્ડ, બીજો તે કોણ? જેને તારા બાપ એટલો બધો ચાહેછે, અને જેણે તને આ સંકટમાં દોરી જઇ તારો જીવ જાય એટલે સુધી વાત આણી."

ટૉમિયે કહ્યું કે, "હેં! શું એ મને સંકટમાં દોરી ગયો! મા! એણે તો મને નહિ જવાનું કહી વારવાને એનાથી બને તેટલી મેહેનત કરી; પણ હું ખરેખરો ઘણો અનાડી છોકરો કે, મેં તેની સલાહ માની નહિ."

આ હકીકત સાંભળી મિસિસ. મર્ટન તો આભીજ બની ગઇ. મિ. મર્ટન બોલ્યા કે, "ત્યારે કિયા મૂર્ખનું એ કામ?"

ટૉમિયે જવાબ દીધો કે, "ખરેખર, બાપા, એક હરી-વિના અમે બધા ઠપકાને પાત્ર છિયે, હરિયે તો અમને સૌને ને તેમાં મુખ્યત્વે કરીને મને ન જવાને સલાહ આપી અને આજીજી કરી; કેમ કે તેણે કહ્યું જે, તે ઘણી ભયંકર રમત છે ને મર્ટનસાહેબ જાણશે તો તેઓ ઘણા ચિંતાતુર થશે."

મિસિસ મર્ટન પોતાની ભૂલનેલીધે દિગ્મૂઢ સરખી જણાઇ, પણ તેટલામાં મિસિસ કૉંપટન બોલી કે, હું ધારૂંછું કે, હરીને તોફાનનો ડર લાગેલો માટે તે ડાહાપણથી એ રસ્તે ગયો નહિ હોય." એ ન્હાના છોકરાઓમાંના એક જણે જવાબ દીધો કે, "અરે! ના, ના, શેઠાણી, હરી બીકણ નથી, માસ્ટર ટૉમિયે એને માર્યો ત્યારે તે ખમી રહ્યો તેથી પેહેલાં અમે એને બીકણ ધારતા હતા; પણ મારા જોવામાં કદિ આવ્યું નથી એવી બાહાદુરીથી તે માસ્ટર મેશ સાથે લડ્યો, અને માસ્ટર મેશ પણ ઘણી સારી રીતે લડ્યો, તોપણ હરી છેવટ જીત્યો. એ મારાથી થોડે છેટે પાછળ પાછળ આવતો મેં તેને દીઠો હતો, અને આખલો છૂટો થઇને નાઠો, ત્યાંસુધી તેણે પોતાની નજર માસ્ટર ટૉમીના ઉપર રાખી હતી; તે પછી હું એવો ભયથી બાવરો બની ગયો હતો કે, એનું શું થયું તેની મને ખબર નથી."

મિ. મર્ટને કહ્યું કે, "હાં-ત્યારે આ ન્હાના છોકરાને તમે તમારી છોકરાંની મંડળીમાંથી કાહાડી મૂકવા માગતા હતા કે? પણ હજી કેવા પ્રકારના ભયમાં તે હતો અથવા તે ભયમાંથી

તે શી રીતે બચી ગયો તે હકીકત હું જાણતો નથી. માટે એ વાત આપણે આગળ સાંભળિયે.

આ ઉપરથી એક ચાકરે છેટેથી આ સઘળો બનાવ જોયો હતો, તેને તેણે બોલાવીને પૂછ્યું. તેણે તેમને ટૉમીની આફત, હરીની બાહાદુરી, ગરીબ હબશીની અણધારી મદદ, એ સઘળાનો બરોબર હેવાલ આપ્યો; જેથી ઓરડામાં બેઠેલાં સર્વે આવું પરોપકારનું અને બાહાદુરીનું કામ, એવડા છોકરાએ કર્યું, તેનેલીધે સાનંદાશ્ચર્યમાં ગરક થઈ ગયાં.

મિસિસ. મર્ટન હવે શરમની મારી બોલીજ નહિ, એ સઘળી મંડળીના માણસો એક બીજા સાથે હરીનાં વખાણ કરીને તેને ઉંચો ચઢાવવામાં વાદ કરવા મંડયા. પણ ખરા સદ્‌ગુણની અસર એવી છે. પણ મિ. મર્ટન કે જે હરીની બાહાદુરીની વાત સાંભળી બીજાના કરતાં વધારે ખુશી થયા હતા, તેણે આ વખત તે ઓરડામાં ચારે કોર પોતાની નજર ફેરવી જોયું તે પોતાના ન્હાના મિત્રનો તપાસ કરતો હોય એમ જણાયું. પણ જ્યારે તે તેને જડયો નહિ, ત્યારે તે કેટલીક ફિકરથી બોલ્યો કે, "આપણો યુવાન બચાવનાર કયાં હશે? તે બીજાઓની સાથે પાછો આવ્યો નહિ, તેથી તેને કાંઇ આફત તો નહિ આવી હોય?"

ચાકરોમાંના એકજણે કહ્યું કે, "ના; હરી સેન્ડફર્ડ સહીસલામત છે, કેમ કે મેં તેને હબશીને લેઇને તેના ઘરતરફ જતો જોયો છે."

મિ. મર્ટને જવાબ દીધો કે, "અરે, ખચિત તેની કાંઈ ખરાબ બરદાશ થઇ હશે, તેથી તે એકાએક આપણ સર્વેને છોડીને ગયો. અને હવે મને યાદ આવેછે કે એક છોકરાને મેં એવું બોલતાં સાંભળ્યો હતો કે, ટૉમિયે હરીને માર્યો હતોઃ ખરેખર, ટૉમી તું એવો તો અપકારી નહિ હોઉં કે તારા સારામાં સારા અને ઉમદામાં ઉમદા મિત્રને તું મારે"

આ સાંભળી, ટૉમિયે નીચું જોયુંઃ એનો ચેહેરો શરમિંદીનેલીધે રાતોતાતો થઇ ગયો, અને એના ગાલઉપરથી ચૂપકીથી આંસુ ટપકવા માંડયાં. મિસિસ. મર્ટને પોતાના છોકરાના મનની વેદના અને ગભરાટ જોયો, તેને પોતાના હાથમાં લેઇને પોતાની છાતી સરસ્યો દબાવા જતી હતી, પણ મિ. મર્ટને તુ-

રત તેને અટકાવી કહ્યું કે, “મનુષ્ય પ્રાણીમે એબ લગાડે એવું નીચામાં નીચું અને ખરાબમાં ખરાબ કામ જે છોકરાએ કર્યું છે, અને મારા મનમાં અંદેશો આવેછે તે સાચું હોય તો, જે ફક્ત પોતાના માબાપને લજવે એવોજ છે તેવા છોકરાઉપર પ્યાર લાવવાનો આ વખત નથી.” આ સાંભળી ટૉમીથી વધારે વાર રેહેવાયું નહિ, પણ એવું છાતીફાટ રોવા લાગ્યો કે, મિસિસ. મર્ટન પોતાના લાડકડાને ઉંચકીને એકદમ તે ઓરડામાંથી બાહાર લેઇ ગઈ, અને તેની જોડે ઘણીખરી સ્ત્રિયો ગઈ તેમને ટૉમીની હીણુપસ્તી જોઇને દયા આવી અને તેઓ એકદમ એમ કેહેવા લાગ્યાં કે “એણે જે કાંઇ ગુન્હો કર્યો હશે તે એવો નથી કે તેનો બદલો આટલી બધી લાગણીથી ન વળી જાય. પણ મિ. મર્ટને પેહેલવેહેલોજ અવકાશ મળ્યો કે જે ન્હાનો છોકરો માસ્ટર. મર્ટને હરીને માર્યો એવી વાત બોલ્યો હતો તેને એક બાજુઉપર બોલાવ્યો અને એ બાબત પૂછયું. એને સાચી વાત છુપાવવાનો કાંઈ સ્વાર્થ ન હતો, તેથી તેણે હકીકત ઘણું કરીને જેવી બની હતી તેવી કહી; અને જો કે ટૉમીની તરફદારીથી કંઈક ફેરવ્યું તોપણ એના ગેરઇનસાફ અને જુલમનો તેણે એવો ચિતાર આપ્યો કે તેથી એના બાપને કાળજે ઉંડો ઘા લાગ્યો.

મિ. મર્ટન આ અણગમતી બાબતની તજવીજ કરવામાં રોકાયલો હતો તે વખત મિ. બારલો તેને મળવા આવ્યો તેથી તે સાનંદાશ્ચર્યે પામ્યો, હાલમાં જે બનાવ બન્યો હતો તે સઘળાથી તે બિલકુલ અજાણ્યો હતો, ને ફક્ત અણધાર્યો મળવાનેજ આવ્યો હતો.

મિ. મર્ટન ખરેખરા શુદ્ધ અંતઃકરણથી આ લાયક માણસને મળ્યો; પણ એની રીતભાતવિષે એટલી ઉદાસી પસરેલી હતી કે ટૉમીની બાબતમાં કાંઈ ઠીક નહિ હોય એમ મિ. બારલોને અંદેશો પડવા માંડ્યો. તેથી તેના બાપને તેનાવિષે બોલવાનો લાગ મળે એટલામાટે તેની ખબર પૂછી. મિ. મર્ટન બોલ્યાવિના રહ્યો નહિ, અને હેતથી મિ. બારલોનો હાથ પકડીને, તેણે કહ્યું: “અરે! મારા પ્યારા સાહેબ, મને ડર લાગવા માંડ્યો છે કે એ છોકરાવિષેની મારી સઘળી આશા ભંગ થઇ છે, અને આપની સઘળી પ્રીતિ ભરેલી મેહેનત ફોકટ ગઇ

છે. હાલમાં તેણે એવી ચાલ ચલાવી છે કે જેથી તેને કાંઇ નીતિનિયમનું ભાન નથી, ને માત્ર મગરૂરીજ છે એમ માલમ પડેછે." પછી તેણે ટૉમીની વર્ત્તણૂકની સર્વે હકીકત મિ. બારલોને કહી, અને તેની બેઅદબી, મગરૂરી ને અપકારપણાવિષે સખ્ત વિચાર જણાવ્યા.

મિ. બારલોએ જવાબ દીધો કે, "ખરેખર, મારા ન્હાના મિત્રવિષે આ અહવાલ સાંભળવાથી હું ઘણો દિલગીર થાઉંછું, તોપણ તેમાં, તમારા મનમાં જેટલું આવ્યું છે તેટલું ભયનું કારણ હું જોતો નથી. તમે એવું ધારોછો કે માણસોના અર્દ્ધા દુર્ગુણ તેમના અંતઃકરણની ખરી મલિનતાથી ઉત્પન્ન થાયછે? ભલે પણ ઉલટી મારી તો એમ ખાતરી થાયછે કે, માણસનો સ્વભાવ જેટલો મલિન નથી હોતો તેટલો અસ્થિર હોયછે; અને તમામ ખરાબ વર્ત્તણૂકનો ઘણો ભાગ ખોટું કામ કરવાનું સજ્જડ વલણ હોવાથી ઉત્પન્ન થતો નથી, પણ મનની દૃઢતા નહિ હોવાને લીધે તેમ થાયછે."

મિ. મર્ટને કહ્યું કે, "તમે મને ઘણો દિલાસો આપોછોઃ પણ આવા દાબમાં રેહે નહિ એવા મનોવિકાર! આવો જુલમ અને અવિચારી જુસ્સો!"

મિ. બારલોએ જવાબ દીધો કે, "ખરેખર એ ઘણાજ વસમા છે; તોપણ તેમને બરોબર કેળવ્યા હોય તો તે પરિણામે ઠીક નીવડેછે; અને ઇતિહાસ ઉપરથી તથા આપણા પોતાના અવલોકનથી માલમ પડેછે કે એવા વિકાર અને જુસ્સાવાળો માણસ કોઇ કોઇ વખત આડે રસ્તે ચઢી જાયછે, તેમ એ વિકાર અને જુસ્સાઉપર બરોબર રીતે અસર કરવામાં આવે તો તેજવડે તે પાછો ખરે રસ્તે આવી શકેછે. બેશક તમે પોલેમોની વાર્ત્તા વાંચી હશે, જે એક વંઠી ગયેલો જુવાન હતો, તે ફક્ત એકજ નીતિનું ભાષણ સાંભળવા ગયો તેથી બદલાઇને તે એક પ્રખ્યાત તત્ત્વજ્ઞાની અને સદ્ગુણનો નમુનો થયો હતો."

મિ. મર્ટને કહ્યું કે, "ખરેખર, હું શરમિંદો બની કબૂલ કરૂંછું કે જૂદી જૂદી જાતનાં કામ અને ગમતોમાં મેં મારી જીંદગાનીનો ઘણો ભાગ ગાળ્યો છે, તેથી મારી મરજીપ્રમાણે મને

વાંચવાની ફુરસદ મળેલી નથી. માટે તમે જે વાર્ત્તાવિષે કોહોછો તે કહી સંભળાવવાની મને મેહેરબાની કરશો.”

## પોલેમોની વાર્ત્તા.

મિ. બારલો બોલ્યા કે, પોલેમો, તે એક આથેન્સ શેહેરનો જુવાન માણુસ હતો. તે પોતાનું જીવતર હમેશાં દુર્વ્યસન અને નઠારા છંદમાં ગાળતો હતો. તે પોતાના દિવસો મીજબાની અને ગમતમાં કાહાડતો હતો, અને તેની રાતો નિશામાં અને મસ્તીમાં જતી. તેની આસપાસ નઠારી ચાલનાં જુવાન માણુસો હમેશ રેહેતાં તેઓ તેના દુર્ગુણો જોઇને તે પ્રમાણે પોતે ચાલતા ને તે દુર્ગુણોને પુષ્ટિ આપતા; અને તેમનામાં જે થોડી અક્કલ હતી તે દારૂમાં બિલકુલ ડુબાવી નાંખીને તેઓ બાહાર નીકળતા, અને હરેક પ્રકારની ગેરરીતની બદફેલી ભરેલી ગમત કરતા. એક દિવસ, રાત્રી હમેશ પ્રમાણે ગાળ્યા પછી, સવારમાં તેઓ ભટકતા હતા, તે વખત તેઓએ ઘણા લોકોનું એક ટોળું જોયું, તે લોકો ઝેનોક્રેટીસ નામના પ્રખ્યાત તત્ત્વજ્ઞાનીનું ભાષણ સાંભળતા હતા. પેલા જુવાન માણુસોમાંના ઘણા ખરા, જેમનામાં શરમનો કાંઇ અંશ રહ્યો હતો તેમને, આ તમાશો જોઇ એટલું બધું લાગ્યું કે તેઓ ત્યાંથી જતા રહ્યા; પણ પોલેમો બીજાના કરતાં. વધારે માથાનો ફાટેલો અને વહી ગયેલો હતો, તેથી શ્રોતાજનોની વચમાં ઘુસ્યો. તેનું સ્વરૂપ એવું જોવાલાયક હતું કે તે તરફ સર્વની નજર ખેંચાયા વિના રેહે નહિ; કેમ કે તેને માથે ફૂલનો મુકુટ ઘાલેલો હતો, તેનો જબ્બો આમ તેમ તેના શરીર ઉપરથી લબડતો હતો, અને તેનું આખું શરીર તો અત્તરથી મસમસ થઇ રહ્યું હતું; વિશેષે કરીને તેની રીતભાત અને દેખાવથી તે મંડળીને માટે તે લાયક ન હતો. આ વચમાં અંતરાય આવવાથી શ્રોતાજનોમાંના ઘણા જણ એટલા નાખુશ થયા કે તેઓ તે જુવાનિયા ઉપર ઘણી સખ્તાઈ દેખાડવાને તૈયાર થઇ ગયા; પણ પેલા માનવંતા તત્ત્વજ્ઞાનિયે એ ઘુસણિયાને હેરાન નહિ કરવાને તેમને સમજાવ્યા, અને શાન્તપણાથી પોતાનું ભાષણ ચલાવવા માંડયું. એ ભાષણ વ્યસન નહિ કરવાથી ફાયદા અને મ્હોટાઇ મળેછે તેઉપર હતું. તે જેમ જેમ ભાષણ આગળ ચલાવતો ગયો તેમ તેમ આ

બાબતવિષે તે એવી તો અસરકારક રીતે છટાથી વિવેચન કરતો ગયો કે તે જુવાનિયો જાણે પોતાની ઇચ્છા ઉપરાંત ખેંચાઇ વધારે શાન્ત અને લક્ષ આપતો થયો. જાણે પોતાની ધિક્કારવા લાયક વર્ત્તણૂકનો તેને ઉંડો પસ્તાવો થતો હોય એવી રીતે તેણે ચુપકીથી દિલગીરીમાં નીચું જોયું ત્યમ ત્યમ તત્ત્વજ્ઞાની વધારે વધારે જુસ્સાથી બોલવા લાગ્યો, અને તે સાંભળનારાઓ ઉપર બેહદ અસર કરતો હોય એમ જણાયું. તેણે લાવણ્ય અને ભલાઈથી ભરેલા મરદાની કઠણ કાઠાના ઘડાયલા અને શુભ પ્રવૃત્તિમાં મચવા ઉછરેલા માણસનો ચિત્તાર કહી બતાવ્યો. તેણે તેને સઘળા મનોવિકારને જીતતો અને મનુષ્યપ્રાણીના મનમાં વસનારી બીક અને નબળાઇને પગતળે કચરી નાંખતો વર્ણવ્યો. એના દેશઉપર હુમલો થયો તો તેનો બચાવ કરવાને દોડતો અને પોતાનું સઘળું લોહી વેહેવરાવવાને તૈયાર થઇ જતો તેને તમે શાન્ત અને સ્વસ્થ ચિત્તે શત્રુને થરથરાટ વછૂટાવતા ભવ્ય વેશે જોશો. તે ભયને મોખરે ઉભો હોયછે, અને પોતાના દેશની શોભા તથા કિલ્લા માફક તે જણાયછે. ઘટ્ટમાં ઘટ્ટ વ્યૂહ તે અપ્રતિહત શક્તિથી ભેદી નાંખેછે અને આશ્ચર્ય ધન્યવાદ ઉચ્ચારતા અનુયાયિયોને વિજયનો માર્ગ દર્શાવેછે તેમ કરતાં તે જો લડાઇમાં પડેછે તો તે અહા કેવો મહાભાગ્યશાળી કે આબરૂભેર પોતાનું કર્તવ્ય કર્મ કરવામાં તેનું મૃત્યુ થાયછે અને સર્વ વીર પુરૂષો ને સજ્જનો તેની પાછળ રડેછે, અને કીર્ત્તિના સનાતન લેખમાં નોંધાઇ તે અમર થાયછે ઝેનોક્રેટીસ આવી રીતે ભાષણ કરતો હતો, તેવામાં પોલેમોમાં પાક ઝનુન ઉભરાઈ આવતું હોય એમ જણાયું; તેની આંખોમાંથી અગ્નિ ઝરવા માંડ્યો અને તેના આખા શરીરનો દેખાવ બદલાઈ ગયો. પછી તરતજ તે તત્ત્વજ્ઞાનિયે પોતાના ભાષણની અસર થઈ હતી તે જોઇને એક નિર્માલ્ય જુવાન માણસની જીંદગાની અને રીતભાતનો તેટલોજ છટાભરેલો ચિતાર આપ્યો, તેણે કહ્યું કે, "કમનસીબ જુવાનિયા તારી નીચ સ્થિતિનો બરોબર ચિતાર આપવાને હું કયા શબ્દો શોધી કાહાડું? તું તારા માબાપની હીણપતનો હેતુ છે, તારા દેશની કીર્ત્તિને કલંક છે અને પ્રત્યેક સત્પુરૂષના મનમાં ધિક્કાર અને અરેરાટનું પાત્ર છે. જે જોરથી

તું તારા શેહેરના મણિ જેવો થઈ પડત, અને તેના દુશ્મનોને ભય પમાડત, તે જોર તેં નીચપણે મોજ શોખ અને વ્યસનમાં ગુમાવ્યું છે; તારી જુવાની અને ખુબસુરતી તોફાનમાં, એળે ગાળી દીધીછે, અને વ્યાધિથી તે કવખતે નાશ પામી છે. તેજસ્વિ આંખ અને નમ્રતાની સાથે દઢતાવાળી હીંડછાને બદલે તારા ચેહેરા ઉપર નબળાઈની ફિકાશ આવી રહેલી છે, ફૂલી ગયેલી સ્થૂળતાથી તારા અવયવો નબળા પડી ગયાછે, અને છેક અધમ સ્થિતિના મનુષ્યપ્રાણી જેવી તારી આકૃત્તિ જણાયછે. પણ, સાંભળો! રણતૂર વાગેછે; શેહેરની આસપાસ નિર્દય દુશ્મનોનું એક જંગલી ટોળું વિંટાઇ વળ્યુંછે, સારા શેહેરને બાળી ભસ્મ કરી ખેદાન મેદાન કરવાને તૈયાર થઇ રહ્યું છે!! સદ્‌ગુણી જુવાનિયા, જેઓ ઉચ્ચ પરમાર્થની પ્રવૃત્તિમાં મન દેવા કેળવાયલા છે તેઓ પરસ્પર ઉદાર.સ્પર્ધાપૂર્વક શેહેરના સંરક્ષણાર્થે ધસેછે તેઓ કેવા પ્રીતિ ઉપજે એવા દેખાય છે, ચકચકિત હથિયારો બાંધીને તેઓની વચમાં કોઇથી પેશી શકાય નહિ, એવા ઘટ્ટ વ્યૂહમાં તેઓ કેવા ધીમે ધીમે આગળ ચાલેછે? અહો ઉંચા મનના બાંધવો, આગળ વધો અને નિર્ભયપણે ફતેહનાં ઇનામ અથવા આબરૂ ભરેલા મોતનો આરામ મેળવો. આગળ વધો ઉંચા મનના બંધુઓ પણ તમારી સાથે જે નીચા માણસનું મેં વર્ણન કર્યું તેને રાખશો નહિ. એનો નબળો હાથ ભારે ઢાલ ઉપાડવાને ના કેહેછે; અણીવાળો ભાલો એના નબળા પંઝા માંથી ખશી પડેછે; લડાઈના ઘોંઘાટ અને ધમસાણથી તે ધ્રુજેછે, અને જેની પાછળ શિકારી પડ્યાછે એવા હરણની માફક નાશી જઈ અંધાર તથા ઝાડીમાં જઇ ભરાઇ રેહેછે. મધ્યરાતની તોફાની ગમતમાંથી ઉઠેલો તેને જુઓ તો તે દારૂ અને અત્તરથી લચપચ થયેલો હોયછે, અને તેની (અનીતિની) લડાઇની ફતેહનાં નિશાનમાં ફક્ત માથે ફૂલના હાર પેહેરલા હોય છે. તે શેહેરમાં થઇને લડથડિયાં ખાતો ઉતાવળો ઉતાવળો ચાલેછે; તેની બોલછા અને હીંડછા, તેનો બધો ડોળ, તે વ્યસનનો નીચામાં નીચો ગુલામ છે એમ કહી આપેછે, અને તેના નામ ઉપર નિંદાની ભુંસાઇ જાય નહિ એવી છાપ પાડેછે.

ઝેનોક્રેટીસ આવી રીતે ભાષણ કરતો હતો, તે વખતે પો-

લેમો બરોબર એક ચિત્તથી સાંભળતો હતો. તરતજ તેના હોઠ ધ્રુજવા લાગ્યા, અને તેના ગાલ ફીક્કા પડી ગયા; તેણે હળવે રહીને પોતાના હાથ પોતાના માથાતરફ ઉંચા કર્યા; અને ફૂલના હાર પીંખી નાંખ્યા, અને પોતાનો જભ્ભો જે પેહેલાં છૂટો લટકતો હતો, અને જાણી જોઇને નિર્માલ્ય વરણાગિયા રાખેછે તેવી રીતે ફરફડતો હતો તે પોતાના શરીરે લપેટ્યો. પણ જ્યારે ઝેનોક્રેટીસે પોતાનું ભાષણ પૂરૂં કર્યું, ત્યારે **પોલેમો** પોતાનું દોષિતપણું મનમાં સમજીને ઘણી નમ્રતાથી તેની પાસે ગયો, અને કહ્યું કે "આજસુધી વિષય અને બેવકુફીમાં ડુબેલું એવું આ મન તે ઉપર સદ્‌ગુણી થવાની પ્રીતિ ઉત્પન્ન કરીને અસર કરી અક્કલ અને તત્વજ્ઞાનથી કદિ ફતેહ નહિ મેળવેલી તેવી ફતેહ આજ તમે મેળવી છે." તેણે એવું કહીને તેનો શિષ્ય થવાને અરજ કરી. ઝેનોક્રેટીસે એ જુવાનિયાને બાથમાં લીધો, ને તેની આવી સ્તુતિપાત્ર ઈચ્છાને ઉત્તેજન આપ્યું, અને પોતાના શિષ્યોમાં તેને દાખલ કર્યો. અને તેણે તેના ઉપર આ મેહેરબાની કરી તેને વાસ્તે કદિ પસ્તાવાનું કારણ બન્યું નહિ. કેમ કે તેજ વખતથી **પોલેમો**એ પોતાના આગલા મિત્રોને તેમજ સઘળા દુર્ગુણોને તજી દીધા, અને પોતાની સુધરવાની બેહદ આતુરતાને લીધે, બહુ જલદીથી સદ્‌ગુણ અને ડાહાપણને માટે જેવો તે પ્રથમ એથી દરેક ઉલટા ગુણને માટે પ્રસિદ્ધ હતો તેવો પ્રખ્યાત થયો.

મિ૦ બારલોએ, વળી કહ્યું કે, "આ પ્રમાણે તમે જુઓછો કે ઘણી પ્રતિકૂળ હકિકત હોય તોપણ જુવાનિયા માણસોવિષે નિરાશ થવાનું કેટલું ઓછું કારણ છે. કેમકે જે મનની ચંચળાઈ, જે મીજાજની ઉદ્ધતાઈ ખોટે રસ્તે લગાડ્યાથી ફક્ત જંગલી અને અનિવાર્ય રીતભાત થઈ જાયછે, તેજ ચંચળાઇ અને ઉદ્ધતાઇથી ઘણોજ દૃઢ સદ્‌ગુણ ઉત્પન્ન થાયછે, અને તે તે માણસ અને તેના દેશને કલ્યાણકારક થઈ પડેછે."

મિ૦ મર્ટને કહ્યું કે, "આ વાર્ત્તા માટે હું તમારો ઉપકાર માનુંછું; અને મારા છોકરાના તમે ખચિત ઝેનોક્રેટીસ થઇ પડશો, ત્યમ કેટલેક દરજ્જે (તમને) તેને **પોલેમો** ગણવાને કારણ મળે એમ હું ઇચ્છુંછું, પણ આવી બારીક સ્થિતિમાં તેને

સુધારવા શું કરવું તમે ઉત્તમ સમજોછો તે મને કોહો."

મિ૰ બારલો બોલ્યા કે, "હું ધારૂંછું કે એનો નિર્ણય તો એના પોતાના મનની પ્રવૃત્તિ ઉપરથીજ બની આવવાનો; એને હાલ કાંઈ એ બાબત વધારે કેહેવું નહિ. એના મનની ગુપ્ત પ્રવૃત્તિ ઉપર આપણે બંનેજણે ધ્યાન આપવું અને તે મુજબ એની તરફ આપણી વર્ત્તણૂક ચલાવવી."

આ વાતચિત પૂરી થયા પછી, બીજી કોટડીમાં જે મંડળી ભરાયલી હતી તેમાં મિ૰ મર્ટન મિ૰ બારલોને તેડી ગયો. મિસિસ. મર્ટને તેનો ઘણાજ વિનયથી આદરસત્કાર કર્યો, અને બાકીની સઘળી મંડળિયે પણ તેને ઘણુંજ માન આપ્યું. પણ થોડી વખત ઉપર આ ભભકાભરી મંડળી, જેના પ્રતિ તાજુબી પૂર્વક ફિદા ફિદા થઇ ગઇ હતી અને ડાહાપણની અલૌકિક મૂર્ત્તિ તરીકે જેને પૂજતી હતી તે ટોળીનો ફડફડાટ સૌ જતો રહ્યો હોય એમ જણાયું. તે આભાર અને પ્રેમની ઉર્મિથી, મિ૰ બારલોને મળવા આગળ ગયો તો ખરો, અને તેણે જે જે પૂછયું તેના જવાબ ઘણાજ માનસાથે દીધા ખરા; પણ તેની નજર એની મેળે નીચી જમીન તરફ વળી જતી હતી, અને તેના ચેહેરા ઉપર છાની દિલગીરી અને ઉદાસી જણાતી હતી.

જમી રહ્યાપછી ઘણા ખરા જુવાન ગૃહસ્થો પોતપોતાને ઘેર ગયા. ટૉમીના મનમાં તેના નિપુણ અને વિવેકી દોસ્તદારો પ્રતિ થોડી વખત ઉપર પ્રીતિની જે ઉર્મિ ઊભરાતી હતી તે ઘણી ખરી શમી ગઈ હોય એમ જણાયું. અને તેમનાં ભાવનાં વચન અને વારંવાર આમંત્રણના જવાબ તેણે જણાઈ આવે એવા શિથિલ ચિત્તે આપ્યા હતા.

હવે રજા લેવાનો વિધિ પૂરો થયો, અને ઘણા ખરા મળવા આવેલા લોકો ગયા એટલે એકાએક જે ઘરમાં ઘોંઘાટ થાઠમાઠ આનંદઉત્સવ થોડા વખત ઉપર થઈ રહ્યો હતો, ત્યાં સૌ સૂનુ પડી ગયુ. મિ૰ મર્ટન અને મિ૰ બારલો ટૉમી અને મિસ૰ સીમન્સ સાથે એકલાં રહ્યાં.

પછી તરતજ ટૉમી, લાગ જોઇ મિ૰ બારલો બાહાર ફરવા જતો હતો તેની પાછળ ગયો, અને જ્યારે તેને માલમ પડચું કે બેજણ એકલા છિયે ત્યારે તેણે જાણે કાંઇ ભારે વાત કેહેવા ચાહાતો હોય

એવી રીતે તેના સામું જોયું, પણ તે બોલી શક્યો નહિ. તેથી ઘણુજ હેતથી મિ૦ બારલો તેની તરફ ફર્યા, અને પ્રીતિથી તેનો હાથ ઝાલીને પૂછ્યું કે, "તમારે શું કેહેવું છે?"

ટૉમી રડવા જેવો થઇ બોલ્યો, "ખરેખર સાહેબ, હું તમને કહી શકતો નથી, પણ હું ઘણો અવગુણિયો અને અનાડી છોકરો નીવડ્યો છું, અને મને અંદેશો આવેછે કે તમે મને આગળ ચાહાતા હતા તેટલો હવે મને ચાહાશો નહિ."

મિ૦ બારલો બોલ્યા કે, "મારા ન્હાના મિત્ર, તમારા દોષ તમારા સમજવામાં આવ્યા હોય તો, તે સુધારવા તરફ એક મ્હોટું પગલું ભર્યા સરખું છે. માટે જે સાંભર્યાથી તમને આટલું બધું દુઃખ થાયછે તે શું છે તે મને જણાવાદો; અને તમને નિરાંત થાય એવું કરવાને મારાથી બની શકે એવું હશે તો મારી ખાતરી છે કે એવું કાંઇ નથી કે જે તમારે વાસ્તે કરવાને હું ના પાડવાનું કરીશ."

ટૉમી બોલ્યો," અરે, સાહેબ! તમે આટલી બધી મેહેરબાનીથી બોલોછો તેથી તો તમે ગુસ્સો કરો તેના કરતાં મને ઘણુંજ લાગેછે, કારણ કે હું જાણુંછું કે હું તે મેહેરબાનીને લાયક નથી."

મિ૦ બારલો—પણ જો તમે તમારો વાંક સમજતા હો તો હવે પછી તમે એવી સારી રીતે વર્ત્તવાનો ઠરાવ કરો કે જેથી હરેક જણની દોસ્તી અને પ્યાર તમે મેળવી શકો. એવા પરિપૂર્ણ થોડાકજ હોયછે કે જે કોઇ કોઇ વખત પણ ભૂલ ન કરે; અને જો તમને તમારી ભૂલોની ખાતરી થઇ હશે તો બીજી વખત તે ન થવા દેવામાં તમે વધારે કાળજી રાખશો.

ટૉમી.—ખરેખર સાહેબ, તમારૂં આવું કેહેવું સાંભળીને હું ઘણો ખુશી થાઉંછું. ત્યારે સાહેબ હું તમને જણાવુંછું કે હું આટલો લાંબો વખત તમારીપાસે રહ્યો, અને દરેક બાબતમાં મને સુધારવાને, અને દરેક માણસ તરફ સારીરીતે ચાલવાનું શીખવવાને તમે એટલી બધી મેહેનત લીધી તોપણ તમારી નજર આગળથી ખસ્યો એટલે તરતજ (બગડી જઇ) આગળ હતો તે કરતાંયે વધારે નઠારો છોકરો હું થયોછું એમ મારા મનમાં આવેછે.

મિ૦ બારલો.—પણ તમે તમારા પોતાનાવિષે, એવો ખોટો તર્ક કેમ કરોછો કે જેથી તમે પોતે ધારોછો કે તમે આગળના કરતાં નઠારા થયા છો? તમે કદાપિ થોડા અવિચારી થયા હશો ને તમારૂં માથું જરા ભમી ગયું હશે; અને એ ખામી તમારામાં કદિપણ તદન નહતી એમ મારાથી ખરી રીતે કહી શકાય નહિ.

ટૉમી.—ના, સાહેબ; મારો વાંક તો એ કરતાંએ ઘણો નઠારો છે. હું હમેશાં ઘણો ભમેલ અને અવિચારી છું, પણ હું કદિ એવું ન ધારતો કે હું કદિ આખી દુનિયામાં મ્હોટામાં મ્હોટો અપકારી અને ઉદ્ધત છોકરો નીવડીશ.

મિ૦ બારલો.—મારા ન્હાના મિત્ર, તમે મને ભય ઉપજાવોછો. તમારાવિષે એવું ખોટું કેહેવું ઘટે એવાં તમે કામ કર્યાં હશે એમ કેમ બને?

ટૉમી.—સાહેબ, તમે પોતાની મેળેજ નિર્ણય કરજો, કેમકે હવે મેં તમને કેહેવા માંડયું તો પૂરેપૂરૂ કેહેવાનો મેં નિશ્ચય કર્યોછે. સાહેબ તમે તો જાણોછો કે જ્યારે હું પેહેલ વેહેલો તમારી પાસે આવ્યો ત્યારે હું ઉંચા કુળનો છું એવું મારા મનમાં ભારે અભિમાન હતું, અને ઉતરતી સ્થિતિના દરેક જણ માટે મને ભારે ધિક્કાર હતો.

મિ૦ બારલો.—મારે કબુલ કરવું જોઇયે કે હમેશાં આ બંને બેવકુફી તરફ તમારૂં કાંઈક વલણ હતું.

ટૉમી.—હા, સાહેબ, પણ તમે તે બાબતવિષે એટલું વારંવાર મારા ઉપર હસતા કે, તેથી હું જરાક ડાહ્યો થયોછું. વળી કે જેને હું ધિક્કારતો તે જેથી હું અજાણ હતો તેવાં વિવિધ કૃત્યો કરી શકેછે, અને જેઓ અમે કુલિન છિયે એવું મિથ્યા અભિમાન રાખેછે તેઓ કાંઈ ઉપયોગી કામ કરી શકતા નથી એવું એટલી બધીવાર મારા જોવામાં આવ્યું કે તેથી મારી મૂર્ખાઈ ઉપર મને પોતાને શરમ લાગવા માંડી હતી. પણ હું ઘેર આવ્યો, ત્યારથી ઘણા એક ભભકાને ભજનાર જુવાન ગૃહસ્થ અને સુંદરિયોના સમાગમમાં આવ્યો જેઓ દુનિયામાં બીજાં બધાં માણસથી પોતાને શ્રેષ્ઠ સમજતાં, અને તેમનાથી ભિન્ન એવા દરેકને ધિક્કારતાં, તેમને લીધે જે જે હું પેહેલાં શીખ્યો હતો તે સઘળું હું ભૂલી ગયો.

મિ૰ બારલો.– ત્યારે કદાપિ એ સારા જુવાન ગૃહસ્થ અને સુંદરિયો વધારે ડાહ્યાં હશે, અને તેમણે તમને વધારે સારૂં શીખવ્યું હશે; અને તેમ હોય તો તમારામાં તેટલો સારો ફેરફાર થયો માની તમારે રાજી થવાનું મ્હોટું કારણ છે.

ટૉમી.– ના, સાહેબ, ના; મેં તેમને કદિ ડાહ્યાં કે સારાં છે એમ માન્યું નથી; કેમકે જે વસ્તુઓ ઘણી ઉપયોગની છે એવું ગણવાને તમે મને શીખવ્યું છે, તે બાબતોવિષે તેમને ઘણું થોડું જ્ઞાન છે. પણ તેઓએ મને સમજાવ્યો કે, સારામાં સારાં લૂગડાં પેહેરી સારો દેખાવ કરવાની જરૂર છે, અને તે બાબત ઉપર મને એટલી બધી વાર કહ્યું કે, તેથી તેમનું કેહેવું ખરૂં હશે એમ માન્યા વગર મારાથી રેહેવાયું નહિ.

મિ૰ બારલો.–એ સાંભળી હું ઘણો ખુશી થાઉંછું; કેમ કે દરેક જણને વિવેકી થવાની જરૂરછે. હું ધારૂંછું કે, તેટલામાટે તેઓએ, તમે પેહેલાં હતા તે કરતાં તમારી રીતભાતમાં વધારે વિવેકી અને બીજાને ઉપયોગી થવાનું તમને શીખવ્યું હશે. તમને કાંઇ પણ હાનિ કરવાને બદલે વધારેમાં વધારે લાભ આપી શકે એવું એ શિક્ષણ થઈ પડશે.

ટૉમી.– ના, સાહેબ, તેથી તદન ઉલટું થયુંછે. ઉપયોગી અને વિવેકી થવાનું શીખવવાને બદલે, હું પેહેલાં હતો તે કરતાંએ વધારે ખરાબ ચાલનો અને જંગલી તેઓનેલીધે હું બન્યોછું.

મિ૰ બારલો.–એ પ્રમાણે હોય તો એ સારા ગૃહસ્થ અને સુંદરિયોએ જેની પોતાનેજ ખબર નહિ તે શીખવવાનું પગલું ભર્યું હોય એમ મારા મનમાં અંદેશો આવેછે.

ટૉમી.– ખરેખર, સાહેબ, મારો પણ તેજ અભિપ્રાય છે. પણ મેં તે વખત એવો વિચાર કર્યો નહિ, તેથી તેઓએ જે કર્યું તે મેં કર્યું, અને તેમને જેવી વાતો કરતાં મેં સાંભળ્યાં તેવીજ મેં પણ કરવા માંડી હતી. તેઓ આખો વખત હરી સેન્ડફર્ડને હસહસ કરતાં હતાં: અને મારી અક્કલ એવી ગૂમ થઈ ગઇ કે તે ઘડિથી મુદ્દલે એની સોબતમાં રેહેવાનું મેં મનથી નાપસંદ કર્યું.

મિ० બારલો.—તે દિલગીર થવાજેવું છે, કેમ કે મારી ખાતરી છે કે તે તમને ખરાદિલથી ચાહાયછે. પરંતુ, એ કાંઇ બહુ ભારે વાત નથી, કેમ કે એને એના ઘર આગળ જોઇયે તેટલું કામ છે; અને હું નથી ધારતો કે તમારી સાથે વાતચિત કરવાથી તેની જમીનનો શી રીતે વહિવટ કરવો અને ખોરાક કેવી રીતે ઉત્પન્ન કરવો તે તેના શીખવામાં આવે. માટે તમને તમારા ગૃહસ્થોની મંડળીમાં માહાલવા દઇ તે પોતે ખેડુતોનો સમાગમ રાખે એ વધારે સારૂં છે; ખરેખર હું જાણુંછું, આજ તેને હમેશાં પસંદ છે; તમારી સાથે તમારે ઘેર આવવાને તમારા બાપનો આગ્રહ ન હોત તો તમારે ત્યાં નહિ આવવાને તે વધારે પસંદ કરત. પરંતુ, હું તેને ખબર આપીશ કે તમને બીજા દોસ્તદારો મળ્યાછે, ને તેને સમજાવીશ કે હવેથી તમારાથી તે દૂર રેહે.

ટૉમી.—અરે, સાહેબ! હું એમ ધારતો ન હતો કે તમે એવા નિર્દય થશો. દુનિયાંમાં બીજા બધા છોકરા કરતાં હું હરી સેણ્ડફર્ડ ને વધારે ચાહુંછું, અને મારી બધી ખરાબ વર્ત્તણૂકને-માટે તે મને માફ કરશે ત્યાં સુધી મને કદિ સુખ થવાનું નથી.

મિ० બારલો.—પણ ત્યારે તો કદાચ, તે બધા સારા જુવાન ગૃહસ્થો અને સુંદરિયોનું ઓળખાણ તમારે તૂટી પડશે?

ટૉમી.—તેની હું ઘણી થોડીજ દરકાર રાખુંછું, સાહેબ, પણ મને એવી દેહેશત છે કે હું એની સાથે એવી ખરાબ રીતે વર્ત્યોછું, તેથી તે, પેહેલાંની માફક મને કદિ ચાહાશે નહિ.

પછી ટૉમિયે આગળ વાત કેહેવા માંડી, અને પોતાના અપકાર અને તોછડાપણાની તમામ હકીકત બરોબર કહી, જેથી તેના ઉપર એટલી બધી અસર થઇ કે તેની આંખોમાંથી એકદમ આંસુ વેહેવા લાગ્યાં અને કેટલીકવાર સુધી તે ખૂબ રોયો. પછી તેણે મિ० બારલોને પૂછ્યું કે, "હરી મને કદિએ માફ કરશે એવું તમારા મનમાં આવેછે?"

મિ० બારલો.—ટૉમી, ખરેખર તમે એ બાબતમાં ઘણી ખોટી રીતે ચાલ્યાછો, એમ મારા મનમાં આવેછે તે હું તમારાથી છાનું રાખી શકતો નથી. પરંતુ, જો તમે તમારી પાછલી વર્ત્તણૂકને માટે ખરેખરા શરમાતા હશો તો, હરી જેવો ઉદાર

અને સારા સ્વભાવનો છોકરો તમને સઘળું માફ કરશે. એ વાતે મને શક નથી.

ટૉમી.– અરે, સાહેબ! ત્યારે તો દુનિયાંમાં મારા જેવો સુખી કોઇ નહિ. તમે તેને આજ મેહેરબાની કરી અહિયાં તેડી લાવશો, અને હું કેમ વર્ત્તુંછું તે તમે જોશો!

મિ० બારલો.– ટૉમી, જરા ધીમે બોલો ધીમે, હરી અહિયાં શું કરવા આવે? વગર કારણે તમે તેને ગાળો ભાંડી અને તેનું અપમાન કર્યું નથી કે? અને તે ફક્ત તમને સારી સલાહ આપતો હતો ને તમને ભયથી બચાવવાનું પ્રયત્ન કરતો હતો તેટલામાટે છેવટે તમે તેને મારમારવાનીએ વાતે બાકી રાખીછે? તમારી કલ્પનામાં એ શું આવેછે કે કોઇ પણ માણસ આવી બરદાસ્તના બદલામાં અને વલી તમે તમારા ગેરવ્યાજબીપણાને વાસ્તે અને મીજાજને માટે શરમાઓછો, અને હવે પછી તેની સારી બરદાસ્ત કરશો એવી તમે તેને ખાતરી કરી આપી નથી ત્યાં સુધી તમારીપાસે આવે?

ટૉમી.– ત્યારે સાહેબ, મારે શું કરવું જોઇયે?

મિ० બારલો.– જો તમે હરી સેન્ડફર્ડની સાથે મેળ કરવાની ઇચ્છા રાખતા હો તો, તમારે તેનીપાસે જઇને એમ કેહેવું જોઇયે—

ટૉમી.– શું, સાહેબ! તે ખેડુતને ઘેર જઇને તેના સઘળા કુટુંબ આગળ મારી ફજેતી કરવી?

મિ० બારલો.– હમણાં તો તમે મને કહ્યું કે હું દરેક વસ્તુ કરવાને તૈયારછું, તેમ છતાં પણ તમે તમારા મિત્રને ઘેર જઈ મુલાકાત કરવાની તસ્દી લેવાનું અશક્યપણું બતાવોછો. ત્યારે તમે એમ ધારોછો કે કોઇ માણસની ફજેતી ખોટું કામ કરવાથી નહિ પણ પોતાની કસુર કબુલ કરવાથી અને તે મટાડવાથી થાયછે?

ટૉમી.– પણ જો મારા જેવો જુવાન ગૃહસ્થ ખેડુતને ઘેર જઇને તેના છોકરાની માફ માગે તો, બધા લોકો શું કેહેશે?

મિ० બારલો.– સો વશા તેઓ એમ કેહેશે કે, આપણે ધારતા હતા તે કરતાં આ વધારે સમજુ છે અને બીજાનો ગુણ માનેછે પરંતુ, તમારામાં હજીએ જે હુંપદ રહેલું જણાયછે તે

જોતાં બેશક હરીની સોબત તમને ઠીક નહિ પડે, માટે તમે તમારાં નવાં ઓળખાણ કર્યાં છે તેમની સાથે પરિચય રાખવાનું કરશો તો વધારે સારૂં.

પછી મિ૦ બારલોએ જવા માંડયું, પણ ટૉમી ફરીને રડી પડ્યો, અને જશો નહિ એવી અરજ કરી; તે ઉપરથી મિ૦ બારલોએ કહ્યું કે, હું તમને વચમાંથી છોડીને જતો નથી, ટૉમી, પણ આપણે જે વાત કરતા હતા તે હવે થઇ ચૂકી (એટલે હું જાઉંછું) તમે મારી સલાહ માગી ને તે મેં તમને ખુલ્લી રીતે આપી. તમે જો કોઇપણ સારા અથવા સમજુ મિત્રનું હેત રેહે એવું ઇચ્છતા હો તો તમારે શી રીતે ચાલવું તે મેં તમને કહ્યું. પણ મેં જે સૂચના કરી, તે તમને પસંદ પડતી નથી, તો તમારે તમારા પોતાના અભિપ્રાય પ્રમાણે ચાલવું."

ડુસકાં ખાતાં ખાતાં ટૉમિયે કહ્યું, "સાહેબ, હું કરગરીને કહુંછું કે, તમે જશો નહિ. હરીસેન્ડફર્ડ તરફ હું ઘણીજ જંગલીરીતે વર્ત્યોછું, અને તેથી મારા બાપ મારા ઉપર ઘણા ગુસ્સે થયા છે, અને જો તમે મને તજી જશો તો દુનિયાંમાં મારે કોઇ મિત્ર પછી રેહેશે નહિ."

મિ૦ બારલો.—એમાં તમારો પોતાનોજ વાંક કેહેવાશે, અને તેથી તમારા ઉપર દયા લાવવી યોગ્ય નહિ ગણાય. તમારા વાંક તમે પ્રમાણિકપણે કબુલ કરીને, તમારા સઘળા દોસ્તદાર તમને વળગ્યા રેહે એ શું તમારા પોતાનાજ હાથમાં નથી? તમારા બાપ ખુશી થશે, હરીસેન્ડફર્ડ તમને ખરા અંતઃકરણથી માફ કરશે, અને મારો અભિપ્રાય તમારી સારી ચાલનેમાટે ઘણા દિવસથી સારો છે, તે તેનો તે રેહેશે.

ટૉમી.—મેં મારાવિષે જે બધું તમને કહ્યું તે પછી તમારો મારા વિષે સારો અભિપ્રાય રેહે એ વાત ખરેખરી શું બની શકે એવી છે સાહેબ?

મિ૦ બારલો.—મારો વિચાર મૂળથીજ એવો હતો કે તમે મિથ્યાભિમાની અને બેદરકાર છો; પણ તેની સાથે મારૂં એમ પણ ધારવું હતું કે તમે પ્રકૃતિએ સમજુ અને ઉમદા દિલના છો એ બેમાંના પેહેલા ગુણથી મને એવી આશા રેહેતી કે એથી તમે તમારો વાંક જોઇ શકશો અને બીજાથી એમ ધારશો કે તે વાંક સુધારવાનું તમારા મનમાં આવશે.

ટૉમી.—મેહેરબાન સાહેબ, હું ઘણોજ તમારો ઉપકૃત થયોછું; પણ તમે હમેશાં મારાઉપર અતિશય મિત્રભાવ અને મેહેરબાની રાખતા આવ્યા છો.

મિ૦ બારલો.—અને, તેટલામાટે તમારા બાપ કે જેમને, તમારે હરીસાથે કજીયો થવાથી ઘણું દુઃખ લાગ્યું છે, તેમને મેં ગઇ કાલે કહ્યું કે એકાએક જોસ્સામાં ટૉમિયે ભાન ભૂલી આવું અવળું કર્યું હશે; તોપણ શાન્તપણે એ બાબત વિચાર કરશે ત્યારે ટૉમીને પોતાનો વાંક માલમ પડશે, અને તે કબૂલ કરશે; અને હું કબૂલ થાઉછું કે ટૉમી આવીરીતે વર્ત્તશે નહિ તો હું તેના લાભમાં કાંઇ પણ કેહેવા આવીશ નહિ.

ટૉમી૦—અરે સાહેબ! હું તરતજ જઇને, હરીને કાલાવાલા કરીને માફ કરવાનું કહીશ. મારી ખાતરી થાયછે કે તમે મને કોહોછો તે સઘળું ખરૂં છે. પણ સાહેબ,'તમે મારીસાથે ના આવો? એટલી તો સાહેબ મારા ઉપર મેહેરબાની કરો ?

મિ૦ બારલો.—આસ્તે માસ્ટર-ટૉમી, આસ્તે, તમે હમેશાં દરેક વસ્તુ એકદમ કરવામાટે ઉતાવળા થાઓછો. તમે આ ઠરાવ કર્યો તેમાટે હું ઘણો ખુશી થયોછું કેમ કે તેથી તમારૂં કેટલુંક સારૂં કેહેવાશે, અને તમારા મનને કેટલોક સંતોષ થશે. પણ તે અમલમાં લાવતા પેહેલાં, હું ધારૂંછું કે આ બાબતવિષે તમારાં માબાપને જરૂર કેહેવું જોઇયે, દરમિયાન હું ખેડુત સેણ્ડફર્ડને ત્યાં જઇશ અને હરીનો હેવાલ લાવીને તમને કહીશ.

ટૉમી૦—બહુ સારૂં સાહેબ, એમ કરો; અને જો તમને ઠીક લાગે તો હરીને કેહેજો કે, તેને મળવાની મારી જેટલી ઇચ્છા છે તેવી બીજી કોઈ વાત વાસ્તે નથી, અને ફરીને હવે કદિ પણ હું તેના પ્રત્યે ખરાબ રીતે નહિ વર્ત્તું. સાહેબ, મેં વળી સાંભળ્યું છે કે, એક ગરીબ હબશી અમારીપાસે ભીખ માગતો આવ્યો હતો, તેણે હરીને આખલાના સપાટામાંથી બચાવ્યો હતો, એટલામાટે મને તે જો કદિ મળે તો હું જીવું ત્યાંસુધી હું તેનાઉપર મમતા બતાવું.

મિ૦ બારલોએ ટૉમીના કૃતજ્ઞતા ભરેલા વલણમાટે તેને સાબાશી આપી, અને તેનાથી છૂટા પડી હમણાં જે વાત થઈ તે મિ૦ મર્ટનને કેહેવા ગયો. તે ગૃહસ્થ એ અહવાલ સાંભળી

અંતઃકરણથી ખુશી થયો, અને પોતાનો છોકરો મળવા આવવાની હરીને ખબર આપવાસારૂ મિ૦ બારલોને તરતજ ત્યાં જવાને આજીજી કરી. અને વિશેષે કરીને બોલ્યો કે "તે ન્હાના છોકરાનું એવું સરસ ઉમદા દિલ છે કે આજસુધી બીજા કોઇ મનુષ્યમાં એ ભૂષણરૂપી ગુણ ભાગ્યેજ દીઠામાં આવ્યો હશે. મારો છોકરો પોતાનો ગુન્હો કબૂલ કરશે અને તેની આજીજીથી માફ માગશે ત્યારેજ મને ચેન પડશે; કેમ કે તેનામાં મેં જે સદ્‌ગુણ જોયાછે તેથી મને એમ લાગેછે કે, તેની સોબત રાજકુંવરો અથવા અમીરો કરતાં વધારે પસંદ કરવા લાયક છે."

તેટલામાટે મિ૦ બારલો પગે ચાલીને ગયા, અને જલદીથી મિ૦ સેણ્ડફર્ડના ખેતરમાં આવી પોહોંચ્યા. તે જગ્યા એક ડુંગરીના ઢાળઉપર આવવાથી બહુ રમણ્ય લાગતી હતી, અને એ ડુંગરીની તળેટી નીચે એક સ્વચ્છ વેહેળિયું વેગથી વેહેતું હતું. એનું ઘર તો ન્હાનું હતું, પણ સગવડતાવાલું અને હુંફાળુ હતું, અને તેમાં ઘણો સાદો સરસામાન હતો, અને તે ઘણુંજ ચોખ્ખું રાખવામાં આવતું હતું. મિ૦ બારલો નજીકમાં આવ્યા એટલે તેમણે માલકને એક ખેતરમાં હળ ફેરવતાં જોયો અને હરી, જેણે હવે ખેતીનું કામ કરવા માંડયું હતું તે, હળે જોડેલા ઘોડાને હાંકતો હતો. પણ તેણે મિ૦ બારલોને ખેતરમાં થઇને આવતા જોયા, એટલે ઘોડા ઉભા રાખ્યા અને ચાબુક પડતી મૂકી ખરેખરા આનંદના ઉભરાથી આતુરતાથી તે તેમને મળવાને દોડયો. મિ૦ બારલોને હરિયે સલામ કરી, અને તેમની ખબર પૂછી, તેપછી તરત તેણે ઘણીજ પ્રીતિથી ટૉમીની ખબર પૂછી એવું કહીને કે "સાહેબ, તમે જે રસ્તે થઈને આવ્યાછો, તે ઉપરથી હું ધારૂંછું કે, તમે મિ૦ મર્ટનને ઘેર થઈને આવ્યાછો."

મિ૦ બારલોએ જવાબ દીધો કે, "ખરેખર, હું ત્યાં થઇને આવ્યોછું; પણ આગળ જેવીરીતે તમે અને ટૉમી એક બીજાઉપર સારૂં હેત રાખતા હતા તેવું હાલ નથી એમ જાણી હું ઘણો દિલગીર થાઉંછું."

હરી.–ખરેખર, સાહેબ, તેમાટે મને પોતાને ઘણી દિલગીરી થાયછે. પણ મેં માસ્ટર મર્ટનને કાંઇ માઠું લાગે એવું કર્યું હોય, એમ મારા જાણવામાં નથી, અને તેણે મારી તરફ જેવી રીતે વ-

ર્ત્તવું જોઇયે તેવી રીતે તે વર્ત્યો નથી એમ મારા મનમાં આવેછે, તોપણ તે ખુશીમાં છે એમ જાણવાની મારી ઘણીજ ઇચ્છા છે.

મિ૰ બારલો.–તે તમે જાતે જાણ્યું હોત તો તમારા મિત્ર મિ૰ મર્ટન, જેણે તમારાઉપર હમેશ એટલી બધી માયા બતાવીછે, તેની પણ રજા લીધા વિના તેનું ઘર એકદમ તમે છોડીને ન ગયા હોત.

હરી.–ખરેખર, સાહેબ, મેં ખોટું કામ કર્યુંછે એમ આપના મનમાં આવ્યું તો મારૂં મન બહુ ચણચણ્યાં કરશે; પણ હું બીજી શી રીતે વર્ત્તી શકત, તે આપ મેહેરબાની કરીને મને કોહો. માસ્ટર મર્ટનઉપર દોષ મૂકવાનું કરતો જણાઉં, તે મને ઠીક નથી લાગતું, તેમ તેણે જે કાંઈ કર્યું છે તેનેમાટે મારા મનમાં કાંઇ વેર નથી;–પણ આપ જ્યારે તે બાબત બોલોછો, ત્યારે મારે સાચેસાચી વાત કેહેવાની જરૂર પડશે.

મિ૰ બારલો.–વારૂ હરી, તે મને સંભળાવો. તમે જાણોછો કે, જો તમે ઠપકાને પાત્ર નહિ હો તો હું મારી જાતે તમારો દોષ કદિ પણ કાહાડું એવો નથી.

હરી.–અરે, પ્યારા સાહેબ, એ બાબત હું કેટલીએ વખત રડ્યો છું, કેમ કે હું ધારૂંછું કે મિ૰ મર્ટનના મનમાં હું ઘણો જંગલી અને અપકારી જણાયો હોઇશ. પણ માસ્ટર ટૉમીની બાબતમાં પૂછો તો જ્યાંસુધી એને હું કામમાં આવીશ, એમ મારા મનમાં લાગ્યું ત્યાંસુધી એને છોડીને હું ગયો ન હતો. મારે કેહેવું પડેછે કે, તે ઘણી નાલાયક રીતે મારી સાથે વર્ત્યો; તેણે બીજા રૂપાળા ન્હાના ગૃહસ્થોની સાથે મળી જઇ, મેં તેમને આખલાની સાઠમારી જોવા ન જવું એમ સમજાવવાને પ્રયત્ન કર્યું, તેટલામાટે મને ગાળો દીધી અને છેવટે મને માર્યો; મેં એને સામો માર્યો નહિ કેમ કે તેની એટલી બધી કઠોરતા છતાં, હું તેને ઘણો ચાહાતો હતો; વળી તેના પોતાના નોકરોના હાથમાં એને મેં સહી સૂલામત ગયેલો જોયો ત્યાંસુધી મેં તેને મૂક્યો નહિ. મને તેણે આમ કર્યા પછી હું શી રીતે પાછો એને ઘેર જઇ શકું? મિ૰ મર્ટન આગળ તેની રાવ ખાવાનું મને ગમ્યું નહિ; અને જૂઠાબોલો અને હલકો દેખાયા વગર, પેહેલાં હું તેની સાથે જે રીતે વર્ત્તતો એમ મારાથી શી રીતે વર્ત્તી શકાય? અને તેટલા-

માટે મેં ધાર્યું કે ઘેર જવું વધારે સારૂં છે, અને હવે આપની પાસે માગુંછું કે આપ મિ૦ મર્ટનની સાથે વાત કરી, મારી અસભ્યતાવિષે મને માફ કરવાની આજીજી કરશો.

મિ૦ બારલો.-વારૂ, હરી, હું તને કહી શકુંછું કે એ બાબતમાં મિ૦ મર્ટનનું પૂરેપૂરૂં મન માન્યુંછે. પણ મારા ન્હાના મિત્ર, તેં એક બાબતવિષે હજીસુધી કહ્યું નહિ, અને તે એ કે પેલા ક્રોધથી વીફરેલા આખલાના જુસ્સામાંથી ટૉમીનો જીવ તેં શી રીતે બચાવ્યો.

હરી૦-સાહેબ, તેવિષે કેહેવાનું કે, એજ પ્રમાણે હું કોઈબીજા માણસનેમાટે પણ કરત એવી મને આશા છે. હું એમ સમજુછું કે, અમારી મદદે જે ગરીબ હિંમતવાન હબશી આવ્યો તે જો ન આવી પોહોંચ્યો હોત તો અમે બેમાંથી એકે બચત નહિ.

મિ૦ બારલો.-હરી, હું જોઉંછું કે તું ઉદાર અને મ્હોટા મનનો છે, અને તેં જે જે કર્યું તે દરેક વાત હું ઘણીજ પસંદ કરૂંછું; પણ ટૉમી મર્ટન એક વખત ખોટી રીતે વર્ત્યો તેટલામાટે તેને હમેશને વાસ્તે તજી દેવાનો તેં ઠરાવ કર્યો છે?

હરી૦-હું એને તજું! ના રે સાહેબ, ખાતરીથી કહુંછું કે નાઃ પણ હું ગરીબ છું તોપણ, મને જે ધિક્કારે તેનું ઓળખાણ રાખવાને હું ઇચ્છા રાખતો નથી. એ એના ગૃહસ્થ અને સુંદરિયોની મંડળીમાં ભલે રેહે, હું મારી પંક્તિના સાથિયોથી સંતુષ્ટ છું પણ ખાતરીથી કહુંછું કે, સાહેબ, હું તેને તજતો નથી, પણ તેણે મને તુછકારી કાહાડ્યો છે.

મિ૦ બારલો.-પણ જો તેણે જે કર્યું છે તેનેમાટે તેને પોતાને દિલગીરી થતી હોય, અને તે તમારી માફી મેળવવાનીજ ઇચ્છા રાખતો હોય તો?

હરી.-અરે, પ્યારા, સાહેબ, હું એક પળમાં સઘળું ભૂલી જાઉં? હું જાણતોજ હતો કે માસ્ટર. ટૉમી હમેશથી થોડો ક્રોધી અને માથાનો ભમેલોછે; પણ તેસાથે તે ઉદાર અને સારા સ્વભાવનો છે. અને હું ખાતરીથી કહુંછું કે, જો બીજા જુવાન ગૃહસ્થોની તેને ઉશ્કેરણી ન હોત તો મારા તરફ એવી ખોટી ચાલ ચલાવત નહિ.

મિ૦ બારલો.-વારૂ, હરી, હું ધારૂં છું કે તમારો મિત્ર

પોતાનો વાંક છે એમ બરોબર સમજે છે, અને હવે પછી તમારે તેવિષે કાંઈ બીક રાખવી નહિ. તે તમને મળીને માફી માગવા ઉત્સુક છે.

હરી.–અરે, સાહેબ, તેણે મને સો વખત માર્યો હોય તો પણ હું તેને માફ કરૂં. પણ હાલ હું મારા ઘોડાને મૂકીને આવી શકતો નથી તોપણ, જો તમે મેહેરબાની કરીને જરા થોભો તો, મને ખાતરી છે કે, મારો બાપ હળ ફેરવવાનું બંધ કરશે એટલે મને જવાની રજા આપશે.

મિ૦ બારલો.–ના, હરી, એમ કરવાની કાંઈ જરૂર નથી, ટૉમી ખરેખર તમારી સાથે ખોટી રીતે વર્ત્યોછે, અને તે તેણે કબૂલ કરવું જોઇયે, નહિ તો ફરીને તેનો વિશ્વાસ કેમ રખાય. તે તમને પોતાની મેળે આવીને મળશે. પણ જે ગરીબ હબશી એવી બહાદુરીથી વર્ત્યો હતો તેનું શું થયું?

હરી.–અરે, હું તેને મારે ઘેર લાવ્યો, અને ત્યારથી મારા બાપે તેની સંભાળ લીધીછે, અને તેને કામે વળગાડ્યો છે.

પછી મિ૦ બારલોએ હરીપાસેથી રજા લીધી અને તે તેના બાપસાથે વાતચિત કરીને મિ૦ મર્ટને ઘેર પાછો આવ્યો.

બીજે દિવસે સવારમાં ટૉમી વેહેલો ઉઠ્યો અને સાદો જાડ-પોતો પોશાક પેહેર્યો; અને નાસ્તો થઇ રહ્યો એટલે તરત હરી સેણ્ડફર્ડને ઘેર પોતાની સાથે આવવાને મિ૦ બારલોને આજીજી કરી. મિ૦ બારલોએ ખુશીથી હા કહી. અને તેઓ તરત નીકળ્યા, અને ઉતાવળે પગે ચાલીને ગયા; કેમ કે હવે કજિયાની બાબત વધારે કાંઇ બોલવાની મિ૦ બારલોની મરજી ન હતી. તે ઘર આગળ તેઓ આવી પોહોંચ્યા ત્યાં ટૉમિયે પેહેલો પોતાના ન્હાના મિત્રને થોડેક છેટે ચરામાં થઇને પોતાના બાપનાં ઘેટાં હાંકીને જતો જોયો. આ જોઇને એનો ઉભરો કબજામાં રહ્યો નહિ. અને જેમ દોડાય તેમ દોડી હાંફતો હાંફતો શ્વાસ રૂંધાયાથી બોલી ન શકતો તે પળ માત્રમાં તેને જઇ મળ્યો. હરિયે પોતાના મિત્રને ઓળખ્યો, અને તેના ચેહેરાઉપરથી તેના મનમાં શું હતું તે સમજી ગયો ને તેને હાથ લાંબા કરી ભેટી પડ્યો, તેથી કરીને, એકજ પળમાં સલાહ થવા માંડી ને પૂરેપૂરી પણ થઈ ગઇ, અને મિ૦ બારલો જે તરતજ આવી પો-

હોંચ્યા, તેઓ પોતાના શિષ્યોને ખુલ્લા દિલથી અને ઘણા હેતથી એક બીજાનો આદરભાવ કરતા જોઈ ખુશી થયા.

મિ૦ બારલોએ કહ્યું કે, "હરી, આ રહ્યો તારો ન્હાનો મિત્ર, એ પોતાના અપરાધનો ખરા અંતઃકરણથી પસ્તાવો કરેછે અને તે પોતે કરેલી ભૂલો કબૂલ કરેછે."

ટૉમિયે જરા સાવધ થઇ તથા બોલી શકવાની સ્થિતિમાં આવીને કહ્યું કે, "તમે કોહો છો તેવોજ હુ છું પણ હું એવી ખરાબ રીતે વર્ત્તેલો છું કે, મને એવો ડર લાગેછે કે, કદિ પણ મને માફ કરવાનું હરીના મનમાં નહિ આવે."

હરિયે કહ્યું કે, "ખરેખર આ તો તમે ઘણીજ અન્યાયની વાત બોલોછો, કેમ કે તમારી આગળની હેત-પ્રીત સિવાયની તમામ વાત મેં ક્યારનિય વિસારી દીધી છે."

ટૉમિયે જવાબ દીધો કે, "તમારા પ્રત્યે મેં કેવો અપકાર કર્યોછે તે તથા તમે હાલ તમારી ભલાઈથી મારૂં કેવું સન્માન કરોછો તે હું કદિ ભૂલવાનો નથી."

પછી હરી, તેને ન્હાનું પણ સ્વચ્છ અને સગવડવાળું ઘર હતું તેમાં લેઈ ગયો ત્યાં તેને તેના કુટુંબે ખરાઅંતઃકરણથી આવકાર દીધો. આખલા આંતરતી વખતે જેણે ભૂલાય નહિ એવી નોકરી બજાવી હતી, તે પ્રમાણિક હબશી એ ઘરના ધૂમાડિયાના ખુણામાં બેઠો હતો. ટૉમી બોલ્યો, "અરે અહિંયાં વળી મારા અપકારનું એક બીજું દૃષ્ટાંત નજરે આવેછે. હવે મને સમજાય છે કે એક ગુન્હામાંથી બીજો ગુન્હો ઉત્પન્ન થાયછે, અને એમ પછી અંત આવતો નથી." પછી હબશી ભણી જઇને તેણે હેતથી તેનો હાથ ઝાલીને કહ્યું કે "તમે મારી જીંદગી બચાવી તેનેમાટે તમારો ઉપકાર માનુંછું." હબશિયે જવાબ દીધો, "મારા ન્હાના શેઠ મેં જે કર્યુંછે, તે તદન આપના પ્રત્યે કરવું યોગ્ય હતું. મનુષ્ય પ્રાણીના બચાવ અર્થે ગમે ત્યારે હું મારો જીવ જોખમમાં નાંખવા ખુશી છું. અને હું કોઇ પણ રીતે ઉપયોગી થઇ પડ્યોછું એમ હોય તો, આ તમારા ન્હાના મિત્રે તથા તેના સઘળા માનપાત્ર કુટુંબે મારા પ્રત્યે બતાવેલી મમતાથી મને પૂરી રીતે તેનો બદલો મળ્યોછે એમ હું સમજુછું."

ટૉમિયે કહ્યું, "એટલું બસ નથી મારા—(આ પ્રસંગે ટૉમી-

ના મુખમાંથી અભિમાનનો બોલ નીકળી જતો હતો પરંતુ તરતજ પાછા સ્વસ્થ થઇ તેણે કહ્યું કે) પિતા જેવા મનુષ્યઉપર ઉપકાર કરવો તે શું ચીજ છે તે તમારા સમજવામાં આવશે."

આ પછી તે હરીની મા જે એક પૂજ્ય, ડાવકી અને આધેડ ઉમ્મરની સ્ત્રી હતી તેને તથા તેની બે બેહેનો જે તેમના ભાઇ કરતાં જરા મ્હોટી, અને સાદી, શરમાળ, તથા તનદુરસ્ત દેખાવની હતી તેમની તર્ફ વળયો. એ સર્વને તેણે એટલા માનથી અને લાયકીથી બોલાવ્યાં કે, તેથી એનાપર સઘળી મંડળી ખુશી થઇ. આ ઉપરથી જેઓ પૈસાદાર, અને પ્રતિષ્ઠિત હોયછે તેઓને તેમના જાતિ ભાઇઓનાં મન મેળવી લેવાં એ કેવું સેહેલું છે! અને એજ પ્રમાણે તેઓમાંના કેટલાક તિરસ્કારયુક્ત મગરૂરીને લીધે તેમના જાતિ બાંધવોને વાસ્તવિકરીતે અપ્રિય થઈ પડે છે, તેમનું અભિમાન કેવું અસહનીય છે?

જમવાની વેળા થઈ એટલે બીજા સર્વનીસાથે ટૉમી જમવા બેઠો; અને અહિં દરેક માણસે પોતાની ઠડવઠ જાતેજ કરી લેવી એમ રીવાજ હતો તેથી ટૉમિયે પણ આ ઘરની રીત પ્રમાણે હું વર્ત્તીશ એવો આગ્રહ કર્યો. ખરેખર અહિં કોઇ બહુજ સ્વાદિષ્ટ નાના પ્રકારનાં ભોજન નહિ હતાં. પરંતુ સામગ્રી સૌ સફાઇબંદ ગુણકારી, ગરમ ગરમ હતી. આવી અનુકૂળતા એથી વધારે સારાં ઘરમાં પણ હમેશ હોતી નથી. ટૉમિયે પેટ ભરીને ખાધું. અને તેની આ સ્થિતિમાં તે એવો ગુલતાન થઇ ગયો કે જાણે તેણે કોઈ પણ પ્રસંગે અન્ય સ્થિતિનો અનુભવ કર્યોજ ન હોય. જમી રહ્યા પછી આખલાની લડાઇવિષે પોતાના મનમાં ઉત્પન્ન થયેલી જીજ્ઞાસા પૂર્ણ કરવા હબશીસાથે સભ્યતાથી વાતચિત કરવી એમ ટૉમીને વિચાર થયો. કેમ કે આવા ભયંકર જાનવરને હિંમત રાખીને સેહેલાઈથી તેણે કેવી રીતે વશ કરી લીધું તે વિષેની હકીકત બીજાને મ્હોડે સાંભળી તેને જે અચંબો થયો તેવો બીજા કશાથી થયો ન હતો. ટૉમિયે કહ્યું, "મારા દોસ્ત હું ધારૂંછું કે તમારા દેશમાં આખલાને આંતરીને રમત કરવાનો તમને ઘણો માહાવરો હશે, નહિતો આવા વિક્રાળ પ્રાણીના સામા થવા તમે કદિ હિંમત ધરો નહિ. મારે કબૂલ કરવું જોઇયે કે હું ઘણા ખરા જાનવરોને વશ કરી શકુંછું તોપણ એ આ-

ખલો છૂટતો જોઈ મને જે બીક લાગી તેથી વિશેષ બીક મારી જીંદગીમાં કદિ લાગી ન હતી અને તમારી મદદ ન હોત તો મારૂં શું થાત તે હું કહી શકતો નથી."

હબશિયે જવાબ આપ્યો કે, "શેઠ, હું જાનવરોને વશ કરવાં એ મારા સ્વદેશમાં તો શીખેલો નથી. ત્યાં તો માત્ર જૂદી જૂદી જાતના આથી પણ વિશેષ ભયંકર પ્રાણીનો શિકાર કરવાનો મને માહાવરો થયેલો હતો. અમને કાળા લોકોને તમે ગોરા લોકો ધિક્કારોછો તેનો વિચાર કરતાં હું કબૂલ કરૂંછું કે તમે સેંકડો માણસો એક રાંક ને હળેલા આખલા જેવા અલ્પ શત્રુથી દોડી જતા જોઇને મને ઘણો અચંબો લાગ્યો."

હબશિયોવિષે અગાઉ તેના ખોટા વિચાર હતા તે યાદ આવવાથી જરા શરમાયો, પણ હાલ તે બાબતઉપર ઉતરવું તેને પસંદ નહિ પડવાથી, તેણે તેને પૂછ્યું કે, "એ પ્રાણીને વશ કરવાની આટલી બધી કુશળતા તમે ક્યાં મેળવી?"

હબશિયે જવાબ દીધો કે, "શેઠ તે હું તમને કહુંછું. હું જ્યારે બ્યુનોસ એરીસ નામના શેહેરમાં સ્પેન દેશના લોકોમાં ગુલામ તરીકે રહ્યો હતો ત્યારે પોતાના ગુજરાનમાટે જંગલમાં જઇ ઢોરનો શિકાર કરી લાવવો, એ ત્યાંના લોકોનો સાધારણ ઉદ્યોગ હતો. ત્યાં શિકારકરનાર પોતાના સૌથી વિશેષ વેગવાન ઘોડા ઉપર ચઢેછે અને પોતાનીસાથે એક ઘણું લાંબુ અને મજબૂત દોરડું લેતો જાયછે. પછી આવા જંગલી બળદોમાંથી એકાદ તેની નજરે ચડેછે કે તે ઘણી ઝડપથી તેની પાછળ પડેછે અને તેના ઘોડાના ચડિયાતા વેગથી એ જાનવરને પકડી પાડવામાં તે કદિ નિષ્ફળ થતો નથી. તે એ રીતે રોકાયલો હોવા છતાં દોરડું તૈયાર રાખેછે, અને તે દોરડાને છેડે તાણી શકાય એવો ગાળો રાખેછે; અને પોતાને સુગમ પડે એટલે છેટે આવતાંજ એવી ચોકસાઇથી તે તેનાઉપર ફેંકેછે કે એ પ્રાણીનો એકાદ પગ તેમાં ભરાઈ જાયછે, અને તેમ થયા પછી તેનાથી છટકી શકાતું નથી."

"હરકોઇ માણુસ હિંમત અને યુક્તિથી શું ન કરી શકે તેવિષે તમે વધારે સ્પષ્ટ રીતે વિચાર કરી શકો તેટલામાટે, હું દુનિયાંના એ ભાગમાં રહ્યો તે દરમિયાન એક ઘણીજ વિલક્ષણ

હકીકત બની તે મેં મારી જાતે જોઈછે તે હું કહી બતાવુંછું. એ દેશના એક વતનિયે કાંઇ ગુન્હો કર્યો હશે, તેમાટે તેને ન્હાના મછવામાં કેટલાક વર્ષ સખ્ત મજુરી કરવાની શિક્ષા થઇ હતી. એ શેહેરના સૂબાનીસાથે બોલવાની તેને જોગવાઈ બની આવી તે પ્રસંગે આને બદલે બીજી કોઇ જાતની સજા ફરમાવવાની તેને અરજ કરી. તેણે કહ્યું કે, “ એક લડવૈયા તરીકે હું ઉછરેલોછું. અને હું ગેરઆબરૂથી ડરૂંછું પણ મરવાથી ડરતો નથી. આવા શરમ લગાડે એવા કામમાં મારૂં જોર અને જુસ્સો ખુવાર કરવા કરતાં હરકોઇ જોવા લાયક કામ કરવાની અથવા એવો પ્રયત્ન કરવામાં એક બહાદુર માણસની પેઠે યશ મેળવીને મરી જવાની મને તક આપો. આજથી થોડા દિવસમાં એક મ્હોટો ઉત્સવ થવાનોછે, ત્યાં તમારાં સઘળાં માણસો સહિત તમે આવ્યાવિના રેહેશો નહિ. ત્યાં આખા શેહેરના લોકો સમક્ષ તમે ગમે તેવો વિકાળ સાંઢ લાવશો તેના સામો હું થઇશ મારા ઘોડા સિવાય હું બીજી મદદની ઈચ્છા રાખતો નથી, તેમજ આ દોરડા સિવાય બીજું હથિયાર પણ મારે કાંઇ જોઇતું નથી; આટલાંજ મારાં સાહિત્ય છતાં પણ હું તેના સામો થઇશ, અને તમે જેમ કેહેશો તે પ્રમાણે તેને પગથી, શિંગડાંથી, કે ગળેથી પકડી લેઇશ; અને પછી તેને હું નીચે પાડી નાંખી લગામ ચડાવી તેનાઉપર સામાન નાંખીશ, અને તેની પીઠઉપર બેશીને તેને ફેરવીશ. તે વખતે વળી તમારે બીજા બે ગમે તેવા વિકાળ આખલા છોડી મૂકવા અને હું તે બંનેનીઉપર હુમલો કરીશ, અને તમે હુકમ કરશો કે તરત મારી કટારીથી તે સઘળાને મારી નાંખીશ.”

આ બહાદુર માણસની માગણી તે અમલદારે કબૂલ રાખી. પરંતુ તેમ કરવામાં એ શખ્સ તેના કેહેવા પ્રમાણે ફતેહથી પાર પડશે એમ માનીને નહિ, પણ આવો વિચિત્ર તમાશો જોવાની વિશેષ જીજ્ઞાસાથી. ઠરાવેલો દિવસ આવી પોહોંચ્યો, એટલે તે શેહેરના સઘળા રેહેવાસિયો એકઠા થઇને આ અદ્‌ભુત યુદ્ધ જોવાનેમાટે નક્કી કરેલા એક વિશાળ મકાનમાં એકઠા થઇને સર્વે બેઠા. પછી, તે અમેરિકાનો ઇન્ડિયન, દોરડા ઉપરાંત કાંઈ પણ બીજા હથિયાર સિવાય ઘોડે બેસીને એકલો આવ્યો અને તે જગ્યાએ આસપાસ ઘોડાને ફેરવી ત્યાં મળેલી મંડળીને સલામ કરી

તે બેધડક પોતાના દુશ્મનની રાહા જોતો ઉભો રહ્યો. તરતજ એક મ્હોટો આખલો છોડવામાં આવ્યો, અને એ આખલાએ તે માણસને જોયો કે તરતજ તેનાઉપર પોતામાં જેટલું જોર હતું તેટલા જોરથી તે તૂટી પડ્યો. તે અમેરિકાના રેહેવાસિયે ઘણીજ ચતુરાઇથી તેના હુમલાથી છટકી જઇ ચક્કર ખાતો તે આખલાની પૂઠે થયો એટલે આખલાએ તો નાસવા માંડ્યું. તે ઘોડે બેસનાર બહાદુર માણુસ તેના નાસતા દુશ્મનની પાછળ પડ્યો અને એપ્રમાણે રોકાયા છતાં તેણે તે સૂબાને પૂછી લીધું કે મારે આ આખલાને કયી જગ્યાએ પકડવો. તેણે જવાબ આપ્યો કે તે વાતનું મને કાંઇ નથી; અને તરતજ તે અમેરિકને પોતાના દોરડાનો ગાળો જે તેણે અત્યાર સુધી તૈયાર રાખ્યો હતો, તેને ફગાવીને દોડતા આખલાને તેના એક પાછલા પગથી પકડ્યો: પછી બે ત્રણ વાર તે જાનવરની આસપાસ ઘોડો દોડાવીને તેણે તેને આંટી ઘુંટીમાં એવો લપેટી લીધો કે તેમાંથી મુક્ત થવાનેમાટે જોરથી થોડા આંચકા માર્યા પછી તે જમીનઉપર પડ્યો. પછી તે પોતાના ઘોડાઉપરથી હલવે રહીને કૂદી પડ્યો અને તેનો ઘોડો જેને આવી રીતની લડાઇનો પૂર્ણ માહાવરો હતો, તે છાનોમાનો ઉભો રહ્યો, અને દોરડું તંગ રાખી રહ્યો; અને તે વખત તેનો ધણી તે આખલાની પાસે આવ્યો અને પોતાની કટારીથી તેના શિંગડા પાછળ ઘા કરીને તેણે તેને પૂરો કર્યો. સઘળી મંડળિયે એકે અવાજે આશ્ચર્યના પોકાર સાથે તેનાં વખાણ કર્યાં; પરંતુ તે ફતેહ મેળવનાર શખ્સે, તેમને કહ્યું કે "તમે જે જોયું તે કાંઈ નથી." અને એમ કહી તે સ્વસ્થ ચિત્તે તેના ઘોડાઉપર ચઢ્યો અને બીજા નવા વિશેષ ભયંકર દુશ્મનની રાહા જોતો ઉભો રહ્યો. તરતજ તમાશાની જગ્યાનો દરવાજો ઉઘડ્યો, અને પેહેલાંના કરતાં ઘણાજ વધારે જોરવાળો એક આખલો, તેમાંથી બાહાર ધશી આવ્યો, અને એ આખલાને તેની કબુલાત પ્રમાણે લગામ ચડાવવા તથા જીન નાંખવા તેને ફરમાવવામાં આવ્યું.

તે બહાદુર માણુસે આ બીજો દુશ્મન નજીક આવતો જોયો ત્યારે તે પેહેલાંની માફકજ બેધડકપણાથી તેની રાહા જોતો ઉભો અને તે આખલાની આસપાસ, પોતાના ઘોડાને ચપળતાથી

ચક્કર ખવરાવીને તેના ભયંકર ઝપાટાની સામે પોતાનો બચાવ કર્યો. આ પ્રમાણે તેના દુશ્મનના જુસ્સાને નહિ ફાવવા દેઈ તેણે તેને નસાડી મૂકયો, ને થોડા વખતસુધી તેની પાછળ પ. ડયો અને એ આખલાને તે ઘેરેલી જગ્યાની વચ્ચોવચ્ચ જ્યાં જમીનમાં એક થાંભલો મજબૂત દાટેલો હતો ત્યાંસુધી તેને હઠાવ-તો હઠાવતો લાગ્યો. તે જગ્યાએ આવી પોહોંચ્યો કે તરતજ પેલો કદિ ચૂકે નહિ એવો દોરડાનો ગાળો તેણે ફેંકયો અને તે આ-ખલાને શિંગડાથી પકડીને પ્રથમ જેવી રીતે કર્યું હતું તેવી રીતે તેને ગુંચવી લીધો. અને કેટલીક મુશ્કેલીથી તેને ખેંચીને થાંભલા આગળ લેઇ ગયો. ત્યાં તે જનાવરને એવું તો સજડ તાણી બાંધ્યું કે તે સામું થવા કે ચસકવાસરખું પામે નહિ. તેનો ઘોડો આગળની માફક હાલ્યા ચાલ્યા વગર ઉભો રહ્યો હતો તે ઉપરથી કૂદીને તેણે ત્યાં આગળ એક જીન, કારણસર રાખવામાં આવ્યું હતું તે લેઇને આખલાની પીઠઉપર તેણે કશીને બાંધી લીધું. તેણે એકદમ એક લોઢાની કડી તેનાં નસકોરાંમાં ઘાલી દીધી; એ કડીમાં એક દોરડું નાંખેલું હતું જે તેણે લગામની માફક તેની ગરદનઉપર લેઈ લીધું. અને પછી પોતાના હાથમાં એક ટુંકો પરણો લેઇ તેના આવા નવા અને ભયંકર ઘોડાની પીઠ-ઉપર ચઢી બેઠો.

આ સઘળો વખત એ જાનવર ક્રોધથી વિકાળપણું સંપૂર્ણ-રીતે ધારણ કરી નિરંતર બરાડયાં કરતું હતું, તોપણ તેની આ બહાદુર મનુષ્યઉપર જરા પણ અસર થઇ નહિ. ઉલટું શાંત સ્વસ્થ ચિત્તે ચપ્પુ કાહાડી જે સ્થંભે તેને દોરડાથી બાંધ્યો હતો તે દોરડું તેણે કાપી નાંખ્યું અને તેને પ્રથમ માફક તદન છૂટો મૂકયો. એ પ્રાણી આવી રીતે છૂટું થયું કે તેણે તેના સ્વા-રને પાડી નાંખવા હરેકરીતે જોર અને જુસ્સાથી કોશેશ કરી, પરંતુ તેણે સઘળા જોસબંધ કૂદમ કૂદા કર્યા છતાં તે પોતે બેધડ-ક બેશી રહ્યો. પછી તમાશાની જગ્યાના દરવાજા ઉઘાડવામાં આવ્યા. અને બીજા બે મસ્ત આખલા બાહાર ધશી આવ્યા ને તે માણસઉપર હુમલો કરવાને તત્પર જણાયા, પરંતુ આખ-લાઇઉપર તે સ્વાર થઈ બેઠો હતો તે જોયું કે તરતજ તેઓ બ્હીને ઉભે પૂછડે નાઠા. પેહેલો આખલો તેના સાથીની પાછળ

દોડયો અને તે આખલાઓની પાછળ લાગી તે સાઠ મારીની જગ્યાની આસપાસ તે સ્વારને કેટલાંક ચક્કર ખવરાવ્યાં. આ, ત્યાં જે હતા તેમને સાનંદાશ્ચર્ય ઉત્પન્ન કરાવતો તમાશો કેટલોક વખત ચાલ્યો એટલે તે સૂબાએ તમામ આખલાઓને મારી નાંખી એ કામનો અંત આણવા એ શખ્સને હુકમ કર્યો. જે આખલાઉપર તે ચઢયો હતો તેના શિંગડાની પાછળ પોતાનું ચપ્પુ ઘોચ્યું, જેથી એ પ્રાણી તરતજ મરણ પામીને ભોંયપર ઢળી પડ્યો, તે વખત તેના પડતાં પડતાં એ જીતનાર, પોતાની મેળે છૂટો પડી એ કતલ થયેલા જાનવરપાસે ટટાર ઉભો. ત્યારપછી ફરીથી તેનો ઘોડો જે થોડેક છેટે સહિ સલામત રાખ્યો હતો તેઉપર તે ચઢયો, અને પછી તેના નાશકારક દોરડાના ગાળા સહિત પેહેલાંની માફક તે બાકી રહેલાં બંને જાનવરની પાછળ થઇને ઝડપથી તેમને પૂરાં કર્યાં.

ટૉમિયે આ હકિકત સાંભળી ઘણોજ અચંબો બતાવ્યો; અને હવે સાંજ પડી ગઇ હતી તેથી મિ૦ બારલોએ પાછા ઘેર જવાનું કહ્યું. પણ ટૉમિયે તે કબૂલ કરવાને બદલે તેનો હાથ પકડીને તેની માયા તથા મમતાનેમાટે તેનો ઉપકાર માની તેના મિત્ર હરીસાથે કેટલોક વખત રેહેવામાટે પોતે નિશ્ચય કર્યો છે એમ જણાવ્યું. તેણે કહ્યું કે, "હું મારી વર્ત્તણૂકનો જેમ જેમ વધારે વિચાર કરૂંછું, તેમ તેમ મારી મૂર્ખાઇ અને કૃતઘ્નતામાટે મને ઘણી શરમ લાગેછે. પણ મારા પ્યારા સાહેબ, તમે મને શીખવ્યું છે તે પ્રમાણે, હવે મારા હાથમાં મારાથી જે ગુન્હો થયો છે તે સઘળો કબૂલ કરવો એટલુંજ રહ્યું છે, અને તે હું ઘણીજ ખુશીથી કબૂલ કરૂંછું."

હરી પોતાના મિત્રને બાઝી પડ્યો, અને તેના મનનું સમાધાન થયાની ફરી એક વાર તેને ખાતરી આપી.

મિ૦ બારલોએ ટૉમીનો ઇરાદો પસંદ કર્યો, અને સઘળી મંડળીની રજા લેઇને રવાને થયો.

ટૉમિયે હવે જે રેહેણી પકડી તેમાં ને તેની પેહેલાંની ટેવમાં જાુગ જેટલો ફેર હતો. તેની ભૂખ ઉઘડી અને રૂચિ સુધરી, તથા ડોળ વગર જે આદરભાવ બતાવવામાં આવ્યો અને અંતરથી આવકાર કરવામાં આવ્યો તેનેલીધે જે ગામડિયું

ખાણું તેના આગળ મૂકવામાં આવ્યું તેથી પણ તેને લેઝત પડી. તે વેહેલો સૂઇ ગયો અને આખી રાત ગસગસાટ ઉંઘ્યો. પરંતુ હરી પાસેથી તેણે વચન લીધું હતું તે મુજબ તે બીજે દિવસે સવારના પાંચ વાગતાં બોલાવવાને આવ્યો, તે વખતે તેણે હાક પાડ્યાની સાથે ઉઠવું તેને કંઇક મુશ્કેલ લાગ્યું. તોપણ સ્વાભિમાનની વાસના જાગૃતહોવાથી અને તેની નવેસર પ્રાપ્ત કરેલી પ્રતિષ્ટા જાળવવાનો વિચાર તેજ હોવાથી તેનામાં કઠણાઈ આવી. તેને યાદ આવ્યું કે, હું બોલ્યાપ્રમાણે વર્ત્તી શકતો નથી એમ જણાશે તો મારા બાપ તથા મિ૦ બારલોના અને સેણ્ડફર્ડના આખા કુટુંબની સમક્ષ હું ફજેત થઇશ; આથી તે સુદૃઢ ઉત્તમ પ્રયત્ને પોતાના બીછાના- માંથી કૂદી ખડો થયો; કપડાં પેહેર્યાં અને હરીની પાછળ ગયો; એટલુંજ નહિ પણ તે ઉપરાંત હરીના ગામશાઇ કામકાજમાંએ સામેલ રહ્યો, અને મિ૦ બારલોસાથે જ્યારથી તે રહ્યો, તે પછી ગામડામાં થતી કોઈપણ જાતની કસરતથી તે અજાણ્યો ન હો- વાથી તેણે પોતાનું કામ એવી ચાલાકીથી કર્યું કે, તેથી તેને સાબાશી મળી.

એપ્રમાણે તેની મુલાકાતનો પેહેલો દિવસ તો કાંઇક મુ- શ્કેલીથી તેણે કાઢ્યો, તોપણ પોતાના નિશ્ચયથી તે ડગ્યો નહિ. બીજે રોજ તેની ચાલમાં થયેલો ફેરફાર તેને કાંઇક ઓછો અવ- ઘડ લાગ્યો અને થોડો વખત ગયો કે તેની આ નવી સ્થિતિ તેને ઘણી ખરી ફાવતી આવી. વિશેષ કસરત થવાથી તેની તન- દુરસ્તી એવી તો સુધરી અને તેનું કૌવત પણ વધ્યું તથા, તેની ભૂખ એટલી બધી ઉઘડી કે, પેહેલાં કોઇપણ વખતે મેં ખાધું હશે તે કરતાં બેડું સેણ્ડફર્ડને ત્યાં મારાથી વધારે ખવાયછે એવું તેના મનને થવા લાગ્યું.

આપ્રમાણે દુનિયાદારીના નિત્યના ઉપયોગી કામોમાં પ્ર- વૃત્ત હોવાથી તેના જાતભાઇયોના સામાન્ય કામકાજમાં તેનું ચિત્ત વિશેષ લાગવા માંડયું. પોતાનાજ અનુભવથી તેને હવે જણાયું કે હલકા વર્ગના લોકો ઘણા ઉપયોગીછે અને તેઓ પોતાની ફ- રજ બજાવે તે બાબત તેઓ આપણા માયાળુપણાને બહુ પાત્ર છે એવું વારંવાર વખતે વખતે જે મિ૦ બારલો કેહેતા હતા તે ખોટું નથી. વળી મી૦ બારલોએ તેના ન્હાના મિત્રને આ અ-

ગત્યની કસોટીના પ્રસંગે તજી દીધો નહિ, તે વારંવાર તેનીપાસે આવતો. અને ખેતરને લગતું જે જાણવા જેવું અથવા મનને રંજન કરે તેવું હોય તે, તેને બતાવતો. અને તેનાં વખાણ કરી ખંતી થવા તેને ઉત્તેજન આપતો હતો. એક રોજ મિ૦ બા-રલોએ કહ્યું કે, "જે સદ્ગુણથી બીજા કાળમાં મહાનપુરૂષો આવી યોગ્યરીતે પ્રખ્યાત થાયછે તેવા સદ્ગુણ તમે હવે સેવવા માંડયાછે. મ્હોટા ગુણ, કે આબરૂ, મનુષ્યને આળસ કે ટાપ-ટીપથી મળતાં નથી. જેઓ સદ્ગુણ કે જ્ઞાનમાં બીજાથી ચડિ-યાતા થવા ઇચ્છતા હોય તેમણે પ્રથમ તો મિત્રાચાર અને ઉદ્યોગ-વિષે બીજા કરતાં ચડિયાતા થવું જોઇયે. રોમન લોકો ઉપર જ્યારે શત્રુઓએ દબાણ કર્યું અને તેમનું રક્ષણ કરી શકે, અને લડાઇનો સિતારો ફેરવે એવા અગ્રણી પુરૂષની ગરજ પડી ત્યારે એવા વિલક્ષણ પુરૂષમાટે, તેઓએ કયાં શોધ કરી? એ શોધ એમણે જ્યાં સારાં સારાં ભોજન જમાતાં હતાં, ત્યાં કે રાજ્ય મેહેલમાં, કે સેલાણી અથવા શોખી કે ઉડાઉ લોકોમાં કરી નહિ; પણ તેમાટે, તેઓ એક ગરીબ અને એકાંત ઝુંપડા-તરફ ચાલીને ગયા હતા, અને તે ઝુંપડું એવું હતું કે તમારા પ્રથમના સોબતિયો માંહેનો હલકામાં હલકો મનુષ્ય હશે, તે-પણ તેને અભાવથી જુએ. એવા સ્થળમાં એમને સીન્સીને-ટસ જડયો. એ સદ્ગૃહસ્થ સદ્ગુણ અને હોશિયારીમાં તેના તમામ નગરવાસિયોથી ચડિયાતો હતો, અને એ પોતાનાજ હા-થમાં હળ લઈ બળદની જોડથી જમીન ખેડતો હતો. આ, મહાન પુરૂષને બાળપણથી હથિયારનો તથા રાજ્ય પ્રકરણી કા-મકાજનો અનુભવ હતો. જો કે રોમન લશ્કરના સેનાપતિની પદવિએ તે વારંવાર જય મેળવી આવ્યો હતો; તોપણ સલાહસં-પના વખતમાં, અથવા તેની નોકરીની તેના સ્વદેશને જરૂર ન હતી, એવે વખતે પોતાના ઉદરપોષણ અર્થે મેહેનત કરવી એથી કોઈ પણ ધંધો તે વિશેષ માન ભરેલો સમજતો ન હતો.

"ઇંગ્લાંડમાંહેના મહાન પુરૂષો તથા લશ્કરના શૂરવીરો એ-કઠા થઈ, તમે જે ખેડુવર્ગને ધિક્કારતા આવ્યાછો તેમાંના કોઈ અપ્રસિદ્ધ પુરૂષના ઘરની આસપાસ ટોળે મળી ઘણા માન ભરેલા શબ્દોથી કેહેકે, તમે ખેતીનું કામકાજ છોડી લશ્કરમાં ઉંચામાં

ઉંચી પદવિ સ્વિકારે, તો તે જોઇ તમારા પેહેલાના સોબતિયો શું કેહે વારૂ? આમ છતાં આવી હકિકત ખરેખાત રોમમાં બનેલી છે, અને તેમનામાં આવા વિલક્ષણ પુરૂષો થઈ ગયા છે તેથીજ તેઓ દુનિયાંની સર્વ બીજી પ્રજામાં શ્રેષ્ઠ થયા. અને મારા ન્હાના મિત્ર, તમેજ કોહો કે, એક ઉંચી સ્થિતિ પામી જે મહત્તા તમે ભોગવોછો તેને તમે નાલાયક છો એવી બદનામી મેળવવા તમે ચાહાશો કે એક હલકી સ્થિતિમાં હોઇ તમારી શક્તિ અને સદ્ગુણોથી ઉંચામાં ઉંચાં કૃત્ય કરવા તમે સમર્થ છો એવી કીર્ત્તિ મેળવવાનું પસંદ કરશો?"

આપ્રમાણે મિ૦ બારલો, ટૉમીસાથે વારંવાર વાતચિત કરતો હતો, જેથી તેના મનમાં ખંતી થવા નવેસર દૃઢતા ઉત્પન્ન થયાવિના રહી નહિ; તેમજ વળી, હરીની રીતભાત સાથે, ટૉમી પોતાની રીતભાત સરખાવતો ત્યારે પણ વારંવાર તેની અસર તેના મનઉપર થયાવગર રેહેતી નહિ. તેના મિત્રના ચેહેરા ઉપર કાંઇ પણ અડચણથી મ્લાનિ આવતી નહિ, ત્યમ તેના સ્વભાવની એક સરખી મીઠાશમાં ફેરફાર થતો નહિ અને વળી તેને પૂર્વે જે વારંવાર સતાવણી કરવામાં આવી હતી તેપણ સૌ તેના મનમાંથી તદન જતુ રહ્યું હતું અથવા તો મનમાં ખૂંચ્યા કરે એવી કાંઇ આંટી તેની રહી ન હતી. દિવસે નિત્યકામ કર્યા પછી બાકીનો વખત રેહેતો તે એવી હાંસ અને હેતથી તે ટૉમીને ગમત કરાવવામાં ગાળતો કે પ્રથમ કરતાં હજાર દરજે વધારે તે એને ચાહાવા લાગ્યો.

એક રોજ અચાનક ત્યાં ટૉમીનો બાપ આવ્યો તેણે તેને ભેટીને કહ્યું કે, "હું હવે તને પાછો ઘેર લેઇજવામાટે આવ્યોછું." વળી તે બોલ્યો, "તારી હાલની રીતભાતવિષે મેં એવો એહવાલ સાંભળ્યો છે કે, જે હકિકત બની ગઈ તે વિસારી હું તને મારા પુત્ર તરીકે સ્વિકારવામાં અભિમાન માની લઉંછું." ટૉમી તેના બાપના ઉમળકા બદલ અંતરની મમતાના આવેશથી પણ તે સાથે પૂર્વે કદિપણ દરર્શાવેલું નહિ તેવા માન અને નમ્રતાથી તેનીસાથે વર્ત્યો. તે બોલ્યો, "પિતાજી હું તમારી સાથે ઘેર આવવા તૈયારછું. કેમ કે મારી માતુશ્રીને જોવાની મારી ઉત્કંઠા છે, અને મારી હવે પછીની રીતભાતથી, હું તેને સંતોષ ઉપજા-

વવા ઇચ્છુંછું. મારી પેહેલાંની વર્ત્તણૂકથી મેં તમને બેઉને બહુ અસંતોષ ઉપજાવ્યોછે અને હું આવાં માયાળુ માબાપની પ્રીતિને નાલાયકછું" વળી તે બોલ્યો, "પણ પિતાજી, મને આશા છે કે હરીને હું મળી લેઉં ને તેના આખા કુટુંબનો પાડ માની લઉં તેટલી વાર જરા વિશેષ આપને અહિયાં રોકું તેમાં આપ હરકત લેશો નહિ."

મિ. મર્ટને કહ્યું, "ખચિત એવિષે તમારે કાંઈ આશંકા આણવી નહિ, જે કુટુંબનો તમારા ઉપર આટલો બધો આભાર થયોછે તેમના પ્રત્યે તમારી તમામ ફરજ અદા કરી શકવા તમને હરકોઇ જોગવાઇ મળે એવા હેતુથી અહિં મિ. સેણ્ડફર્ડને ત્યાંજ જમી સાંજના તમને લેઇ ઘેર જવા ધારૂંછું. આ મિ. સેણ્ડફર્ડ આવતા જણાય."

એજ વખતે ખેડુ સેણ્ડફર્ડ આવી પોહોંચ્યો અને મિ. મર્ટનને ઘણા માનપૂર્વક સલામ કરી, અને અંદરપધારવા નિમંત્રણ કર્યું. પણ પરસ્પર સભ્યતા દર્શાવી રહ્યા પછી, મિ. મર્ટને તેને કાંઇ ખાનગી કામ કેહેવું હોય તેવી રીતે જરા અલગ લીધો. તેઓ બંને એકલા પડ્યા કે મિ. મર્ટને ઉપકાર બદલે જેટલો પાડ મનાય તેટલો તેણે મિ૰ સેણ્ડફર્ડનો પાડ માન્યો. મિ. મર્ટન વિશેષમાં બોલ્યો, "મારા ઉપર જે મેહેરબાની થઇછે તેનો બદલો શબ્દથી હું વાળી શકું એમ નથી. કેમકે મારો પુત્ર નવે અવતાર આવ્યોછે, તે આપના ઉત્તમ કુટુંબ અને સદ્‌ગુણી મિ. બારલોને લીધેજ છે, માટે પાકિટ બુકમાં જે છે તે મારા આદરભાવની કિંચિત્ નિશાની તરીકે સ્વિકારી આપના કુટુંબના લાભઅર્થે આપને યોગ્યલાગે એવી રીતે તેનો ઉપયોગ કરો, એમ મારી વિનતિ છે." મિ. સેણ્ડફર્ડ ડાહ્યો અને ખુશમીજાજી પુરૂષ હતો તેણે એ બુક લીધી, અને તેની અંદર જોયું તો તેમાં સો સો પાઉન્ડની કેટલીએક બેન્કનોટ દીઠી. પછી તેણે તે સંભાળી પાછી બંધ કરી અને તે મિ. મર્ટને પાછી આપી, અને કહ્યું કે, "આપ્રમાણે આપ ઉદારતા દર્શાવોછો તેનેમાટે હું ઘણોજ આભારી છું, પણ એ ભેટ લેવા હું ના પાડું તેથી આપે ખોટું લગાડવું ના જોઇયે." મિ. મર્ટને તે પછી જેટલી દલીલ સૂઝી તેટલી કરી તેને તે અંગીકાર કરવા દબાણ

કર્યું. તેણે તેના કુટુંબની સ્થિતિ ધ્યાનમાં લેવા તથા તેની દીકરિયોના દાયજાનું ઠેકાણું ન હતું તે વાત વિચારવા, અને જેનો સ્વભાવ એક તખ્ત શોભાવે એવો હતો તે પુત્રને પણ મેહેનત કરવા ઉછેરેલો હતો તે તર્ફ પણ નજર કરવા, ત્યમ તેની ઉતરતી વય હોતાં તેને પોતાને જે વિશેષ આરામ અને સગવડની જરૂર હતી તેપણ લક્ષમાં લેવા વીનવ્યું.

એ પ્રમાણિક ખેડુએ જવાબ દીધો કે, "સર્વે પ્રજાની પડતી આવેછે તેનું કારણ જીંદગાનીની આવી સગવડતા સિવાય બીજું શું? યુવાન મર્ટન, હું જ્યારે ન્હાની વયનો હતો ત્યારે, એટલે સુમારે ૪૦ વર્ષ ઉપર મારી સ્થિતિના લોકોને ઇશ્વર અને મનુષ્યપ્રત્યેની પોતાની ફરજ બજાવવી અને અંગતોડ મેહેનત કરવી એ સિવાય બીજા કશાનો ખ્યાલજ ન હતો. આથી તેમનાઉપર ઇશ્વર તુષ્યમાન રેહેતા, અને તેમના તમામ સાંસારિક કામકાજમાં તેઓ ફતેહમંદ થતા. હું જ્યારે બાળક હતો ત્યારે ખેડુનાં છોકરાં છ સાત વર્ષનાં થતાં લગી હાલની માફક પથારીમાં પડી રેહેતાં નહિ. અમારી પડોશમાં જે જે રેહેતા હતા, તેમાં જે કામધંધામાં હોશિયારમાં ખપતા તેમાંના એક મારા પિતાજી હતા. અને ડેવન પ્રગણામાં સારામાંસારા હળ હાંકનારની પેઠેજ ખેતરમાં સીધા ચાસ કરી શકતા હતા. આજ જમવા વખતે જે ચાંદીના પ્યાલાથી હું તમારી સલામતી લીધાનું માન લેવા ધારૂંછું, એ પ્યાલો, એકસ મિન્સ્ટરમાં હળ ખેડવાસંબંધની મ્હોટી સરત થઈ હતી તેમાં મારા પિતાજીને ઈનામમાં મળ્યો હતો. વારૂ, મારા પિતા એમ કેહેતા કે, જે ખેડુ ચાર વાગ્યે ખેતરમાં હાજર થાય નહિ, તેઓની ફાર્મિંગની પણ કિમ્મત સમજવી નહિ. મારી ગરીબ પ્રિયમાતા જે જગતમાં સારામાંસારા સ્વભાવની હતી, તે નિત્ય બરાબર પાંચ વાગ્યે દૂઝણું શરૂ કરતી હતી, અને ઉન્હાળામાં ચાર વાગ્યા પછી કોઈ પણ માણુસને પથારીમાં જુએ તો ખેતરના એક છેડાથી બીજા છેડાલગી હોંકારા હોંકાર કરી મૂકતી. સાંભળો મારા ભલા સાહેબ, હું કોઈ પણ વસ્તુ કે માણુસ ઉપર દોષ મૂકી વખોડવા ચાહાતો નથી; પણ ખરેખર એ પણ વખત હતો. એ વખતની સ્ત્રિયો ઘરનો વહિવટ કરવાનું કાંઈ પણ જાણુતી હતી. મારી ગરીબ માતા

નોકરોને ઉપદેશ આપતી તે સાંભળી ખરેખર ખુશી થવા જેવું હતું. અને પુરૂષો તે ખરેખરા પુરૂષોજ હતા.

એ સમયે અમે બધા સુખી અને આરોગ્ય હતા, અને અમારાં કામકાજ ધમધોકારે ચાલતાં હતાં, કેમકે અમે કદિ જીંદગાનીની સગવડોનો તો વિચાર કરતાજ નહિ. હાલમાં એ સિવાય બીજાું કાંઈ હું સાંભળતોજ નથી. એક પડોશી (હું તેનું નામ કેહેવું ઠીક ધારતો નથી) પોતાના દીકરાને કોઈ ગૃહસ્થસાથે શિકારે જવાનું શીખવેછે. અને બીજો તેના દીકરાને એક આકરા ઘોડાઉપર બેસાડી ચકચકિત લગામ ઘલાવી ચૌટામાં મોકલેછે. અને હવે છોકરિયો, આજકાલની છોકરિયો! તેમનું તો કેહેવાનુંજ નથી! તેમને તો ટોપી જોઇયે, માંહે પીછાં જોઇયે ને ઘોડે બેસવાનું જોઇયે, પણ તેમાંથી એક પણ ભાગ્યેજ ગાય દોહી શકે, કે વલોવી શકે, કે રોટલા કરી શકે, અથવા તો કુટુંબને ઉપયોગી થાય એવું કાંઈ પણ કામ કરી શકે: આમ છે તો એ બધીને સરકાર આસ્ટ્રેલિયા કે ન્યુઝિલાન્ડના નવા પ્રદેશમાં મોકલી ત્યાંથી બોર્ડિંગસ્કુલોમાં ન ગયેલી એવી સાદી અને પ્રમાણિક ઘર ચલાવનારી સ્ત્રિયો આણશે નહિ તો અમારા જેવા ખેડુઓને બાયડી શી રીતે મળવાની તે હું ધારી શકતો નથી."

આ વાત ઉપરથી મિ. મર્ટન ખૂબ હસ્યો અને તેને કહ્યું કે, એપ્રમાણે તમારે ઘેર નથી એમ હું ખાતરીથી કહુંછું. ખેડુએ કહ્યું, "ખરેખર, તદન એવું ખરાબ નથી. મારી સ્ત્રી, એક વખાણવાલાયક માતાના હાથ નીચે કેળવાયલી છે અને એકંદરે એ ઘણી સારી સ્ત્રી છે. ચાલતા રિવાજ કરતાં પોતાની દીકરિયોને તેણે કાંઇક વધારે સારી કેળવણી આપેલી છે. પરંતુ હું નક્કી કહુંછું કે, મારે તેની સાથે એ વિષયઉપર ઘણી વાર સારી રીતે વાદવિવાદ થયેલો છે. તેઓ દૂધ દુએ, કાંતે અને બીજી રીતે ઉપયોગી નિવડે એમ તેને પસંદ છે; તથાપિ તે સાથે તેઓ ગૃહસ્થાઇની રીતમાં હોય તો તેને મન ગમે. કેમકે હાલમાં તમામ સ્ત્રિયો "ગૃહસ્થાઈની રીત" પાછળ ગાંડી થઈ જાયછે. અને એક વાર ગૃહસ્થાઇની રીત શરૂ થઈ કે ઉદ્યોગનો અંત આવેછે. હવે તમે જે રકમ ઉદારતાથી આપવા કોહોછો,

તેવિષે તેઓ સાંભળે તો ઘરમાં સુખશાંતિ રેહે નહિ. મારી દીકરિયો થોડા વખતમાં ડેબ અને કેટ હોવાને બદલે મિસ. ડેબોરા અને મિસ. કેથેરાઈન થઇ જાય. અને ફ્રેન્ચ ભાષા તથા ગાયનકળા શીખવા તેમને બોર્ડિંગસ્કુલમાં મોકલવી પડે, અને તેઓ ત્યાંથી વળી આવે ત્યારે પછી હાંડલું કોણ ઉકાળે અથવા પુડિંગ કોણ બનાવે? અથવા ઘર સાફસુફ કોણ કરે? અથવા ડુક્કરની સંભાળ કોણ લે? તમે કદિ મિસ. જુલિયાના અથવા મિસ. હેરિયટ અથવા મિસ. કેરોલિયાને આવાં હલકાં કામ કરતી સાંભળી છે?"

આપ્રમાણે પાક દાનતના ખેડુએ પોતાની હકિકત જણાવી તેથી મિ. મર્ટનને ઘણું આશ્ચર્ય લાગ્યું. અને તેણે જે જે કહ્યું તે ખરૂં હોય એમ માન્ય કરયા વગર રેહેવાયું નહિ. એમ છતાં પણ પોતાની ભેટ સ્વિકારવા તેણે તેને આગ્રહ કર્યો અને તેના ખેતરના સુધારાવિષે યાદ દીધું.

ખેડુએ જવાબ આપ્યો, "ફરીફરીને હું તમારો ઉપકાર માનુછું, પણ સાહેબ સેણ્ડફર્ડના સારા કુટુંબમાં આ સો વર્ષ થયાં જાતમેહેનતથી રોટલો કમાવાનો રીવાજ ચાલતો આવ્યોછે, અને અને એ વખતની દરમિયાનમાં અમારામાં કોઈ પણ અપ્રમાણિકપણે વર્ત્તનારો કે ગૃહસ્થાઈ બતાવનારો અથવા ઘેલો ગણાનારો પુરૂષ થયો નથી. તો શું હું અમારા કુટુંબનો રિવાજ તોડવાની પેહેલ કરી અમારાઉપર ઈશ્વરની અવકૃપા ઉતરે એમ કરૂં? કદિ હું એક અમીર બનું તોયે તેથી શું વધારે? મારા ઘરમાં જોઇયે તેટલું ખાવાપીવા છે, ધંધોરોજગાર જોઇયે તેવો છે, ઘરમાં ગરમી રેહેવાની સોઈ છે, લુગડાંલત્તાં જોઇયે તેટલાં મળેછે, ગરીબને આપવાને પણ બની આવે એમ છે અને જો મારાં છોકરાં સારી રીતે વર્ત્તે તો, હું તમને ખાનગીમાં કહુંછું કે, તેમનેમાટે થોડું ઘણું કોરે પણ મૂકી રાખ્યું છે. અરે ઓ મારા સારા પાડોશી! ઘોડાની એક સારી જોડથી હળ ખેડી પછીથી થાકીને સૂવા જવામાં જે ખુશી રહેલી છે, તે માત્ર તમારા જાણવામાં આવે તો કદાચિત તમે પણ, પોતે એક ખેડુતના ધંધાનીજ કેળવણી મળી હોત તો ઠીક એમ ઇચ્છા રાખો. પણ એક શબ્દમાં કે હજાર શબ્દમાં કહું તોપણ ખરૂં કરી માન

જો કે તમે, જે આપવા કોહોછો તેથી થતી તમારી અસાધારણ કૃપા હું કદિ વિસરનાર નથી, પણ અમારા સરખું નિરપરાધી લોકોનું આખું કુટુંબ, જે તમને ચાહાય છે, તેને તમે ખરાબ કરવા ન ધારતા હો તો, અમે જે સ્થિતિમાં છિયે તેજ સ્થિતિમાં અમને રેહેવાને આપ માન્ય કરો."

તે ખેડુતનો દૃઢ નિશ્ચય જોઇ તથા તેની દૃઢ સદ્‌ગુણી વૃત્તિ વ્યાજબી ધારી, મિસ્ટર મર્ટનને પોતાનો વિચાર નાખુશીથી માંડી વાળવાની ફરજ પડી. અને મિસિસ. સેણ્ડફર્ડ જમવામાટે બોલાવવા આવતાં તે ઘરમાં ગયો ને કુટુંબના માણસોને તેણે વિનયપૂર્વક સલામ કરી.

જમી રહ્યા પછી સુંદર સરંજામમાં સમ ખાવારૂપ જે પોતાનો રૂપાનો પ્યાલો તે બે ત્રણ વાર મિ. સેણ્ડફર્ડે ભર્યો એટલામાં ન્હાનો હરી એટલી ઉતાવળથી બાવરો બાવરો દોડતો આવ્યો કે તેથી ડોસારાનું સૌથી સરસ ઉપવસ્ત્ર ફાટી ગયું ને કેથેરીનની નવી ટોપી દેવતામાં પડી જતી રહી ગઈ. આમાટે તેને તેમણે સખત ઠપકો આપ્યો. પણ હરિયે પોતાના હમેશના ખુશમિજાજથી માફ માગીને ઉતાવળે કહ્યું. "બાપા બાપા આ ઘોડાની એક સૌથી સુંદર જોડી તો જુઓ. બંને ઘોડા એકજ કદના ને એકજ રંગના છે. તેમનો સામાન નવો ને જોઇયે તેવો પરિપૂર્ણ છે, એવો તો મેં મારી જીંદગીમાં કદિ જોયેલજ નથી. તે પાછળના બારણા આગળ ઉભા છે ને ઘોડાવાળો એમ કેહેછે કે તે તમારામાટે આણ્યાછે." ખેડુ સેણ્ડફર્ડ એકસમિન્સ્ટર મધ્યેની ખેડની વાત કેહેવામાં ગુલતાન હતો પણ તેના છોકરાની વાતથી તેનાપર એટલી બધી અસર થઇ કે તે એકદમ ઉભો થયો, તેથી ટેબલપર બિયરદારૂ આસપાસ ઢોળાઇ ગયો, તે બાબત તે ઉતાવળથી મિસ્ટર. મર્ટનની ક્ષમા માગી આ આશ્ચર્યકારક ઘોડા જોવા બાહાર દોડી ગયો.

તરતજ તે પોતાના છોકરા જેટલોજ ખુશી થતો વળી આવ્યો ને તેણે કહ્યું "મિસ્ટર. મર્ટન તમે ઘોડાના આવા સારા પરીક્ષક છો એમ હું ધારતો ન હતો. હું ધારૂંછું કે તેઓ નવા ખરિદ કરેલ છે. ને તે બાબત તમે મારો અભિપ્રાય પૂછતા હો તો હું આપને ખાતરીથી કહુંછું કે તે ખરા સફોક

ઉછેરના કુમેદ ઘોડા છે જે આ દેશમાં સહુથી સરસ મેહેનતુ ઘોડા ગણાયછે. ને આ તમારા ઘોડા એ જાતમાં સૌથી સરસ માંહેલા છે."

મિસ્ટર. મર્ટને જવાબ દીધો "જેવા છે તેવા એ તમારેમાટે છે ને તમારા કુટુમ્બે મારાઉપર ઉપકાર કર્યા છે તો આ ઘોડા રાખવાની ના કહી મને નાખુશ કરશો એમ હું ધારતો નથી."

મિસ્ટર. સેણ્ડફર્ડ કેટલીક વારસુધી કંઇ પણ બોલ્યાવગર આશ્ચર્ય પામતો ઉભો રહ્યો. પણ આખરે આ બખશીસ સ્વિકારવાની ના કેહેવામાટે પોતાથી બને તેટલી સભ્યતાથી કેહેવા જતો હતો તેટલામાં ટૉમિયે આવી તેનો હાથ પકડ્યો ને તેના બાપની તથા તેની આ પેહેલીજ પ્રાર્થના હોવાથી તે નાકબુલ ન કરવા તેને આજીઝી કરવા લાગ્યો. તેણે કહ્યું, "અને વળી આ બખશીસ કંઈ તમારામાટે થોડીજ છે, એ તો ન્હાના હરીને માટે છે. માટે આટલા લાંબા વખતસુધી તમારા કુટુમ્બ સાથે રેહેવા બાદ હું ખરાબ રીતે વર્ત્યો હોઉ તેમ મને વીલે મ્હોએ કાહાડી નહિ મૂકો."

આહિયાં હરી પોતે બખશીસના કિંમતીપણાની ખાતર નહિ પણ આપનારના ઉદાર આશય અને ઉમળકાની લાગણીની ખાતર વચમાં પડ્યો. તેણે પોતાના બાપનો હાથ પકડી માસ્ટર મર્ટન અને તેના બાપની વાત સ્વિકારવા તેને વિનતિ કરી. તેણે કહ્યું, "બીજું કોઈ હોત તો હું એક શબ્દ પણ તમને કહત નહિ, પણ મિસ્ટર મર્ટનની ઉદારતા તથા ટૉમીની ભલમનસાઈથી હું એટલો સારી રીતે વાકેફ છું કે તમે ઘોડા લેશો, તેના કરતાં, તેઓ આપીને વધારે ખુશી થશે. તથાપિ મારે કબુલ કરવું જોઇયે કે આ ઘોડા હર કોઇ શખ્સને શોભા આપે એવા ઉમદા છે. ફારમર થોમસનના ઘોડાની જોડી આ પ્રગણામાં સાથી સરસ ગણાયછે, પણ તે આ આગળ કશીએ ગણત્રીમાં નથી."

આ છેલ્લા વિચારની સાથે બીજીઉપર કહેલી બધી હકીકત એકત્ર મળીમળીને ને મિસ્ટર સેણ્ડફર્ડનો ન લેવાનો વિચાર બદલાયો. ને છેવટ તે ઘોડા પોતાના તબેલામાં લેઇ જવાનો હુકમ કરવા તેણે હા પાડી. ને મિસ્ટર મર્ટને આ સુખી અને લાયક કુટુમ્બનો ઘણાજ પ્યારથી ઉપકાર માન્યો. તેમાં તે પેલા પ્રમાણિક હબશીને ભૂલી ગયો નહિ. તેણે તેના નિર્વાહનો બં-

દોબસ્ત કરવા વચન આપ્યું. ત્યાર પછી પોતાના દીકરાને પોતાનીસાથે ઘેર ચાલવાનું કહ્યું. ત્યારે ટૉમી ઉઠ્યો ને અંતઃકરણપૂર્વક હરી અને તેના ઘરનાં બીજાં બધાંની છેલ્લી સલામ લીધી. તેણે હરીને કહ્યું. "હું તમારાથી ઘણા દિવસ જૂદો રેહેવાનો નથી. મારામાં જે થોડા ઘણા સારા ગુણો આવવાનું અભિમાન કરી શકું તે સારા ગુણો તમારો દાખલો લેવાથી આવ્યાછે. પૈસાદાર હોવા કરતાં ઉપયોગી થઇ પડવું એ કેવું વધારે સરસ છે, મ્હોટા માણસ થવા કરતાં સારા માણસ થવાથી કેટલું વધારે પ્રીતિપાત્ર થવાયછે એ સઘળું તમે મને શીખવ્યુંછે. કદિ મારી આગળની વર્ત્તણૂક પ્રમાણે ચાલવા એક ક્ષણમાત્ર પણ મારૂં મન લલચાશે તો હું શીખામણ લેવા અહિં આવીશ. ને આશા છે કે તમે મને ફરીથી તમારા સમાગમમાં લેશો." એમ કહી પોતાના મિત્ર હરીના હાથસાથે તેણે પ્રેમસહિત હાથ મેળવ્યો, ને ઘણીવાર પછવાડે જોઇ તથા દિલગીરીના નિશ્વાસ નાંખી પોતાના બાપનીસાથે ઘેર ગયો.

સમાપ્ત.